**MINOR RESEARCH PROJECT UNDER THE UGC'S FINANCIAL ASSISTANCE OF XII$^{TH}$ PLAN SCHEME**

# MIONR RESEARCH PROJECT

FILE NO. – 23 – 1067/13 (WRO)

# -:: TITLE ::-

## "The Oral Tradition of Brief, Epigrammatic Expressions in The Folk – Literature of The Tribal Dhodiya Community – A Study"

**<u>RESEARCHER</u>**

**Shri Mohanbhai B. Patel**

Associate Professor

Department of Gujarati

Smt. C.C. Mahila Arts & C.N. Commerce College,

Visnagar

Hemchandracharya North Gujarat University, Patan

Year : 2016-2017

યુ.જી.સી. ની ગાઈડલાઈન અનુસાર મંજૂર થયેલ

# માઈનોર રિસર્ચ પ્રોજેક્ટ

**ફાઈલ નંબર – ૨૩-૧૦૬૭-૧૩ (WRO)**

**-:: શીર્ષક ::-**

*‘આદિવાસી ધોડિયા જાતીની લઘુસ્વરૂપની લોકકંઠપરંપરા એક અધ્યયન’*


*-:: સંશોધક ::-*

**પ્રા.મોહનભાઈ બી. પટેલ**

*ગુજરાતી વિભાગ*

**શ્રીમતી સી.સી.મહિલા આર્ટ્સ એન્ડ શેઠ સી.એન.કોમર્સ કોલેજ,**

**વિસનગર.**

*હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.*


*વર્ષ : ૨૦૧૬-૨૦૧૭*

**શ્રી મહર્ષિ દયાનંદ સરસ્વતી કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી સી.સી.મહિલા આર્ટ્સ એન્ડ શેઠ સી.એન.કોમર્સ કોલેજ, વિસનગર.**
**ઉત્તર ગુજરાત. પીન : ૩૮૪૩૧૫.**

## -:: <u>પ્રમાણપત્ર</u> ::-

*શ્રીમતી સી.સી.મહિલા આર્ટ્સ એન્ડ શેઠ સી.એન.કોમર્સ કોલેજ, વિસનગર આર્ટ્સ વિભાગના* **ગુજરાતી વિષય***ના અધ્યાપક* **પ્રો.મોહનભાઈ બી. પટેલે** *સંશોધનક્ષેત્રે અનુદાન કરતી યુ.જી.સી. સંસ્થા, પૂના ને વર્ષ ૨૦૧૩-૨૦૧૪ માં "આદિવાસી ધોડિયા જાતીની લઘુસ્વરૂપની લોકકંઠપરંપરા એક અધ્યયન" વિષય અંતર્ગત સંશોધન અર્થે* **'માઈનોર રિસર્ચ પ્રોજેક્ટ'** *હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા મૂકેલો. જે યુ.જી.સી. એ* **ફાઈલ નંબર - ૨૩-૧૦૬૭-૧૩ (WRO)***થી મંજૂર કરતાં મોહનભાઈએ તા.૨૭/૦૩/૨૦૧૭ ના રોજ* **'કમ્પ્લીટ'** *કરેલ છે, તે બદલ આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.*

**પ્રિન્સિપાલ**
**ડૉ.એમ.એફ.પટેલ**
**શ્રીમતી સી.સી.મહિલા આર્ટ્સ એન્ડ**
**શેઠ સી.એન.કોમર્સ કોલેજ,**
**વિસનગર.**
*(હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ)*

*વર્ષ : ૨૦૧૬-૨૦૧૭*

## ઋણ સ્વીકાર

ગુજરાતી લોકસાહિત્યમાં ગુજરાતના ભિન્ન-ભિન્ન પ્રદેશ અને ભિન્ન-ભિન્ન જ્ઞાતિઓમાં લોકસાહિત્યનું સારૂં એવું ખેડાણ થયું છે અને સંશોધનકારોએ એ લુપ્ત થઈ રહેલા લોકસાહિત્યને પ્રકાશમાં લાવવાના પ્રયત્નો કર્યા છે. તેમ છતાં દક્ષિણ ગુજરાતની મેઘધનુષ જેવી સપ્તરંગી લોકસંસ્કૃતિ ધરાવતી ધોડિયા જ્ઞાતિના લોકસાહિત્ય પર સંશોધનકારોનું ધ્યાન સ્થિર થયું નથી. તેથી મેં મારા શોધ પ્રકલ્પનો યુ.જી.સી. પ્રેરિત 'માઈનોર રિસર્ચ પ્રોજેક્ટ' નો વિષય "આદિવાસી ધોડિયા જાતીની લઘુસ્વરૂપની લોકકંઠપરંપરા એક અધ્યયન" રાખેલ છે.

પ્રસ્તુત પ્રોજેક્ટ અંતર્ગત દક્ષિણ ગુજરાતના મહુવા, વ્યારા, ચીખલી, વાંસદા, ધરમપુર વગેરે તાલુકાઓમાં રૂબરૂ મુલાકાત લઈ જાત-તપાસ કરી, ધોડિયા સમાજની લોક સંસ્કૃતિને ઉજાગર કરવા નમ્ર પ્રયાસ કર્યો છે. જેના નિચોડના ભાગરૂપે આ 'માઈનોર રિસર્ચ પ્રોજેક્ટ' નો લઘુશોધ નિબંધ આપ સૌના ચરણે ધરતાં હર્ષની લાગણી અનુભવું છું.

મારા આ માઈનોર રિસર્ચ પ્રોજેક્ટની પ્રપોઝલ તૈયાર કરવામાં જેણે પ્રાણવાયુનું કામ કર્યું એવા ગોઝારિયા કોલેજના અધ્યાપક મારા પરમ મિત્ર પ્રા.તરૂણ રાવલ સાહેબનો જેટલો આભાર માનું એટલો ઓછો છે.પ્રોજેક્ટ અંતર્ગત અભિપ્રાયો આપવા બદલ મારી કોલેજના તમામ સ્ટાફમિત્રોનો આભાર માનું છું.

પ્રસ્તુત પ્રોજેક્ટનું કંઠસ્થ સાહિત્ય જેમના કંઠમાંથી અવિરત વહેતું રહ્યું એવા આદરણીય પરભુભાઈ કે. પટેલ, રામુભાઈ બાબુભાઈ પટેલ (નાનીવહીયાળ), બાબુભાઈ કે.પટેલ, નું ઋણસ્વીકાર કરી અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

પ્રસ્તુત 'માઈનોર રિસર્ચ પ્રોજેક્ટ' અંતર્ગત દક્ષિણ ગુજરાતના વાંસદા, મહુવા, ચીખલી, ધરમપુર તાલુકાના ગામડાના ગ્રામજનો, લોકસંસ્કૃતિના માહિતી દાતાઓનું પણ આ પ્રસંગે ઋણ સ્વીકાર કરૂં છું. પ્રસ્તુત 'માઈનોર રિસર્ચ પ્રોજેક્ટ' ને સંપૂર્ણ સફળ બનાવવા

*શબ્દકોષની ગરજ સારનાર મારા પરમ શ્રધ્ધેય પૂજ્ય પિતાજી બી.કે.પટેલ અને પૂજ્ય માતાજી વજયાબેન બી.પટેલ ના આશીર્વાદ મારા શીરે રહી પ્રેમ ને હૂંફ મળતા રહ્યા છે. એ ક્ષણ મારા માટે અવિસ્મરણીય બની રહી છે. પુત્ર વંશને અને  પત્ની વર્ષાને  આ પ્રસંગે યાદ કરી આભારની લાગણી વ્યક્ત કરૂં છું.*

*યુ.જી.સી. ના બારમા પ્લાનની જાણકારી આપી મને પ્રોત્સાહિત કરી મારા 'માઈનોર રિસર્ચ પ્રોજેક્ટની' પ્રપોઝલને સમયસર હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ પહોંચાડી એ બદલ મારી કોલેજના પ્રિન્સિપાલશ્રી એમ.એફ.પટેલ સાહેબનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.*

*પ્રસ્તુત 'માઈનોર રિસર્ચ પ્રોજેક્ટ' માટે યુ.જી.સી. એ જે આર્થિક સહયોગ આપ્યો એ બદલ યુ.જી.સી. ના પદાધિકારીશ્રીઓનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું તેમજ પ્રસ્તુત પ્રોજેક્ટનું કોમ્પ્યુટર ઉપર સુંદર ટાઈપકામ કરી આપનાર પેન કોમ્પ્યુટર તથા મલયભાઈ મણિઆર નો આભારી છું.*

**સંશોધનકર્તા**
**પ્રો.મોહનભાઈ બી. પટેલ**
**વિસનગર.**

આદિવાસી ધોડિયા જાતીની લઘુસ્વરૂપની લોકકંઠપરંપરા એક અધ્યયન


પ્રકરણ-૧ આદિવાસી ધોડિયા સમાજ ૨

ધોડિયા સમાજની ઓળખ

ધોડિયા સમાજનો ભૌગોલિક પ્રદેશ

ધોડિયા સમાજનો મુખ્ય વ્યવસાય

ધોડિયા સમાજની લોક સંસ્કૃતિ

પ્રકરણ-૨ આદિવાસી ધોડિયા જાતિનું લોક સાહિત્ય ૩૮

આદિવાસી ધોડિયા જાતિનું લોકસાહિત્ય અને વર્ગીકરણ

ગદ્યમૂલક લોક કંઠપરંપરા

લોકવાર્તા

લોકકથા

ગદ્યમૂલક લઘુસ્વરૂપની લોક કંઠપરંપરા

ટૂચકો

રૂઢિપ્રયોગો

કહેવતો

ઉખાણા

પદ્યમૂલક લોક કંઠપરંપરા

લોકગીતો

ઉત્સવગીતો

નૃત્ય ગીતો

કૃષિ ગીતો

પદ્યમૂલક લઘુસ્વરૂપની લોક કંઠપરંપરા

હાલરડાં

જોડકણાં

કુદકણા

પ્રકરણ-૩ આદિવાસી ધોડિયા જાતિની ગદ્યમૂલક લઘુસ્વરૂપની લોકકંઠપરંપરા ૪૯

ટૂચકા

રૂઢિપ્રયોગો

કહેવતો

ઉખાણાં

પ્રકરણ-૪ આદિવાસી ધોડિયા જાતિની પદ્યમૂલક લઘુસ્વરૂપની લોકકંઠપરંપરા ૧૫૫

હાલરડાં

જોડકણાં

કુદકણાં

પ્રકરણ-૫ નિષ્કર્ષ/તારણો ૧૮૪

પરિશિષ્ટ-૧ માહિતી દાતાઓના નામ ૧૮૬

સંદર્ભસૂચિ - ૧ ૧૯૦

સંદર્ભસૂચિ - ૨ ૧૯૧

આદિવાસી ધોડિયા જાતીની લઘુસ્વરૂપની લોકકંઠપરંપરા એક અધ્યયન

## પ્રકરણ-૧ આદિવાસી ધોડિયા સમાજ

ધોડિયા સમાજની ઓળખ

ધોડિયા સમાજનો ભૌગોલિક પ્રદેશ

ધોડિયા સમાજનો મુખ્ય વ્યવસાય

ધોડિયા સમાજની લોક સંસ્કૃતિ

## આદિવાસી ધોડિયા જાતીની લઘુસ્વરૂપની લોકકંઠપરંપરા એક અધ્યયન

## પ્રકરણ-૧ આદિવાસી ધોડિયા સમાજ

**પ્રસ્તાવના :-**

દક્ષિણ ગુજરાતમાં છેક તાપીથી વાપી સુધીનો સમથળ અને ફળદ્રુપ પ્રદેશ એ ધોડિયા સમાજનું નિવાસસ્થાન છે. આવું સુંદર પ્રાકૃતિક પરિવેશ ધરાવતા ધોડિયા સમાજનું પોતાનું અલાયદું આંતરવિશ્વ છે. દક્ષિણ ગુજરાતના પ્રાકૃતિક સૌંદર્યથી સભર એવા કુદરતને ખોળે જીવન જીવતા, ઝૂરતા-ઝઝૂમતા, રહેંસાતા, ભીંસાતા, ભરડાતા, કચડાતા, દબાતા, દીન-હીન, ઉપેક્ષિત ક્યારેક કુદરત સામે સંઘર્ષ કરતા તો ક્યારેક લાચારીવશ નિઃસાસો નાખી શરણાગતિ સ્વીકારતા, નિરક્ષર પણ લાગણીશીલ એવા ધોડિયા, નાયકા, ગામીત, ચૌધરી, વસાવા, હળપતિ, કુંકણા વગેરે અનેક લોકસમુદાયો આવેલા છે. આવા અનેક આદિમ જાતિઓની સરખામણીએ મેઘધનુષ્ય જેવી સપ્તરંગી લોકસંસ્કૃતિ ધરાવતો ધોડિયા સમાજ એની લોકપંરપરા, રૂઢિ-ભાષા-બોલી, લઢણ, એના ખાન-પાન, રહન-સહન, રીત-રિવાજ, ધાર્મિક વિધિ-વિધાનો, માન્યતાઓ, પહેરવેશ, ઉત્સવો, મેળાઓ, તહેવારો ભિન્ન-ભિન્ન પ્રકારના હોવાથી પોતાનું એક અનોખું વિશ્વ ધરાવે છે, પોતાની આગવી ભાતિગળ લોકસંસ્કૃતિ ધરાવે છે. ધોડિયા સમાજનું લોકજીવન ગામડાંમાં પાંગરે છે. તેમની આસપાસ ગામડું, ઘર, ફળિયા, દેરી (મંદિર), સીમ, ખેતર, ડુંગર, વન, પશુ-પંખી, ઝાડ-પાન, નદી-નાળાં, ગૌચર, વિવિધ ઋતુઓના વિવિધ ફૂલ-ઝાડ, અન્ન-ધાનના પાકો, જડ-ચેતન સમગ્ર પ્રકૃતિસભર પરિવેશ ધરાવી એમની પોતાની અલાયદી લોકપરંપરાને ઉજાગર કરે છે.

**ધોડિયા સમાજની ઓળખ**

**ધોડિયા શબ્દની વ્યુત્પત્તિ :-**

*ધોડિયા શબ્દ ઢોડિયા અને ઢોરિયા શબ્દની સાવ નજીકનો સંબંધ ધરાવે છે. ઢોરિયા શબ્દનો મૂળ અર્થ થાય છે ઢોરવાળા લોક. જે લોકો વધુ ઢોર ધરાવે છે એ ઢોરિયા. પહેલાંના જમાનામાં ધોડિયા વધુ ઢોર રાખતા. ઢોરને ઘાંસ-પાણી મળી રહે એ હેતુથી નદીઓથી ભરપૂર એવા દક્ષિણ ગુજરાતના સમથળ પ્રદેશમાં સ્થાયી થયા. ત્યાંના સ્થાનિક લોકો એમને ઢોરિયા તરીકે ઓળખતા. 'ઢોરિયા' શબ્દનો અપભ્રંશ થઈ ઢોડિયા અને એમાંથી કાળક્રમે ધોડિયા શબ્દ ઉતરી આવ્યો.*

*ધોડિયા શબ્દ 'ધૂડ' ધાતુ પરથી ઉતરી આવ્યો હોય એવું પણ અનુમાન થઈ શકે. 'ધૂડ' નો અર્થ થાય છે ધૂળ અને ધૂડિયું શબ્દનો અર્થ થાય છે ધૂળવાળું. શ્રી જુગતરામ દવેના મતે 'ધોડિયા લોકોના શરીરનો રંગ મહ્દઅંશે ધૂળિયા રંગનો, ઘરની ભીંત, ઘરનું આંગણું ધૂળવાળું... કદાચ એ પરથી ધૂળિયા-ધોળિયા-ધોડિયા એમ કહેવાયું હોય.'*[2]

*કેટલાકના મતે ધોડિયા શબ્દ 'ધુર' ધાતુ પરથી ઉતરી આવ્યો હોય એવું અનુભવાયું છે. 'ધુર' શબ્દનો અર્થ થાય છે ધૂંસરૂં. ધૂંસરૂંને વહન કરવા બળદની જેમ ધૂરંધર તાકાત હોવી જોઈએ. 'ધૂરંધર' શબ્દનો અર્થ થાય છે બોજો વહન કરનાર, બોજો વહન કરનારી, મહત્ત્વની જવાબદારી ઉઠાવનારી પ્રજા એટલે 'ધૂરંધરીયા'. આ ધૂરંધરીયા શબ્દનો અપભ્રંશ થઈને ધોઢિયા શબ્દની વ્યુત્પત્તિ થઈ હશે.*

*જેમ અનેક જાતિઓના નામ કોઈ ચોક્કસ ગુણ-લક્ષણો કે સ્થળ-કાળ પરિવર્તનને કારણે પડતા હોય, જેમ કે, 'દ્રવિડ' શબ્દ 'ભિલ્લુ' પરથી ભીલ કહેવાયા, વારલી લોકો વારલે નામે જમીન ખેડતા તે ઉપરથી વારલી કહેવાયા. કુંકણા લોકો પુરાતન કાળમાં કોંકણના કોઈ ભાગમાંથી આવેલા હોવાથી કુંકણા કહેવાયા. દુબળા શબ્દ દુર્બલ શબ્દનો અપભ્રંશ છે. એવું જ ધોડિયા જ્ઞાતિના માટે પણ બને છે. મોગલ સામ્રાજ્ય વખતે 'ધોડિયા*

લોકો મહારાષ્ટ્રના ધૂળિયા વિભાગમાંથી આવી રહ્યા ને પછી ત્યાંથી આવીને દક્ષિણ ગુજરાતમાં આવી વસવાટ કર્યો હોવાથી એમનું નામ ધૂળિયાના લોકો ધૂળિયા અને એમાંથી અપભ્રંશ થઈ ઢોડિયા-ધોડિયા નામ પડ્યું છે.[૬]

શ્રી ખુશાલભાઈ ધનાભાઈ પટેલ નોંધે છે કે, ‘રાજસ્થાનના મેવાડ વગેરે વિસ્તારમાં શિશોદિયા અને ‘દોડિયા’ વિગેરે અટકના રાજપૂતો હતા. એમાં ખાસ કરીને દોડિયા કુટુંબ સ્વમાની હોવાથી મોગલ સામ્રાજ્ય વખતે બીકના માર્યા અરવલ્લી પર્વતની હારમાળાઓમાં થઈ ઉત્તર મહારાષ્ટ્ર થઈ દક્ષિણ ગુજરાતમાં આવી સ્થાયી થયા હશે અને ‘દોડિયા’ ને બદલે ઢોડિયા (ધોડિયા) એવા શબ્દની ઉત્પત્તિ થઈ હોય એવું પણ બને.[૭]

અહીં ધોડિયા શબ્દની ઉત્પત્તિ કેવી રીતે થઈ એ તર્કબળે જોવાનો નમ્ર પ્રયાસ જ છે. સંપૂર્ણ સત્ય જ છે એમ માનવાની જરૂર નથી.

**ધોડિયા સમાજની ઉત્પત્તિ અંગેની દંતકથાઓ :-**

ધોડિયા સમાજની ઉત્પત્તિ વિશેનો કોઈ આધારભૂત ચોક્કસ ઈતિહાસ નથી. ધોડિયા સમાજ વિશે જે કંઈ મળે છે એ લોકકંઠે સચવાયેલી કેટલીક કાલ્પનિક દંતકથાઓ જ છે. એ દંતકથાઓને આધારે ધોડિયા જ્ઞાતિની ઓળખ બાંધવી પડે. ધોડિયા જ્ઞાતિની ઉત્પત્તિ કેવી રીતે થઈ એની કેટલીક પ્રચલિત દંતકથાઓ છે, જેને અહીં તપાસવાનો પ્રયત્ન કરીએ.

ધોડિયા સમાજની ઉત્પત્તિ અંગેની એક દંતકથા પ્રચલિત છે કે - ધોડિયા જ્ઞાતિ એ જાદવકુળની છે. કુરૂક્ષેત્રના યુધ્ધ પછી કૃષ્ણ દ્વારિકામાં જાય છે, ત્યાં પોતાના વંશજો જાદવો મદિરા પીને અંદરોઅંદર લડી મરે છે. કેટલાય જાદવો નાશ પામે છે. આખી જાદવાસ્થળી રચાય છે. બીજી બાજુ કૃષ્ણ આ ઘટનાથી વ્યથિત બને છે અને પારધીના બાણથી એમનું પણ મૃત્યુ થાય છે. આ જાદવાસ્થળીમાંથી બચી ગયેલા કેટલાક વૃધ્ધ જાદવો, સ્ત્રીઓ અને બાળકોને લઈને દ્વારકા છોડી ધોળકા-ધંધૂકામાં આવી વસવાટ કરે છે. ધોળકામાં લાંબા સમયના વસવાટ પછી ત્યાંથી સ્થળાંતર કરી દક્ષિણ તરફ રવાના થાય છે. દક્ષિણમાં તાપીથી

વાપી સુધી સમથળ, રસાળ અને ફળદ્રુપ પ્રદેશ જોઈ દક્ષિણ ગુજરાતમાં સ્થિર થાય છે. તેથી દક્ષિણની સ્થાનિક પ્રજા એમને ધોળકાથી આવેલા હોવાના કારણે ધોળકિયા એવા નામથી ઓળખવા લાગે છે. ધોળકિયા પરથી અપભ્રંશ થઈ ધોડિયા એવું નામ પ્રચલિત થયું હશે અને ત્યારથી ધોડિયા એક જ્ઞાતિ તરીકે સ્થિર થઈ હશે.

શ્રી ખુશાલભાઈ ધનાભાઈ પટેલ 'ધોડિયા સમાજનો ઈતિહાસ ભાગ-૧' માં નોંધે છે કે, 'રાજસ્થાનના મેવાડ વગેરે વિસ્તારમાં શિશોદિયા અને દોડિયા વિગેરે અટકના રાજપૂતો હતા. એમાં ખાસ કરીને દોડિયા કુટુંબ સ્વમાની હોવાથી મોગલ સામ્રાજ્ય વખતે બીકના માર્યા રાજસ્થાન મેવાડ છોડી કાળક્રમે ગુજરાતમાં પ્રવેશી દક્ષિણ ગુજરાતમાં સ્થાયી થયા હશે, એ ઉપરથી પણ એ રાજપૂતોને દોડિયા ને બદલે ઢોડિયા (ધોડિયા) થયું હોય એવું પણ કલ્પવામાં આવે છે.'[૮]

એવી દંતકથા પ્રચલિત છે. દેશમાં મોગલ સામ્રાજ્ય સ્થપાયું અને દેશ આખામાં હાહાકાર મચી જવા પામ્યો. વિશેષઃ મોગલ સામ્રાજ્યનું આધિપત્ય ઉત્તર ભારતમાં વધુ હતું. એ સમયે બળાત્કાર અને અત્યાચારો અને વટાળપ્રવૃત્તિઓ વધવા લાગી હતી. બાદશાહોએ તે વખતના નાના-મોટા રાજ્યોને પોતાના પક્ષમાં લઈ તેમની બેન-બેટી સાથે બળજબરીથી વિવાહ શરૂ કર્યા હતા. ખાસ કરીને મોગલોની દૃષ્ટિમાં લડાયક પ્રજા એવી ક્ષત્રિય પ્રજા જ કેન્દ્રમાં હતી. ક્ષત્રિયોને જો કચડી નાખવામાં આવે તો પોતાનું આધિપત્ય આરામથી જમાવી શકાય, તેથી તેઓ ક્ષત્રિયો પ્રત્યે જ ખૂબ વેરવૃત્તિ રાખતા. રાજસ્થાન મેવાડના રાજા રાણા પ્રતાપના સમયે હિન્દુઓને મારી બાંધીને મુસલમાન બનાવવાની વટાળપ્રવૃત્તિઓ પરાકાષ્ઠાએ પહોંચી હતી. આજે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લાઓના જે ખોજાઓ છે, તે હિન્દુમાંથી બનેલા મુસલમાનો છે, એની ઈતિહાસ સાક્ષી પૂરે છે. આવી વટાળપ્રવૃત્તિઓથી ત્રાહિમામ થયેલી મેવાડની કેટલીક ક્ષત્રિય સ્વમાની પ્રજાએ એમાંથી છૂટકારો મેળવવા ત્યાંથી દક્ષિણ તરફ સ્થળાંતર કર્યું. રાજસ્થાન-મધ્યપ્રદેશ થઈ મહારાષ્ટ્રના

સાતપુડાની પર્વતમાળાની બોર્ડર ઉપર આવી તાપી નદીકાંઠાના ધુલિયા વિસ્તારમાં આવી લાંબો સમય વસવાટ કર્યો. ડરના માર્યા હજારો વર્ષ મહારાષ્ટ્રના જંગલોમાં રહ્યા, શિક્ષણના અભાવે અશિક્ષિત અને અસંસ્કારી અને ગરીબ બન્યા. ધીમે-ધીમે આજીવિકા માટે મહારાષ્ટ્રના ધુલિયામાંથી દક્ષિણ ગુજરાતના તાપીથી વાપી સુધીના વિસ્તારમાં આવી સ્થાયી થયા.'[૯] દક્ષિણ ગુજરાતના લોકો એમને ધુળિયા તરીકે ઓળખાવવા લાગ્યા અને પાછળથી ઢોડિયા-ધોડિયા જ્ઞાતિ તરીકે એમની ઓળખ શરૂ થઈ.

માહિતી દાતા ગમનભાઈ કેસરભાઈ પટેલ લસણપોરના વતની જેઓ ગુજરાતને મહારાષ્ટ્રાની સરહદે શિક્ષક તરીકેની સેવાઓ બજાવી નિવૃત્ત થયેલા, તેમના જાત-તપાસના અનુભવો નોંધાવે છે કે - ધોડિયા જ્ઞાતિ અત્યારે જે બોલી બોલે છે, એ ધોડિયા બોલી તરીકે ઓળખાય છે. જે સંપૂર્ણ ધોડિયાની પોતાની આગવી બોલી નથી. તેમાં મરાઠી બોલીની સીધી છાંટ છે. ઉ.દા.

| ગુજરાતી | મરાઠી | ધોડિયા |
|---|---|---|
| ન્હાવું | અંગોળવું | અંગોળવું |
| દેવતા | આગટી | આગઠી |
| આંખ | ડોળા | ડોળા |
| મા | આય | આયા |

ઉપરોક્ત બોલીના લક્ષણો મહારાષ્ટ્રના ધુલિયા જિલ્લાના ઉત્તર વિભાગમાં આવેલા તાલુકાઓ જેવા કે, નંદરબાર, શાહદા, નવાપુર, તલોદ તેમજ ગુજરાતના પૂર્વ વિભાગમાં આવેલા સુલવાડા, સતગવાણ ગામોમાં ઢોડિયાની (ધોડિયાની) વસ્તી છે અને તેઓ મરાઠી સંસ્કૃતિ ધરાવે છે અને પોતાને 'ઢોડિયા ગુર્જર' તરીકે ઓળખાવે છે અને એ જ્ઞાતિ ઉચ્ચકોટિનું જીવનધોરણ જીવે છે. દક્ષિણ ગુજરાતની ધોડિયા જ્ઞાતિ જે બોલી બોલે છે, એની સીધી છાંટ ધૂલિયા, નંદરબાર, શાહદા, નવાપુર, તલોદ, સુલવાડા, સતગવાણ વગેરે

વિસ્તારોની બોલીમાં જોવા મળે છે. તે ઉપરથી ચોક્કસ કહી શકાય કે આપણી ધોડિયા જ્ઞાતિ ધુલિયા વિસ્તારમાંથી આવી હશે.

બીજી દંતકથા છે કે - 'મહારાષ્ટ્રના છત્રપતિ શિવાજીએ પોતાના નગરની આર્થિક સ્થિતિ મજબૂત કરવા માટે સુરત પર ચઢાઈ કરી સુરતને લૂંટી લીધું હતું. સુરતના વેપારીઓને લૂંટીને પાછા મહારાષ્ટ્ર પરત ફરતાં વલસાડની બાજુમાં પારડી નજીક આવેલા પારનેરા ડુંગર ઉપરથી ઘોડીને છલાંગ લગાવી બગવાડા ડુંગર ઉપર કુદાવીને વચમાં આવતી નદીને પાર કરી હતી, તેથી એ નદીનું નામ પાર નદી પડ્યું હતું. પારનેરા ડુંગર એ પાર નદીનો ભાઈ માનવામાં આવે છે. પારનેરા ડુંગર એ પાનેરા નદીને અરબી સમુદ્ર પાસે મૂકવા આવ્યો હતો. પાછા પરત ફરતાં અજવાળું થઈ જતાં એ પારડી-વલસાડમાં જ રોકાઈ ગયો હતો અને એ ડુંગર પારનેરા ડુંગર તરીકે ઓળખાવા લાગ્યો. આ પારનેરા ડુંગર પર શિવાજીએ કિલ્લો બંધાવ્યો હતો અને એમાં ચામુંડા માતાજીનું મંદિર બંધાવ્યું હતું. પારનેરા ડુંગરના કિલ્લામાં મહારાષ્ટ્રના ધુલિયાના વતની એવા ધનસિંહ અને રૂપસિંહની સરદારી હેઠળ બીજા છપ્પન જેટલા વફાદાર સાથીઓ મહારાષ્ટ્રની રક્ષાકાજે મૂક્યા હતા. પારડી ડુંગરના કિલ્લા થકી ધનસિંહ અને રૂપસિંહ રાજપૂતો મહારાષ્ટ્રનો ચોકી-પહેરો કરી કોઈ રાજા આક્રમણ ન કરે એનું ધ્યાન રાખતા. કાળાંતરે આ ધનસિંહ અને રૂપસિંહ રાજપૂતોએ પોતાના સાથી મિત્રો સાથે પોતાના વતન ધૂલિયા ન જતાં અહીં જ વસવાટ શરૂ કર્યો અને અહીંની સ્થાનિક પ્રજા નાયકા જ્ઞાતિ સાથેના સંપર્કમાં આવી એમની કન્યા સાથે લગ્ન કર્યા અને પારડી-વલસાડ-વાપીના વિસ્તારમાં સ્થાયી થયા. ધનસિંહ, રૂપસિંહ અને એના સાથીદારો ધૂલિયાથી આવેલા હોવાથી અહીંના સ્થાનિક લોકો એમને ધૂળિયા તરીકે ઓળખતા હતા. એ ધુળિયા કોઈ જ્ઞાતિ કે જાતિ નથી, પરંતુ ધુલિયાથી આવ્યા હોવાથી એને ધોળિયા-ઢોડિયા-ધોડિયા જ્ઞાતિરૂપે એક નવી ઓળખ મળી.

ધોડિયા જ્ઞાતિમાં કેટલાય હજારો વર્ષો પછી પણ ધનસિંહ અને રૂપસિંહ એવા પૂર્વજો ધના-રૂપાથી ઓળખાય છે. વડીલો કહે છે કે ધનો ને રૂપો આપણા પૂર્વજ વડીલો છે. જે તે વખતે ધના અને રૂપા વડીલોની એક મોટી ઈજ્જત હતી, શાખ હતી. આજે પણ એ પૂર્વજોને મૃત્યુ પ્રસંગે એને શ્રધ્ધાંજલિ અપાય છે. ધોડિયા જ્ઞાતિના મરણ પ્રસંગે પહેલી પૂંજ એમને અપાય છે. પહેલી શ્રધ્ધાંજલિ એમને અપાય છે. ધોડિયા જ્ઞાતિના રિવાજ પ્રમાણે મૃત્યુ પ્રસંગે પહેલાંના સમયમાં દારૂ અને અત્યારના સમયમાં ચાને વડનાં પાંદડામાં લઈ ભૂમિ પર ધના-રૂપાનું નામ લઈ થોડી થોડી ચા ઢોળી અંજલિ અપાય છે. એ જ બતાવે છે કે ઉપરોક્ત દંતકથાઓમાં સત્યની નજીક પહોંચી શકાય એવું તથ્ય રહેલું છે અને એટલે જ તમામ ધોડિયા જ્ઞાતિ એ દંતકથાને સ્વીકાર્ય ગણે છે.

**ધોડિયા સમાજની આદિવાસી તરીકેની ઓળખ :-**

ધોડિયા જ્ઞાતિનો સમૂહ અન્ય આદિવાસીની જેમ પ્રકૃતિપૂજક છે. એમના ઈષ્ટદેવ બરમદેવ, બગલાદેવ, હાવરોદેવ છે. દેવીઓમાં દેવલી માડી, ઘુહમાઈ માડી, માવલી માડી, ચોસઠ જોગણી, ભોવાની માં, મીરી માં, પાટલાદેવી વગેરે. જે હિન્દુ ધર્મ કરતાં નોખાં દેવોની પૂજા કરે છે. જેઓ કોળી, કુંકણાં, ગામીત, ચૌધરી, નાયકા વગેરે અનેક જ્ઞાતિઓના સંપર્કમાં આવ્યા તેઓની અનેક ભાષા મિશ્રણોથી એક નવી વધારાની જે ભાષા ઉત્પન્ન થઈ તે ધોડિયા ભાષા. ધોડિયા સમાજ ધોડિયા ભાષા બોલે છે. જન્મ-મરણ અને રહન-સહનની એક જુદી સંસ્કૃતિ ધરાવે છે. સ્વરાજ પછી (ક) બંધારણ (અનુ.જનજાતિઓ) ના હુકમ ૧૯૫૦ હેઠળ ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જનજાતિ તરીકે માન્ય કરેલ છે.

**ધોડિયા સમાજની પટેલ તરીકેની ઓળખ :-**

ધોડિયા સમાજની આગવી ઓળખ પટેલ તરીકેની છે. ધોડિયા સમાજના આગેવાનોને પટેલ કહેવાની પરંપરા જૂની છે. ધોડિયા સમાજ અનેક કુળો (ગોત્ર) માં વહેંચાયેલો છે. દરેક કુળનો એક મોભી હોય, મુખી હોય, જેને પટેલ તરીકે ઓળખવામાં

આવે છે. દરેક કુળનું સામાજિક બંધારણ ઘડવાનો હક પટેલને હતો. સામાજિક પ્રશ્નનો હલ પણ પટેલ દ્વારા જ થતો. સામાજિક પ્રસંગો ખાસ કરીને મૃત્યુ પ્રસંગે પટેલને અચૂક યાદ કરવા પડે. જે તે કુળની વ્યક્તિનું મૃત્યુ થયું હોય ત્યારે એ વ્યક્તિના 'દિયાડો' (બારમું) માં દરેક વ્યક્તિને હાજર થવાનું અને નક્કી કરેલો ફાળો આપવાનું ફરમાન પટેલ કરતો. મરનાર વ્યક્તિની ખબર (જાણ) બીજી વ્યક્તિને પહોંચાડવાની જવાબદારી જે તે વ્યક્તિને સોંપવામાં આવે તો એણે પૂરેપૂરી નિષ્ઠાથી બજાવવી પડતી. જો એમાં કસૂરવાર પૂરવાર થાય તો ઉજાવણે (પરજણ) એટલે કે જે તે કુળના મૃતાત્માને અપાતી દર ત્રણ વર્ષે 'સામૂહિક શ્રધ્ધાંજલિ' ના દિવસે કુળનો પટેલ તમામ સગાઓની વચ્ચે એમને સજા કરતો અને દંડ પણ ફટકારતો. પટેલે આપેલો ન્યાય દરેક સગાઓએ માન્ય રાખવો પડતો. જે તે કુળના કુટુંબના સામાજિક ઝઘડાઓનો નિકાલ પણ એ દિવસે પટેલના હાથે થતો. કુળના પટેલની હાક રહેતી. લોકો એને માન આપતા. ગામ પણ એને પટેલ તરીકે જ ઓળખતા, અત્યારે પણ આ પ્રથા ચાલુ છે.

ધોડિયા સમાજ પોતાની આગવી કોઠાસૂઝ અને વ્યવહાર કુશળતાથી અનેક નાની-મોટી સમસ્યાઓને એ સૂલેહપૂર્વક પાર પાડવા ગામનું મુખીપણું કરતો. અન્ય આદિમ જાતિઓમાં એ મોખરાનું સ્થાન ભોગવતો, તેથી એ સમાજના આગેવાનો પટેલ તરીકે માન પામ્યા. પરિણામે ધોડિયા સમાજને પટેલ તરીકેની ઓળખ મળી.

**ધોડિયા સમાજની કૂળદેવી :-**

ધોડિયા સમાજની કુળદેવી 'ભોવાની' છે. 'ભોવાની' નો અર્થ થાય છે શક્તિ. આ શક્તિ સ્વરૂપ એટલે ભોવાની. કેટલાક વિદ્વાનો 'ભવાની' નો અપભ્રંશ થઈ 'ભોવાની' શબ્દ આવ્યો હશે એવું માને છે. ધોડિયા સમાજને જે શક્તિ આપે એ દેવી એટલે 'ભોવાની'. ધોડિયા સમાજના દરેક ગામમાં શક્તિના પ્રતીકરૂપે 'ભોવાની' માતાનું મંદિર જોવા મળે છે.

આ શક્તિસ્વરૂપને જુદા-જુદા નામથી જેમ કે, માવલી, દેવલી માડી, ચોસઠ જોગણી, મીરી માં, પાટલા દેવી, ઘુહમાઈ માડી વગેરે નામથી પણ પૂજવામાં આવે છે.

**ધોડિયા સમાજના દેવ-દેવીઓ**

ધોડિયા સમાજ દક્ષિણ ગુજરાતમાં નિવાસ્થાન ધરાવે છે. તેઓ હિન્દુ ધર્મ કરતાં જુદી પોતાની આગવી અલાયદી લોકસંસ્કૃતિ ધરાવે છે. પરંપરાથી એ સમાજ પ્રકૃતિપૂજક રહ્યો છે. પ્રકૃતિ માત્ર પ્રત્યે તેઓ શ્રધ્ધા અને આસ્થા ધરાવે છે. કોઈપણ શુભ પ્રસંગે સૂર્ય-ચંદ્ર પૂજ્યા પછી ઊગમણી અને આથમણી દિશાઓને પૂજવી, પાણી માટે 'જળદેવી' ની પૂજા કરવી, અન્ન માટે કંસેરીદેવીની પૂજા કરવી. 'ઊજેણી' ની ધાર્મિક વિધિ-વિધાન દ્વારા ગામનો રોગચાળો ભગાડવા માટે 'રાસરી માતા' (રાહ પર જનારી) ની પૂજા કરવામાં આવે છે. પહેલા વરસાદથી ઊગેલી વનસ્પતિની પૂજા અર્ચના માટે 'નાંદરું' ની પૂજા કરવામાં આવે છે. ઢોર-ઢાંખરની રક્ષા માટે 'વાઘદેવતા' ની પૂજા કરવામાં આવે છે. ઢોર-ઢાંખરની બિમારી માટે 'ઘૂંહમાઈ માડી'ની પૂજા થાય છે. પોતાના જુદા-જુદા દુઃખ દૂર કરવા માટે કુળદેવી ભોવાની માતા, ચોસઠ જોગણી, મીરી માં, માવલી માડી, દેવલી માડી, પાટલા દેવી, ડોહીજાળ (હતી), બરમદેવ, બગલાદેવ, હાંવરાદેવ, બેઢીયાભૂત, બામણિયાભૂત વગેરેની પૂજા-અર્ચના કરવામાં આવે છે. જે હિન્દુ દેવ-દેવીઓ કરતાં નોખા અને જુદા તરી આવે છે. આજના આધુનિક અને શિક્ષણના વ્યાપથી એમાં ઘણો બદલાવ આવ્યો છે હિન્દુ ધર્મની અને એના દેવ-દેવીઓની અસર એમની લોકસંસ્કૃતિ પર પડી છે તેથી હવે તેઓ હિન્દુ દેવ-દેવીઓમાં પણ શ્રદ્ધા અને આસ્થા ધરાવતા થયા છે. એમના મંદિરો બાંધી પૂજા અર્ચના પણ કરતા થયા છે. તેમ છતાંય લગ્ન જેવા સામાજિક મંગલમય પર્વમાં તો પોતાની પરંપરાના આરાધ્ય દેવ-દેવીઓને જ સ્થાન પ્રાપ્ત થયું છે. 'હનુમાન' એ ભલે હિન્દુ ધર્મના દેવ રહ્યા પરંતુ એમની પ્રજાતિ 'વાનર' હોવાને કારણે તથા એમનો જન્મ અને નિવાસસ્થાન જંગલ હોવાને કારણે ધોડિયા સમાજમાં પણ હનુમાન દેવને પોતાના આરાધ્ય દેવ તરીકે પૂજવામાં

*આવે છે. ધોડિયા સમાજના દરેક ગામમાં પોતાની કૂળદેવી ‘ભોવાની માતા’ અને હનુમાનજીનું મંદિર હોય જ, તેથી એમના લગ્ન પ્રસંગમાં લગ્નગીતો દ્વારા એમને સ્થાન મળ્યું છે.*

**ધોડિયા સમાજના કુળો :-**

*ધોડિયા સમાજ ૨૫૦થીપણ વધારે કુળોમાં વહેંચાયેલો છે.ધોડિયા સમાજના જુદા-જુદા કુટુંબોએ જુદો-જુદો વ્યવસાય શરૂ કર્યો એ પ્રમાણે એ કુટુંબને કુળનું નામ મળ્યું છે.જેમ કે વાંસ ફોડવાનો ધંધો કરનારને વાંસફોડીયા, વાઘ સામે વીરતાથી લડનારને ‘વાઘિયા’ કુળનું નામ મળ્યું છે.આગળના જમાનામાં કેટલાક લોકો વધુ ઢોર રાખતા અને ઘરમાં દૂધ, દહીં વધુ પડતું રહેતું. દહીં વલોવી છાશ બનાવતા, પણ કુટુંબ નાનું હોવાથી વધારાની છાશને ઢોળી દેવી પડતી, એવા કુટુંબને ‘છાશ ધોળા’ કુળનું નામ મળ્યું. હાથી જેવા બળવાન વીર પુરૂષને હાથીબળીયા કુળનું નામ મળ્યું. આવા અનેક કુળો વ્યવસાયભેદે, પ્રકૃતિભેદે જુદા પડી આવ્યા છે.*

**ધોડિયા સમાજનો ભૌગોલિક પ્રદેશ**

*ધોડિયા જ્ઞાતિ દક્ષિણ ગુજરાતમાં તાપીથી વાપી સુધી પથરાયેલી છે અને કંઈક અનોખી લોકસંસ્કૃતિ ધરાવે છે.ધરમપુર, પારડી, વલસાડ, ઉમરગામ, વાપી, ચીખલી, વાંસદા, મહુવા, ગણદેવી તાલુકાઓમાં આ ઢોરીઆ, ઢોડિયા (ધોડિયા) જ્ઞાતિની વસ્તી બીજી જ્ઞાતિઓ કરતાં વધારે પ્રમાણમાં જોવા મળે છે.*

**ધોડિયા સમાજનો મુખ્ય વ્યવસાય**

*ધોડિયા સમાજ મુખ્યત્વે કૃષિ-પશુપાલન સાથે જોડાયેલો શ્રમજીવી વર્ગ છે. ઋતુ પ્રમાણે મજૂરી-ધંધો કરી પેટનો ખાડો પૂરો કરે છે. ખેતી એ એમનો મુખ્ય વ્યવસાય છે. ખાસ કરીને કૃષિસંસ્કૃતિ ધરાવે છે.ડાંગરની ખેતી એ તેમની લાંબા વખતથી જાળવી રાખેલી કૃષિસંસ્કૃતિ છે અને તેનાથી જ તેઓ સ્થિર થઈ ખેડૂત થયા છે. કૃષિ સાથે સંકળાયેલ વાવણી, રોપણી,*

કાપણી વગેરે મજૂરી તો ખરી જ. ક્યારેક જંગલોમાં લાકડા કાપવા, ક્યારેક દરિયાકિનારે ખારવાઓ સાથે વહાણમાં માલ ભરવા-ઉતારવા વગેરે જુદી-જુદી મજૂરી કરે છે.

**ધોડિયા સમાજની લોક સંસ્કૃતિ**

સંસ્કૃતિ એ માનવ સમાજના જાતિગત સંસ્કારોનું નામ છે. જેનો ચોક્કસ અર્થ માનવ જીવનના આચાર-વિચાર, ચિંતન-મનનની પરંપરા અને પરંપરામાંથી પ્રાપ્ત થતા સંસ્કારોનો સમૂહ, જેના દ્વારા માનવ પોતાના આંતરિક જીવનનો વિકાસ કરી શકે. સંસ્કૃતિ કોઈપણ દેશ, સમાજ અને જાતિની આત્મા છે. માનવ જીવનનું રહન-સહન, ખાન-પાન, રીત-રિવાજ, ઉત્સવો, મેળાઓ, તહેવારો, શ્રધ્ધા-અંધશ્રધ્ધા, રૂઢિઓ, માન્યતાઓ, પ્રથાઓ, પરંપરાઓ વગેરે લોક સંસ્કૃતિના અંગો છે. આ બધું જ ધીરે-ધીરે જે તે સમાજમાં-જાતિમાં રૂઢ થઈ પરંપરા બને છે. એ પરંપરા જે તે જાતિની સંસ્કૃતિ બને છે.

દરેક દેશની, પ્રદેશની, સમાજની અને જાતિની પોતાની અલાયદી લોકસંસ્કૃતિ છે. દરેક દેશનો, પ્રદેશનો, સમાજનો અને જાતિનો માણસ મૂળભૂત રીતે એક હોવા છતાં આચાર-વિચાર, રહન-સહન, ખાન-પાન, અન્નાદિની ટેવો, રીત-રસમો, બોલી-ભાષા વગેરે ભાતીગળ લોકસંસ્કૃતિ ભેદે અન્ય જાતિઓ કરતાં જુદો તરી આવે છે. ધોડિયા સમાજની સંસ્કૃતિ પણ નિરાળી છે.

**ભૌતિક જીવનનું રહન-સહન :-**

વાંસ કે ઘાસની સાજેલી ઝૂંપડી એ ધોડિયા સમાજનું રહેઠાણ હતું. ધોડિયા લોકોના ઘર મોટેભાગે લાકડાના અને વાંસના અને એની ઉપર ડાંગરની પૂળીથી સેવેલું (સાજેલું) હોય. જેમાં એક મોભવાળો ગાળો હોય અને મોભના ગયાના બંને છેડેથી બંને બાજુ ક્રોસમાં ઘૂણ ઉતારેલી હોય, પાછળના ભાગે પેઝારી (પડાળી) ઉતારેલી હોય. થાંભલા ખેરના લાકડાંના હોય. એમાં આગળની બે થાંભલી ગોળાકાર અને એની ઉપર ડીઝાઈનવાળું ગોળાકાર ભન્નું હોય. બાકીની ભીંતવાળી થાંભલી ઉપર લંબચોરસ હરૂં હોય, એના પર પાટલી

(ભારટ) મૂકેલી હોય. મોભથી નિમાણિયા સુધી ઉભા વાંસ ઠોકેલા હોય, એ વાંસ પર આડી વાસની કાંબડી (ચીપ) ઠોકેલી હોય, એના પર ડાંગરની પૂળીનું એક પછી એક છાજનું પડ ચઢાવેલું હોય, છાજ ઉડી ન જાય એ માટે ડાંગરની પૂળીમાંથી જ તબેલો (જાડી દોરી) વણી ઊભી અને આડી ક્રોસ દોરી બાંધેલી હોય. મોટા ભાગે ઘરનું બારણું ઉત્તર દિશામાં હોય. મોભવાળો ગાળો એ જ એની પરસાળ (બેઠકખંડ) હોય. ઊગમણી ઘૂણ ઢોર માટેનો કોઢ હોય, આથમણી દિશાની ઘૂણમાં રસોડું (ઓરો) અને અનાજ સંઘરવા માટેનો કોઠાર રૂમ હોય. પરસાળમાં ડાંગર ખાંડવા, પથ્થરનું કે લાકડાનું કોરેલું ઊંડા ખાડાવાળું સાધન જમીનમાં દાટી ઊખાળ (ખાંડણિયું) બનાવેલું હોય. ડાંગર ખાંડવા ત્રણથી સાડા ત્રણ ફૂટ લાંબું ત્રણ ઈંચની ત્રિજ્યાવાળું લાકડું જેના પર એક છેડે લોખંડની ખરી બેસાડેલી હોય, એકાદ ફૂટ ઉપર હાથથી પકડી શકાય એવું લંબગોળાકાર પાતળા હાથા જેવું કોરેલું હોય, જેને ધોડિયા ભાષામાં મૂહાળ (સાંબેલું) કહે છે. છડેલા ભાતને સાફ કરવા માટે વાંસની ચીપથી સૂપડું બનાવેલું હોય.

ભીંત વિશેષ કરીને ઝાડની નાની-નાની સોટીઓ કે વાંસની કાંબડી (ચીપ) ની હોય. એના ઉપર લીંપણ લીપેલું હોય, ઉપર ઓકરી પાડી ડિઝાઈન કરેલી હોય. મહેમાનો માટે બેસવા ભીંતને અઢેલી દોઢ બે ફૂટ ઉંચી અને ત્રણ-ચાર ફૂટ લાંબી બે ફૂટની પહોળી માટીની ઓટલી બનાવી એના પર લીંપણ લીપેલું હોય, ઘરમાં દીવો મૂકવા માટે બે ભીંતને અડીને કાદવથી ગોખલો બનાવેલો હોય, ઘરને સાફ કરવા માટે ખજૂરીના છટિયા (પાન) માંથી ભૂવારી (સાવરણી) બનાવેલી હોય, કોઢ તેમજ આંગણું સાફ કરવા તૂવરની સાંઠીનો કરસાંટો બનાવેલો હોય.

ઘરમાં ચૂલો કાદવથી ગોળ ત્રિકોણાકાર બનાવેલો હોય, વાસણમાં માટીની ઠીકરી, માટીનું હાંડલું, થાળીને બદલે ઠોબલું, ચમચાને બદલે ગોળાકાર ને લાંબી દાંડાવાળી દૂધી/હાંખોડના ગોળાકાર ભાગને અંદરથી કોરી 'પ્રવાહી રસોઈ પીરસવા માટેનો ચમચો (હાંખોડ)'

બનાવેલો હોય. ચટણી વાટવા માટે લાકડાની કોરેલી ઊંખળી (ખલ) બનાવેલી હોય, અનાજ સંઘરવા માટે કાદવની કોઠી, વાંસની ચીપથી બનાવેલું પાલુ, ડાંગરની પૂળીમાંથી વણેલા જાડા તબેલામાંથી શેષનાગની જેમ ગોળાકાર અને એક ઉપર એક પડ ગોઠવી બનાવેલી વેંટ, તેમજ કઠોળને સંઘરવા માટે ડાંગરની પૂળીમાંથી પેટિયું બનાવવામાં આવે છે. વધેલી રસોઈ કે દૂધ-દહીંને બિલાડીથી સાચવવા માટે દોરીનું 'સીંકુ' બનાવવામાં આવે છે. જે ઘરના એક વાંસ પર લટકાવેલું હોય, ઊંઘવા માટે ચોપાળું હોય, પાથરવા માટે ખજૂરીના છટિયાની (પાનની) સાદડી ગૂંથેલી હોય, ઓઢવા કોથળો હોય અને ઓશિકું ડાંગરની પૂળી હોય, એ એમનું ભૌતિક જીવનનું રહન-સહન હતું. આજે એમાં આમૂલ પરિવર્તન આવ્યું છે.

ઘર બનાવતાં પહેલાં ધરતી માતાની પૂજા કરી, ઘર ચોકવામાં આવે અને મૂરતની થાંભલી નાખતી વખતે ટોપલીમાં માટી લઈ એમાં ડાંગરનો જવારો ઉગાડી, કોરી માટલીમાં પાણી ભરી એને ટોપલી મૂકવામાં આવે. ઘરની પહેલી પાટલી (ભારોટ) કે પછી મોભનું ગયું નાખતી વખતે એક સફેદ કટકામાં શ્રીફળ બાંધીને મોભના ગયાને બાંધવામાં આવે અને કંકુ, ચોખા અને હળદરથી પૂજા કરવામાં આવે. બારણાનું ચોકઠું નાખતી વખતે પણ એની પૂજા કરી ઘરને પણ મંદિર જેટલું જ પવિત્ર સ્થાન ગણવામાં આવે.

**વેશ પરિધાન :-**

પહેલાંના સમયમાં પુરૂષો કદડો (કંદોરો) અને કસૂટો (લંગોટ) બાંધતા, એના ઉપર ધોતિયું વિટાળતા, ઉપર ભરવાડિયું કેડિયું ને બંડી પહેરતા, માથે પાઘડી કે ફાળિયું બાંધતા, પાછળથી બંડીને બદલે ખમીશ અને પાઘડીના બદલે ટોપીએ સ્થાન લીધું. કાનમાં ચાંદીની કડી અને કમરમાં ચાંદીની સાંકળ પહેરતા. પગમાં દેશી ચામડાના બતકની ડોકના આકારના જોડા પહેરતા.

સ્ત્રીઓ ચોળીને બદલે કાપડું બાંધતી. જે આગળથી જાડું કાપડ હોય અને પાછળના ભાગે પીઠ તરફ ખુલ્લું દોરીથી બાંધેલું હોય. કમરમાં ટૂંકું હેલુ કાછડો વાળીને પહેરેલું હોય. ગળામાં પાવલા કે અર્ધા રૂપિયાને ચાંદી સાથે મઢાવીને ગાંઠી (માળા) બનાવેલી હોય, પગમાં ચાંદીના દોલ્લા, નાકમાં ચાંદીનો મૂંદરો હોય. અત્યારે આધુનિકતાની અસર નીચે સાડી-બ્લાઉઝ જેવા વસ્ત્રો અને આધુનિક આભૂષણો આવ્યા.

**ખાન-પાન અન્નાદિની ટેવો :-**

ધોડિયા જ્ઞાતિમાં ભૂતકાળમાં ખાન-પાન કંઈક નિરાળા હતા. બંટી, કોદરા, હાવાનું ઘાઠું (રાબ), કુડા, કદરૂં વગેરે ડાંગરના ચોખાનું પેજવું (ભડકું), આખા ડાંગર-કૂસકાના રોટલા, જે કુલડી પર બનતા. પેજવું, ઘાઠું એ કાળી માટલી (હાંડલી) માં બનાવતા, ને હાંખોડથી કાઢી ઠોબલામાં ખાતા. ઉપરથી વાલનું બફાણું અને આજીલાની ચટણી પેજવામાં ભેળવીને ખાતા. શાકભાજીમાં પવાડીયાની ભાજી, કોળાની ભાજી, કુરાળાની ભાજી, તાંદળજાની ભાજી, લેંભડી ભાજી, ખાટી ભાજી, ચણાની ભાજી, ઝરકીલી ભાજી, મેથીભાજી વગેરે ભાજી મુખ્ય રહેતી. ગલકાં, કાંટોલેં (કંકોડા), ટંડળેં (ઘિલોડી), કોળું, દૂધી, કારેલાં, સૂરણ, કંદ, આળીમ (મશરૂમ), આળું (અલખેડું), કાનખેડી વગેરેનો શાકભાજીમાં ઉપયોગ થતો. કઠોળમાં વાલ, તુવર, ચણા, અડદ વગેરે રહેતા. ચોમાસામાં પહેલા વરસાદથી ઉગેલા વાલના વાલઘોડા/ઘોલ્લાના શાકનો આનંદ કંઈક ઓર રહેતો. રસોઈ થઈ ગયા પછી પહેલાં ચૂલામાં એને રસોઈનો ભોગ ધરાવી અગ્નિદેવતાની પૂજા થયા પછી જ આરોગવામાં આવે. ચા પીતા પહેલાં એના બે-ત્રણ છાંટા જમીન પર છંટકાવ કર્યા પછી જ એટલે કે જમીનદેવતાને ચરણે ધર્યા પછી જ પીવામાં આવે. ભોજનની થાળીમાંથી પહેલો કોળીયો કીડી-મંકોડા માટે જમીન પર મૂક્યા પછી જ ભોજન આરોગવામાં આવે. ઢેખળાં, હાવેલા, માલપૂડા, દડીયા કે મુઠીયાં જેવી વાનગી બનાવી હોય ત્યારે ઘરના મૃતાત્મા માટે પહેલી કાઢવામાં આવે, પછી જ એ વાનગી ઘરના સભ્યો આરોગે. એ વાનગી માટે જેટલો હક્ક

ઘરના સભ્યોનો હોય એટલો જ હક્ક પાળેલા પશુઓ, ગાય-ભેંસ કે કૂતરાનો પણ હોય, એટલે પહેલાં એમને ખવડાવ્યા પછી જ ઘરના સભ્યો એ વાનગી આરોગે.

વાનગીમાં કોળામાંથી બનાવેલા હાવેલા (પનેલા), ચોખાના લોટમાંથી બનાવેલા ઢેંખળાં, માલપુડા, દડિયા, ચણાની ભાજીમાંથી બનાવેલા મુઠીયાં, આળું અને તેરાંમાંથી બનાવેલાં પતેડીયા, જુવારની ઘૂઘરી અને તુવર અને ચોખાના જાડા ગોળ રોટલાને બાફીને બનાવેલી મામણે જેવી વાનગીઓ મુખ્ય રહેતી, તો વળી તુવર ભરડતાં જે લોટ નીકળે એમાં મસાલો ભેળવી પાણીથી મસળી લૂંદો બનાવી ખાખરાના પાંદડામાં પ્હોળી ગોળ જાડી રોટલી જેવી બનાવી અંગારા પર શેકી બનાવેલા 'પાનગા', તો વાલની પાપડી, મરચાં, રીંગણ, કંદ, શક્કરિયા વગેરેને કલર નામની વનસ્પતિના ફૂલ અને પાંદડાને ભેળવી માટલીમાં મૂકી માટલીને ઊંધી મૂકી દેવતા સળગાવીને બાફવામાં આવેલું 'ઊબાડિયું' ધ્યાન ખેંચે એવું છે. જુવારનો પોંક અને ચણાનો ઓળો પણ એટલો જ પ્રિય છે. અત્યારે પણ આ વાનગીઓ બને છે, તેમ છતાં આધુનિકતા પ્રવેશતાં બીજી વાનગીઓ પણ પ્રવેશી ચૂકી છે.

**મંત્રતંત્ર :-**

ધોડિયા સમાજમાં નાની-મોટી બિમારીઓ - હીહારી (આધાશીશી), વળાઈ (બગલમાં ગૂમડું), આંજણી, ચહકો (ચસકો), તરાક (મોચ), પારધાં (આંખની બિમારી), ગોડ્યાં (પગની એડીમાં ગૂમડું), નળ (પેટમાં ગરબડ), ફેફરાં (વાઈ), નજર, મૂંઠ, વિંછી ડંખ મારવો વગેરે દુઃખદર્દ ભગતની મંત્ર-તંત્રની વિદ્યાથી કે ઝાડ-પાનના લેપથી મટાડવામાં આવતાં.

**બાધા-આખડી:-**

ધોડિયા જાતિનું એક અલાયદું આંતરવિશ્વ અને પંચરંગી પરંપરાઓની પોતિકી લોકસંસ્કૃતિ છે. એમના ધાર્મિક વિધિ-વિધાનો કંઈક નિરાળા છે. પ્રકૃતિમાત્ર એમની ધાર્મિક વિધિ-વિધાનમાં સ્થાન પામે છે. અનેક દેવ-દેવીઓની કલ્પના અને એમાં આસ્થાને શ્રધ્ધા જોવા

*મળે છે અને એમની બાધા-આખડીને માનતાઓ માનવામાં આવે છે. બાળકને અછબડા પડ્યા હોય તો કાકાબળિયાની માનતા, કુષ્ઠરોગ (કોઢ) માટે ઉનાઈ માતાની માનતા, સંતાન સુખ માટે બામણિયાભૂત કે પછી સાંહરાદેવની માનતા, પુરૂષોની વૃષણ કોથળીની (ગોળીની) બિમારી હોય તો ગોળીગડની અને ઢોર-ઢાંખર માટે ધુંહમાઈ માતાની માનતા માનવામાં આવે છે.*

**સામાજિક પ્રસંગો :-**

**જન્મ :-**

*સામાન્ય રીતે ધોડિયા સમાજમાં ગર્ભવતી સ્ત્રીને પોતાના પિયરમાં અનુભવી સ્ત્રી દ્વારા દિલેવરી (પ્રસુતિ) કરાવવામાં આવે છે. એ સ્ત્રી 'દાયણ' તરીકે ઓળખાય છે. દાયણ દ્વારા બાળકના કાનને ફૂંકવું, એનું નામ પાડવું એની પાછળ પણ  એનો ચોક્કસ હેતુ રહેલો હોય છે. બાળકના જન્મ પછી એના શરીરે કરચલીઓ વળવા માંડે, નસો લીલી થવા માંડે એને ધોડિયાભાષામાં 'વાવળી' કહે છે. એને દૂર કરવા માટે નાભીમાં ઠીકરીને ગરમ કરી ડામ મૂકવામાં આવે છે. ક્યારેક બાળકનું શરીર કૃષ થવા માંડે એટલે કે ઓગળવા માંડે અને માથુ ઘુવડ જેવું મોટું થવા માંડે એને ધોડિયા ભાષામાં 'કાવડિયું' કહે છે. એ ન થાય એટલા માટે પ્રસુતા સ્ત્રીના ખાટલાની બરોબર ઘરના નળિયા ઉપર માટલું ઉંધું મૂકવામાં આવે, તો પણ કાવડીયું લાગે તો રવિવારના દિવસે અમુક વ્યક્તિ એક જ ઉંડો શ્વાસ લઈ ગરોળીની પૂંછડી તોડી, કાળા કટકામાં બાંધી, કાળી દોરીની સાત ગાંઠ વાળી બાળકના ગળે બાંધવામાં આવે છે. બાળકના જન્મના છઠ્ઠા દિવસે દાયણને બોલાવી વિધિ કરી, પડોશીને અને કુટુંબને સાદું જમણ જમાડી છઠ્ઠી ઉજવવામાં આવે છે. જેને ધોડિયાભાષામાં 'પાંચુરો' તરીકે ઓળખવામાં આવે છે. પાંચુરાના દિવસે 'દાયણ' ને દાન-દક્ષિણા પણ અપાય છે.*

**લગ્ન :-**

ધોડિયા સમાજ ૨૫૦ થી પણ વધારે કુળોમાં વહેંચાયેલો છે. આ સમાજમાં એક જ કુળના વર-કન્યાના લગ્ન થતા નથી. વર-કન્યાની શોધ બંને પક્ષનો મધ્યસ્થી કરે છે. જેને 'વહ્ટાળિયો' કહેવામાં આવે છે. એને લઈને છોકરો છોકરીને જોવા જાય છે. જેને 'માંગણી' કહેવામાં આવે છે. વર-કન્યાને ધોડિયા ભાષામાં નવરો-નવરી કહેવામાં આવે છે. ક્યારેક લગ્ન માટે નવરી પક્ષના લોકો દહેજ માંગતા જેને 'વાંકડો' કહે છે. જે પ્રથા અત્યારે હાલના સમયમાં નથી. માંગણી પછી બંને પક્ષે સગા-સંબંધીઓ નવરા-નવરીનું કુટુંબ-ખાનદાનની ખાતરી કરવા જાય છે. જેને 'બેઠક' કહેવામાં આવે છે. એ બેઠકના દિવસે સગાઈ નક્કી થાય જેને 'ચાંદલો' કહે છે. પહેલા નવરી પક્ષના નવરા પક્ષે ચાંદલો કરવા જાય છે. ત્યાં લગ્નની તિથિ નક્કી થાય છે. નક્કી થયેલી તિથિ પ્રમાણે કન્યાપક્ષથી કોરા કાગળમાં કંકુનો ચાંદલો કરી વરપક્ષના ઘરે દિવાલ પર ચોંટાડવામાં આવે અને પછી હળદર, તેલ અને પાણીનું મિશ્રણ કરી 'ઘાણ' તૈયાર કરી વર-કન્યાને પીઠી લગાવવામાં આવે. એ પીઠી લગાવનાર સ્ત્રી મોટેભાગે ભાભી હોય જેને 'વેવાણ' તરીકે ઓળખવામાં આવે. લગનિયા પછી બીજા દિવસે માંડવાની (મંડપની) વિધિ થાય. નવ કે બાર થાંભલીનો મંડપ બંધાવ્યો હોય, એમાં કાકડો અને સાગના સોટાને આંબાના પાંદડા બાંધી, કંકુનો ચાંદલો કરી વધાવવામાં આવે અને થાંભલીના છેડે નાનો ખાડો કરી પંચામૃત છાંટી, તાંબાનો રૂપિયો નાંખી એ સોટાની થાંભલીને રોપવામાં આવે. માંડવાના દિવસે રાત્રે તોરણ કપડાને વધાવવામાં આવે એને 'ઊંડા નાચાયડા' અથવા 'તોરણ નાચાયઢા' એમ કહેવામાં આવે છે. તોરણ નાચાવ્યા પછી વાજિંત્ર તૂર-થાળીના તાલે તૂરનૃત્ય શરૂ થાય. સ્ત્રીઓ ગીતો ગાય. વહેલી સવારે વરરાજાની પીઠી ધોવામાં આવે, નવા વસ્ત્રો પહેરાવી, દેવદર્શને ગયા પછી વરરાજાની 'માફો-સવારી' માં જાન નીકળે. અન્ય જાનૈયા બળદગાડામાં બેસે. વરરાજાની સાથે એનો બનેવી બેસે એને 'ખાંધવાળિયો' કહેવાય. કન્યા સાથે કોઈ એક સ્ત્રી બેસે એને

*'કુરુલી' કહેવામાં આવે છે. વરરાજાની જાન આવી પહોંચે ત્યારે વરરાજાને ઉતારો આપી પહેરામણીની વિધિ થાય અને પછી મંડપમાં આવતાં જુવારના ઘોડિયાથી (જુવારનું કાપેલું કણસલું જે વાંકું હોય) પોંખવામાં આવે. એ કંઈક એવું સૂચવે છે કે, જીવન આ જુવારના વાંકડિયા ઘોડિયા જેવું અનેક વળાંકોથી ભરેલું છે. જેમાં આજે તમે પગરણ માંડી રહ્યા છો. લગ્નવિધિમાં કાળીગાંઠી બંધાય પછી ગોત્રેજ (કુળદેવી) આગળ વર-કન્યાને બેસાડી દર્શન કરાવ્યા પછી વિદાય કરવામાં આવે છે. કન્યા સાથે બીજી અનુભવી સ્ત્રી કન્યાના સાસરે આવે એને 'શાકવારીયું' કહેવામાં આવે છે. સાસરીમાં કન્યા પાસે પાણી ભરાવવું, આંગણું વળાવવું, વરરાજાના પીઠીવાળા કપડાં ધોવડાવવા, ચોરીની માટી ખોદાવવી વગેરે કામો પણ કરાવવામાં આવે છે. બીજા દિવસે આણું થાય છે. આ આણું બંને પક્ષેથી થાય. દિવાસો, હોળી, દિવાળી વગેરે તહેવારોએ આણાં થાય. લગ્ન પછી ક્યાંક-ક્યાંક ગણ્યાં-ગાંઠ્યા છૂટાછેડાના પ્રશ્નો પણ ઊભા થાય છે, જેને 'ફારગતી' કહેવાય છે અને પુનઃલગ્ન પણ થતા હોય છે, જેને 'નાતરૂં' તરીકે ઓળખવામાં આવે છે.*

*પુત્ર-પુત્રીના લગ્ન માટે દેવ-દેવીની સંમતિ લઈ એમના દર્શન કરાવ્યા પછી જ પીઠી ચઢાવવામાં આવે. લગ્ન વખતે પણ પોતાની કુળદેવી ભવાની માતાની ગોત્રેજ ભરી પૂજા કરવામાં આવે અને લગ્ન થઈ ગયા પછી પણ વર-કન્યાને સાથે લઈ જઈ દેવ-દેવીનાં દર્શને લઈ જઈ પગે પડાવવામાં આવે.*

**મૃત્યુ :-**

*માણસ જન્મ અને મૃત્યુ વચ્ચે લડી રહ્યો હોય, જીવનની છેલ્લી ઘડી ગણી રહ્યો હોય ત્યારે એને ખાટલા કે પલંગ પરથી નીચે ઉતારી ઉત્તર દિશામાં માથુ આવે તે રીતે ઉઘાડી દેવામાં આવે છે. પુરૂષને સફેદ ધોતી, સ્ત્રીને લાલ સાડીનું કફન ઓઢાડાય છે. માણસના મૃત્યુના સમાચાર સગા-વ્હાલાંમાં પહોંચાડાય, જેને 'હનાન' પહોંચાડીયું એમ કહેવાય છે. મૃતાત્માના શબને સ્મશાને લઈ જવા લીલા વાંસની, સુતરના દોરાથી 'ઠાઠડી' ગૂંથવાનો*

રિવાજ છે. ઠાઠડીને ઉંચકવા ચાર 'ખાંધિયાની' વિધિ થાય છે. મૃતાત્માને અંતિમ ભોજન માટે 'પાળો' (રાંધેલા ભાત) ઠાઠડીમાં ખાખરાના પાંદડામાં મૂકવામાં આવે છે. કોઈ સગા સંબંધીને આવતાં મોડું થાય અને સ્મશાન યાત્રા નીકળી ચૂકી હોય, એ સ્મશાન યાત્રા કઈ દિશામાં થઈ, ક્યા સ્થળે ગઈ  એની જાણ એને થાય એ માટે ઘરનું કઠોળ વાલ-ડાંગર વગેરેનું મિશ્રણ કરી 'વઢું' તૈયાર કરી રસ્તે થોડું થોડું વેરતા જવાનો રિવાજ છે. સ્મશાન યાત્રામાં લોકવાદ્ય તૂર-થાળી વગાડવામાં આવે છે. જેનો સ્વર કરૂણ હોય છે. જેનાથી ગામના આજુબાજુના લોકોને ખબર પડે કે કોઈનું મૃત્યુ થયું છે. એ તૂર ખાસ કરીને નાયકા જ્ઞાતિનો વ્યક્તિ જ વગાડે છે. સ્મશાનયાત્રા ઘરેથી નીકળી છાપરીએ (વિસામો) આવી અટકે છે. ત્યાં ઠાઠડી નીચે મૂકી ખાંધિયા ઠાઠડીને આગળના પાછળ અને પાછળના આગળ એમ ફેરવી આગળ વધે છે. સ્મશાને જઈ પૈસો મૂકી ભૂમિને ભાડે લઈ પાણી છાંટી પવિત્ર કરી, કળપાવવાની વિધિ કરી, હળ (ચિતા) સીંચી સબને હળ (ચિતા) ઉપર સુવડાવી અંતિમ ભોજન (પાળો) સગાં-સંબંધીઓ દ્વારા કરી, મૃતાત્માની સાથે હરક્ષણે રહેતું પોતાનું અમોઘ શસ્ત્ર કુહાડીના ચાર ટચકા હળના લાકડાને મારી કફનનો ટૂકડો કાપી લઈ, હાથો સબની સાથે મૂકી, દીવો પ્રગટાવી, નાળિયેર વધેરી, આગ પ્રગટાવવામાં આવે છે. અગ્નિસંસ્કારમાં મૃતદેહ સંપૂર્ણ બળી જાય ત્યાં સુધી તમામ લોકો હાજર રહી અંતે ડાઘુ હોલવી, સ્મશાનને પાણી વડે ધોઈ, સ્નાન કરી દરેક ડાઘુઓ પોત-પોતાના ઘરે જઈ, દૂધ-તુલસી છાંટી પવિત્ર બને છે. બે દિવસ સુધી ઘરના ઓરડામાં એ વ્યક્તિ પ્રવેશતો નથી. કુહાડી અને કફનના ટૂકડાને ઘરના ખૂણે મૂકી સવાર-સાંજ ભોજનની પૂંજ મૂકી, ચાની ધાર પાડી, પૂર્વજો ધનારૂપાના નામ લઈ છાક (શાખ) પાડવામાં આવે છે. જે વિધિ બારમા સુધી ચાલે છે. બારમુંને ધોડિયા ભાષામાં 'દિયાડો' કહેવામાં આવે છે. પૂર્વજોની યાદ માટે પહેલાંના સમયમાં 'ખત્રા' (ખાંભી/પાળિયા) બેસાડવામાં આવતા. વાર-તહેવારે એમને જમાડ્યા પછી ઘરના સભ્યો ભોજન આરોગતા. દિયાડા માટે એક જ કુળના સગાઓને જાણ

કરવા 'ખબર' પહોંચાડવામાં આવતી. દિયાડાના દિવસે સગાઓ માથે પાઘડી પહેરી આવતા. જેથી અન્ય લોકો સમજી જતા કે આ કુળના સગા આવ્યા છે. તેથી એમને ઘરના પવિત્ર ગણાતા કોઢમાં એમને સ્થાન અપાતું. ત્યાં તેઓ વડનાં પાંદડામાં 'ચા' લઈ શાખ પાડી પાઘડી ઉતારતા. બધા સગા ભેગા થયા પછી, કરસાંટાની સળી વડે, ખાખરાના વચ્ચેના ગોળ પાંદડા લઈ બાવલું (બાજ) ગૂંથવામાં આવતું. ઘરના ચૂલાએ ચાર સગા ભોજનને ચાર ભાગમાં વહેંચી બાવલામાં મૂકી પૂર્વજોના નામ લઈ, આવનાર મૃતાત્માને સાથે સમાવવા વિનંતી કરી, છાક (શાખ) પાડી વિધિ કરે છે અને ચાર વાસ - મોભનો વાસ, ગાયનો વાસ, કૂતરાનો વાસ અને કાગનો વાસ, એમ જુદા-જુદા વાસ જુદી-જુદી જગ્યાએ મૂકવામાં આવે છે. અંતે વિધિની સરસામગ્રી અને ઘડો, છાપરીએ કે ઉંબરાના થડમાં મૂકી આવી, વિધવા કે વિધૂરનો ભાર ઢાકવાની રીત કરી અંતે 'પાંચ હગવાડિયા - પાંચ ગાંવિત્યા રામ રામ કરી' સૌ માથા પર પાઘડી પહેરી છૂટા પડતા.

એક જ કુળના મૃતાત્માને સામુહિક શ્રધ્ધાંજલિ આપવા દર ત્રણ વર્ષે સમાજના આગેવાનોએ નક્કી કરેલી પવિત્ર જગ્યાએ મળવા 'ગાંઠણી' પાડવાનો રિવાજ છે. ચાર, પાંચ કે સાત ગાંઠવાળી દોરી કૂળના દરેક વ્યક્તિને ઘરના તોરણે બંધાતી, દરરોજ એક-એક ગાંઠ છૂટે અને અંતે ગાંઠ પૂરી થાય એ દિવસે નક્કી કરેલી જગ્યાએ 'પરજણ' ઉજવવા પહોંચી જતા. જેને 'ઊજાવણે ધરૂને' એમ કહેવાય છે. કુળના દરેક મૃતાત્માને યાદ કરી, એમને સામૂહિક શ્રધ્ધાંજલી અપાય છે. ખાસ કરીને મહા મહિનામાં જ પરજણ ઊજવવાનો રિવાજ છે. એ પાછળ એક માન્યતા એ છે કે જાદવોની 'જાદવાસ્થળી' આજ મહિનામાં રચાયેલી, એ સામુહિક જાદવોને શ્રધ્ધાંજલિના રૂપે આ મહિનો પસંદ કરાયો હોવાની માન્યતા છે. આ પરજણમાં જે તે કુળનો પટેલ (મુખી) ધારા-ધોરણો નક્કી કરે એ રીતે દરેક સગાએ વર્તવાનું હોય છે. જે તે કુળના જુદા-જુદા ઝઘડાઓનો નિકાલ પણ પટેલ જ લાવતો હોય છે. ભૂલ કે

કસૂરવાર કરનાર વ્યક્તિને દંડ પણ ફટકારવામાં આવતો. દરેકને પટેલનો ન્યાય માન્ય રહેતો.

**કૃષિ સંસ્કૃતિ :-**

ધોડિયા સમાજની કૃષિ સંસ્કૃતિમાં દાઝયા સંસ્કૃતિ ધ્યાન ખેંચે છે. તેઓ કૃષિ સંસ્કૃતિ માટે હાંગી, હળકાં, આંકડી, પંઝોટી, ધીંહલા, ગળતાં, લાંઘણા, હીધવો, હળ, કળપુ, પાનિયું, ઓરણી, પરાણી એ એમના હાથવગાં ઓજારો છે. 'ઘૂંઘડું' , તિરવાયો જેવા ચોમાસાના અંગરક્ષક ઓજારો છે. અનાજ સંઘરવા માટે કાદવની કોઠી, વાંસનું પાલુ, ઘાંસની વેંટ તેમજ ઢોર-ઢાંખર માટે મુખરી મહ્રો, નાથ, નાડી, આડોલી, દોર, કરસાંટો વગેરે એની લોકવિદ્યાઓ ધ્યાન ખેંચે એવી છે. ચોમાસું શરૂ થયું હોય તે છતાં વરસાદ ન આવે ત્યારે 'કાળિયા ચઢ, દુકાળિયા ઉતર' ના નારા સાથે મેઘદેવતાને રિઝવવા વિધિ-વિધાન કરવામાં આવે છે. પહેલા વરસાદથી ઉગેલું ઘાસ ખાવાથી ઢોર-ઢાંખરને નુકશાન ન થાય એ માટે નાંદરું પૂજવું. સારા વરસાદના માનમાં ઊજેણી કરવી (ઘર રમના). એ દિવસે આખું ગામ ગામના મંદિરે ધાર્મિક વિધિ-વિધાન માટે ભેગા મળે. કોઈપણ ખેડૂત ખેતીનું કામ તે દિવસે હાથ ન ધરે. તૂર-થાળી જેવા વાજિંત્રના સૂર સાથે ધાર્મિક વિધિથી દેવને જાગ્રત કરી રિઝવે, રોગચાળો ગામમાં ફેલાય નહીં તે માટે દેવને રિઝવી એક ગામથી બીજા ગામમાં તૂર-થાળીના સંગીતથી વાજતે-ગાજતે વિદાય કરે. જ્યાં એક ગામના લોકો બીજા ગામના અને પોતાના ગામના સીમાડે દેવને મૂકી આવે, બીજા ગામના લોકો બીજા ગામના અને પોતાના ગામના સીમાડે દેવને મૂકી આવે, બીજા ગામના લોકો એને ત્રીજા ગામના સીમાડે પહોંચાડે. એ રીતે દેવ રોગચાળો લઈને ગામમાંથી વિદાય થાય.

વરસાદથી ઉગેલી કોઈપણ શાકભાજી કે ફળફળાદિ દેવને ચઢાવ્યા પછી જ આરોગે. કુરાળાની ભાજી, ઝરકીલીભાજી, ખાટીભાજી, વાલઘોડા, ગલકા, હાંખોડાં, વાળકાં, કોળાં વગેરે દેવને ચઢાવી, શ્રીફળ વધેરી દેવની રજા લઈને જ આરોગવામાં આવે. ખેતીની શુભ

શરૂઆત પણ અખાત્રીજના દિવસે ખેડૂતપત્ની હળ, બળદને કંકુ-ચોખાથી વધાવી, પૂજા કરી, દૂધ-તુલસી છાંટી, શ્રીફળ વધેરી જમીનમાં નાળિયેરનું પાણી છાંટી ધરતી માતાની પૂજા કરે અને પછી જ ખેડૂત જમીન ખેડવાની શરૂઆત કરે. વાવણી માટે અનાજની જુદી જ કોઠી કે પાલડું હોય એને તોડીને એમની પૂજા કરી, ઘણીવાર ખેતરના છેડે કોડીયામાં દીવો સળગાવી, લોબનનું ધૂપ ફેરવી, અગરબત્તી સળગાવ્યા પછી વાવણી કરવામાં આવે. બળેવના તહેવારના દિવસે પોતાના ખેતરમાં ઊભેલા પાકને બળ આપવા માટે દરેક ખેતરમાં એક ડીંગલું (સોટી) ખોસવામાં આવે. ખેતીનું કામકાજ પૂરૂં થયા પછી ભવાની માતાના મંદિરે હવન થાય અને હવનમાં મંત્રેલા ચોખા દરેક ખેડૂત પોતાના ઘરે લાવે અને દરેક ખેતરમાં એનો છંટકાવ કરે. જેથી પાકમાં રોગ ના પડે. ખેતરમાં પાકેલા અનાજની પણ ખેતરમાં પૂજા કરી, શ્રીફળ વધેરી, બે-ચાર અનાજની કંટીની નાની પૂળીનું અર્પણ કર્યા પછી જ ડાંગર કાપવાની શરૂઆત થાય. ડાંગરને ખેતરમાંથી ખળીમાં લાવી એને ઝૂડતાં પહેલાં ખળીને લીંપીને દૂધ-તુલસીના પંચામૃતથી પવિત્ર કરી, જમીન દેવતાની પૂજા કરી, ખળીને કંકુ અને રખોડાથી ગોળાકાર બાંધી દેવામાં આવે અને ખળી તરફ જેટલા રસ્તા આવે એ રસ્તાને પણ ચાર-ચાર આડા પટ્ટાથી બાંધી દેવામાં આવે. જેથી કોઈ અન્ય ભૂત-પ્રેત કે ડાકણ અન્નદેવતાને ચોરી ના શકે.

અષાઢ મહિનાની અખાત્રીજના દિવસે ખેડૂતની પત્ની હળ-બળદ, ખેડૂતને કંકુ-ચોખાનો ચાંદલો કરી, દૂધ-તુલસી છાંટી, શ્રીફળ વધેરી, ધરતી માતાની પૂજા કરે છે અને પછી જ ખેડૂત જમીનને ખેડે છે. વાવણી માટે અનાજની જુદી જ કોઠી, પાલું કે વેંટ બનાવી અનાજને સંગ્રહી રાખેલું, એને વાવણી વખતે તોડી, અનાજ બહાર કાઢી લોબનનું ધૂપ લગાવી વાવણી કરે છે.

અષાઢ મહિનો આવે એટલે ધોડિયા સમાજ આકાશી ખેતી તરફ વળે છે. આખું વર્ષ ઢોર-ઢાંખરના વાંસીદાનો ખાતર માટે ઢગ કરે છે અને અષાઢ મહિનામાં ખેતરમાં નાખી,

ખેતરની પાળ સાફ કરી, કાંટા કે ઝાડનાં સૂકાં પાંદડાના ઢગને સળગાવી 'દાઝયું' પાડી વાવણી કરવામાં આવે છે. બીજી બાજુ થાકને હળવો કરવા કેરીનો ગોટલો શેકી, શેકાયેલી ગોટલી ખાઈ આનંદ સાથે કામ કરે છે. ચોમાસામાં ખેતીકામમાં વરસાદથી બચવા માટે 'ઘુંઘડું' તૈયાર કરવામાં આવે છે. ત્યાં તો ઈશાનિયો વરસાદ (બેરો વરહાત) આવી ચઢે છે ને ખેતરમાં પડેલું કઠોળ તેમજ જુદી-જુદી ભાજી ઊગી નીકળે છે. ધોડિયા સમાજના ગામના ખેડૂતો ભેગા મળી વરસાદથી નવું ઉગેલું 'ઘાસ' (નાંદુરવા) ની પૂજા કર્યા પછી વાવણી કરે છે. વાવણી માટે ખેતરને ખેડી ખેતરમાંથી કચરાને, ઝાડનાં પાંદડાને દૂર કરી, માટી ઝીણી કરી (રોયું) વાવણી માટેની જગ્યા તૈયાર કરે છે અને પછી રોપણી શરૂ થાય છે. ચોમાસાને કારણે વરસાદથી બચવા ઘુંઘડું ઓઢી, પાણીથી ભરેલા ખેતરમાં તીરવાયો લઈ (બેસવા માટે ઊભી ઉંચી પાટલી) એમાં બેસી ધરૂ ઉખેડી રોપણી ચાલુ કરે છે અને છેક 'દિવાસા' ના તહેવાર સુધી રોપણી ચાલે છે. ભાદરવો-આસો મહિનો આવતાં ડાંગરનો પાક તૈયાર થઈ જતાં મર્ઘા-પૂર્વાને ઓતરા નખેતર બેસતાં ડાંગરની કાપણી શરૂ થઈ જાય છે. ચિત્રા નખેતરમાં સૂર્યની ઉગ્ર ગરમી ચામડીને બાળે-દઝાડે છે, માટે ખેડૂતો રાત્રીએ ડાંગરની કાપણી શરૂ કરે છે ને ઘડિયાળના અભાવે આકાશમાં હરાણિયા તારાની પરાણી (એક સીધી લીટીમાં ત્રણ તારાઓની હાર) મધ્યભાગમાં દેખાતાં એ રાત્રીનું કામ-કાજ બંધ કરે છે. જ્યાં જરા નવરાશ ન મળે એવી કાપણીની સિઝન શરૂ થાય ત્યાં જ દિવાળી આવી જાય છે ને દિવાળીના તહેવારના આનંદને માણવા ઘેર બાંધી ઘેરૈયા 'ઘેરનૃત્ય' રમી હળવાશ અનુભવે છે.

ખેતીકામ માટે બળદને હાંકવા માટે રવિવારના દિવસે જ બળદને નાકમાં નાથ પરોવવામાં આવે અને સીસમના અણીદાર લાકડાથી કે લોખંડના અણીદાર ખીલાથી નાકમાં કાણું પાડી, સોયાથી કે ડીંગલાથી નાથને પરોવીને સાત ગાંઠ વાળવામાં આવે. સાત ગાંઠ વાળતાં દરેક ગાંઠે નાથ પરોવનાર વ્યક્તિ પોતાના પગની એડી બળદના નાકને અડાડી બળદને

શીખામણ આપે - 'ડુંગરે જાજે, બજારે જાજે, વાસંદા જાજે, ઉનાઈ જાજે, બિલીમોરા જાજે, હોંશે ચાલજે, જોરે ચાલજે, ભડકતો નખે, ચમકતો નખે, ને પાછો ઘરે ફરી આવજે....' વગેરે શબ્દો દેવ વાણીના રૂપે ઉચ્ચારીને ગાંઠ બાંધે છે. બળદ બેસી પડે કે તોફાન કરે તો મંદિર કે ગામના સીમાડે સિમારીયા દેવની પૂજા કરી ફરી નાથ પરોવવામાં આવે. વાછરડાને ગાલ્લીએ કે હળે જોડતાં પહેલાં ધીંહલાએ કે ગળતાએ જોડવાની જૂની પરંપરા છે અને બળદ હળે કે ગાલ્લીએ ચાલતો થાય અને એ બળદને બીજા ગામમાં લઈ જવાયો હોય કે ખોવાઈ ગયો હોય ત્યારે પેલી દેવવાણીની આપેલી શીખામણ પ્રમાણે એ જ રસ્તે પાછો ઘરે આવે. એ બળદને જ્યારે વેચવામાં આવે ત્યારે કોઢમાંથી બહાર નીકળતાં એની આંખોમાં આંસુ વહેવા લાગે અને જવા માટે આનાકાની કરે, પરંતુ ગામના સીમાડે પહોંચી ગયા પછી, સિમારીયો દેવ હવે બચાવી શકે એમ નહી, એમ માની એ મૂંગું પ્રાણી પેલી વ્યક્તિના દોરવાયો દોરવાઈને વ્યવસ્થિત ચાલવા લાગે. આ સિમારીયો દેવ એ વાઘદેવીનો રખેવાળ તરીકે એની પૂજા થાય.

**તહેવારો :-**

આ ઉપરાંત દિવાસો, વાઘબારસ, દિવાળી, હોળી એ એમના મુખ્ય તહેવારો છે. 'દિવાસા' માં ઢીંગલા-ઢીંગલીના લગ્નની રીત-રસમ ધ્યાન ખેંચે એવી છે. 'વાઘબારસ' માં ઢોરની રક્ષા માટે વાઘ દેવતાની પૂજા, દિવાળીના તહેવારોમાં જુદા-જુદા દેવ-દેવીઓના સ્થાનકે, ઘેરિયાનૃત્ય અને 'હોળી' ના તહેવારે માનતાઓ અને તૂરનૃત્ય વગેરેની લોકસંસ્કૃતિ ધ્યાન ખેંચી એવી છે.

માનવ જીવનને સતત ધબકતું ને હર્યુભર્યું રાખે છે ઉત્સવો, તહેવારો ને એ નિમિત્તે ભરાતા મેળાઓ. લોકોત્સવો એ માનવજીવનને ધબકતું રાખવાનું ચાલક અને પ્રેરકબળ છે. ધોડિયા સમાજમાં મુખ્યત્વે દિવાસો, વાઘબારસ, દિવાળી, હોળી વગેરે લોકતહેવારો

મહત્વના છે. એ નિમિત્તે ગવાતા ગીતો, દિવાસાના ગીતો, દિવાળીના ગીતો, હોળીના ગીતો ધ્યાન ખેંચે એવા છે.

**દિવાસો :-**

અષાઢ વદ અમાસ એટલે દિવાસો. એટલે કે ધોડિયા સમાજનો કામકાજનો છેલ્લો દિવસ. આપણા દેશના મોટાભાગના ખેડૂતો કુદરતી વરસાદ પર આધાર રાખે છે. તેમાંય નાની-નાની સંખ્યાબંધ નદીઓ, તળાવો જેવી કુદરતી સંપતિ જેને પ્રાપ્ય થઈ એવા દક્ષિણ ગુજરાતમાં વસેલો આ સમાજ આર્થિક મુશ્કેલીઓના કારણે આ કુદરતી સાનિધ્યને લૂંટી શક્યો નથી. એનાથી વંચિત રહી કુદરતી વરસાદ પર આધાર રાખી ખેતી કરતો. ડાંગર, કઠોળ, તુવર, વાલખડી વગેરેની વાવણી કર્યા પછી અષાઢના ભરપૂર વરસાદે ડાંગરની રોપણી પૂરી કરતો. જ્યારે એમનું કામ-કાજ પૂરૂં થતું ત્યારે જ એમનો અષાઢ મહિનો પૂરો થતો અને દિવાસાનો પર્વ ઉજવાતો.એમા ઢીંગલા-ઢીંગલીના લગ્ન કરવામાં આવતા. જેમ વાસ્તવિક જીવનમાં જે વિધિવત લગ્ન થતા એ જ વિધિપૂર્વક ઢીંગલા-ઢીંગલીના લગ્ન કરી પુત્રલગ્નનો લ્હાવો લેવાતો. એમાં ઢીંગલા-ઢીંગલીને પીઠી ચડાવાતી, લગ્નગીતો ગવાતા, લગ્ન થઈ ગયા બાદ એ ઢીંગલા-ઢીંગલીને ઢોલ-નગારાના તાલ સાથે નાચતાં-કૂદતાં નદીમાં ડૂબાડી એનું વિસર્જન થતું. એ વખતે સામાજિક લગ્નપ્રસંગોમાં ગવાતાં ગીતો જ ગવાતા. વરરાજા અને કન્યાના નામને બદલે ઢીંગલા-ઢીંગલીના નામ ઉમેરાતા.

**વાઘબારસ-**

ધોડિયા સમાજનો દિવાસા પછીનો મહત્વનો તહેવાર હોય તો તે વાઘબારસ. વાઘબારસના દિવસે ઢોરની રક્ષા માટે ગોવાળીયા દ્વારા વાઘદેવતાની સાથે સિમારીયા દેવની પૂજા કરવામાં આવે. એ દિવસે ફળિયાના દરેક ઘરના ઢોર એક જ જગ્યાએ એકત્રિત કરી, દરેક ઘરેથી આવેલું દૂધ અને ચોખાનું મીઠા વગરનું ભોજન બનાવી સામૂહિક જમણ કરવામાં આવે. જેનું નૈવેદ્ આ બંને દેવને ચઢાવવામાં આવે અને દૂધ-તુલસીનું બનાવેલું પંચામૃત દરેક

ઘરની વ્યક્તિને આપવામાં આવે. જે દરેક ઘરના કોઢમાં છાંટવામાં આવે. નદીમાની બગલીની પીંછી અને કાંટાળા થોરના પાંદડા ઢોરના રક્ષણ માટે કોઢના બારણાએ ખોસવામાં આવે અને ચેંવટાના કોડીયા બનાવી એના દીવા કરી દરેક બારણાએ એ દીવા મૂકવામાં આવે અને ઢોરના શીંગડાને ગેરૂથી રંગવામાં આવે.

દિવાળીના તહેવારના આગમનના એંધાણના પ્રતીકરૂપે 'ચેંવટા' ના કોડિયામાં દીવા સળગાવી, ઘરના ઉંબરાએ, આંગણાએ, આંગણામાં સાથિયા પુરવા બનાવેલી નાની ઓટલીએ, ખળીમાં, કોઢમાં, ઉકરડામાં વગેરે અનેક પવિત્ર સ્થળોએ દીવા સળગાવી દિવાળીના તહેવારને આવકારે છે.

**દિવાળી :-**

ધોડિયા સમાજનો દિવાસા પછીનો મહત્વનો તહેવાર હોય તો તે વાઘબારસ. વાઘબારસના દિવસે ગામના લોકો ભેગા મળી ઢોરની રક્ષા માટે સાવરાદેવની પૂજા કરી ગેરૂથી ઢોરના શીંગડાને રંગે છે અને દિવાળીના તહેવારના આગમનના એંધાણના પ્રતીકરૂપે 'ચેંવટા' ના કોડિયામાં દીવા સળગાવી, ઘરના ઉંબરાએ, આંગણાએ, આંગણામાં સાથિયા પુરવા બનાવેલી નાની ઓટલીએ, ખળીમાં, કોઢમાં, ઉકરડામાં વગેરે અનેક પવિત્ર સ્થળોએ દીવા સળગાવી દિવાળીના તહેવારને આવકારે છે.

આર્થિક રીતે નબળો એવો ધોડિયા સમાજ માટે દિવાળીનો તહેવાર ફટાકડાને બદલે ઝળહળતા દીવાઓ જ જીવનના અંધકારને દૂર કરી ઊરમાં ઊજાસ ફેલાવે છે. ઠેર-ઠેર દિવડાઓ ઝળહળે છે.

**હોળી :-**

હોળી એ ફાગણ મહિનાનો પૂર્ણિમાનો આનંદ અને ઉલ્લાસનો પર્વ. ધોડિયા સમાજમાં અન્ય પર્વની સરખામણીએ હોળીના પર્વનું અનેરૂં મહત્ત્વ છે. ધોડિયા સમાજમાં હોળીના પર્વના વધામણાં ફાગણ મહિનાના પહેલા દિવસથી જ શરૂ થઈ જાય છે. દરેક ફળિયામાં હોળીના

ઉત્સવની મજા નાના બાળકો અને યુવાન-યુવતીઓ મહિના પહેલાં નાની હોળી-ધોડિયા બોલીમાં કુકાડ હોળીની ઊજવણી કરીને માણતા હોય છે. બાળકો-યુવાનો હોળીમાતાના સ્થાનકે દરરોજ સાંજે જમી-પરવારી 'શીરપાટા' ની રમત રમે છે. જે છેક હોળીના દિવસ સુધી ચાલે છે. હોળીના તહેવારના પંદર દિવસ પહેલાં આજુબાજુના નાના-નાના શહેરમાં ગામડામાં આટ્વાડો (મેળો) ભરાય છે. જ્યાં હોળીના તહેવારની નાની-મોટી ખરીદી કરવામાં આવે છે.

હોળીના દિવસે હોળીમાતાના સ્થાનકે આબાલવૃધ્ધ સૌ ભેગા મળી  હોળીકા માતાના સ્થાનકે ગાયના છાણથી લીંપણ કરી જગ્યાને પવિત્ર કરી, શ્રીફળ-કંકુ-ચોખા ચઢાવી, આંબાના પાંદડાના તોરણ બાંધી, હોળીકા માતાને રીઝવવા હોળીમાતાને હારડા પહેરાવી, ટોપરા વાટી, ખજૂર-મમરા-દાળીયા ચઢાવી પૂજા કરી જમીનમાં ઊંડો ખાડો ખોદી ખજૂરીના ઝાડનો સ્થંભ ખાડામાં ઊભો કરી એની ફરતે તુવરની સાંઠી, વાંસની સાંઠી બાંધી ખજૂરીના તૂંબાને (સ્થંભને) ઢાંકી દે છે, જેમ પ્રહલાદને લઈને હોલીકા બેસે એમ. ખજૂરીનો સ્થંભ એ પ્રહલાદનું પ્રતીક બને છે અને કરસાંઠી એ હોળીકાનું પ્રતીક બને છે. હોળી પ્રગટાવવા માટે નક્કી કરેલો માણસ જ હોળી પ્રગટાવે છે. 'ભગત' હોળીકા માતાની પૂજા-અર્ચના કરી, હોળી પ્રગટાવવાની આજ્ઞા આપે ત્યારે નક્કી કરેલો માણસ હાથમાં દેવતા લઈ હોળીની ચાર પ્રદક્ષિણા કરી, હોળી માતાના દીવા પાસે ઊભો રહી, ચારે દિશાએ દેવતાને જુહારી હોળી પ્રગટાવે છે. જેવી હોળી પ્રગટે ને પ્રથમ વખત ભડકો થાય, ત્યાં લોકો 'હોળી રે હોળી' કહીને બૂમો પાડે છે. એ જ વખતે ઘરે રહેલું કોઈ સદસ્ય આ બૂમ સાંભળી નક્કી કરેલી જગ્યાએ કારેલાની બી રોપી દે છે. લોક માન્યતા એવી છે કે હોળીના દિવસે હોળીની બૂમ વખતે જ કારેલાની બીજ રોપવામાં આવે તો લૂંમેલૂમ કારેલા પુષ્કળ બેસે છે.

હોળી પ્રગટ્યા પછી લોકો હોળીની ચાર વાર પ્રદક્ષિણા કરે છે અને હાથમાં ખજૂરીના તૂંબાની મેસનો ચાંદલો કર્યા પછી જ ઘરમાં બનાવેલી વાનગીને આરોગવામાં

આવે. ભલે આખું વર્ષ કુટુંબના સભ્યો જુદા-જુદા સ્થળે રહેતા હોય, પરંતુ હોળીના તહેવારે એકસાથે એકભાણે જમી સમૂહભાવના કેળવે છે. કેટલાક લોકો શરીરે ખંજવાળ આવતી હોય, શરીરે ચાંદાં પડતા હોય તેઓ હોળીના દિવસે ઉપવાસ કરે છે અને હોળીમાતાની બાધા-આખડી રાખી નાળિયેરને હોળીમાં હોમી દે છે. એની સાથે જ શરીરના ચામડીના રોગો હોમાઈ જાય એવી માન્યતા ધરાવે છે. હોળીમાતાના સ્થાનકે 'ભગત' દ્વારા પૂજાનું જે અનેરૂં મહત્ત્વ છે તેને ઓજસ પૂરૂં પાડનારૂં તત્ત્વ હોય તો તે વખતે સ્ત્રીઓ દ્વારા ગવાતા ગીતો છે. એ ગીતો વાતાવરણને ધર્મ અને આધ્યાત્મ - ભક્તિભાવના રંગે રંગી દે છે. હોળી પ્રાગટ્યના પહેલાના વિધિ-વિધાનથી માંડી અંત સુધીના વિવિધ ગીતો ગવાય છે.

દક્ષિણ ગુજરાતનું મુખ્ય ફળ, ફળનો રાજા કેરી છે. પરંતુ હોળીના બીજા દિવસે સવારે દરેક સ્ત્રી કંકુ, ચોખા, શ્રીફળ અને કેરી, કેરીના મ્હોર લઈ હોળી માતાના સ્થાનકે પહોંચી એની પૂજા કરી કેરીની પ્રસાદી ચઢાવ્યા પછી જ કાચી કેરીને ખાવામાં ઉપયોગમાં લેવામાં આવે છે.

હોળી પ્રગટ્યા પછી 'તૂરનૃત્ય' તૂરવાદ્ય અને થાળીના તાલ સાથે શરૂ થાય છે. એમાં યુવાન અને પ્રૌઢવયની વ્યક્તિઓ પણ જોડાય છે. લ્હેરિયા (નૃત્યગીતો) સાથે તૂરનૃત્યની મજા લૂંટાય છે.

ધોડિયા સમાજની એક વિશિષ્ટતા એ છે કે આખું વર્ષ ઘરના સ્વજનો કામ-ધંધાને કારણે એક ભાણે જમી શકતા નથી. તેથી હોળીના દિવસે સૌ એક સાથે જમે છે. એમની મુખ્ય વાનગી ઢેખળાં (ચોખાના લોટને બાફીને એમાં એલચી, ખાંડ નાંખી હાથથી વણી અર્ધચંદ્રાકારની જેમ રોટલીને વાળી વરાળથી બાફવામાં આવે છે) કે કોળામાંથી બનાવેલા પનેલાને આરોગે છે.

હોળીના બીજા દિવસે સ્ત્રીઓ હોળી માતાની પૂજાઅર્ચના કરી આંબાના મ્હોરને અર્પણ કર્યા પછી જ કાચી કેરી ખાવાની શરૂઆત કરે છે. ધૂળેટીના દિવસે બપોરના સમયે

દરેક ગામના દરેક ફળિયાના લોકો એક જગ્યાએ ભેગા થઈ આખા વર્ષ દરમ્યાનનો ધાર્મિક વિધિ-વિધાનનો કે સામાજિક પ્રસંગોએ ધિરાણ અપાયેલા ધિરાણનો હિસાબ કરે છે અને જરૂરિયાતમંદને એ દિવસે ફરી એક વર્ષ માટે ભંડોળ પ્રમાણે ધિરાણ અપાય છે ને ફરી એણે ધૂળેટીના દિવસે એ ધિરાણ ભરપાઈ કરવાનું રહે છે.

**નૃત્ય :-**

માનવ જાતિની ઉત્પત્તિની સાથે જ નૃત્યનો ઉદ્ભવ થયો છે. જ્યારે આદિમાનવ પેટનો ખાડો ભરવા માટે જંગલમાં ભટકીને શિકાર કરતો અને થાકી જતો, તે સમયે થાક ઉતારવા એની પાસે કોઈ સાધન ન હતું. ત્યારે એ પોતાના અંગોને ડોલાવીને આનંદ મેળવવા મથતો એમાંથી નૃત્યનો જન્મ થયો. માણસ પાસે ભાષા અને ગીત પહેલાં નૃત્ય આવે છે. માણસ નૃત્યને કલાની રીતે નહીં પણ થાકને ઉતારવાની રીતે માણતો. આનંદ થાકને ઓગાળી નાખે છે. દુનિયાના તમામ નૃત્યો ભાવનાઓ-લાગણીઓ, ઊર્મિસંવેદનના આવિર્ભાવમાંથી અને આનંદ-ઉલ્લાસની અભિવ્યક્તિમાંથી ઉદ્ભવ્યા છે.

**તૂરનૃત્ય**

નૃત્ય એ લોકવિશ્વની લોકસંસ્કૃતિને ઉજાગર કરતું લોકકલાનું પ્રથમ ચરણ છે. વિશ્વની ભાતીગળ લોકસંસ્કૃતિને પ્રગટ કરતા અનેકવિધ લોકનૃત્યો જોવા મળે છે. એવું જ ગુજરાતનું ધોડિયા સમાજનું તૂરનૃત્ય પ્રચલિત છે. ધોડિયા સમાજનું નૃત્યનું લોકવાદ્ય 'તૂર અને કાંસાની થાળી' છે. તૂર એ લોકવિદ્યાની નીપજ છે. લોકકલાકાર જ એ તૂરને ઘાટ આપી શકે છે. લોકકલાકાર પોતાની આગવી લોકવિદ્યાથી કાળી માટીનો ગારો કરી પગની એડીથી છૂંદી ગારાને બરાબર મસળી ચીકાસવાળો ઘટ્ટ બનાવી એમાંથી દોઢ થી બે ફૂટનો લાંબો અંદરથી બંને બાજુએ પોલો એવો લંબગોળાકાર ઘાટ આપે છે, જેને કાંઠો કહેવામાં આવે છે. આ કાંઠાની એક બાજુનો વ્યાસ આશરે સવા ફૂટ જેટલો અને બીજી બાજુનો વ્યાસ એકાદ ફૂટ જેટલો હોય છે. આ કાંઠા પર બંને બાજુએ ચામડાનું પડ ચઢાવી ચામડાની જ દોરીથી ત્રીસ-

બત્રીસ કાણાંઓ પાડી બંને પડને કઠણ ખેંચીને બાંધવામાં આવ્યું હોય છે. આ રીતે ચર્મવાદ્ય 'તૂર' તૈયાર થયું છે. તૂરને વગાડવા માટે બંને પડ પર બંને હાથનો ઉપયોગ થાય એ માટે દોરી કે પટ્ટો તૂરના કાંઠાને એવી રીતે બાંધવામાં આવે કે પટ્ટો ગળામાં ભેરવી એનું અર્ધુ વજન એક ખભા પર અને બાકીનું વજન તૂર વગાડનારના પેટ પર ઝીલાતું હોય છે. જેથી તૂરવાદ્યનું વજન તૂર વગાડનારને થકવી ન નાખે. તૂરના બંને પડનો અવાજ જુદો હોય છે. મોટા પડનો અવાજ પ્હાડી અને નાના પડનો અવાજ તીણો આવે છે. એ માટે લોકકલાકાર બીજી લોકવિદ્યાનો ઉપયોગ કરે છે. ડાંગરની પૂળી સળગાવી એમાંથી પડેલી રાખમાં વધારે બફાયેલા હોય એવા રાંધેલા ભાતનું મિશ્રણ કરી બનાવવામાં આવેલ ચીકાસવાળા પદાર્થને તૂરના બંને પડના ભાગમાં લગાવવામાં આવે છે. જેને 'ભેંણ' તરીકે ઓળખવામાં આવે છે. આ ભેંણ લગાવવાથી વાદ્યતૂરનું પડ તંગ બનતા સુંદર સુરાવલીઓ હાથની થાપથી ઉત્પન્ન થાય છે. એ સુરાવલીને તાલ આપે છે એકાદ ફૂટનો વ્યાસ ધરાવતી કાંસાની થાળી. એ થાળીને એટલી જ લંબાઈ ધરાવતી લાકડી પીટીને વગાડવામાં આવે છે. તૂરવાદ્ય વગાડનારને 'તૂરિયો' તરીકે ઓળખવામાં આવે છે. થાળી વગાડનારને 'થાળ્યો' તરીકે ઓળખવામાં આવે છે.

તૂરવાદ્યની વિશિષ્ટતા એ છે કે એને અનેક તાલમાં વગાડવામાં આવે છે. ધોડિયાભાષામાં એને ચાળો કહે છે. એ તાલ પ્રમાણે નૃત્યકાર પુરૂષો એકબીજાની કમરમાં હાથ પરોવી કુંડાળામાં ઉભા રહી તૂરના તાલને લય આપવા માટે કમરને હળવી લચક આપી પગના જુદા-જુદા સ્ટેપ લઈ લયબધ્ધ નાચતા હોય છે. આ તૂરનૃત્યનું લાવણ્ય જ એનો તાલ અને લય છે. નૃત્યકારોના એકસરખા તાલને લયમાં જ સૌંદર્યનો આત્મા પ્રગટ થાય છે. નૃત્યની શરૂઆતથી તાલના પ્રત્યેક સ્ટેપ વચ્ચે જે અવકાશ રહેલો હોય છે, તે અંત સુધી શરીરની લચકના નર્તનથી ભરી દે છે. નૃત્યકારો આરંભમાં લ્હેરિયાનું એક મુખડું ગાય છે ને વાદકને એને અનુરૂપ તાલ આપવાનું કહે છે. જો તાલ (ચાળો) બરાબર ન બેસે તો તેને

ગતિ-લયમાં બેસાડવા લેરિયાને એકથી વધુ વાર ગાવામાં આવે. જ્યારે તેના તાલનો લય પકડાય ત્યારે નૃત્યકારો ચાળાને અનુરૂપ પગના સ્ટેપ લઈ નૃત્ય શરૂ કરે છે.

**તૂર નૃત્યના ચાળા આ પ્રમાણે છે :**

- દેવચાળો, ભગાતાયો, ઊભો ચાળો, મહાણ્યોચાળો
- ધીમી પગલી ચાળો, એક ડગાલ્યો ચાળો, બે ડગાલ્યો ચાળો, તીન ડગાલ્યો ચાળો, પાંચ ડગાલ્યો ચાળો, ચાલતો ચાળો, નાહતો ચાળો, ઝુલાણ્યો ચાળો.
- બઠો ચાળો, ઉટબેટા ઘર ચાલ ચાળો, કુદાણ્યો ચાળો, ગાંણ ગંહાટ્યો ચાળો, મોઘળી ઝુલો ચાળો, ચીપ્ટો ભૂળ્યો ચાળો.
- અધ્યો હહલો ચાળો, ડુલભો બેરો ચાળો, ભાવાડ્યો ચાળો, ખંધાડ્યો ચાળો, કોપોર કાચલી ચાળો, ઘોડી ચાળો, મોર ચાળો, કુટકી રોટલી ને પંદારવાલ ચાળો.
- પેટલાયે આંગણે વાકો તાડ ચાળો, પટેલ જોવડો તોવડો ચાળો.
- **દેવચાળો અને ભગાતાયો ચાળો.**

તૂરના નૃત્યમાં નૃત્યગીતોના આધારે ચાળો કાઢવામાં આવે છે. શુભપ્રસંગોના અને ઉત્સવ પ્રસંગોના ચાળા જુદા હોય છે. ઉજેણી જેવા ધાર્મિક વિધિ-વિધાનના શુભપ્રસંગે કે બાધા-આખડી ચઢાવતી વેળાએ દેવોને રિઝવવા વિશિષ્ટ પ્રકારનો ‘દેવચાળો’ અને ‘ભગાતાયો ચાળો’ વગાડવામાં આવે છે. તે સમયે નૃત્ય નહિ પણ દેવોને રિઝવવાનો ભક્તિભાવ એમાં ભળેલો હોય છે.

- **ઊભો ચાળો અને મહાણ્યો ચાળો :-**

અશુભ પ્રસંગો જેવા કે કોઈનું અવસાન થયું હોય ત્યારે એની સ્મશાન યાત્રા તૂરવાદ્ય સાથે કાઢવામાં આવે છે. લોકવાયકા છે કે ધોડિયા સમાજના પૂર્વજોની સ્મશાનયાત્રા બંદૂકના ધડાકાઓ સાથે નીકળતી પાછળથી બંદૂકનું સ્થાન તૂરવાદ્યે લીધું. કોઈનું મૃત્યુ થયું હોય એની જાણ આસપાસના લોકોને તૂરની કરૂણ-ઘેરી સુરાવલીઓથી થઈ જતી. મૃત્યુ પ્રસંગે શબ

માટે શબવાહિની એટલે કે ખાટલી (ઠાઠડી) ગૂંથાઈ રહી હોય, શબને ઉંચકવા ચાર ખાંધિયાની વિધિ થઈ રહી હોય તે વખતે કરૂણ-ઘેરો નાદ ઉત્પન્ન થાય એવો 'ઊભો ચાળો' વગાડવામાં આવે છે. જેમાં તૂરવાદક એક જ જગ્યાએ ઊભો ઊભો ભયાનક-ભેંકાર ને બિહામણો નાદ કાઢતો ઊભો ચાળો વગાડે છે. એ કરૂણ નાદમાં જ સ્વજનોનો કરૂણ આક્રંદ ભળી જાય છે. જેનાથી એક આખું કરૂણ દ્દશ્ય સર્જાય છે. સ્મશાન યાત્રા છેક ડાઘુ (સ્મશાન) સુધી પહોંચી જાય અને ત્યાં મહાણ્યો ચાળો તુધ્ધીંગ ધાંગ તુધ્ધીંગ ધાંગ તુધ્ધીંગ એવો ચાળો વગાડવામાં આવે છે, જેથી લોકોને ખબર પડે કે હવે અગ્નિદાહની વિધિ થઈ રહી છે. તૂરવાદ્ય વાગતું બંધ થાય એટલે ખબર પડે કે આગ મૂકાઈ ગઈ છે. એ રીતે તૂરવાદ્ય શુભ-અશુભ પ્રસંગોના સંદેશનું સાધન પણ બની રહેતું.

ધોડિયા સમાજમાં કેટલાક ઉત્સવ-તહેવારો ઉપરાંત લગ્નપ્રસંગોમાં તૂરવાદ્યના લોકનૃત્યનું અને નૃત્યગીતોનું અનેરૂં મહત્વ છે. ધોડિયા સમાજમાં ખાસ કરીને લગ્નના આગલા દિવસે એટલે કે માંડવાના દિવસે રાત્રે લોકનૃત્યની રંગત જામે છે. એમાં જુદા-જુદા ગામના નૃત્યકારો પણ નૃત્યની મજા માણવા એમાં જોડાય છે. પાંચ-પચ્ચીસ કે એનાથી વધુની ટોળી નાચવા માટે એક-બીજાની કમરમાં હાથ નાખીને જોડી બાંધીને એક લયથી સૌના પગ એક સાથે ઉંચકાય એ રીતે વિવિધ ચાળા સાથે વિશિષ્ટ અદાથી નાચતા હોય છે. યુવાનો નૃત્યગીતોના (છેલિયાના) અનેરા ગાનથી અને લોકનૃત્યથી આગવી અદાથી યુવતીઓને રિઝવવાનું ચૂકતા નથી. એ રીતે જોઈએ તો તૂરવાદ્ય પ્રણયના સંદેશાનું પણ ઉત્તમ સાધન બની રહે છે.

સુખી સંપન્ન ગૃહસ્થને ત્યાં લગ્નમાં એક સાથે બે કે ત્રણ તુરિયાઓ ભેગા થયા હોય ત્યારે વિવિધ ચાળાઓની સ્પર્ધા થાય છે. નૃત્યકારોએ સ્પર્ધાને મનભરીને માણે છે. તૂરનૃત્ય વિસ્તાર પ્રમાણે એના ચાળામાં બદલાવ જોવા મળે છે. અમુક વિસ્તારમાં અમુક ચાળાને લગતા નૃત્યગીતો (છેલિયા) ના શબ્દો કે આખી ગીતપંક્તિ ઘણા ફેરફારથી ગવાતી હોય

છે. આ તુરનૃત્યમાં ગવાતા લ્હેરિયામાં ધોડિયા સમાજનું સમાજજીવન, કૃષિજીવનને ઉજાગર કરતી બાબતો, તો વળી આનંદ-ઉલ્લાસ અને વિલાસના વિવિધ મનોભાવો પ્રગટ કરતા છેલિયાં ગવાય છે.

**ઘેરીયા :-**

દક્ષિણ ગુજરાતના ધોડિયા સમાજનું અન્ય આદિવાસી જ્ઞાતિઓ પાસેથી ઉછીનું લીધેલું ઘેરીયા (ઘેરૈયા) લોકનૃત્ય ધોડિયા સમાજની આગવી લોકપ્રતિભાથી એક નવું કલાત્મક રૂપ ધારણ કરી પોતાનું આપોપું લોકનૃત્ય બની રહે છે. જૂના વડીલોના મતે ખાસ કરીને ઘેરીયા (ઘેરૈયા) લોકનૃત્ય હળપતિ સમાજનું માનવામાં આવે છે. હળપતિ સમાજ આ લોકનૃત્યનો જ્ઞાતા છે. હળપતિ સમાજના ઘેરીયા લોકનૃત્યને મનોરંજનના ભાગરૂપે ધોડિયા સમાજ આ લોકનૃત્યને જોતો ને માણતો આવેલો અને એના સંપર્કમાં આવતાં એ લોકનૃત્યમાં જોડાયેલો. ઘેરીયા (ઘેરૈયા) લોકનૃત્ય ધોડિયા સમાજની મૌલિકપ્રતિભાના બળે લોકપ્રચલિત બની, લોકચાહના મેળવી ધોડિયા સમાજનું આપોપું લોકનૃત્ય બની રહે છે. એટલે જ ખાસ કરીને એ લોકનૃત્ય ગીતોમાં ધોડિયા બોલીને બદલે ગુજરાતીકરણની સીધી અસર જોવા મળે છે, કારણ કે અનુકરણના ભાગરૂપે આવેલો આ લોકનૃત્યપ્રકાર છે.

‘ઘેરીયા’ શબ્દ ઘેરૈયાનો અપભ્રંશ શબ્દ છે. ‘ઘેર’ શબ્દનો અર્થ થાય છે સમૂહ, ટોળી. ઘેરૈયાનો અર્થ થાય છે ઘેર બાંધીને નૃત્ય કરવું એટલે કે સમૂહમાં નૃત્ય કરવું. ધરમપુર વિસ્તારમાં ‘ઘેરૈયા’ ને બદલે ‘ઘોર’ શબ્દ પ્રચલિત છે. ઘોરનો અર્થ થાય છે રણકો, આહ્લાદક અવાજ. એમાંથી શબ્દ ઊતરી આવ્યો છે ઘોરીયા એટલે રણકા સાથે તાલબધ્ધ સમૂહમાં ગવાતું નૃત્ય. ઘેરીયા (ઘેરૈયા) એ સમૂહમાં ડાંડિયા રાસથી કુંડાળામાં રમાતો ગવાતો એક લોકનૃત્યનો પ્રકાર છે.

ખાસ કરીને ધોડિયા સમાજનો દિવાસા પછીનો મહત્ત્વનો તહેવાર હોય તો તે વાઘબારસ છે. વાઘબારસમાં વાઘથી ઢોરની રક્ષા કરવા માટે સાવરાદેવની પૂજા કરવા

ગામના લોકો ભેગા મળે છે. પછીના નવરાશના દિવસોમાં શું કરવું ? એ અંગે વિચાર કરી દિવાળીનો તહેવાર નજીક આવતો હોવાથી લોકોને મનોરંજન આપવા માટે 'ઘેર' બાંધવાનું આયોજન થાય છે. દિવાળી એ ધોડિયા સમાજનો મુખ્ય તહેવાર નથી. પરંતુ દિવાળીના તહેવાર નિમિત્તે ભરાતા મેળાઓ-ઉત્સવો જ એમના સમાજજીવનનું મુખ્ય અંગ બની રહે છે. તેથી 'વાઘબારસ' પછી ગામે-ગામના લોકો પોત-પોતાની રીતે ઘેર બાંધવાનું શરૂ કરે છે અને દિવાળીના મેળામાં એ ઘેરીયાનું લોકનૃત્ય લોકોને મનોરંજનની સાથે સાથે સમાજજીવનના કેટલાક ધાર્મિક તેમજ સામાજિક પ્રસંગો જેવા કે જન્મ-મૃત્યુ, આનંદ-ઉલ્લાસ-વિલાસ જેવા વિષયોને સ્પર્શી લોકસંસ્કૃતિને ઊજાગર કરે છે.

ઘેરીયા (ઘેરૈયા) નો મુખ્ય માણસ જેને 'કવિયો' કહેવામાં આવે છે. 'કવિયો' એટલે ગીતનું કવન કરનાર, ગીતને ગાનાર, ગવડાવનાર, ખાસ કરીને કવિયો લોકનૃત્યના લોકસમૂહનો લોકકવિ છે. જેના ઈશારે લોકનૃત્યનો લોકસમૂહ લોકનૃત્યમાં જોતરાઈને રમે છે. ડાંડિયાના તાલે કુંડાળામાં બબ્બેની જોડમાં રમતા જનસમૂહ (ઘેરીયા) નો વેશપરિધાન સ્ત્રી-પુરૂષનો હોય છે. ઘેરીયા માત્ર પુરૂષો જ રમે છે. પરંતુ બબ્બેની જોડમાં રમાતો નૃત્યપ્રકાર હોવાથી એક પુરૂષ કૃષ્ણ બને અને બીજો પુરૂષ ગોપી બને છે. કૃષ્ણ બનતા પુરૂષનું વેશપરિધાન માથે ફેંટો હોય, હાથમાં બાવળ કે સીસમના વજનદાર ડાંડિયા હોય, વજનદાર ડાંડિયાથી રણકો વધુ આવે છે. હાથના કાંડાએ રંગીન રૂમાલ બાંધેલો હોય, શરીરે કેડિયું પહેરેલું હોય, કમરમાં રંગીન રૂમાલને ત્રિકોણાકારે ખોસેલો હોય અને કમરે ઘૂઘરાથી ભરેલો પટ્ટો બાંધેલો હોય ને સફેદ ધોતીનું છોગું મુકેલું હોય, પગે મોજા પહેરી સારી રીતે રમી શકાય, નાચી શકાય એવા જૂતા પહેરેલા હોય. જ્યારે ગોપી બનતા પુરૂષનું વેશપરિધાન માથે ઓઢણી બાંધેલી હોય, કાને એરિંગ (કડી) પહેરેલા હોય, આંખો કાજળથી આંજેલી હોય, નાકે નથણી પહેરેલી હોય, ગળે હાર પહેરેલો હોય, શરીરે સ્ત્રીનો બ્લાઉઝ પહેરેલો હોય, હાથમાં ડાંડિયા ને કાંડે રૂમાલ બાંધેલો હોય, કમરમાં રંગીન રૂમાલને

ત્રિકોણાકારે ખોસેલો હોય, કમરે ઘૂઘરાથી ભરેલો પટ્ટો બાંધેલો હોય, રંગીન ધોતીનું છોગું મુકેલું હોય અને સારી રીતે નાચી શકાય એટલા માટે ધોતીનું છોગું મુકેલું હોય. કવિયો આ ઘેરીયાઓ કરતાં જુદો પડે છે. એમનો વેશપરિધાન ઘેરીયા જેવો જ હોય પણ ક્યારેક માથે ફેંટાને બદલે ટોપી પણ હોય, મોઢે સિસોટી (વિસલ) હોય, હાથે ડાંડિયાને બદલે મોરપીંછની ગૂંથેલી જૂડી હોય, જેને કુંચારી કહેવામાં આવે છે. ઘેર રમાડતી વખતે એ કુંચારી ઊંચી કરી લોકનૃત્યગીતને લય અને તાલ આપવા ઊંચી-નીચી ને આગળ-પાછળ ને ગોળ-ગોળ ફેરવી હલાવે છે. એક 'ઘેર' માં 'કવિયો' બે કે બેથી વધારે હોય છે. એમાં એક મુખ્ય 'કવિયો' ઘેરના કુંડાળાની અંદર રહી ગીત ગવડાવે છે. બીજો કુંડાળાની બહાર રહી ગીતને ઝીલી કુંડાળાને ગોળાકારમાં સરખું રાખવા મોરપીંછની કુંચારીથી ઘેરીયાને અડાડી એમને જોમ-જુસ્સો પૂરો પાડે છે.

મુખ્ય 'કવિયો' મોરપીંછની કુંચારીથી ઘેરીયાને રમવા માટે કુંડાળામાં બાંધે છે. બંધાતા કુંડાળાને કવિયો મોરપીંછની કુંચારી અડાડતો જાય ને હાથ-પગને તાલ આપવા લયબધ્ધ રીતે બબ્બેની જોડમાં ઘેરીયાને દોડાવે છે ને પછી કોઈ દેવની તાર મરાવે છે. તાર મારવી એટલે, જે તે દેવનું નામ લઈ એની સ્તુતિ કરવી, એને વંદન કરવું. ઘેરીયાને રમવા માટે જે કંઈ કૃપા છે એ દેવ-દેવીની છે. એના આધારે આપણે જગ ઉપર જીવી રહ્યા છે, તે પછી હાથ-પગને તાલ આપવા પબાડો (કબાડો) ગવાય છે. 'પબાડો' એટલે હાથ-પગને ગતિ આપતું આનંદ-ઉલ્લાસને અભિવ્યક્ત કરતું જોડકણું. ધરમપુર વિસ્તારમાં 'પબાડો' ને 'કબાડો' તરીકે પણ ઓળખાય છે. એમાં ક્યારેક સ્તુતિ-અર્ચના તો ક્યારેક વ્યંગ-કટાક્ષ પણ ભળે છે. આરંભ દેવ-દેવીની સ્તુતિથી થાય, પછીના ગીતોનો આરંભ ક્યારેક વ્યંગ-કટાક્ષથી થાય છે. ધોડિયા સમાજની કુળદેવી ભોવાની મા હોવાથી ભોવાની માતાની તાર મારી તેનો પબાડો ગવાય. ધોડિયા સમાજમાં બરમદેવ, હાવરોદેવ, હનુમાનદેવ વગેરે

દેવોનું સ્થાન મહત્ત્વનું મનાય છે. તેથી એમનો તાર કે પબાડો ગવાય છે. એ પબાડાને 'ટૂંક' પણ કહેવામાં આવે છે.

## પ્રકરણ-૨ આદિવાસી ધોડિયા જાતિનું લોક સાહિત્ય

### આદિવાસી ધોડિયા જાતિનું લોકસાહિત્ય અને વર્ગીકરણ

ગદ્યમૂલક લોક કંઠપરંપરા

લોકવાર્તા

લોકકથા

ગદ્યમૂલક લઘુસ્વરૂપની લોક કંઠપરંપરા

ટૂચકો

રૂઢિપ્રયોગો

કહેવતો

ઉખાણા

પદ્યમૂલક લોક કંઠપરંપરા

લોકગીતો

ઉત્સવગીતો

નૃત્ય ગીતો

કૃષિ ગીતો

પદ્યમૂલક લઘુસ્વરૂપની લોક કંઠપરંપરા

હાલરડાં

જોડકણાં

કુદકણા

## પ્રકરણ-૨ આદિવાસી ધોડિયા જાતિનું લોક સાહિત્ય

### લોકસાહિત્ય સંજ્ઞા-સ્વરૂપ અને પ્રકારો

લોકસાહિત્ય એ આપણી આદિમ સંસ્કૃતિનો અમૂલ્ય વારસો છે. લોકસંસ્કૃતિના મહત્ત્વના ગણાતા સાહિત્ય, કળા અને ધર્મ એ કુદરત કે ઈશ્વરના હાથનું નહિં પણ માનવીના હાથે થયેલું સર્જન છે. એથી એમ કહી શકાય કે માનવજાત જેટલી પ્રાચીન એટલી એની પ્રાચીન સંસ્કૃતિ પણ છે અને એ સંસ્કૃતિને યથાવત રીતે જાળવણી કરનાર લોકસાહિત્ય છે. લોકસાહિત્ય અતિપ્રાચીન સાહિત્ય સ્વરૂપ છે. જેનું મૂળ જન્મસ્થાન લોકજીવન છે. તે લોકજીવનનો સ્મૃતિભંગ છે. આમ અજાણ્યા અનામી સર્જકો દ્વારા લોકોની જીવંત બોલીમાં રચાયેલું, વિશેષ કરીને મુખ્યતઃ નિરક્ષર ગ્રામવાસી કૃષકો, શ્રમિકો, પશુપાલકોના કંઠસ્થરૂપમાં સચવાયેલું અને મૌખિક પરંપરા દ્વારા વિવિધ પ્રદેશોમાં પ્રસાર થયેલું આ સાહિત્ય સ્વરૂપ સમાજ સાથે વધુ ગાઢ સંબંધ ધરાવે છે. કુદરતને ખોળે જીવન જીવતા નિરક્ષર પણ લાગણીશીલ એવાં લોકસમૂહનાં લાગણી, કલ્પના, આચાર, વિચાર, આદર્શ, ઝંખના આદિને સીધી, સરળ, મધુર જીવંતબોલીમાં પ્રગટ કરતું કંઠસ્થ સાહિત્ય તે લોકસાહિત્ય.

'લોકસાહિત્ય એટલે લોકો વડે, લોકો માટે, લોકો દ્વારા રચાતું લોકોનું સાહિત્ય.' લોકસાહિત્ય સહજરીતે જનસમાજમાંથી પ્રગટ થયેલું છે. જે જનસમાજના ઉલ્લાસને ગાતું લોકકંઠથી આપોઆપ સરી પડતું અને લોકકંઠમાં જ સચવાયેલું રહેતું લોકસાહિત્ય લોકહૃદયની વાણી છે. તેથી ઉમાશંકર કહે છે 'લોકસાહિત્ય એટલે લોકકંઠે જીવતું સાહિત્ય એ વ્યક્તિનું સાહિત્ય નથી પરંતુ સમાજનું સાહિત્ય છે.' વિવિધ પ્રદેશના જનસમાજની રહેણી-કરણી, આચાર-વિચાર તથા રીત-ભાતનું સારદર્શન તે પ્રદેશના લોકસાહિત્ય દ્વારા થયું છે. તેનો પણ કંઈક અંશે ખ્યાલ લોકસાહિત્ય દ્વારા મળી શકે છે.

લોકસાહિત્યમાં જે તે પ્રજાની આત્મકથાનો મહત્ત્વનો ભાગ રજૂ થતો હોય છે. પ્રજાની રહેણી-કરણી, રીત-રસમો, માન્યતાઓ, વિધિ-વિધાનો, ખાન-પાન-અન્નાદિની ટેવો એ બધું લોકસાહિત્યમાં પ્રતિબિંબિત થતું હોય છે. તે સાથે-સાથે પ્રજાહૃદયની ઊંડી આશા, આકાંક્ષાઓ અને એષણાઓના, એના આદર્શો અને સ્વપ્નોના પડઘા પણ એમાં સંભળાતા હોય છે.

લોકસાહિત્ય અજાણ્યા યા અનામી સર્જકો દ્વારા લોકોની જીવંતબોલીમાં રચાયેલું, વિશેષ કરીને અશિક્ષિત લોકોમાં કંઠસ્થ રૂપમાં સચવાયેલું અને મૌખિક પરંપરા દ્વારા પ્રસાર પામેલું સાહિત્ય તે લોકસાહિત્ય છે. લોકસાહિત્ય અતિપ્રાચીન છે. જેનું મૂળ યા જન્મસ્થાન લોકજીવન હોઈ તે લોકજીવનનો સ્મૃતિગ્રંથ છે.

**લોકસાહિત્યનાં સ્વરૂપ-લક્ષણો આ રીતે તારવી શકાય :-**

- લોકસાહિત્ય ગુજરાતનું વ્યાપક અને ભારતીય જીવનનું સુરેખ કલાત્મક ઘરેણું છે. લોકજીવન અને લોકહૈયાને માર્મિક સંવેદનોની સ્વાભાવિકતાથી નિરૂપતું લોકસાહિત્ય એ આપણો અમૂલ્ય વારસો છે.
- લોકસાહિત્ય લોકજીવનમાંથી સાહજિક રીતે પ્રગટ થતું હોવાથી ગૃહસંસાર ને કુટુંબજીવનની હૈયું વલોવી નાખે એવી વેદના ને ઉલ્લાસ ગાથાઓ તેમજ સામાજિક, ઐતિહાસિક કિસ્સા, પૌરાણિક કથાપ્રસંગો વગેરે એના વિષય પ્રદેશો છે.
- લોકસાહિત્ય પેઢી દર પેઢી મુખપરંપરાથી ઊતરી આવેલું હોય છે.
- લોકસાહિત્ય બોલચાલની તળપદી ભાષામાં જન્મે છે, જીવે છે અને તળપદા સંસ્કારો ગ્રહણ કરીને અલિખિત સ્વરૂપમાં જ આગળ વધે છે.
- કોઈ ચોક્કસ પ્રદેશના જનજીવનની ચોક્કસ સમયગાળાની જીવનપધ્ધતિ કેવી હતી, તેનો પણ કંઈક અંશે ખ્યાલ લોકસાહિત્ય દ્વારા મળી શકે છે.

- *લોકસાહિત્યનો સર્જક કોણ છે એ અજ્ઞાત હોવાથી એનું કર્તૃત્વ એક નહિં પણ અનેક સંવેદનશીલ અને ઊર્મિસભર હૈયા દ્વારા સમૂહગત રીતે થતું હોય છે. એમાં વ્યક્તિને બદલે સમષ્ટિની વેદના-સંવેદના ઘૂંટાયેલી હોય છે.*
- *લોકસાહિત્યનો ઉદ્ગમ કંઠોપકંઠ અને કર્ણોપકર્ણ સવારી કરી દોડતો હોવાથી તેનું મૂળ અને કુળ પકડી શકાતું નથી.*
- *લોકસાહિત્ય રંજનબોધ, વિધિ-વિધાન, રિવાજ એમ જુદા-જુદા અનેક કારણોસર રચાતું હોય છે.*
- *લોકસાહિત્ય બે પ્રકારોમાં પ્રગટ થાય છે (૧) ગદ્યકથાઓ (૨) પદ્યકથાઓ, કથાગીતો. ગદ્યકથાઓ સામાન્યતઃ મંગલાન્ત હોય છે. જ્યારે પદ્યકથાઓ, કથાગીતોમાં વેદના વહાવેલી હોય છે. તેથી એમાં રાગ અને ઢાળોનું ભરપૂર વૈવિધ્ય હોય છે.*

- **લોકસાહિત્યના પ્રકારો :-**

*કનુભાઈ જાની લોકવિદ્યાની મુખ્ય ચાર શાખાઓ ગણાવે છે. (૧)લોકવાણી કે લોકવાઙ્મય (૨) લોકસંસ્કૃતિ, સંગીત, ચિત્ર, શિલ્પ, નૃત્ય (૩) લોકસમાજ, સામાજિક વ્યવહાર (૪) લોકકારીગરી. કનુભાઈ જાની 'વિદ્યાપીઠ'ના અંકમાં નોંધે છે કે, લોકોના ભૌતિક જીવનને લગતો વિભાગ જેમાં માનવીની મકાન રચના, પહેરવેશ, અન્નાદિની ટેવો, વ્યવસાય, રાચરચીલું. સામાજિક જીવનને લગતો વિભાગ જેમાં રીત-રિવાજ, ધાર્મિક વિધિઓ, લગ્ન-મરણની ક્રિયાઓ, ઓસડિયા, મૂળિયાં, ટૂચકા, મંત્રોનું વૈદું, શુકન-અપશુકન, સ્વપ્નો, માન્યતાઓ વગેરે આવે. લોકકળાઓના વિભાગમાં સંગીત, નૃત્ય, નાટક અને ચિત્ર આવે. લોકસાહિત્યના વિભાગ કે વાઙ્મય કળાનો સમાવેશ થાય.*

લોકવાઙ્મયના મોટા વિભાગોમાં લોકકથા, લોકનાટ્ય, કહેવતો, રૂઢિપ્રયોગો, ટૂચકા, લોકવ્યુત્પત્તિઓ, ગેયાત્મક સ્વરૂપો, લોકગીત, ઉખાણા, દુહા, સુભાષિતો વગેરેનો સમાવેશ થાય છે.

લોકસાહિત્યના મુખ્ય બે પ્રકારો પડે છે : (૧) ગદ્ય (૨) પદ્ય.

ગદ્યવિભાગમાં લોકવાર્તા કે લોકકથાનો સમાવેશ થાય છે. એમાં બૃહદકથાઓ, પુરાણકથાઓ, વ્રતકથાઓ, નીતિકથાઓ, શૌર્યકથાઓ, દંતકથાઓ, પરિકથાઓ, પ્રેમકથાઓ, વિનોદકથાઓ, બાળવાર્તાઓનો સમાવેશ થાય છે.

પદ્યવિભાગમાં કથાગીતો, લોકગીતોનો સમાવેશ થાય છે. જેમાં રાસ-ગરબા, પ્રભાતિયાં, ભજનો, ગીતો, ઋતુગીતો, ઉત્સવગીતો, માંગલિક પ્રસંગના ગીતો, શૌર્યગીતો, લગ્નગીતો, પ્રણયગીતો, વિલાપીગીતો, શ્રમગીતો, કૃષિજીવનના ગીતો, સામાજિક વિવિધ સંબંધોના ગીતો, આ ઉપરાંત લઘુસ્વરૂપના પ્રકારોમાં હાલરડાં, જોડકણાં, ટૂચકાઓ, કહેવતો, રૂઢિપ્રયોગો અને ઉખાણાનો સમાવેશ થાય છે.

ધોડિયા સમાજ દક્ષિણ ગુજરાતમાં એમનું પોતાનું નિવાસસ્થાન ધરાવે છે અને પોતાની આગવી લોકસંસ્કૃતિ ધરાવે છે. એમના લોકજીવનનું પ્રતિબિંબ એમના લોકસાહિત્યમાં ઝીલાયેલું છે. એમની સંવેદનાઓ, આશા, નિરાશાઓ, રૂઢિ, પરંપરાઓ, માન્યતાઓ, અંધશ્રધ્ધા, રીત-રિવાજો, સુખદુઃખના પ્રસંગો, ધાર્મિક વિધિ-વિધાનો, ઉત્સવો, તહેવારો, ખાન-પાન-અન્નાદિની ટેવો કહો કે સમસ્ત લોકજીવન, લોકસંસ્કૃતિ એમના લોકસાહિત્ય દ્વારા ઉજાગર થાય છે.

- **આદિવાસી ધોડિયા સમાજના લોકસાહિત્યના પ્રેરકબળો :-**

ધોડિયા જ્ઞાતિએ સમાજજીવનને જે રીતે જોયું, જાણ્યું, માણ્યું અને અનુભવ્યું છે, એ જાણેલા, માણેલા, અનુભવેલા જીવનના નિચોડરૂપ લોકસંસ્કૃતિનો દસ્તાવેજ લોકસાહિત્યરૂપે મળે છે. સામાજિક પ્રસંગો, ધાર્મિક વિધિ-વિધાનના પ્રસંગો, સાંસ્કૃતિક

*પરિવેશ, કૃષિ સંસ્કૃતિ, શ્રમજીવન, ઉત્સવો અને તહેવારો એ ધોડિયા સમાજના લોકસાહિત્યના પ્રેરકબળો છે.*

- **આદિવાસી ધોડિયા સમાજના લોકસાહિત્યનું વર્ગીકરણ :-**

*આદિવાસી ધોડિયા સમાજના લોકસાહિત્યના મુખ્ય ત્રણ પ્રકારો જોવા મળે છે. (૧) પદ્યમૂલક લોકકંઠપરંપરા (૨) ગદ્યમૂલક લોકકંઠપરંપરા (૩) પ્રકિર્ણ લોકકંઠપરંપરા.*

**(૧) પદ્યમૂલક લોકકંઠપરંપરા**

*લોકોના કંઠોપકંઠથી ઉતરી આવેલી ગેય રચનાને પદ્યમૂલક લોકકંઠપરંપરા તરીકે ઓળખવામાં આવે છે. જેમાં ગીતની પંક્તિ પ્રથમ વ્યક્તિના કંઠમાંથી ઉદ્‌ભવી અનેક લોકોના કંઠમાં ગૂંજતી રહે છે. ધોડિયા સમાજની પદ્યમૂલક લોકકંઠપરંપરાને કેટલાક વિભાગોમાં વહેંચવામાં આવી છે.*

**સમાજ જીવનના ગીતો :-**

**હાલરડું :-**

*ધોડિયા સમાજના સમાજજીવનના પ્રસંગોમાં હાલરડું એ એક હુલામણો ગેય પ્રકાર છે. નાના બાળકને પારણામાં ઝૂલાવી ગવાતા ગીતો એ હાલરડું.*

**લગ્ન :-**

*ધોડિયા સમાજના સામાજિક જીવનમાં લગ્ન એ સૌથી મોટો સામાજિક પ્રસંગ છે. સૌથી વધુ ગીતો લગ્નની જુદી-જુદી રીત-રસમોના લગ્નના ગીતો જોવા મળે છે. ચાંદલા વિધિના - આવકારના - ચા-પાણીના - ચાંદલાવિધિના અને સાંજી ગીતો - પીઠીના - નોતરના - કપડાના - અનાજના - માંડવાના - મંડપ ગૂંથવાની વિધિના - વાજિંત્રોના - મોસાળના - તોરણ વધાવવાના - ઊંડા નચાવવાના ગીતો તેમજ પ્રભાતિયાં - શુભ શુકનના ગીતો - હરખની ઊંઘના ગીતો - નિત્યકર્મના ગીતો તથા જાન પ્રસ્થાનના ગીતો - ફટાણાના ગીતો -*

લગ્નવિધિના - કાળી ગાંઠીના ગીતો - કન્યાવિદાયના - દેવદર્શનના ગીતો વગેરેનો લગ્નગીતોમાં સમાવેશ પામે છે.

**મૃત્યુ :-**

ધોડિયા સમાજમાં માણસના મૃત્યુ સમયે કલ્પાંતગીતો એ છેડો વાળવો તરીકે ઓળખાય છે.

**કૃષિ :-**

કૃષિજીવનના ગીતોમાં રોપણીના ગીતો, કાપણીના ગીતો, વાવણીના ગીતો તેમજ શ્રમજીવનના ગીતો, હોબેલાનાં ગીતો, ઉત્સવગીતોમાં દિવાસાના ઢીંગલા-ઢીંગલીના ગીતો, નૃત્યગીતોમાં તૂરનૃત્યના છેલિયાના ગીતો, ઘેરનૃત્યમાં ઘેરિયાના નૃત્યગીતો વગેરેનો સમાવેશ થાય છે.

**(૨) ગદ્યમૂલક લોકકંઠપરંપરા**

લોકોના કંઠોપકંઠ ઉતરી આવેલી અગેયાત્મક રચનાને ગદ્યમૂલક લોકકંઠપરંપરા તરીકે ઓળખવામાં આવે છે. જેમાં કોઈ એક વ્યક્તિ પાસે કથાબીજ રોપાય છે ને બીજી-ત્રીજી એક અનેક વ્યક્તિઓ પાસે કંઠોપકંઠ ઝીલાતું એ કથાબીજ ગૂંજતું રહે છે. ધોડિયા સમાજમાં ગદ્યમૂલક કંઠપરંપરાને બે વિભાગોમાં વહેંચવામાં આવી છે (૧) ટૂચકો અને (૨)લોકવાર્તા.

**ટૂચકો :-**

ટૂચકો એ ધોડિયા સમાજનું આનંદ ઉલ્લાસનું, ટીખળ-મસ્તી ને વ્યંગ્યોક્તિનું અનેરૂં સાહિત્ય છે. જેમાં સમાજજીવનના તમામ પાસાં ટૂચકામાં સ્થાન પામે છે. ડોસાનો કસૂટો, ટુપ્પી હુડીયો (બૂલબૂલ), ઢેચુડિયો (કાળકોશી), અધમણવાલ વગેરે અસંખ્ય ટૂચકાઓ ધ્યાન ખેંચે એવા છે.

**લોકવાર્તા :-**

*ટૂચકા પછી ગદ્યમાં ધ્યાન ખેંચે એવું લોકસાહિત્યનું સ્વરૂપ લોકવાર્તા છે. જેમાં સામાજિક વાર્તા - 'છહ્રિયાં ધાવાણ આઈના', બુધ્ધિચાતુર્યની વાર્તા - 'ડોહાયી ફોકડી', ચમત્કારિક તત્ત્વ ને બોધ ઉપદેશવાળી વાર્તા - 'ગોવાળમાંથી રાજા', 'જનક મનકની ભાજી' તથા પશુપંખીની વાર્તા - 'લેફડાયો ન્યાય', હાસ્યપ્રધાન વાર્તા - 'ચોરાયો બાહ ઘંટીચોર' વગેરે અનેકવિધ લોકવાર્તા ધોડિયા સમાજમાં જોવા મળે છે.*

**(૩) પ્રકિર્ણ કંઠપરંપરા**

*ધોડિયા સમાજના પ્રકિર્ણ લોકકંઠપરંપરાના લોકસાહિત્યમાં કહેવતો, રૂઢિપ્રયોગો અને જોડકણાં ધ્યાન ખેંચે એવા છે.*

**કહેવતો :-**

*ધોડિયા ભાષામાં કહેવતને 'કેવાત' કહેવામાં આવે છે. ધોડિયા જ્ઞાતિની કહેવતો આગળની જૂની પેઢીઓનો બહોળો અનુભવ અને ડહાપણની ઝાંખી કરાવે છે. ઉદા. જાણા ચાટે તાણા ડાટે (જેમનું ખાવા-પીવાનું મળે એમની ઈજ્જત જવા ન દે), બે ઘરાયા પાંવણા ભૂખે મરે (બે ઘરનો મહેમાન ભૂખે મરે).*

*ધોડિયા સમાજમાં ઉપમામૂલક, તુલનાત્મક, પ્રશ્નમૂલક, જાતિવિષયક, સ્થાનવિષયક, કૃષિ-વર્ષાવિષયક, પશુ-પક્ષી વિષયક, વ્યંગાત્મક તેમજ અન્ય જાતિઓના સ્વભાવ, સંસ્કાર, રીત-રિવાજ વગેરેની અભિવ્યક્તિ કહેવતોમાં સ્થાન પામે છે.*

**રૂઢિપ્રયોગો :-**

*પ્રચલિત વિલક્ષણ અર્થયુક્ત વાક્યપ્રયોગ એટલે રૂઢિપ્રયોગ. ધોડિયા જ્ઞાતિમાં સંજ્ઞાવિષયક (ખેતરાં ખાંવ ધાવના - ખેતરમાં પાક નબળો થવો), ક્રિયા વિષયક (પૈહા છેડે બાંધુના - રોકડા નાણાં આપી દેવા) વગેરે પ્રકારના રૂઢિપ્રયોગો જોવા મળે છે. આ ઉપરાંત શારીરિક*

અંગો પર આધારિત, પ્રાણી આધારિત, અનાજ, મહેનત, મૃત્યુ વગેરે સંબંધી રૂઢિપ્રયોગો પ્રચલિત છે.

**જોડકણાં :-**

જોડકણું એટલે સ્થળ-કાળ-ઋતુ પ્રમાણે બે કે તેથી વધુ પંક્તિઓનો પ્રાસ બેસાડી અર્થચમત્કૃતિ સાધી હાસ્ય, વિનોદ પ્રગટ કરવામાં આવે તેને જોડકણું તરીકે ઓળખવામાં આવે છે. ધોડિયા સમાજમાં પણ ઋતુ પ્રમાણેના, મહેમાનગતિના, સમાજજીવનના જોડકણાં જોવા મળે છે. દા.ત. આડું હું ? ઈંડું. ફોડે કોણ ? કાગડી ! ચોથે કોણ ? બંડલ, આંઢલી ધોવાણ ?

મણિયો (પાણીમાં રમાતું બાળ જોડકણું)

આન, પાન, પીપળે જમાડી પાન,

એક જાન ભૂખી,

થાળી ધોઈ ઊઠી,

થાળીમાં ટોપરૂં,

ભાઈ તમારૂં છોકરૂં,

છૈયા છોકરાં સારાં છે,

અરવાડો, તરવાડો, ભમ્મ દેને ભૂચકો.

આ બાળજોડકણામાં સામાજિક પ્રસંગને એકનાદ અને લયમાં મૂકી તાજગીનો અનુભવ કરાવી અંતિમ શબ્દના ઉચ્ચારણથી જુદા જ પ્રકારનો આનંદ કરાવવામાં આવે છે.

**ઉખાણા :-**

ધોડિયા જ્ઞાતિ વિશેષતઃ પશુપાલન સાથે સંકળાયેલી શ્રમજીવી પ્રજા છે. શ્રમની સાથે સાથે મનોરંજનના ભાગરૂપે ઉખાણા જેવું લઘુસ્વરૂપનું સાહિત્ય વિપુલ પ્રમાણમાં મળે છે. ધોડિયા

બોલીમાં ઉખાણા પૂછતી વખતે તીંકા ?, તે શું ? જેવો અત્યંત સૂચક શબ્દ પ્રયોજાય છે. જેવા કે,

- ઓઠ ધરી ને જાય ને પેટ ધરી ને આવે તીં કા ? - માટલું
- ફૂઈ નાગી ને ફૂઓ પાછળ પડનો - સોઈ-દોરો
- ભલા મેદાનમાં ડોહો કડ બાંધીને પડી રય તીં કા ? - ઘાંસનો પૂળો
- આયતી હી ઢોલકી બેયધૂણથી પોલકી તીં કા ? - મહુડાનું ફૂલ
- કાળો કાળો માટીડો, ખાંધે બહી જાય, ભમદેને પાદે તે સત્યાનાશ વળી જાય, તીં કા ? - બંદૂક

# પ્રકરણ-૩ આદિવાસી ધોડિયા જાતિની ગદ્યમૂલક લઘુસ્વરૂપની લોકકંઠપરંપરા

ટૂચકા

કહેવતો

રૂઢિપ્રયોગો

ઉખાણાં

# પ્રકરણ-૩ આદિવાસી ધોડિયા જાતિની ગદ્યમૂલક લઘુસ્વરૂપની લોકકંઠપરંપરા

ટુચકો:-

ટુચકાઓને માટે અંગ્રેજી Tables અને Parables શબ્દો પ્રયોજાય છે. પણ આ અંગ્રેજી શબ્દોને માટે ગુજરાતીમાં બોધકથા શબ્દ વધુ યોગ્ય લાગે છે. હિતોપદેશ અને પંચતંત્ર તેમજ ઈસપની વાતો તેના નમૂના છે. ટુચકાઓ મોટે ભાગે માનવસ્વભાવની કોઈક લાક્ષણિકતા અથવા પરિસ્થિતિની વિચિત્રતા પ્રગટ કરતા હોય છે. રા.વિ.પાઠક નોંધે છે કે ટુચકો માત્ર બનાવની વિલક્ષણતાથી કહેવા યોગ્ય બને છે.

ટુચકો એટલે ચાર-પાંચ મિનિટ ચાલે એટલી ટૂંકી વાર્તા. જ્યા હાસ્ય હોય, વ્યંગ હોય, કટાક્ષ હોય, જ્યાં કોઈ બોધ કે ઉપદેશ કે જીવનનું તત્વજ્ઞાન ન હોય પણ, જ્યારે જ્યારે માણસ નવરો પડે કે કામકાજથી કંટાળી જાય ત્યારે એ કંઈક મનોરંજન ઈચ્છે અને એમાં જો કદાચ ચાર-પાંચ વ્યક્તિઓનું ટોળું ભેગું થાયને ઠઠ્ઠા મશ્કરી શરૂ થાય અને પોતાનો થાક ઉતારવા માટે આવા નુસખા અજમાવવામાં આવે ને વ્યંગોક્તિ વાર્તા રૂપે આવે. ક્યાંક ક્યાંક ચમત્કારીકતાનો અહેસાસ કરાવે તો ક્યાંક ક્યાંક ગોપિત રહસ્ય ઘટસ્ફોટ થઈ બહાર આવે અને અચાનક હાસ્યની છોળો ઉડે. ક્યારેક નિરાશને નાશીપાશ થયેલી વ્યક્તિ માટે આવા ટુચકાઓ બહુ ઉપયોગીને અને ઉપકારક થઈ પડે છે. ટુચકા દ્વારા કોઈ વ્યક્તિની ખાસિયતો કે લાક્ષણિકતાઓ રજૂ થાય છે. ટુચકો એક ચિત્ત ઝબકાર છે. એ ઝબકીને તરત હોલવાય છે એક ક્ષણ તે પ્રકાશથી આંજીને અંધકારમાં ખૂંપી જાય છે તે વાચકને એ ક્ષણનો સ્ફોટ કરી સાક્ષાત્કાર કરાવી જાય છે. જીવનમાં કોઈક બીજી ઘટના બની હોય ને એના બદલામાં જુદી જ ઘટના ઘટે જે આશ્ચર્ય ને રમૂજ ઉપજાવે એવી હોય, જે એક બીજા આગળ રજૂ કરતાં ટુચકાનું રૂપ ધારણ કરે છે. પછી એ ઘટના ઘટના ન રહેતાં લોકરંજનનું એક વાસ્તવ વાર્તા ચિત્ર બની જાય છે. જેમાં ચિત્રાત્મકતાનો સંપૂર્ણ અનુભવ થતો હોય છે. જે ઘટના વાર્તા રૂપે

કહેવાતી હોય ત્યારે એમાં ચમત્કૃતિની સાથે સાથે ચિત્રાત્મકતા ભળે છે. એ આખું ચિત્ર આપણી આંખ સમક્ષ ખડું થાય છે ને પેટ પકડીને હસાવે છે. તો ક્યારેક કટાક્ષ રૂપેજ આવે છે. એ કટાક્ષમાં કોઈ બીજા ચિત્રના માધ્યમ દ્વારા વ્યક્તિના વ્યક્તિત્વનો અહેસાસ કરાવે છે.

ટુચકો દેશ-સ્થળ, કાળ અનુસાર નવુ નવુ રૂપ ધારણ કરે છે ટુચકો એ વાંચવા કરતાં એનું પઠન જ વધુ અસરકારક હોય છે. ક્યારેક એકજ ટુચકો બે ત્રણ વ્યક્તિઓ પઠન કરતી હોય, કહેતી હોય ત્યારે અમુક વ્યક્તિની જ હથાટી એમાં બરાબર બેઠી હોય છે. તે ધારી અસર પાડી શકે છે એ ઘટના કે પ્રસંગને રજુ કરવા એને લયને અને લહેકા પરજ મૂળ આધાર રહેલો હોય છે. ટુચકા એ વાંચનનો વિષય નથી. એ શ્રવણનો વિષય છે. ટુચકાને એક એક શબ્દ કર્ણપટ પર ઝિલાય છે ને એક પ્રકારની જુદી જ હાસ્ય ને આનંદની તાજગીનો અનુભવ થાય છે.

મધ્યકાલિન સાહિત્યમાં પણ ટુચકા વણાયેલા છે. ટુચકાની પરંપરા મોટેભાગે લોકસાહિત્યની જેમ અલિખિત રહી છે. લોકસાહિત્ય સ્વરૂપે આ ટુચકો કંઠોપકંઠ ચાલ્યો આવે છે લાઘવ, કહેવાતી સચોટ રીતિ તથા અંતે આવતી ચમત્કૃતિનાં સંદર્ભમાં ઘણાએ ટૂંકીવાર્તા અને ટુચકાની સરખામણી કરી જોઈ છે . ટુચકાનું પરંપરાગત સ્વરૂપ લગભગ લુપ્ત થઈ ગયુ છે છતાં પ્રાચીન મધ્યકાલીન ટુચકાઓ વખતોવખત કહેવતા રહે છે ને એ રીતે અર્વાચીન ટુચકાઓ પણ ઘડાતા રહે છે.

## ટુચકાનું સ્વરૂપ અને લક્ષણોઃ-

- ટુચકાઓ મોટે ભાગે માનવસ્વભાવની કોઈક લાક્ષણિકતા અથવા પરિસ્થિતિની વિચિત્રતા પ્રગટ કરતા હોય છે.
- ટુચકો લઘુકથાની વધુ નજીક આવે છે.
- ટુચકો દષ્ટાંતકથા લેખેય આવે છે.

- વૃતાંતધારિત સાહિત્યનું લઘુમાં લઘુ કદ ટુચકાનું હોય છે.
- ટુચકો લઘુકથાની વધુ નજીક આવે છે.
- ટુચકાની પરંપરા મોટેભાગે લોકસાહિત્યની જેમ અલિખિત રહી છે.
- પ્રસંગને અનુરૂપ દૃષ્ટાંત આપવા માટે ટુચકો કહેવામાં આવે છે.
- ટુચકો કહેનારની કથાનકલાથી વધતો કે ઓછો ચોટદાર બની શકે છે.
- ટુચકામાં રહસ્ય કરતાં વિચારવ્યંગ કે કશીક વક્રતા હોય છે.
- ટુચકામાં કટાક્ષ, વ્યંગ, વક્રોક્તિ, નર્મ, ધ્વનિથી ઘણું ઘણું સૂચવાઈ શકે છે ખરૂ, પણ  એક ટુચકામાં આ બધાં વાનાં હોતાં નથી. એક ટુચકામાં કાં તો કટાક્ષ હોય કાંતો સંકેત!
- ટુચકાને પણ એના પ્રયોજનથી સમજી શકાય. પ્રસંગને અનુરૂપ દૃષ્ટાંત આપવા માટે ટુચકો કહેવામાં આવે છે.
- ટુચકો બનાવોની વિશિષ્ટતાને લીધે કહેવા યોગ્ય બને છે. કેમ કે એ બનાવોમાં ચમત્કૃતિ હોય છે.
- ટુચકો દૃષ્ટાંત રૂપે હોય તો વધારે ટૂંકો જોઈએ જેથી મૂળ કથા પ્રવાહ અવરોધાય નહીં.
- હાસ્ટ માટે પ્રયોજાતા ટુચકામાં ટૂંકાણ અને પ્રવેગ બંને જરૂરી છે.
- ટૂંકાણ ટુચકાનો પ્રાણ છે.
- ટુચકામાં વૃતાંત હોય છે, બનાવ (એકાદ વૃતાંત, કે બનાવ)
- ટુચકો દૃષ્ટાંત રૂપે હોય તો વધારે ટૂંકો જોઈએ જેથી મૂળ કથા પ્રવાહ અવરોધાય નહીં.
- હાસ્ટ માટે પ્રયોજાતા ટુચકામાં ટૂંકાણ અને પ્રવેગ બંને જરૂરી છે.
- ટૂંકાણ ટુચકાનો પ્રાણ છે.

- ટુચકામાં વૃતાંત હોય છે, બનાવ (એકાદ વૃતાંત, કે બનાવ)

**ધોડિયા જ્ઞાતિમાં ટુચકાઃ-**

ધોડિયા જ્ઞાતિમાં ટુચકાનું એક અલગ આંતરવિશ્વ છે. લોકગીતો કરતાં સૌથી વધુ ખેડાતો પ્રકાર હોય તો તે ટુચકો. કારણ કે ટુચકામાં માત્ર વ્યંગ કટાક્ષ અને વિનોદ પ્રમોદ હોય અને મોટે ભાગે યુવા વર્ગોમાં વધુ એનો ઉપયોગ થાય છે. સાંજના સમયે યુવાનો કામમાંથી પરવારી ટોળ-ટપ્પા મારવા ભેગા થાય, ને ત્યાં થાક ઉતારવા હસી મજાક કરવા એક પછી એક પેટ પકડીનેહસાવેએવા ટુચકા રજૂ થાય.

ધોડિયા જ્ઞાતિનાં ટુચકાઓમાં વિશેષ કરીને અશ્લિલ તત્વ વધુ ભળે છે જે મહદ્અંશે યુવા વર્ગમાં જોવા મળે છે અને ખાસ કરીને ધોડિયા જ્ઞાતિ ઢોર-ઢાંખરવાળી હોવાથી ઢોર ચારવા માટે ગૌચરમાં ગોવાળિયા ભેગા મળીને ઢોરને ચારતા જાય ને એક પછી એક ટુચકાઓ કહેતા જાય. તેથી ઢોરને વાળતાં જે થાક લાગ્યો હોય એ થાક ટુચકાથી ઉતરી જાય અને આનંદ પ્રમોદ મળતો જાય.

બીજી બાજુ ધોડિયા જ્ઞાતિ ખેતી સાથે સંકળાયેલી છે. ખેતીનું કામ કરતાં કરતાં રોપણી હોય, કાપણી હોય કે પછી ભાત ઝોડવાનું હોય ત્યારે સૌ ભેગા મળીને કામ કરતા હોય, કામ કરતા થાક ન લાગે અને કામ ઝડપથી થાય એટલા માટે કોઈ એક વ્યક્તિ ટુચકાથી શરૂઆત કરે, ને પછી ધીમે ધીમે બીજી વ્યક્તિ ટુચકાઓ કહે અને એ રીતે કામ સહેલાઈથી પૂરું થઈ જાય તેની ખબર પણ ન પડે. અને આવા ટુચકાઓ સાંભળી કોઈ વ્યક્તિ ઘરે જઈ એની આસપાસના વ્યક્તિને વાત કરે જે થોડો આળસુ હોય, કામ-મજુરીયે જતો ન હોય પણ એને ટુચકો સાંભળવામાં રસ પડે ને મજા આવશે એમ કરી એ પણ બીજા દિવસથી કામ પર મજૂરીયે જવા તૈયાર થાય. આમ ટુચકો એ ટોળ ટપ્પા મારતા અનાયસે ઉદ્ભવેલો વધુ એક સાહિત્યનો પ્રકાર છે. જે ધોડિયા જ્ઞાતિ માટે આનંદ પ્રમોદનું સાધન બની રહે છે.

ધોડિયા જ્ઞાતિમાં પણ ટુચકાના સ્વરૂપનું અપાર વૈવિધ્ય જોવા મળે છે. જેમકે ‘બે ઘેલ છપ્પા’, ‘ડોહાડીયી ઓળાખીજ માટીડો’ વગેરે ટુચકાઓમાં હળવાશ અને તત્વજ્ઞાનથી ભરપૂર છે. ‘ડોહાયો કસૂટો’, ‘રાજા લેફડાયો નયાય’, ‘ઓળીયી કુકડી ઊની વરહાતાયી’ વગેરે ટુચકાઓમાં બુદ્ધિ ચાતુરીનાં દર્શન થાય છે. ‘ગાંડા પોહાં’ ટુચકો બેવકૂફીની પ્રતિતિ કરાવે છે. ‘ચાલા નાહા, કૂચુલો, ટુપ્પી હુડીયો’ વગેરે ટુચકાઓમાં ભરપૂર મનોરંજન જોવા મળે છે. ‘કાળી રાતના કાળા ઊડીદ’ માં ઢગોની દુનિયાનું પ્રતિબિંબ ઝિલાયેલું છે. ‘ભડભડચો દીવો ને ખડખડચાં ગોદડાં’ ટુચકો પ્રતીકાત્મક રીતે દષ્ટાંતના રૂપમાં માનવજીવનની આર્થિક સ્થિતિનું ઘોતક બની રહે છે. ‘માંદુડિયાં પોહા’ માં ચમત્કરિકતાનું આલેખન થયેલું જોવા મળે છે. ‘હઠો’, ‘ખાલપાયો દારૂ’, ‘કુનબી આભૂળ’, ‘ડોયફોડયાયી જીત’ વગેરે ટુચકાઓમાં માનવ સ્વભાવની વિલક્ષણતો પ્રગટે છે.

### ૧. બે ઘેલ છપ્પા

એક દિહ હહરો ઓટલે બહીને બીડી તાણ્યા કરે થતો. ને તાણી વોહ (પોહાયી ડોહાડી) આંગણામાં કૂવેથી પાણી ભર્યા કરે થતી. તહામાં વાટે ચાલતા બે જણા તીહ લાગની ને વાટી મેરે કૂવેથી પાણી ભરતાં ડોહાડયે દેયખી ઊલેં પેલા કુવાપાહેં આવીને ડોહાડયે પાર પાણી માંયગા. હોડાડી આખે પેલ્લાં તુમણી અટક કેણી? તીં આખા પાંઠી પાણી પાજે. તિયામાંથી એક જણે આયખાં માણી અટાક મુસાફર. પેલી આખે જગતમાં મુસાફર બે જાતના રય તે કેણા કેણા તીં આખે તે પાણી પાજેં. પેલા આવાડના નાંય ઊલેં તીયા પાણી પાયજાં નાંય. પાંઠી પેલ્યે દૂહરા પૂયછાં તુણી અટાક ક? પેલો આખે માણી અટાક જોરાવર આય. પેલી આખે જગતમાં જોરાવર બે આહે. તે કુણ-કુણ તીં આખે તે પાણી પાજે. પેલા બી ઈણીયો જવાબ ઓફાયનો નાંય ઊંલે તીયા બી પાણી નાંય પાયજાં. તહામા એક દુહરો વાટી ચાલતો માણુ આવીહીને પેલ્યે પાહેં પાણી માંયગા. ત્યા બી પૂયછાં કા તુણી અટાક કા? પેલો આખે માણી અટાક ઘેલછપ્પા. પેલી આખે ઈયે જગાતમાં ઘેલછપ્પા બે જાતના રય. ઊલે તું આણો

જવાબ આખે તે પાણી પાજેં તીયાબી જવાબ આવાડનો નાંય. હહરો ઓટલે બહીબહી ઈં કયારના એરયા કરે થતો પુણ વોહ ને પેલા માણહાઆરી વાત કા ઊવે થતી તીં આયકાયનાંય ઊલે, હહરા અહં ઊના કા નક્કી એ માણી વોહીયી મશ્કરી કરે, છેડતી, કરેતાય અહં કરી તેણે તીન્ની જણાયી ધરપકડ કરીને પોલીસાં હંફી દેધા.

પોલીસે તીન્ની જણા કોર્ટમાં રજૂ કધા. જજે તીન્ની જણા જેલમાં દવડી દેધા. થોડા દીહ પાંઠી કેસ ચાલનો. જજે પેલ્યે હહરાયી વોહે હાયદી. તીણી જુબાની લીધી. જજે પૂયછા કા એ તુણી છેડતી કરે થતા કા? પેલી આખે નાંય. જજ આખે તે તુણે હહરાં ઈંયાહી ધરપકડ કહેં કરવાયડી? કોહ... તીં કુણ જાણે માણા હહરા પૂછે પાર. હહરા પૂયછાં તે હમરો આખે એ તીન્ની જણા પાણી પીંઉને બાને માણા પોહાયે ડોહાડયે છેડતી કરે થતા. ઊલે જજ આખે તુંણી વોહ તે ના પાડે કા, એ માણી છેડતી નાય કરે થતા. ઊલે જજે પુયછા... કા! એ કા કરે થતા? પેલી વોહ આખે મેં પાણી ભરેં થતી તહામાં એ પાણી પીઉં આમના. મેં ઈંયાહી અટાક પૂયછી. તે ઈંયાહી તીણ જણામાંથી એકેં આયખાં માણી અટાક મુસાફર મેં આયખાં ઈંયા જગાતમાં મુસાફર બે આહે તાણો જવાબ દે તે પાણી પાંજે, પુણ ઈંયા આણો જવાબ નાંય આવાડનો ઊલેં મેં પાણી પાયજાં નાય. દુહરે આયખાં માણી અટાક જોરાવર આય. મેં આયખાં ઈંયા જગાતમાં જોરાવર બે આય, આણો જવાબ દે તે પાણી પાંજે, પુણ ઈંયા બી આણો જવાબ આવડતો નાંય. ઊલેં ઈંયાબી પાણી નાંય પાયજા. ત્રીજો આખે કા માણી અટાક ઘેલછપ્પા, મેં આયખાં ઈંયા જગાતમાં ઘેલછપ્પા બે આય, આણો જવાબ દે તે પાણી પાજે, પુણ ઈંયાલી જવાબ આવડતો નાંય ઊલે મેં પાણી નાંય પાયજાં.

જજે હહરાયે વોહે પૂયછાં કા આણો જવાબ કા આવે? પેલા મુસાફર બે એ કેણા કેણા? ને પેલા જોરાવર બે એ કેણા કેણા?

પેલી વોહ આખે ઈંયા જગાતમાં મોટામાં મોટા મુસાફર બેજ જે કોઈ દીહ કણી રોકાય નાય, ચાલ્યા જ કરે ચાલ્યા જ કરે. એબે મુસાફર ઊલેં ચાંદ, ને સૂર્ય. ને ઈંયા

*જગાતમાં મોટામાં મોટા જોરાવર બેજ, રોજ તે આપાં જોર દે, તાકાત દે. આંણે વગાર આપાં ચાલે નાંય ને તે આહે અન્ન ને પાણી. જજ આખે એ બે જવાબ તે હમજી હખાય પુણ પેલા બે ઘેલછપ્પા એ કેણા-કેણા? પેલી વોહ આખે એક માણો હહરો ને દુહરો તું.*

## ૨. ડોહાડીયી ઓળાખી જ માટીડો

*બે ધણિ-ધણિયાણી ને એક પોહો અતો. પોહો નાંડલો ને ઘરમાં ખામની આબદા. ઊલે પેલી ધણિયાણી આખે મેં કામપાર જાંય ને તું ઘર રહ. પેલો આખે હાજાં તે મેં ઘર રંઈ. પેલી પોહાં ધાવાડી જાય ને, થોડાં ધાછાણ કાઢીને વાટકામાં થવી જાય. ને ઘેણિયા આયખાં કાં મેં કામપારથી આવેં તાંહુધી ઈ ધાવાણ રંઉ દેંવના નાય, ને પોહા ભૂખાયલો રાખુનો નાંય ઈયા પીવાડી દેવના. પુણ નિધાંયલાં પોહા ઊઠાડુનો નાય. પેલી રોજ કામપાર જાય ને ધાવાણ કાઢી જાય. પેલો માટીડો રોજ પોહા પેલાં ધાવાણ પાજાડીને ઠાકાડી દે. એકદીહ પોહાં ઠાકનેલાં તાંથી જાગના જ નાંય ઊલેં પેલે વિચાયરાં કા ઈ ધાવાણ કા કરે? પોહાં તે ઊઠના નાય... ને પેલી આખી ગોયલીકા ધાવાણ રંઉ દેંવના નાય. ઊલેં પેલો તો પોતેજ ધાવાણ પી ગો. પેલી ડોહાડી કામપારથી આવીને એરે તે પોહો તે નિંધાયેલો જ... ને વાટકો એરે તે ખાલી. ઊરે ઘેણિયાણીએ ઘેણીયા પૂયછાં કાં ધાવાણ કા કધા? ઊલેં પેલેં આયખાં કા મેં પી ગો. પેલી ઘેણિયાણી આખે... અર.. ર..! ઈ તુંવે કા કધા. તું માણો ઘેણી મીટીને માણો પોહો ઊઈ ગોં, ઊલેં આજ પાઠીં આપડાં સંબંધ આઈ-દીખરાયા જહ રુંઈ! પેલો ઘેણિયાપણા કરે પુણ પેલી માને બાને નાય. ઊંલે પેલો પંચમાં ગો. પેલ્લે ઘેણિયાણિયે પંચ આગળ હાચી વાત કધી કા.. એણે માણા ધાવાણ પિધાં ઊલે ઓ માણો પોહો ઊઈ ગો. એણે માટીડાયો હક ગુમાયવો તહામાં પેલાયી લવાદ પુણ ડોહાડીજ અતી પુણ કુવારી અતી. ઊંલે તીયે તે પેલા જીતાડું હારું પોતાયી દંગડી કાઢી ને પોતેયાં (સ્તન) દેખાડીને પંચના પટેલા આયખાં કાં ઈયે ડોહાડીયે કાણી માણે પુણ હોજા... પુણ એર ઈયા પીળે તે ધાવાણ નીંગે તાયકા ? કહેંકા મેં કુવારી આંય. ને ઈણ્યા થાન (સ્તન) માંથી ધાવાણ નીંગે કહેકા ઈ પન્નાયલી આય. ઈણ્યો*

*ઓ ધેણિ ઊલેકા માટીડો આય જી ડોહાડી ધેણીયાથી પોહાવાળી ઊવે તે ધાવાણ નીંગે. ધેણિયા વગાર ડોહાડી ડોહાડી નાય! ડોહાડીયી ઓળાખી જ માટીડો.*

## ૩.ડોહાયો કસૂટો

*એક દીહ ડોહોને ડોહી વીઢાય પડ્ને...! ડોહી આખે મેં તુણે આરી નાય રંય.. ડોહો આખે તે તું જીહ કાં? ડોહી આખે મોં નાતરે જીંહ. તે ડોહો આખે મેં નવી લાવેં? તહામાં ડોહી વીડવાય ઊઠની, હે! આઝું તે મેં હોજીને તું નવી લાંવુનો? અહં કરતાં કરતાં બે બો વીઢાઈને પુણ ડોહેં આયખાં કા મેં નવી લાવેં ઊલેં ડોહીયે નાહી જામનાં માંડી વાયળાં પુણ બે જણે એક બેયાં આરી બોલાય નાંય. ડોહી કરેકા ડોહો બોલવે તે બોલેં ને ડોહો કરેકા ડોહી બોલવે તે બોલે! અહં કરતાં કરતાં કુલાય મયના વીતી ગુવા પુણ ડોહોને ડોહી બોલતેં ઊનેં નાંય. પાઠીં ડોહેં વિચાયરાંકા એકીજ ઝૂપડાં માં આરી રમના - ખામનાં - પીમના ને બોલાયુનાં નાય ઈ તે કહાંક ચાલે? ગમે તહાં ઊવે પુણ ડોહયે બોલતી તે કરવીજ પડે. ડોહેં એક જુગતિ હોધી કાયઢી ને હિયાળાયી હવારીમાં ડોહી જંગરા હળગાવીને તાપ્યા કરે, તાં ડોહો લાંબો કસૂટો બાંધીને જંગરા પાહેં બક્ઠો હેકાય અહો તાપું બઠો. પાછાળથી લાંબા કસૂટાયો છેડો. આગઠી હલગે થતી તીયા લાકડા પાહેં ધીરે ધીરે હલગે અહો થયવો. ડોહી એરીયા કરેકા આગઠી હળાગતી હળાગતી કસૂટા પાહેં જામની આહેં નેં ડોહો તે બક્ઠો હેકું હારું બઠેલો ઊલેં ઈયા તે દેખાય નાંય – તહં કરતાં આગઠી જોરમાં હલગું મંડની ને હલાગતી હલાગતી કસુટાં પાહે ગોઈને કસૂટો હલગું મંડનો... ડોહો તે જાણે નાય અહો બઠેલો... ડોહીયેથી નાય રવાયના... ને બોલી ઊઠની ડોહા... ડોહા...! કસૂટો હલગે ઓરા...! જારાખાણ દેખાય નાંય કા કાહ...! ડોહો આખી ઊઠનો...! માંણે કરતી માણો કસૂટો કુલોક જબરો માણ્યે ડોહીયે એકેંકહેં બોલતી કધી.*

## ૪.ઓળીયી કુકડી ઊની વરહાતાયી

ઓળયે દીહ ગોપાળ્યો ડોહો કુકડી લેને આમનો ને ડોહીયે આયખાં કા ડોહી આજતે આપડે ઓળી વાળું...! લેહ.. ઈ કુકડી લે આમનો હદકીહી બનાવી પાડ. ઊલેં ઓળી હલગાવે તાં પેલ્લેં જાય આવું ને પાઠીં આવીને ખાંવ. ડોહી તે રાજી રાજી ઊઈ ગોઈ ! કહેંકા ઘણેંહેં દીહે કુકડી ખામની જડુની. ઊલેં ડોહીયે તે બરાબર મસાલો તિયાર કરીને કુકડી રાંધી પાયડી ને લાળ ગીળું મંડની, કેરેક ખાઉં..! પૂણ ડોહેં આયખાં તીં, કા પ્હેલ્લાં ઓળીયે જાઈને આવીને ખામનાં.. ઊલેં ડોહીયેતે ડોહા તિયાર કરીહીને બે જણે ઓળી હલગવે તાં જાંવ હારું નિકાળનેં એધેથી કેહુરીયો ને છીબકો બે જણા લપાઈ રનેલા કા, ઈયેં ડોહેં કેરેક ઝુપડયેમાંથી બ્હાર નીહરે ને કુકડી લે નાહું? તહામાં લાગ જડનો ઊલેં બે જણા ઝૂપડીયો કુડ મોડીહીને ભરાઈ ગુવા ને રાંધેલી કુકડીયી તપેલીજ લે ને નાહી છૂટના. ને ઘર જાયને ડોહાડય ને પોહાં ભી કુકડી ખાવાઈડી. એધેથી પેલેં બે ડોહેં ઓળીમાંથી ઘર આવીને એરેહ તે કુકડી રાંધેલી તી તપેલીજ કુણ ને કુણ લે નાંઠેલા. ડોહી તે લાળ ગળતીજ રઈ ગોઈ ને ડોહી વીઢું મંડની... વાંદાર..! તું ને તું લેહગોને કુકડી નાંય ખાવાયની..! ડોહો આખે કાલ આણીં વાત પંચ ભેગી કરે નેં પાઠીં આણીં કુકડી અવળી કાંઢે. ગોપાળ્યો ડોહો તે હવારમાં પટેલા પાહેં ગોહને પાઠીં આખી વાત કધી. ગાંવામાં કેહુરીયો ને છીબકો ચોરી કરવામાં પંકાય ગોયલા ઊલેં પટેલેતે ઈયાં બે જણાં હાયદા, પૂણ કેહુરીયો બો પાક્કો, એણેં કા કધેલાં કા.. કાલ તે ઈ વાત પટેલા પાહેં જામનીજ આય, ને બઙ્ગા ફોડી લાખી, કહેંકા પોહેં તે હાચી વાત આખીજ દીહ ઊલેં એણેં કા કધાં કા... પેલ્લા ડોલીમાં પાણી લેને ઝુપડયે પાર ચઢનો ને થોડાં થોડાં પાણી રેયડાં પાઠીં પોહાં આખે આજતે વરહાત આમનો. પાઠીં પોહાં કુકડી ખાવાયડી. એધેથી છીપકો ડોહોતે જહો કુકડી લેહ ગો તહીજ ડોહીયે કુકડી લેધીને પોહાં આરીં ખામ મંડની. દુહરે દીહ પટેલે પેલ્લાં છીપકા પૂયછાં કા ગોપાળ્યાયી કુકડી કોણ લે નાઠેલાં? પેલ્લાં તે છીબકો નાય માન્નો. મેં તે ઈયે વાતમાં કેંય જાણેં નાય. મેં કાલ રાતીહતે ઘરીજ અતો, નાયમાનાતે માણ્યે ડોહાડયે પૂછી એરા. પટેલ તે છીબકાયે ઘર ગોહ ને ડોહીયે

*પુછુનાં ભાગનાં પોહાં પૂયછાં પોહા... પોહા... તુમી કુકકડી ખાધી કા? તે પોહેં આખી ઊઠનેં હોય.. પટેલ આખે કેરેક? પોહેં આખેહકા રાતીયો માણો બાહ રાંધેલીજ કુકડી લે ને આમનો તાર ખાધી. છીબકાયાં મૂંઈ પડી ગુંવા ને આખી ઊઠનો, મેં એખલોજ થોડો ચોર તે માણેં આરીં તે કેહુરીયો ડોહોબી અતો. પટેલ કેહુરીયા ડોહાયે ઘર ગોહ ને તાંબી પોહાંજ જાયને પૂયછાં કા પોહાં પોહાં તુમી કુકડી ખાધીકા? તે પોહેં આખી ઊઠનેં હાં ખાધી. પટેલ આખે કેરેક ખાધી? પોહેં આખે વરહાદ પડે થતો તાર. ઊલેં કેહુરીયો ડોહોતે છુટો ગોહ પૂણ છીબકો ડોહો માર ખાઈને કુકડી જહો ઊઈ ગોહ.*

## પ.રાજા લેફડાયો ન્યાય

*એક દીહ રાણીયે નવી હાડી ધોવીને હુંખાત લાયખી તહામાં એક ચીડાં હાડીયે ઉપ્પાર હધી ગુવાં. રાણીયે ચીડા ઉપાર ખાખણી બળની ને રાજા જાયને આયખાં કા તું આજને આજ બધાં ચીડાં હાદ્ ને ઈંયાયા પાંખી કાપી લાખ. રાજા રાણીયે આગાળ પાંગળો ઊલેં એણે તે જાયણા-મૂયકા વગાર બધેં ચીડે પાંખી કાપું હારું હાદ્‌વાયડેં, ઉલેં ચીડે ગાભરાઈ ગુવેં અવેં કા... ઉવી? તહામાં ચેંદુક લેફડો આવીને આખે કા ઈંયામાં નવાઈ કેંણી..! માં જો તુમી ચીડાયો રાજા માને થુવે તે મેં આંખે તહં કરા ને મેં તુમા બચવેં ચીડેં આખે હાજાં તું આજથી આમણો રાજા. લેફડો આખે તુમી બધેં જાવા ને પાંઠી આમણો રાજા આવે તાં હુધી વાટ એરું હારું રાજા આખ જા... રાજા પાહેં બધેં ચીડેં આવી ગુવેં. ને રાજા પૂછે આઝું કોઈ બાકી આહે કા? ચીડે આખે આમણો રાજા આઝું બાકી આહે... લેફડાથી બો ઉડાય નાંય ઊલેં નીચે નીચે ઉડેં ને થોડેંક બહે, ને પાછો ઊડે અહં કરતાં કરતાં લેફડો તે મડેથી આમનો. ઉલેં રાજા પૂછે તું કહે મડો આમનો? લેફડો આખે મેં સ્વર્ગમાં ગોયલો અતો તાં માટીડા કરતાં ડોહાડયા વધારે અત્યા. ઊલેં તાંણો ન્યાય પતાવતાં મડાં ઊઈ ગુવા. રાજા આખે તુંવે તાણો ન્યાય કહોક પતાયવો. લેફડો આખે જો માટીડો ડોહાડી આખે તહાંજ કરે તે માનુંના કા તો માટીડો નાંય પુણ ડોહાડીજ ગણાય. ઉલેં તાં ડોહાડયા વધારે. રાજા વિચાર કરેકા રાણીયાં*

આયખાં મેં કધા ઉલે મેંબી ડોહાડયેમાંજ ખપી ગોહ. ઊલેં રાજેં બધેં ચીરેં ઉડાડી મૂયકેં. દૂહરે દિહ પાછી રાણીયે જાણ ઊની કા રાજા મંડનો તે બધે ચીરેં ઊડાડી મૂયકેં ઉલેં રાણીતે ખાખણીમાં ને ખાખણીમાં રાજા પાહેં ગોઈ. ને આયખાં કા આજને આજ બધેં ચીરેં હાદીને ઈયાયાં પાંખી કાપી લાખવાડ. રાજા મંડનો તે પાછે બધેં ચીરેં હાદવાયડેં. ઊલેં બધે ચીરેં ઈયાહો રાજા લેફડા પાહેં ગુંવે ને લેફડેં આયખાં તહં બધેં ચીરેં રાજા પાહેં ગુવેં ને લેફડાયાયી વાટ એરું મંડને, લેફડો આજબી આગાળને કાણી મડો આમનો રાજા આખે તું મડો કહેં આમનો? લેફડો આખે મે સ્વર્ગમાં ગોયલો તાં હોજાને તે તાના માણહાયા મૂવાં કરતાં ગાંડી વધારે? તાણો ન્યાય પતાવતાં મડા ઉના. રાજા આખે ઈતે કહાંક કા મૂવા કરતાં ગાંડી વધારે. તે તુંવે ન્યાય કહોક પતાયવો ? લેફડો આખે કા તાના માણું હોજાને તે એક વખાત આખે પાંઠીં તરાત ફીરી જાય. પેલ્લીવાર આખે ઈ આણાં મુંઈ ગણાય, પુણ એક વખાત આખીને પાછો ફીરી જાય ઈ મુઈ નાય ગણાય ગાંડીજ ગણાય. રાજા વિચાર કરતો ઊઈગો મેં બી એક વખાત ઈંયા ઉડાડી મૂકીને ફીરી ગોહ ઉલેં માણાં મુંઈ મુંઈ નાય ગણાય... ને પાઠીં બધે ચીરેં ઊડાડી મૂયકેં.

## ૬.ગાંડા પોહાં

એક પોહાં રોજ હવારે ડબલાં લે ને વાડી મેરે હગું બહે થતાં. ડબલાં પાંહે થવે ને થોડીવાર ઊવેંને કાગડો આવીને ડબલા પાર બહી જાય ને પાઠીં ચાંચી થી ડબલામાંના પાણી ઢોળી લાખે. પોહાં હઘી તે, લે પૂણ ગાંડ ધોવુની રઈ જાય ઊલેં રડતાં રડતાં ઘર જાય. અહાં ને અહાં કુલાખાણ દિહ હુધી ઊનાં, પોહાં કંટાળી ગુવાં, એક દિહ પોહેં વિચાયરાં કા રાખ આજતે મેં કાગડાજ ઉલ્લુ બનાવેં! અહં કરી પોહાં તે ડબલાં લે ને હગું હારું વાડી મેરે જાયને બઠાં, ને પેલાં પાણી ઢોળી લાયખાં. થીડી વાર ઊની ને પેલો કાગડો આમનો ડબલાં પાંહે જાયને બઠો ને એરે તે પાણી ઢોળી લાખેલાં અતાં. પોહાં કાગડા ધૂણ એરીને બો અહનાં, અહતાં અહતાં ગાંડ ધોયા વગારીજ ઘર ગુંવા. પોહાં અહતાં દેખીને આઈયે ઊનાં કા રોજ

પોહાં રડતાં રડતાં આવેને આજ કહેં અહતાં આમનાં..! ઊલેં આઈયે પોહાં પુઈછાં કા કજે આજ અંહતો અંહતો આમનો? ઊલેં પોહાં આખે આયા આયા કાગડો આવીહીને રોજ માણાં ડબલા માના પાણી ઢોળી લાખે થતો. આજતે કાગડો આવે તીયાં પેલ્લાંજ મેં પાણી ઢોળી લાયખાં ને પાઠીં હઘુલાગ બઠો પુણ યાદ આમનાં કા પાણી તે મેં ઢોળી લાયખાં અવેં કા કરેં..! ઊલેં પાછો ઊઠીને ઘર અવું ગોહ પુણ જારાક ચીરકાઈ ગુંવા. પૂણ એંર..! કાગડો રોજ માણાં પાણી ઢોળી મૂકે થતો પૂણ આજ મેં કાગડા કહોક ઠયગો..! આઈ આખે મોંકાણ તુણી..! તુંવે કાગડા તે ઠયગા પૂણ તું ઠગાયનો તાણાં કા? હઘીનાંય તે ચીરકી પૂણ તુણી ગાંડતે ખડ્ડીને ખડ્ડી જ ને...!

**૭.ચાલા નાહા**

એક ગાંવામાં ચાર દોસ્તાર રય થતા. ઈયા ચારમાં એક બૅરો, દૂહરો આંધળો, તીજો પાંગળો ને ચોથો ભિખારી. ઈયા ચાર જણાયી બો ભારે દોસ્તી. રોજ હવારામાં હદીકા ગાંવાયે હિમાંડે ચારવાટી ભેગા ઉવે, ને પાંઠી હોહોનેં ધંધે જાંઉ હારું નીંગી પડે. હાંજીના રોજ પાછા ભેગા ઊવે તે એક દૂહરાં કુલાંક કમાયના તાણી વાત કરે. ને પાંઠી આવતી કાલ કુલાક વાગે ભેગા ઉવુંના તીં નક્કી કરે.

એક દીહ ચારી જણે નક્કી કધાં કા કાલ તે હુજડાં ઉવે તિયા પેલ્લાં આં હિમાડે આવી જામના. હિયાળાયો પોહ મયનો ચાલે થતો. માકણ આખે કા માણા કામ ને હિં આખે કા માણા કામ. ચારી જણા હિંયામાં આખી રાત ઠુઠવાયમરના, કોયા બી નીંદ આમની નાય ને ચારી જણેં વિચાયરાંકા ગાંવાયે હિંમાડે જાયને જંગરા હલગાવી તાપી-માપીને પાંઠી કામ-ધંધે નીંગુ.

આજ તે દિહ ઊગે તિયા પેલ્લાંજ ચારી જણા ઠુઠવાયતા-ઠુઠવાયતા આવીને ભેગા ઉના ને આજનો દિહ શુકનવાળો કા અપશુકનવાળો તી વાત કરુ મંડના. બૅરો આખે આજ તે ગાંવાયે હિમાડે આવે તિયા પેલાં જ કાગડો આડતો આયકાયનો ઊલે માણો દિહેતી કેંય

વળે નાંય. આંધળો આખે આજ તે હવારામાં મેં તે કાકાડકૂંભો દેયખો ઊલેં આજ તે માણો દિહ હાજો જામનો. પાંગળો આખે આજ તે વાતી જ જામદેની, મેંતે માણે મેળે વાટી વાટી પાગ ઘંહલેતે ઘંહલેતે આવેં થતો તાં વાટીમાંજ નળિયો ને હાપ ઝંમડી પાડે થતા. મેં તે ગાભરાય ગો ને એકેંહ બેંયા કુદીને બો નાઠો તાર આં આમનો. નળિયા કુદીને આમનો ઊલે આજ તે માણે દિહ કેંય હાંજો જામનો નાંય મેલે. ભિખારી આખે આજ તે મળાખે જ એક ભિખારી ભીખ માંગુ આમનો, હવારમાંજ ભિખારીયામાં મુંઈ એયરાં ઊલેં આજ તે માણો દિહ કેંય વળે મળે નાંય.

અહં ચારી જણા વાટીમાં ભેગા ઉવીને વાત કર્યા કરે થતા. તહામાં જારાક ધૂગાં આમના ને હળ-વળ, હળ-વળ જહં ઊના ઊલેં બધા વિચાર કરે કા કા ઊના વી? બધેં કાન માંયડાં, તહામાં બૅરો આખી ઊડનો એ હ્ ધાડપાડુ ધાડ પાડુ હારુ આવે અહં લાગે! માણહાયી બમારુણ જહી અયકાય ને આપડે ધૂણ જ આવે અહેં પગલે જહેં આપકાય જો...! આંધળો આખે હોયરા..! તે તે કુલાજણા આપણીધૂણ જ આવતા દેખાય જો. પાંગળ્યો આખે ચાલા આથી વેગ નાહાં ને તે આજ તે આપણા બડ્ડા ફૂટી જામના..! એ ચાલા... નાહા...! ભિખારી આખે... તુમી બધા નાંહી છૂટજા તે મે તે એકલો જ રય જીંહ તે માં તે એ બધા લુટી ખાજી...!

## ૮.કૂચુલો

એક દીહ હવારામાં ખાલપો લાંબો કસુટો બાંધી નયમાં કૂચુલા ધરુ હારું ગોયલો... કૂચુલા નય મેરી બહી રનેલા. ખાલપેં તે કૂચુલા દેયખા ઉલેં ધરું હારું નયમાં ઊતરી પડનો... પુણ ખાલપા દેખીને કૂચુલા દરામાં ભરાય ગુવા. ખાલપો કૂચુલા ધરું હારું દ્રામાં હાથ મૂકું મંડનો. પુણ દર જારાક અઢોં અતો ઊલેં... ખાલપેં તે આખો હાથ દરામાં ભરાવી સુધો ને પાછાળથી ઉંચે ઢગરે કરી દેધેં... તહામાં કા ઉનાં કા...? ખાલપાયો હાથ દરામાં જહો ગોહ તહો કૂચુલો ખાલપાયી આંગઠયેમાં લીપટી બઠેલો ઉલેં ખાલપાથી આથ નીકળે

*નાંય...? બો મથનો પુણ કુચુલો આંગઠી છોરે નાંય... ખાલપો આથ ખેંચી ખેંચી ભંગી ગોહ ને પાંઠી ધીરે ધીરે કુંહ્યા કરે... છોડની...! છોડની...! છોડની...! તહામાં રેવલો ડોહો નયમાં અંધોળું લાગ આવેહ એણે એયરાં તે ખાલપો ઊંચે ઢગરે કરીને કૂહયા કરે... છોડની...! છોડની...! ઉલે રેવલોજો મંડનો આય તે નયમાંથી એક લાંબા ગૂનણાં લેધાં ને ખાલપાયા ઢગરામાં જોરથી ચચડાયવાં જો આય કેને તે ખાલપો ગાભરાયલોહો એક્કેહેં કૂચુલા આરીંજ આથ ખેંચી કાયઢો.*

## ૯.લુવાડાં

*ભીનારનાં મગાન લુવાડાં – ધામાણ ફૂંકી ફૂંકીને ભંગી ગુંવા... ને ડોહાં ઊઈ ચાલનાં...! કામમાં પ્હોંચીનાંય વળે ઊલેં એકદીહ દહ-પંદાર વરહાયાં પોહાં ધામણ નહં ફૂંકુ લાગે તોય બસ આય.. અહં કરી ડાંગ ધૂણ નીંગી પડના, હોધતાં હોધતાં ડાંગમાં પોંચી ગુંવા. ડાંગમાં એક કકણાંયાં પોહાં ધામણ ફૂકુ હારું તીયાર ઊઈ ગુવા. મગાન લુવાડાં પેલા કકણાયાં પોહાં લેને ઘર આમનાં... આવીહીને તરાત કામે લાગાડી દેધાં... પેલાં પોહાં તે નવાઈ લાગની કા લુવાર લુખુંડ ટીપે તીયાર ઠાપ-ઠીપ, ઠાપ-ઠીપ કરે ઈ કહંક હાજાં આયકાય, હમજ્યાજ કરુંનાં મન ઉવે. ને ધામણ ફૂંકુની કુલીક મજા આવે...! લુવાડો એખલોજ વી તાર ધામણ કહોક કરીને ફૂંકે થઈ...? તહામાં હાંજ પડનીને લુવાડેં કામકાજ બંધ કધાં પેલાં પોહાં બો બધાં ખાવાયડાં ને એક ખોલ્યેમાં ઠાકાડી દેધાં. ને પોહાં અજાણાં આહે તે કેધેહ નીકળી જીહ અહં કરીને બ્હારથી આંકડી બંધ કરી દેધી. પોહાં રાતીયાં આકળયનાં બોહ હધ લાગની... હધુનાં હુનાં...! ઊલેં લુવાડા બમ પાડુ મંડનાં પુણ ઈયાં પોહાં લુવાડાયાં નાંવ નાય આવડે, અવેં કરવાં કા..! ઊલેં પોહેં વિચાયરાં કા તો ઠાપઠીપ કરહતાને ધામણ ફૂકતા હતા, તઠુકુજ અડહતા આયકત આયક આઠું ને બમ પાડું મંડના ‘ઓ ઠાપ-ઠીપીયા...! ઓ ધામણ ફૂંકીયા...!... ઓ ઠાપ-ઠીપીયા...! ઓ ધામણ*

*ફૂંકીયા... અહં બમ પાડતાં પાડતાં હઘાઈ ગુવાં ને બોલી ઊઠનાં કા હઘના...? તાંહી આવડનાંસ્ લુવાર... 'વો..!'*

## ૧૦.ટૂપ્પી હુડીયો

*ટૂપ્પીહુડીયો વેવા કરુનો ઉનો...! ને એક દીહ તે જાન લેને હહારવાડી પહોંચી ગો. હહારવાડીમાં આણી હાહુ વધાવું હારું થાળ્યેમાં કંકુ-ચોખા લેને વાટ એરેં થતી. ને ટુપ્પી હુડીયો તે જાન લેને હાહુયે પાંહેં આવી પુગનો. હાહુ ભી જવાંય આમનો ઉલે મલકાય ઉઠની ને થાળ્યેમાં કંકુ ચોખા લેને જવાંયા વધાવું હારું વેઘ વેઘ આગાળ આવીને ઉભી રઈ ગોઈ. ટૂપ્પી હુડીયો જારાક વચકેલીજ અતો, ઈયા ઉનાકા ચાલ આજ તે હહારવાડીમાં પુણ પન્નાયતાં પેલ્લાં જારાક વટ પાડીલેં. ઉલેં એણે તે હાહુએ આગાળ આણા ડોકાં નમાયવાં. ને હાહુ કંકુવાળ્યાં આંગઠયા કરીને ટૂપ્પી હુડીયા ચાંલ્લો કરુ આમની, ને જહો ચાંલ્લો કરું ગોઈ તહોજ ટૂપ્પી હુડીયો ઉંધો ફીરી ગો, ઉલેં હાહુયેથી ટૂપ્પી હુડીયાયી પૂછડી ધૂણ ચાંલ્લો ઉઈ ગો. તારથી ટૂપ્પી હુડીયો પૂછડીયેં ધૂણ લાલ ઉઈ ગો.*

## ૧૧.કાળી રાતના કાળા ઉડીદ

*એક ગાંવ ચાર ખૂણે ડુંગરાથી ઘેરાયેલાં અતા. ચમાહામાં ડુંગરાપારથી વરહાતાયાં પાણી ખળળ કરતાં નીચે આવે તાર જાણે ડુંગરો અંઘોળે થુઈ અહં લાગે. ને પાઠીં પાણી બધો કચરો લેને નીચે આવે ને નીચે ભેગો ઉવે, કચરો કુઈ જાય ને તાણે, આખે પડે બાંધાયને ભૂંઈ કાંપ વાળી બને. ગાંવ બો મોટાં, પુણ વસ્તી બો ઓછી, ખેતીલાયક જમીન ઘણી પુણ ખેતી વરહાતા ભરહેજ, ઊલે લોક નાગલી, મકાઈને ઊડીદાયી ખેતી કરે. ભૂંઈ કાંપવાળી ને ઢોળાવવાળી ઊલે કાળા ઉડીદ ભાઠાં જહં પીકે આઘે આઘેના લોકાં ઈં ગામ ઊડીદ પુરા પાડે ને દૂહરા ગાવામાંથી ઘર વપરાશની વસ્તુ લેવ હારું ખેડૂતા ઊડીદ વેચવો પડે. ઊડીદ હો ઊલો બધો પીકે કા લોકા વેચવો જ પડે. ઊલેં ગાવામાં ચાર-પાંચ વાણિયા ઊડીદાયી સિજાન પાર લેવ હારું આવી ચડે. બધા વચ્ચે હરીફાઈ ચાલે, પેલો કરે કા માણેતાં લોક ઊડીદ વેચે તે*

હાજાં, ને પેલો કરે કા માણે તાં લોક ઊડીદ વેચે તે હાજાં એક દૂયરાયી હરીફાઈમાં ભાવમાં ચડાચડી કરે. ને લોકાં મજા આવે.

વરહીયા ઊડીદ બો પીકે પુણ એક વરીહ જારાક ખરાબી જ આમના. એકધારો વરહાત આમનો ને ગાંવ આખાં ઘણા દીહ હુધી પાણ્યામાં બોળાયલાં ને બોળાયલાં રના ઊલે ઊડીદાયે મૂળે કુઈ ગુવે ને જોયે અહ ઊડીદ પીકના નાય. વેપારી વાણિયા તે ઊડીદાયી સિજાન આમની ઊલે આવી રના પુણ લોકા પાહે ઊડીદ ઊવે તાર વેચું આવેને! વેપારી વાણિયા બી દૂહરા વેપારીયા આરી અમૂક મણ ઊડીદનો હોદો કરીને તાણા પૈહા લેને આમનેલા ઊલેં બધાયી નજાર. લોકા પાહે, લોકા હાદી હાદીને પાંચ્છેર, દચ્છેર જે ઊવે તે પુણ બમણા ભાવ ઓફીને પુણ ઊડીદ વેચું હારું લલચાવે.

ગાંવામાં નાંડલામાં નાંડલો ખેડૂત તે ભગલો. ભગલો મેનાત તે બો કરે પુણ ઘરમાં ખાવાવાળેં વધારે ઊલેં, વરહામાં બે તીન વાર તે લોકાયા ખેતારમાંથી ચોરી કરવી પડે. પુણ ભગલો બી ઊલો ભારે માણું કા લોકને ખેતારમાંથી ચોરી લાવીને પોતાયા ખેતારના ઊડીદા આરી ઊડીદ ભેગી દે ને લોકાં આખે કા માણે તે બોહાજા ઉડીદ પીકના. ભગલો મેનાતવાળો બી ઊલોજ ઊલેં લોક જાણે કા મેનાતવાળો માણુ ઊલે ઊડીદ તે હાજા જ પીકવે. ભગલાયી દૂહરી ખુબી કા.કા. ગાવાંમાં વેપારી ભાવ ઓછો દેં અહં આખી હાજો ભાવ હારું મેં તે બ્હાર ઝાં, વધારે ભાવ દે તાં વેચી આવેં અહં કરી દહ મણ ઊડીદ બ્હાર વેચી આવે ને પાંચ મણ વેચી આમનો ને ઊલો ભાવ લેને આમનો અહં આખી લોકાં કળું નાંય દે કા.. ભગલો ઊલાબધા ઊડીદ પીકવે કહંક કરીને? ઓ તે ભગલો જ જાણે કા ઈયામાં માણા ઊડીદ કુલાક ને લોકાયા ખેતારમાંથી ચોરેલા કુલાક.

પુણ અણના વરી તે ભગલાયાંબી નબળાં જ કહેં કા લોકાયા ઊડીદ પીકના ઊવે તાર કેને ભગલાબી લોકાયે ખેતારમાંથી લાવાય. પુણ પેલી લે નાહુની ટેવ પડનેલી તે જાય થોડી, પુણ લોકને ખેતરેં તે ખાલી અવેં કરે કા. એણે વિચાર કધો કા પેલા વેપારયાંયે તાંજ ચોરી

કરું દે ને પાંઠી પાછો વેચી આવે. પુણ અણ તે વેપારી બી માખી જ મારે પુણ ગાંવામાં જૂનામાં જૂનો ને ઠરીઠામ વેપારી ઊલેં કાન્તિ વાણિયો. ભગલો તે બધા વેપારીયેંતાં દિહાયનો ફીરી આમનો ને કાણે તાં વધારે ઊડીદ. ને કાણેતાં ચોરી ઊવી હકે અહં આય. પુણ આખાર નજાર તે કાન્તિ વાણિયાયતાંજ બઠી. પુણ કાન્તિ વાણિયો તે ઓળખે ઊલે ચોરી કરતાં ધરાઈ ગો તે? ઈ બીકે એણે અંધારીયા આવે તાણી વાટ એયરી. ને ચૌદાહ ગોઈ ને અમાહ આમની. ભગલો તે કાળો કાંબળો પાંગરી, કાળી રાતનો કાન્તિ વાણિયાયે દુકાનમાં દિહાયનો એરી આમનેલો તેંશી ભરાયનો ને ઊચકાય ઊલા ઊડીદ ચોરી લામનો ને ઘરમાં જાયને પાંઠી ઠાકી ગો. દૂહરે દીહ એજ ઊડીદ લેને વેચુ હારું નીકાળનો, બધા વેપારી માંગામાંગ કરે. ઊંચામાં ઊચો ભાવ ઓફું તિયાર ઊવે, પુણ ભગલો કોયા વેપારીયાં દાદ નાંય ઓફે ને ઓતે હીધો, કાન્તિ વાણિયાયતાં જ ગો. કાન્તિ વાણિયો આખે. લાવરે લાવ.. ભાઈ! મારે તાં લાયવો તો હારું જ થીયું. મેં જોયો તને બધા વેપારીઓ તને સારો ભાવ આપવા તૈયાર થયા તોય તું એમને ન આપી મારે તાંજ વેચવા આયવો તો હું તને બધા કરતાં વધારે ભાવ આપીશ. ભગલો આખે 'કાળી રાતના કાળા ઊડીદ લેરે વાણિયા તારા ઊડીદ' – વાણિયો આખે મને ખબર જ હતી કે ભગલો કાળી રાત મજૂરી કરે ને ઊડીદ તો જાણે મારા માટે જ પકવે. એટલે મારે તો લેવા જ પડેને!

## ૧૨.ભડ્ભડ્યો દીવોને ખડ્ખડ્યાં ગોદડાં

એક ઘરમાં ડોહો ને ડોહી બે જણે રય થતેં. બે પોહીયા અત્યા પુણ પન્નાવી દેધેલ્યા. ઘણો વખત વીતી ગો ઊલેં ડોહીયે પોહ્યા બો યાદ આવે. વિચાર કરે કા પોહીયા કહયાક વી? હાજ્યા વી કા... કહંક...! અહો વિચાર આવતાં ડોહી આખે ડોહા...! ડોહા...! જાય તેહ જાય... પોહીયે તાં જાય આવેહ. પોહ્યા કા કરે થુઈ, કહ્યાક વી સુખી આય કા દુઃખી તીં એરી આવેહ ને જરાક મળી આવેહ.

ડોહો તે હિળાયો મયનો અતો ને પોહીયે તાં પાવણો ગોહ. પેલ્લાં મોટ્ચે પોહીયે તાં ગોહ. તાં ચાર પાંચ દીહ રનો. મોટી પોહીયે તાં ડોબે બોકડે નહેં નાય મેલે ને ઝૂપડી હો નાંડલી. ને ઘરમાં લાઈટ ને ફાનાસ નહી નાંય મેલે ઉલેં રાત પડે તીયા પેલ્લાં પાનહોર હલગાવીને હુઝડે હુઝડે ખાઈ લે ને પાંઠી ભાતાયા પૂળ્યાયી પથારી કરીને હદીકે બધે ઠાકી જાય. ડોહેંતે ઈ બધા એયરાંને પાંઠી થોડા દીહ રઈ્ને નાંડલી પોહીયેતાં ગો. નાંડલી પોહીયે તાં તે માણહેબી ઘણે ને ડોબેં બોકડેંબી ઘણે. આખોદિહ વાળ-ભૂવાર કરુના, વાહીદા લાખુના, છડુના, દળુના ને રોટ્લ્યા હેકુન્યા.. અહં કામ કરતાં કરતાં હાંજ પડી જાય. હાંજી બધેં ખાઈ લે ને વાહાણ પાણી કરતાં રાતીયા દહ વાગી જાય તાર ઠાકુના. ઈ બધાં એયરાં ઊલેં ડોહાથી પોહીયે પડનેલી આબદ્ા દેખી નાંય હખાઈની ઊલે તાં તે બેજ દિહ રઈને ઘર નાહી આમનો.

ઘર આમનો ઊલેં ડોહીયે તે ડોહા પૂછુના ચાલુ કધા કા. ચાલ...! ડોહા બોલ પોહીયા કહયાક? સુખી આયકા. દુ:ખી? ડોહો આખે પેલ્લાં મોટી પોહીયે તાં ગો તે મોટી પોહી તે બો સુખી, કેંય કામ કરુના નાંય ને કેંય નાંય. તીણ્યે ઘરમાં રમના કહંક? તે ડોહો આખે કા વાત કરેં તુવાં, ભડ્ભડ્યો દીવો ને ખડ્ખડ્યાં ગોદડાં ઊલે મેંતે મોટી પોહીયેતાં ચાર-પાંચ દીહ રનો. ને પાંઠી નાંડલી પોહીયે તાં ગો. તે નાંડલી પોહી કહીક..? ઈણી તે વાતી જ કા કરે..? તુણી મોટી પોહી તે સુખી પણ નાંડલી પોહી તે બો આબદા કરે. માણહેબી ઘણે. ડોબેં બોકડેબી ઘણે ઊલે તીણી તે વાળી-ભુવારી, વાહીદાં ને વાહણ પાણી કરતાં નાકે દમ આવી જાય... જારા નવરાય નાય ને રાતીયાં બી નવ દહ વાગી જાય તાર ઠાકુના. ઊલે ઈણા દુ:ખ એરીને માં નાંય રવાયના ઊલે મે તે તાં બેજ દિહ રનો ને ઘર નાહી આમનો.

ડોહી આખે નાંડલી પોહીયે આબદા પડે તીં તે હમજી હકાય પુણ મોટી યોહી બો સુખી તે કહંક કરીને? તે પેલાં ભડ્ભડ્યો દીવો ને ખડ્ખડ્યા ગોદડાં તીં કાં?

ડોહો આખે તીં કા આઝું, ઘરમાં લાઈટ-ફાનસ નહી નાંય મેલે ઊલેં પાનહોર હલગાવીને દીવો કરે, પાનહોર હલગે તાર ભડ્ભડ્ ઊવ્યા કરે, તો ભડ્ભડ્યો દીવો. ને પેલાં ખડ્ખડ્યાં ગોદડાં? તીંકા આઝું! ભાતાયા પુળ્યાયી પથારી કરે ને ખાઈને પાંઠી તાં ઠાકી જામના. એધે પડખે ફીરે તે ખડ્ખડ્ ઊવે ને તેધે ફીરે તોય ખડખડ ઊવે તીં ખડ્ખડ્યાં ગોદડાં.

## ૧૩.માંદુડિયાં પોહાં

એક દિહ હિયાળાયી હાંજતીહે રેવલાયાં પોહાં ઘરા પાહેં ખેતરામાં હોજ્જી જગા કરીને પાંઠી હધું હારું બઠાં. હઘતાં હઘતાં બૂડતા દિહા ધૂણ એરીયા કરે થતાં. તહામાં એક હઢો આગાળથી આવીહીને આંણે બે પાગા વચ્ચેથી નીંધી ગો. એકદમ હઢો આવનેલો એરીને પોહાં ગાભરાય ગુંવા ને એકદમ ઉભાં ઉઈ ગુવાં, પુંણ પાછાળ ફીરીને એરેતે હઢો દેખાય નાય. ઉલે પોહા ઉનાં કા મેં હધું બેઠેલો હતો તાર હઢો આવીને નક્કી માંણે પેટામાં હઢો ભરાય ગોહ, અહો વહેમ ઈયા તે ભરાય ગોહ ને પોહાં રડતાં રડતાં ઘર જાય, ને આઈ બાહા આખે માણા પેટામાં હઢો ભરાય ગોહ. આઈ બાહ આખે કહંક કરીને? પોહાં આખે મેં હધું બેઠેલો અતો હઢો ધમધીહ આવીને ગાંડીમાં રઈને ભરાઈ ગોહ આઈ બાહ હમજાવે કા અહં નાય ઉવે, હઢો તે તુંણે બે પાગા વચ્ચે રઈને પાછાળ નીંધી ગોહવી. પુંણ પોહો માને બાને નાય નેં પોહેં તે ખામનાં છોડી દેધાં ચિંતામાં નં ચિંતામાં એકદમ માંદૂડિયાં ઉઈ ગુવાં આય બાહભી પાઠીં તે ગાભરાય ગુંવે કા પોહાં દિહે દિહે માંદુડિયાં ઉતાં જાય અવેં કરવાં કા, એક દિહ તહામાં કીકલોડોહો આમનો ને પેલા માંદુડિયા પોહાયે આઈ બાહેં આયખાં કા આમણાં પોહાં અહં આખે કા માણે પેટામાં હઢો ભરાય ગોહને તારથી ખાઈ પીયે નાય. કીકલોડોહેં હત્તાર ગાંવીયા પાણી પીધેલાં, ને ભલભલા પાણી ભરાવે અહો. એણેં તે પોહા હાદી ને હાચી વાત જાયણી પાંઠી આખે પોહા તું ચિંતા રખે કરે એક દિહ મેં આવેં ને તુંણે પેટામાંથી મેં હઢો નાય કાઢેં તે માણે નાંવ કિકલો નાય. કીકલો ડોહો તે એગ્ધે ધૂણથી હઢો ધરી લામનો. ચીંથડાંમાં બાંધીને ગજવામાં થવી છાંયડો. પાંઠી પોહા હાદીને આયખાં ચાલ

પોહા તું કાં હઘુંલાગ બઠેલો અતો? ચાલ તાં ચાલ ને પાછો પોળા પાગ કરીને હઘુંલાગ બહ ને તું આગાળ એરીયા કર કા મેં હઢો કાઢેં કા નાય. એંણેતે અમથા અમથા મંત્રા બોલું માંડનો નેં આખે ચાલ હઢા બાર નીહાર? ચાલ હઢા બાર નીહાર? નેં પાંઠી અહાં બોલતાં બોલતાં ગજવામાંથી હઢો કાઢીને ચીથરામાંથી છોડી પોહાયે ઢગરા ધૂણથી આગાળ જાય અહો બે પાગા વચ્ચે છોડી દેધો નેં આખેહ એ હ અવેં હઢો નીહરે તાય પોહા તું એરેત રુઈ. નેં પાંઠી હઢો છોડી દેધો ને પોહાંયે બે પાગા વચ્ચેથી આગાળ નીહરી ગોહ દેયખાંને પોહાં? પોહાં આખે હોય હઢો નીંધી ગો હાય ! અવેં કેંય હાજાં જહાં ઉનાં.

## ૧૪.હઢો

હિયાળો બઠો, ખોબ હીં લાગુ મંડનાં. ડાળ્યેપાર બઠો બઠો હઢો ધ્રુજુ મંડનો ! ધ્રુજતાં ધ્રુજતાં બોલનો કા...! કાલતે હવારામાં દરજા પાહેં જાય ને દંગડા હાંધી લાવે! દુહરે દીહ તીડકાં બો લાગુ મંડનાં ઉલેં હઢેં દરજા પાહેં જામનાં માડીં વાયળાં. પાછી રાતીહયાં હીં લાગુ મંડનાં ઉલેં પાછો હઢો આખે કા કાલતે હવારામાં દરજા પાહેં જાંય ને દંગડાં હાંધીજ લાવેં. પાછાં દૂહરે દીહ તીડકા લાગુ મંડનાં ઉલેં હઢો વીહરાય ગોહ નેં હાંજ પડતાં ફીરી દરજા પાહેં જામની વાત કરે પુણ જાય માય કેંઈ નાય ને હિયાળો પુરો ઉઈ ગો. રોજ જાય..! નાંય જાય... કરતાં ઉંચો ઉઈને ડોકાં ઉંચા નીંચા કર્યા કરે તીયારથી હઢો ઉંચો નીચો ઉયા કરે.

## ૧૫.ખાલયા ભાઈનો દારૂ

આંગાળઘરેનો ખાલપો દારૂ ગાળે થતો. તાં છગદો ડોહો રોજ દારૂં પીંવ હારું આવે, પુણ ઊધારી જ માંગે. ઊલેં ખાલપો રોજ પૂછે કા... છગદા...! પૈહા લામનો આયકા... દારૂ માંગેહતે...! દીરાં દીંહ તુણો દારૂ પીને નાંય મરી જાંય ! ઊલે જારાખાણ ખાલપો દારૂ ઓફે. એકદીહ છગદો દારૂ પીંઉહારું આમનો... ને ખાલપા આખે, ખાલપા...! ઓ ખાલપા...! આગાળના માણા કુલાક બાકી આય...! આગાળના બાકી પૈહાબી આજ તે લે લેહ. ને થોડો આજ પાજીહ દે. ઊલે ખાલપે તેંકેશા આયખાં કા ઈયા દારૂ પાહેરઘાણ પાજી

દે. કેશેં તે છગદા પાહેર દારૂ પાયજો... ને છગદે તે પાછો માંયગો. કેશો આખે... ખાલપાભાઈ...! ખાલપાભાઈ...! છગદો પાછો પાહેરદારૂ માંગે ઓફેં કા? ખાલપા અહંકા આગાળના પૈહા દે લાખુનો ઊલે આખે કા ઓફ કેઈ વાંધો નાંય ! કેશે પાહેર દારૂ ઓયફો... ને છગદે તે પાછો પાહેર દારૂ માંયગો. કેશો આખે ખાલપાભાઈ..! ખાલપાભાઈ..! પાછો પાહેર માંગે ઓફેં કા..! ખાલપો આખે ઓફ કેંઈ વાંધો નાય! અહં કરી કરીહને પાંચ છ વાર દારૂ માંયગો ને ખાલપે દારૂ ઓફું આયખો. ને છગદો છાકાય ગોહ ને ઊઠીને લથાડતો લથાડતો ચાલુ મંડનો. ખાલપો આખે છગદા..! પૈહા.. દેમનો અતો તોરા છગદો આખે પૈહા કુણાં પાહેં આહે તે ! ખાલયો આખે કેંય નાય કાલ તુણી વાત, આવ ! દારૂ પીંવ હારું તે તુવાં દારૂ પાજેહ..! દૂહરેદીહ છગદો તે પાછો દારૂ પીંવ હારું આમનો. પુણ ખાલપો વિચાર કરે આજ તે આણો ઘાટ પાડે. ખાલપે તે એક લાકડાયી કપડાવાળી ખુરશી તાં થયવી ને અંદારથી એક દાંડી કાઢી થયવી. ને છગદા આયખાં..! છગદાભાઈ..! ઈયે ખુરશીમાં બહ. જહો છગદો ખુરશીમાં બઠો તહોજ ઊંચા ટાટીયા કરીહને નીચે ભદ દેને પડનો ને આખે મરીગોહરા ખાલપા..! કડ મુડી ગોઈ..! ખાલપો આખે આજ દારવાયા પૈહા વળી ગુવા.

## ૧૬.કુનબી આભૂળ

અનાસડીયે ઝાડા પાર ટૂપ્પીહુડીયાયો ગોઠો અતો. ગોઠામાં તીન હાંખવે અતેં. ધોડફાયેં પોહેં રોજ હવારામાં ઊઠીહીને ગોઠામાં એરું હારું જાય, કા હાંખવામાંથી બચા નીકાળના કા નાંય! એક દીહ એરે તે ગોઠામાં તીન બચાને ટૂપ્પીહુડીયીયી આઈ...! ધોડફાંયા પોંહા દેખીને ટૂપ્પીહુડીયાયી બચાઈ આઈ તે ગાભરાઈને ઉડી ગોઈ...! ને વિચારે કા માંણા બચાયાં કા ઊવી...! એ તે આજ ખાઈજ જામના...! પુણ ધોડફાયા પોહા ગોઠામાં બચા એરીને નાહી ગુવા... ઊલેં ટુપ્પીહુડીયાયે આ..ઈયે..તે હા..શ.. હુની... દુહરે દીહ હવારામાં ધોડફાયા પોહાં પાછા આમના બચા એરું હારું... કા બચા કુલાક મોટા ઉના? ને

*એરીહેન પાછા નાહી ગુવા... અહં કરતાં રોજ ઘોડફાયા પોહા ગોઠા પાહેં આવીહીને બચા એરીને પાછા નાહી જાય. તહં કરતાં કરતાં કુલાક દીહ નીંગી ગુવા. તહામાં કકણાંયેં પોહેં જાણીહ ગુવેકાં તાં અનાસડીયે ઝાડા પાર ટૂપ્પીહુડીયાયો ગોઠો આહે, ને તાં તીન બચા આય ઉલેં કકણાયેં પોહેં તે તે ગોઠા પાહેં આમને ને ગોઠા આરીજ બચા લેને નાહી છૂટનેં... તહામાં ટૂપ્પીહુડીયાયી આ..ઈ બચા હારું ચારો લેને આવી રની ને એરે તે કકણાયેં પોંહેં બચા લે નાઠેં... ઉલેં ટૂપ્પીહુડીયાયી આ...ઈ... આખે કા ઠીક ઘોડિલ...! કુનબી આભૂળ...! ઠીક ઘોડિલ...! કુનબી આભૂળ...! ટૂપ્પીહુડીયાયી આઈયે ઉનાં કાં ઘોડફા ઠીક અતા કહેંકા રોજ આવીને એરે થતાં પુણ બચા લે નાંય નાહે થતા પુણ કકણાંયે પોહેં તે હાવ આભાળીજ નીહારનેં બચા દેયખા નાય દેયખા ઊલેં તે લે નાઠેં તારથી ટુપ્પીહુડીયો અહં બોલતો ઉઈ ગો કા ઠીક ઘોડિલ...! કુનબી આભૂળ...! ઠીક ઘોડિલ...! કુનબી આભૂળ...!*

## ૧૭.ડોયફોડપાયી જીત (હાચી વાતની જીત)

*બે ધણિ-ધણિયાણી અતેં. બે વચ્ચે હાજીરીતે ગુજરાન ચાલે થતાં. પુણ ડોહાડી જારાક ચબરાક અતી ઊલે તી ઈણા માટીડા ગણે નાય. તહમાં ડોહાડીયે દુહરા માટીડા આરીં ગમાય પડનેલી. પોતેયાં ધેણિયા જાણ પંડની ઊલે તેણે તે ખાંધે કુરાડી લેને પેલા મારુહારું નીંગી પડનો. ને પેલાયે ડોયમાં કુરાડી આફળી ડોય ફોડી લાયખી. ઊલે પેલો ગમાય પડનેલી તો માટીડો મરી ગો. ઊલે પેલાયે પેલ્લી ડોહાડીયે કેસ થયવો. કેસ કોર્ટમાં ચાલી ગો. પેલેં ગુનો કબુલી લેધો કા મેંજ મારી લાખેલો કંહકા માણ્યે ડોહાડીયે ઓ લેનાઠેલો ઊલે. પુણ જજ આખે કા ગમે ત્તહં પુણ તુવેં ગુનો કધો ઊલે તુંવા ફાસીયી સજા ઓફવામાં આવી. ફાંસી ઓફુના નક્કી ઊઈ ગુવાં. પુણ પેલાયેં વકીલે પેલા ધેણિયા અહં આયખાં કા તુવાં ઝાર ફાસીયી સજા દે તે પાંઠી તુંવા છેલ્લી ઈચ્છા પુછે તાર તુણે અહં આખુના કા માણી દૂહરી કોઈ ઈચ્છા નાય મેલે કહેંકા મેં માણા બધ્ધાં હગાં પોતીકા મીળી આમનો. પુણ તું ઈચ્છાજ પુરી*

કરું દેઉ માંગેજથુવે તે દે. માણી છેલ્લી ઈચ્છા જસસાહેબ તુણે ડોહાડીયે મીળુની આય અહં હમજીને જજ ઊલો બધો ચીડવાય ગોહકા ઈયા... ઈમી ને ઈમી ફાસીયે ચઢાવી દેવા. ઓ માં કા હમજે, માણે ડોહાડીયે મીળું માંગ ઉલે! તાર પેલો વકીલ આખે જજસાહેબ એણે તે ખાલી તુણે ડોહાડીયે મીળુનીજ વાત કધી તાંજો તુવાં ઊલો ગુસ્સો તે ખુન્નાસ આવે થુવે તે આણે ડોહાડીયે તે પેલો લે નાઠેલો તે ઈયા ખુન્નાસ ચઢેકા નાંય ચઢે? ઈયાં ખુન્નાસ ચડના ઊલે કા પેલાયી છતી ડોહાડી અતી તોય એણે આણી ડોહાડીયે ચારી લફડાં કધા ને પાંઠી લે નાઠો તે એણે આણી ડોય ફોડી લાખયી ને પેલો મરી ગો તાં આણી કા ભૂલ? અહં હમજીને જજ પુણ વિચાર કરતો ઊઈ ગો ને પેલા નિર્દોષ છોડી મુયકો.

**કહેવતો:-**

*કહેવત એટલે લોકોની લોકો માટેની લોકો વડે એકમુખથી અનેક મુખ સુધી પહોંચાડીને કહેવાઈને રૂઢ થઈ ગયેલી અનુભવવાણી. લોકોએ લોકજીવનને જે રીતે જોયું હોય, માણ્યું હોય, જાણ્યું હોય, અનુભવ્યું હોય અને જીવનને જોતા, જાણતા, માણતાં અનુભવતાં જીવનનું તત્વજ્ઞાન લાધ્યું હોય એવા લોકોના જાત અનુભવના નિચોડરૂપ અનુભવવાણીને લાઘવપૂર્ણ-અસરકારક અને ચોટદાર રીતે કહેવાઈ કોઈ વસ્તુ, સ્થળ, જાતિ કે વૃતિને સમજાવવા માટે રૂઢ બની ગયેલી વાણી દાખલાને દલીલરૂપે કહેવાતી હોય એને આપણે કહેવત તરીકે ઓળખીએ છીએ.*

*'કવિશ્રી નર્મદે કહેવતની વ્યાખ્યા બાંધતાં લખ્યું છે કે - પરંપરાથી લોકોમાં કહેવાતું આવેલું બોધરૂપ દષ્ટાંતરૂપ વાક્યકથન તે કહેવત'[૧] (૧- લોકામૃત - શ્રી પુષ્કર ચંદરવાકર - પ્રથમ આવૃતિ - પૃ-૩૧ - ૧૯૬૭ પ્રકાશક સસ્તુ સાહિત્ય મુદ્રણાલય)*

*દા. 'ભેંસ આગળ ભાગવત નકામ' - અજ્ઞાન વ્યક્તિની આગળ બુદ્ધિનું પ્રદર્શન કરવું એ નકામું છે. અહી ભેંસ અજ્ઞાનતાનું પ્રતીક બનીને આવે છે. ને ભાગવત્ એ જ્ઞાનનું પ્રતીક બનીને આવે છે. બુદ્ધિજીવી વર્ગના જ્ઞાનને અલ્પશિક્ષિત કે અલ્પબુદ્ધિવાળા વ્યક્તિ સહેલાઈથી સમજી શકવા અસમર્થ હોય છે. ત્યારે બુદ્ધિજીવી વર્ગના તમામ પ્રયત્નો નિષ્ફળ નીવડે છે. પરીણામે પોતાની નિરાશાને લોકોક્તિ કહેવતરૂપે રજૂ કરવામાં આવે છે કે - 'ભેંસ આગળ ભાગવત નકામ.'*

*કહેવતો એ લોકજીવનનો આયનો છે. વ્યવહાર જીવનનું પ્રતિબિંબ એમાં ઝિલાયેલું હોય છે. સંસારજીવનના માનવ-માનવ સંબંધો જેવાકે બાપ-બેટા, મા-દિકરી, સાસુ-વહુ, ભાઈ-ભાઈ વગેરે તો માનવેત્તર સંબંધો જેવાા કે પશુ-પક્ષી સાથે માનવસંબંધો, તેમજ માનવ સહજ વૃત્તિ, માનવજીવનનું જીવનચિંતન એ બધું જ સહજ અને સરળ રીતે જળવાયેલું હોય છે. દા.ત. 'બાપ તેવા બેટા ને મા તેવી દિકરી', 'કૂવામાં હોય તો હવાડામાં આવે', 'મા-*

બાપનો વારસો આપોઆપ બાળકોમાં ઊતરે છે', 'મોરનાં ઈંડા ચિતરવા ન પડે' જેવુ એનુ વ્યક્તિત્વ એવી એની છાપ આવનાર પેઢીમાં આપોઆપ ઉતરતી હોય છે. 'દોરડી બળે પણ વળ ન છોડે' - વ્યક્તિ જન્મથી મૃત્યુ પર્યંત એની વૃતિ કે સ્વભાવ બદલી શકતી નથી. 'બાવાના બેય બગડવા' - માં માણસ આવી પડેલ આપત્તિને સહન કરી શકતો નથી. આધિ વ્યાધિ ને ઊપાધીથી ત્રસ્ત થઈને કે પછી લોકઆકર્ષણથી કે લોકોથી પ્રેરાઈને જોયા-જાણ્યા કે સમજ્યા વિના સંસારમાંથી ઊફરા બની બાવો કે સન્યાસી બની જાય છે પણ સાચા અર્થમાં સંસારનું સુખા ને મમતાને છોડી શકતો નથી. ત્યારે એવી વ્યક્તિ સંસારનું સુખ પણ ગુમાવે છે અને પરમચૈતન્યની અનુભૂતિ પણ પામી શકતી નથી.

માણસે આજે જે કંઈ પ્રગતિ કરી છે એ એના અનુભવોની દેન છે. બાળક જેટલું મા-બાપ પાસેથી નથી શીખતો એટલું એના મિત્રવર્તુળ પાસેથી શીખે છે અને જે મિત્રવર્તુળ પાસેથી નથી શીખતો એ જીવાતા જીવનના જાત અનુભવોમાંથી શીખે છે. જગતના જીવનવ્યવહારના જેમ જેમ ઠોકર વાગતી જાય તેમ તેમ કડવા અનુભવોથી માણસ જીવનની ફિલસૂફીને જીવનના તત્વજ્ઞાનને સમજતો જાય છે અને એમાંથી માર્ગ મેળવીને આગળ ધપતો જાય છે. કૂવામાંનો દેડકો જેમ કૂવામાંથી બહાર આવ્યા વિના બહારની દુનિયાને ઓળખી શકતો નથી તેમ વ્યક્તિ વ્યવહાર જીવનની રીત-રસમોને જાણવા ઘરની બહારના જગતમાં ડોક્યું કરતો નથી. પરિણામે કૂવામાંના દેડકાની જેમ માનસિક રીતે સંકુચિત બની જાય છે. જીવનમાં પ્રગતિ કરવી હોય તો જગતના અનુભવોમાંથી પસાર થવું પડે. કહેવતો લોકજીવનના અનુભવોનો આસ્વાદ કરાવે છે. - શ્રી ઝવેરચંદ મેઘાણીના મતે - 'એકકેક કહેવત એટલે અનુભવોનું પુંજમાંથી નિચોવેલ એકકેક અંક બિંદુ' (લોકસાહિત્યનું સમાલોચન - સ્વ. શ્રી ઝવેરચંદ કા. મેઘાણી - પૃ. ૧૯૯ પ્રકાશક મુંબય યુનિ. પ્રથમ આવૃત્તિ - ૧૯૬૮)

જગતના અનુભવનું ભાથું એજ માનવજીવનનું ચાલકને પ્રેરકબળ બની રહે છે. આ અનુભવનું તત્વજ્ઞાન, જીવનચિંતન જાણ્યે અજાણ્યે રૂઢ થઈ ગયેલી લોકોક્તિઓમાં જળવાયેલું જોવા મળે છે. જે એક નવી તાજગી નવી ચમત્કૃતિ ને નવી હવા લઈને આવે છે અને ધારી અસર ઉપજાવે છે. દુનિયાના કોઈપણ છેડે આ લોકોક્તિ કહેવત પોતાનું પ્રભુત્વ જાળવી રાખે છે. આજની શિષ્ટ ચિંતનકણિકાનું મૂળ અને કૂળ આ લોકોક્તિઓ - કહેવતોમાં જોવા મળે છે. - 'કહેવતો એ સ્વભાવ, માણસાઈ અને દુનિયાના ડહાપણનો સિક્કો છે. અને જે સિક્કો પ્રજા એકમતે જમાના સુધી સ્વીકારે છે' - (ગુજરાતી કહેવત સંગ્રહ - પૃ-૪, સ્વ. શ્રી આશારામ દલચંદ શાહ - ચોથી આવૃત્તિ સંવત-૨૦૨૩)

જેમ શિષ્ટ સમાજ જીવનમાં કોઈ વસ્તુને અસરકારક રીતે સમજાવવા દાખલા - દલિલરૂપે ચિંતનકણિકાઓ કે શેર-શાયરીઓનો આધાર લેવો પડે છે તેમ સદીઓ પહેલા નિમ્ન સામાન્ય ને અલ્પશિક્ષિત જનસમૂહે જીવનના વ્યવહારના આદાન પ્રદાનમાં કોઈ વાત કે વસ્તુને સહેલાઈથી ગળે ઊતારવા આ અનુભવજન્ય કહેવતતોનો આધાર લેવાતો હતો અને ધારી અસર પાડી શકતા હતા. ભારેખમ વિષયને પણ લોક કહેવતો દ્વારા સરળ બનાવી સહેલાઈથી સમજાવી શકાય છે. 'કહેવતમાં જ્ઞાન કરતાં ડહાપણ અને કટાક્ષની માત્રા વિશેષ જોવા મળે છે. કહેવત સમજાવવી પડતી નથી. તેની રમૂજમાં હળવી ટકોરને સરળતાથી લોકો સમજી જતા હોય છે.' - (કહેવત ઉપનિષદ્ - આસ્વાદ - પૃ-૮ સંકલન - શામજીભાઈ વી. ચૌધરી વિકાસ પ્રિન્ટીંગ પ્રેસ મહેસાણા)

કહેવત 'વ્યવહાર જીવનનું શાસ્ત્ર' મહાજીવન સાગરની ફિલસૂફીનું એક બુંદ, ને મનુષ્યવૃતિ - પ્રવૃતિનો અંશ કે 'અનુભવજ્ઞાન અને ડહાપણની અસરકારક અભિવ્યક્તિ' અને 'ભાષા અને બોલીનું આભૂષણ' છે.

*પ્રસાદ બ્રહ્મભટ્ટના મતે 'બધી કહેવતોમાં સનાતન સત્ય કે વૈજ્ઞાનિક તથ્ય હોતું નથી. કેટલીક કહેવતો વ્યવહાર ડહાપણ પર આધારિત હોય છે.' (રૂઢિપ્રયોગો - કહેવતો અને છંદ અલંકાર - પૃ-૨૭ પ્રસાદ બ્રહ્મભટ્ટ પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ)*

*પરંપરાથી રૂઢ થઈ ગયેલી કહેવતો સમાજજીવનના જ્ઞાનના ખજાનાને સરળતાથી ખોલે છે. અને જ્ઞાનના અમીરસનું પાન કરાવે છે. ને સાથે વાસ્તવસ્થિતિનું ભાન કરાવે છે. પ્રસાદ બ્રહ્મભટ્ટના મતે કહેવતો અને રૂઢિપ્રયોગ વચ્ચે ભેળસેળ થઈ જવાની પુરી શક્યતા છે. તેથી એ બે વચ્ચે ભિન્નતા સમજાવતાં કહે છે કે - 'કહેવત સામાન્ય રીતે સ્વતંત્ર વાક્યરૂપે આવે છે. રૂઢિપ્રયોગ વાક્યમાં શબ્દસમૂહરૂપે વણાઈને આવે છે. લાક્ષણિક અર્થમાં વપરાવું એ રૂઢિપ્રયોગનું લક્ષણ છે. પરંતુ અનુભવના નિચોડરૂપ હોવું અને દૃષ્ટાંત રૂપે કશાકના સમર્થનરૂપે વપરાવું એ કહેવતનું લક્ષણ છે.' (રૂઢિપ્રયોગ - કહેવતો અને છંદ - અલંકાર પૃ-૨૯ પ્રસાદ બ્રહ્મભટ્ટ - પાર્શ્વ પબ્લિકેશન અમદાવાદ)*

## <u>ધોડિયા જ્ઞાતિની કહેવતો</u>

*ધોડિયા જ્ઞાતિના પ્રકિર્ણ લોકવાઙ્મયમાં કહેવતોનું પણ અલાયદું એક આંતરવિશ્વ છે. ધોડિયા જ્ઞાતિ વિશેષ કરીને ખેતી અને પશુપાલન સાથે સંકળાયેલી હોવાથી ખેતી વિષયક અને પશુ વિષયક કહેવતો પરંપરાગત રીતે ઊતરી આવેલી જોવા મળે છે. અને તેનો છૂટા હાથે ઊપયોગ પણ કરે છે. જીવનના સામાન્ય જ્ઞાનને સમજાવવા કે લોકજીવનના વાણી-વર્તનને રજૂ કરવા કે ક્યારેક વ્યંગ ટિખ્ખળ કે મજાક કરવા તો જીવનની ફિલસૂફીને સમજાવવા પોતાની આગવી શૈલીમાં કહેવતોનો ઊપયોગ થયો છે. દા.ત. 'ઢાંઢો ડોબો વાડ મોડે' માં વ્યંગ-કટાક્ષ જોવા મળે છે. કહેવત પશુવિષયક છે. પરંતુ એનો ધ્વનિ માનવને સ્પર્શ કરાવે છે. ઢોર દુર્બળ હોય પણ નખરા કેવા કે વાડ ભાંગવા પ્રયત્ન કરે છે. અહી 'ઢાંઢો ડોબો' વ્યક્તિનું પ્રતીક બનીને આવે છે તો 'બાખડે આખલા ને ઝાડાયી ખહ જાય' એમાં બળવાન વ્યક્તિની લડાઈમાં નિર્બળને નુકશાન વેઠવું પડે છે. 'અક્કલ ઉવે તે બંબલા ખાય*

નેતે પાંઠી ડોકામાંથી જાય' માં બુદ્ધિ વગરની વ્યક્તિ તરફ આંગળી ચીધી બતાવી છે. બુદ્ધિનો સદ્‌ઉપયોગ કરવાથી જ કંઈક પામી શકાય નહિતર બધું ગુમાવવાનો વારો આવે. 'ગળ્યાં ગોધાં ગળતેજ હીધાં' માં આળશું માણસને એવી જ સજા થાય કે લોકોની હાજરીમાં અશોભતું કામ એણે કરવું પડે.

કેટલીક કહેવતો તો માત્ર ધોડિયા જ્ઞાતિનેજ કેન્દ્રમાં રાખી જીવન વ્યવહારનું ચિત્ર ઉપસાવે છે. - 'પીધેલ ધોડફોને તિહાયલો પાડો ઈયા કોઈદીહ વિડવું ના નાંય' - અહીં ધોડિયા જ્ઞાતિનો વ્યક્તિ જો દારૂ પીધેલી હાલતમાં હોય તો પાડા જેવી સ્થિતિ થતાં કદી વાર લાગતી નથી. જો ભૂલે ચૂકે પાડાને તરસ લાગી હોય ને પાણી દેખાય તો સામે આવનાર ગમે તે વસ્તુ કે વ્યક્તિને કચડી નાખીને પણ એ પાણીમાં જવા વગર રહેતો નથી. તેમ ધોડિયા જ્ઞાતિની  વ્યક્તિ જો પીધેલ હાલતમાં હોય અને એને છંછેડવામાં આવે તો પછી ન સાંભળી શકાય એવી ગાળો સાંભળવા તૈયાર રહેવું પડે. - 'ધોડફેં કસૂટો ખેંચચો પાંઠી ઢીલો નાય કરે' - ધોડિયા વ્યક્તિને ખોટું જલદી લાગી જાય કે એકવાર ખોટું લાગવાથી રિસાઈ જાય તો બલો બાપ આવે પણ એ નમતું ન મૂકે. ધોડિયા જ્ઞાતિનું નાક મોટું હોય છે. એને ઈજ્જત વ્હાલી હોય છે. પોતાનું નાક બચાવવા એકવાર જો પ્હેલ કરી પછી એ પડતું ક્યારેય નહીં મૂકે. તો બીજી રીતે જોઈએ તો ધોડિયા જ્ઞાતિની વ્યક્તિ એકવાર કોઈકામ હાથમાં લીધા પછી એ ક્યારેય પડતું મૂકે નહીં. - 'પૂંછડે બાંડો ને હીગડે ખાંડો' - ઈજ્જત વગરની વ્યક્તિને ક્યાં પકડવી. ન તો પૂછડીએ ઝાલી શકાય કે ન તો શિંગડે ઝાલી શકાય.

અંધશ્રદ્ધા તરફ આંગળી ચીધી બતાવે એવી કહેવતો ધોડિયાજ્ઞાતિમાં જોવા મળે છે. 'માંખે જોયે ચાંદા ને રાંડે જોયે બાના' - માખી અને ડાકણ બંનેને માત્ર બાનું જોઈએ - 'ભગાત ધૂણે પુણ નજાર તે નારિયાળ પાહેં જ' ઢોંગી ધૂતારો ભગત ભલે ધૂણતો હોય પણ એની નજર તો પૂજાપામાં મૂકેલા શ્રીફળ તરફ જ હોય - 'બઠેલા દિહ નાંય વળે' એક કહેવત પુરુષાર્થની પ્રતિતિ કરાવે છે. બેસી રહેવાથી કશું પ્રાપ્ત થતું નથી. પુરુષાર્થ ને પ્રયત્નો કરવા

જ પડે. તો બીજી બાજુ ભારે પુરુષાર્થ ને મહેનત કરનારને કશું જ ન મળે ત્યારે મહેનતને ભગવાનના ને નસીબના ભરોસે છોડી દે છે. દા.ત. 'નસીબમાં કૂતરાં મૂતી ગુવાં'

સંસાર જીવનના વ્યવહાર જીવનના અનુભવનો એક ઉત્તમ નમૂનો ધોડિયા જ્ઞાતિની કહેવતમાં જોવા મળે છે. 'પન્નાયનોનાય પુણ જાનમા તે ગોયલોહ વીને' - કોઈપણ કામ ભલે જાતે કદી કર્યું ન હોય પણ, કામ કરનાર વ્યક્તિનું કામ જોયું હોય તો પણ એ કામ અંગેનો અંદાજ આવી શકે.

વ્યંગ કટાક્ષનું ઉત્તમ ઉદાહરણ પણ ધોડિયાજ્ઞાતિની કહેવતોમાં જોવા મળે છે. - 'બાડો બેટીચોદ, આંદળો માદારચોદ ને પાંગળો પાંસેરી લેને દફડી ઊઠે' - આ બાડો - આંધળો ને લંગડો એ ત્રણે વ્યક્તિની શારિરિક સ્થિતિ જેવી છે તેના કરતાં એની વૃત્તિ કેવી જુદી પડે છે. તેનું વ્યંગ્યાત્મક નિરૂપણ અહીં થયેલું જોવા મળે છે. - 'બાયલો માટી રાંડ પાહે જ હુરો' - જેવી કહેવતમાં નામર્દ વ્યક્તિ તરફ આંગળી ચીધી બતાવી એ વ્યક્તિની એના અસ્તિત્વનો અહેસાસ કરાવે છે. નામર્દ વ્યક્તિનું બીજે ક્યાંય ન ઊપજે ત્યારે એ પોતાની પત્ની પરજ રોફ જમાવે છે.

ધોડિયા જ્ઞાતિની દુર્દશાની પણ પ્રતિતિ કરાવતી કેટલીક કહેવતો જોવા મળે છે - 'ઘરમાં તે હાંઢલે ઠોકાય ને બ્હાર મોટો ભભાડો', 'નબળી નાડી ને હ કંધા', 'નાંડલીહી ઓહ્ળીને ભવાડો મોટો'.

'મોરના ઈંડા ચીતરવાં ન પડે' જેવી કહેવતનો અર્થ પ્રગટ કરતી કહેવતો પણ ધોડિયા જ્ઞાતિમાં જોવા મળે છે. - દા.ત. 'બાહ તહેં પોહેં ને કુભાંડે તહેં ઘાડવે', - 'બીયા તહ વેલા ને વેલા તહેં વાળકેં' - જેવી વ્યક્તિ હોય એવા સંસ્કાર એની પેઢીમાં આપો આપ ઊતરવાના જ.

ક્યાંક રમૂજવાળી કહેવતો પણ ધોડિયા જ્ઞાતિમાં જોવા મળે છે. 'કુનેલા વાંહડાયો ટેકો', 'અગાહી પાર હીધવો', 'આહરે આહરે હહારવાડી નાંય જાવાય', 'ગાલ્લા કરતાં

હિવાળ પેલ્લી' જેવી કહેવતોમાં વ્યવહાર જીવનના બનાવોમાં વ્યક્તિ એકબીજાને કેવી અને કેટલી મદદ એક બીજાને થઈ શકે એનું માર્મિક ચિત્રણ થયેલું જોવા મળે છે. 'કુનેલા વાંહડાયો ટેકો' એટલે સાચા અર્થમાં મદદ નહીં પણ લોકોને બતાવવા ખાતર બહારથી આપેલો ટેકો જે ક્યારે ખેંચી લેવાય તે નક્કી નહીં. તો કોઈ વ્યક્તિ વધારે પડતી ફેંક ફેંક કરતી હોય તે વાતમાં કંઈ તથ્ય ન હોય. દા.ત. 'અગાહી પાર હીધવો' તો કોઈપણ કામ ચોક્કસ ધ્યેય સાથે ન કરનારને રમૂજમાં કહેવામાં આવે છે કે કોઈપણ કાર્યનું કોઈ ચોક્કસ ધ્યેય હોવું જોઈએ. ગમે તેના ઘરમાં ઘૂસી જવાય નહીં એની ટકોર અહીં માર્મિક રીતે કહેવતમાં થયેલી જોવા મળે છે. તો કેટલીક વ્યક્તિને એવી ટેવ હોય કે કોઈ મોટી ચીજ વસ્તુ ખરીદવાનો વિચાર કરે કે તરત એના સ્પેરપાર્ટ લાવીને પહેલા મુકી રાખવામાં આવે અને કદાચ એ વસ્તુ લાવવાનો વારોય ન આવે ત્યારે એ વ્યક્તિ હાસ્યાસ્પદ બને દા.ત. 'ગાલ્લા કરતાં હિવાળ પેલ્લી'.

ધોડિયા જ્ઞાતિ ખેતી સાથે સંકળાયેલી હોવાથી ખેતી વિષયક ઘણી કહેવતો જોવા મળે છે.

દા.ત. - 'ભાદરવામાં ભદભદ ને હારાવણમાં સરસર'

- 'વરહે મઘા તે ઘરમાં બહીને હગા'
- વાવજાહ્ તહ્ લણજાહ્
- વરહે મઘા તે ધાનાયા ઢગા
- હેડયે આંરી ઢેઢાર પિલાય
- વેઠ્યા! વેડ્યા! વાડ કધી? કધી તે કહીક? વા આવે તે એરેત રુઈ!
- ગાજે તુલો વરહે થોડો
- ચિત્રાયો તાપ છાંયે મારે ગપ

ધોડિયા જ્ઞાતિમાં કહેવતોનો વિપુલ ભંડાર છે. જે જીવનના દરેક ક્ષેત્રને સ્પર્શ કરે છે. માણસનું રહન-સહન, રીત-રસમોને એની વૃત્તિઓને આલેખતી કહેવતો ખાસ ધ્યાન ખેંચે એવી છે. એવી બીજી કહેવતો અહીં નોંધ કરું છું.

**કહેવતો**

- અક્કલનો આંધળો ઊવે તો અહં કરે
- અક્કાલ ઊવે તે બંબલા ખાય ને તે પાંઠી ડોકામાંથી જાય
- આગાહી પાર હીઘવો
- અજાણો તે આંધળા બરાબર
- અધ્ધી જિંદગી દેવા કરવામાં ને અધ્ધી જિંદગી દેવાં ભરવામાં
- અધુર્યાયા લેમના નાંય ને ઓછીના ખામના નાંય
- અંઢા કૂવામાં પડાયનાય
- અંઢા દરામાં આથ સૂયવો
- અસ્રા વગરનો અઝામ જહો
- આઈ ઝૂંધુલી ને દીખરી કારેલી
- આઈ તહી દીખરી
- આઈ પૂછે આવતાં તે ડોહાડી પૂછે લાવતાં
- આઈ બાહ બડવે આયે ને લોક પાટવાટે પાગે
- આઈ તાં મહાળ ને બાહ તાં કટામ
- આખા કોળાં હાકમાં
- આઈ તાં હોળી ને બાહ તાં આળી
- આખી રાત દયળાં ને કોડિયામાં ઓહાયરાં

- આખે કા ને કૂટે કા
- આખો હાંથી નાગી ગો ને પૂસડાં રહ્ઈ ગુવાં
- આગ્ઠચે આંરી ને પાણ્યાં આરી વેર નાંય
- આગળ ઉડાળ ને પાછાળ ધરાળ
- આટ્વાડો ઊલે લૂટવાડો
- આથે કરીને ઓળી રમે તાં દિવાળી કા કરે
- આમની મીળું હારુ ને બહાયડી દળું હારું
- આમનેલો દાવ ચૂકે તે લોક ગાંડીમં થૂકે
- આવડે તાંણી ખેતી આય ને નાય આવડે તાણી ફજેતી
- આહરે આહરે હહારવાડી નાંય જાવાય
- આંગણામાં બોડ્ડી નાંય ને મીયાં આરી દોસ્તીનાંય
- આંધળા આગાળ આરહી ને બ્હેરા આગાળ પાવી
- આંધળો કાંહ્તે દળે કાંહ્તે ગીતે આખે
- ઈહ છોડીને બહે તે વીર હમાય
- ઉખેડો ને પોહી મોટા ઊતાં વાર કા
- ઉતાવળે આંબા નાંય પીકે
- ઊંટ મેલે આંકડો ને બોકડી મેલે દગડો
- ઊંદ્રાયો તે જીવ જાય ને બીલાડીયે તે ખેલ
- ઊલમાંથી ચૂલમાં પડનો
- એક ઘર, ને એક વેવામાં માણું પુરો
- એક આથે થાબડ્યા નાંય ફૂટે
- એખલા ડાહ્યાથી ને એકલા ગાંડાથી ગાંવ નાય વહે

- હોળીયી બૂમ ને કારેલાયી લૂમ
- કડીમાં પોહાં ને ગાંવ આખાં ફીરી વળનો
- કડ્ડે માંકુણને માર ખાય ખાટલો
- કણકીયા ને ચોખામાં ફેર તે પડે જે ને!
- કદડા વગારની ડોહાડીયે કાં ધરે
- કરજાહ તહં ભરજાહ
- કંજૂહાયાં કોઈ દીહ કોયા ખાવાય નાય
- કાગડાયા બહુના ઊના ને તાડાયા પડુના ઊના
- કાણી કાચલીયેમાં પાણી લેને બૂડી મર
- કામ કરે જગલોને માર ખાવામાં ભગલો
- કામ પતી ગુંવા ઉલે હાવકાર વેરી
- કાંતે માર ખાય કાંતે માલ ખાય
- કાંદો ખાય તે મુંય તે ગંધ્ધાયજ ને
- કુંનેલા વાંહડાયો ટેકો
- કુલાઈ જહી વિડવાઈ ઊઠે
- કુવારો ઉવે તાંહુધી આઈ બાહ્નો - પન્નાયે પાંઠી ડોહાડીયો
- કુંઝરાયલો કોઈદી દીહ નાંય વળે
- કુંભાડાં કત્તાં ગધેડાં ડાયાં
- કૂકડો ને બોકડો ભગાત માગે રોકડો
- કૂડાયો ભાર લેભધા પાર
- કૂતરાઈ પૂછડી વાંકી તે વાંકી
- કૂતરાં તાણે ગાંવાધૂણ ને કોલા તાણે ખેતરાધૂણ

- કૂવામાંનો દેડકો બારનાં કા જાણે
- કોઈના એરીને કૂંઝરાઈ નાંય મરાય
- કોયા નાંય પ્હોંચે ઈયા આણા પેટ પ્હોંચે
- કોઠી ધોઈને કાદવ કાયઢો
- કોઠી પાલેં એક કધેં
- ખડીયો રૂપિયો ખડચે માં
- ખાખરાયી ખલેડી ખાંડીયો હવાદ કા જાણે
- ખાડો ખોદે ઓજ પડે
- ખાધે ગત ને પીધે સાફ
- ખાધે પીધે દિવાળી ને વધે તુલી ઓહ્ળી
- ખાબોચિયા છલકાય પુણ દરિયો આઝું છલકાય!
- ખામનાં તે હાંહા ને બ્હાર મચકો ભારી
- ખામનાં પારકાં તે પારકાં પુણ પેટ થોડાં પારકાં
- ખાય તહં ઓકે
- ખાય તાણાં જ ખોદે
- ખાવાડી ને કોઈ દીહ ગાવાડુના નાંય
- ખાવામાં જગલો ને માર ખાવામાં ભગલો
- ખાંધે ખહ ગોઈ
- ખાંધે ઝૂંહરાં ને ખેતાર આખાં ફીરી વળનો
- ખોદે ઉંદાર ને રાજ કરે ઘોર
- ખોયદો ખાડો ને પડનો પાડો
- ગધેડાં આરી ઘોડાં બાંધે તે ઘોડાંય રેંકતા હીંખે

- ગરાજનો ગધેડા હો માટી આખવો પડે
- ગળ્યાં ગોધાં ગળતે જ હીધાં
- ગળ્યાં ગોધાયીં જાતમાના
- ગાજે તુલો વરહે થોડો
- ગરીબાયે ગાંડીમાં દાંત રય
- ગાલ્લાં કરતાં હિવાળ પેલ્લી
- ગાંવાયે મૂંવે મૂહકે થોડે બંધાય
- ગોખલામાં ગોટી ને માણી વાત ખોટી
- ગોવાળ વગાર ઢોંબે હુને તે આઈયે વગર પોહે હૂને
- ઘરને પોહેં ઘંટી ચાટે તે પારકેં લીલા લેર કરે.
- ઘરનો બળેલો ઝાડ્યેમાં ગો ને ઝાડ્યેમાં દવ લાગનો
- ઘર બઠી ગંગા
- ઘર બળે તિયાર પેલ્લેં ઉંદેડે જ નાહી છૂટે
- ઘરમાં બિલાડે ભૂખે મરે
- ઘરમાં તે હાંઢલે ડોકાય ને બ્હાર મોટો ભભાડો
- ઘરમાં તે બે હાંઢલે ખખડે બી ખરે.
- ઘાંચાયો બલ જુલાં ચાલે તુંલા પુણ તાંને તાંજ
- ચણા ચાવુના નાંય ને વટાણા વખાણુના નાંય
- ઘાંહયા કરતાં હુકાવળાં ભારી
- ચાલુના તે હાંહા ને ગોદડાયો ભારો
- ચણા તાણે દાંત ને દાંત તાણા ચણા નાંય
- ચાલતા બયલા પરાણાયો ગોદો નાંય ઠોકાય

- ચિત્રાયો તાપ છાંયે મારે ગપ
- ચીડાં, ઢેંચુડીયો ને કાબેર, જુવાર રાખે હેંણા આહ્રી વેર
- ચૂલો કાળો કરીને તે ઘર નાંય માંડાય
- ચૂલામાં બિલાડેં આળોટે
- ચેવટાં કોઈદીહ ચીભડાં ઊવે નાંય
- ચેંહ્વટાં ને ચીભડાં બે હરખાં નાય
- ચૈતાર ચઢે નાંય ને વૈશાખ ઊતરે નાય
- ચોરનો બાહ ઘંટી ચોર
- ચોરાયા તે ચાર પાગ રહ્ય
- છઠ્ઠીયાં ધાવાણ આઈના
- છતે ખાધે ભૂખે મરે
- છેણામાનો કીડો છેણામાંજ હાજો
- જહો દેવ અહી બાધા
- જાગે તાણી પાડી ને નિંધાય તાણો પાડો
- જાણા ચાટે તાણાં દાટે
- જાતાં ભી વેહ ને આવતાં ભી વેહ
- જાનીયે ખામની ગરાજ ને નવરાંયે પન્નાયુની ગરાજ
- જીવતો હાથી લાખનો ને મરનેલો હવા લાખનો
- જૂનાં તીંજ હના ને પાછલાં પૂંજા.
- જેઠાયી રોપણી ને ભાતાયી રોટલી.
- જોયે થતાં તહાં પિહયરાં.
- ઝાઝે લાકડે ઝાઝી આગડી.

- ઝાડ ગૂંવા ને ઝાડાયાં મૂળ ગુવાં.
- ઝાડ્યેમાં દવ લાગે તે હંહલે થોડે મરે.
- ઝાં ખાય તાં થુકાય નાંય.
- ઝાં ખોવાયલાં ઊવે તાંજ હોધવાં પડે.
- ઝૂહરાયો ભાર ખાંધી પાહેંજ આવે.
- ઠીકરીમાનો ચણો કૂદી-કૂદીને જાય કાં ?
- ઠીકરીમાંનો ચણો ઠીકરીમાં જ.
- ઠેહડાયને ચાલવા કરતાં ડોળે ઍરીને ચાલવાં હાંજા.
- ડાયી હહારવાડી જાય નાય ને ગાંડીયે હીંખવે.
- ડોગરો બળે તે આખાં ગૉવ એરે / પુણ પેટ બળે તીં કાંઈ નાંય એરે.
- ડોબા પાછાળ ડોબાં જહ ઊવાં પડે.
- ડોળી દેખાય નાંય ને નાંવ એરે તે નયાનસુખ.
- ડોહાડીયી ચાલ ને માટીડાયી ટાલ.
- ડોહાડીયે પેટામાં વાડીતાંય રય.
- ઢાંઢાં ડોબાં ને બગાયા ઘણ્યા.
- ઢાંઢો ડોબો વાડ મોડે.
- તીન દીહનો પાવણો.
- તું નાંય તે તુંણી આઈ દૂહરી.
- તું નાંય ને તુણો બાહ દૂહરો.
- તેલ એરુંના, તેલાયી ધાર એરુની.
- થાળ્યેમાં ખાયને થૂંકાય નાંય
- થૂકીને ચાટી નાંય ખાવાય

- દગો કોઈનો હગો નાય
- દયાની મારી ડાકાણ ખાય.
- દવમાં કોઈદીહ હંહલે નાંય મરે.
- દવ લાગે તીયાર કૂવો ખોદું નાંય જવાય.
- દાત તાણે ચાવુનાનાંય ને ચાવુના તાણે દાત નાય.
- દાઢીને દાઢી ભુવારીને ભુવારી.
- દીખરા ઊના મોટા ને જમાના ઊના ખોટા.
- દુકાળમાં કોદરાભી ભાવે.
- દૂખે પેટામાં ને ડાંભે ગાલામાં.
- દેવ તહી બાધા
- દેહ તહો વેહ
- દોડ્ડી બળે પુણ વળ નાંય જાય
- ધાકને મારી ભૂત બીએ
- ધાન પારકાં પૂણ પેટ થોડાં પારકાં
- દોડફે કસૂટો ખેંચાયો પાંડી ઢીલો નાય કરે
- નબળાં ડાબરાં ને કચરા ભારી
- નબળી નાડીને હ કંધા
- નવ્વાણું તાં ભયરા હ
- નવી વોહ નવ દીહની
- નવે હે નવતાર ને બળે તુણો અવતાર
- નસીબમાં કૂતરાં મુતી ગુંવા
- નાગાયાં નાક કાંથી

- નાગાયી પાંસેરી ભારી
- નાગો અંધળે કાં ને નીચોવે કાં?
- નાચુનો નાય તે આંગણા વાંકા
- નાંડલીહી ઓહ્ળી ને ભવાડો મોટો
- નાંડલી બોઙ્યે હવકોઈ ઝિંઝોડે
- નેવાણીયાં પાણી મોભે કાંથી ચઢે?
- પડોહીયી ભૂંઈ ને બાહાયાં બારમાં એકી જ વાર આવે
- પન્નાયનો નાંય પુણ જાનમાં તે ગોયલોહ વીને.
- પન્નાયલો પસ્તાય ને કુંવારો કુંઝરાય
- પાડા બાખડે ને ઝાડાયી ખહ જાય
- પાણી જાયને પાળ બાંધે તી કા કામના
- પાણ્યામાં પાદે તે બુબીડા તે નીહરે જ
- પાણ્યામાં રઈને મગારી આંરી વેર નાંઈ
- પાણ્યાયા પૈહા પાણ્યામાં જ જાય
- પાદે પુણ હધે નાય
- પારકા ગાવામાં બાહ ઊવીને નાંય જાવાય, પોહો ઊવીને જ જાવાં પડે
- પારકી પંચાયતમાં પોતાનાં ખોયવાં
- પાવણો તે તીન દીહનો
- પીધેલો ધોડફો ને તિયાહલો પાડો ઈયા વિડવુંના નાય
- પૂછડે બાંડો ને હીંગડે ખાંડો
- પેટામાના કીડા પેટા ભારી
- પેટામાં વાત નાંય ટકે

- પેટા હારું વેઠ કરવી પડે
- પેટે પડનેલો હાપ બી હાંગારવો પડે
- પૈહા પાણ્યામાં લાયખા
- પૈહાવાળાયે પોહેં ઘૂઘરા રમે
- પોતેયી આયે ભૂતાળી કુંણ આખે
- પોતાયાં પાપે પોહાં ખોવાય નાય
- પોતાયો પેટનો તો પોતાયો નાંય ઊવે, તે વોહ પારકી
- પોતાયો ભરહો કરવાં કત્તાં, પારકાયો ભરહો કરવો હાજો
- પોહ ને ટાંટિયા ખોહ.
- પોહેં ને ડોબેં બાંધેલેંજ હાજે.
- પોહેલો કૂતરો કડનો.
- પોહા ઊના મોટા ને જમાનાના ઊના ખોટા.
- પ્હેલાં તીંજ હના, ને પાછલાં તીં પૂજા.
- બઠેલા દિહ નાંય વળે
- બધાજ દહૂરામાં ઘોર નાંય રય, હાપ ભી ર્‌ય
- બલ જહો બખારે ઊલોજ
- બલ લ્હેમ્નો આંકીને, ને ડોબી લ્હેમ્ની દોહવીને
- બહે તાણાં બહેં, ને ચાલે તાણાં ચારહેં
- બાડો બેટીચોદ, આંધળો માધ્ધારચોદ, ને પાંગળો પાંસેરી લેને દફડી ઊઠે
- બાણ્ણામાં બોઙ્ડી નાંય ને મિયા આંરી દોસ્તી નાંય
- બાયલો માટી રાંડ પાહેંજ હૂરો
- બાર હાંધે તાં તેર તૂટે

- બાહ તહેં પોહેં ને કુંભાડે તહેં ઘાડવે
- બાહ તહો પોહો
- બાહા કરતી પોહો હવાયો
- બાહાયાં કુળ કોઈદીહ બોળાય નાય
- બાંડા ગાંવામાં બે બારાહ્
- બીયા તહ વેલા ને વેલા તહેં વાળકે
- બુધ્ધિયો બારદાન જહો જ
- બે ઘરાંયો પાંહવણો ભૂખાયલો રહ્ઈ
- બોડ્યે આંઝું કાંખાય કાંથી?
- બોલે તાણાં આઈ્
- બોલે તાંણે બોરેં વેચાઈ
- ભગાત ધૂણે પુણ નજાર તે નારિયાળ પાહેં જ
- ભણનેલા માણહાં હૌ કોઈ માને
- ભણનો પુણ ગણનો નાય
- ભરોહાયી ભેંહ પાડો વિવાય
- ભલો કા ભૂંડો પુણ આખારે તે પેટનોને!
- ભલો કા ભૂંડો પુણ આખારે તે ભાહ
- ભંહતો કૂતરો કડ્રે નાય
- ભાદારવામાં ભદભદ ને હારાવાણમાં સરસર
- ભાહ ઊજા પુણ ભાગ્જા રખે ઊવા
- ભાહ જહો બેલી નાય ને ભાહ જહો દુશ્મન નાય
- ભાહ પોતાયો પુણ ભોજાય તે પારકીને!

- ભેંહડાયે હિંગડે ભેહડાં ભારી
- ભેંહ, ભૂત ને ભાજી ઈંયે તીન્ની પાણ્યાથી રાજી
- ભૂખે નાંય જોયે ચાખણાં ને નિંધે નાંય જોયે પાથણા
- ભૂતાયો ભરહો નાય, ને ભૂતાળિયો દિહ નાય
- ભૂતાળિયે કાળજાં નાંય, ને ડાંડ ઊંવે તિયાં આગાળ વાત નાય
- મયનો મંય ને બ્હારનો બ્હાર
- મરતી મરતી કાન ચલાવે
- માખે જોયે ચાંદા ને રાંડે જોયે બ્હાના
- માછલેં ખાવાડાય પુણ દરો નાંય દેખાડાય
- માણહેં એરીને પડીકેં બાંધવેં પડે
- માંણા તહં તુંણા
- માંદો ડોબોને બગાઈયા ઘણ્યા
- મામો તાં હુધી મહાળ ને કાકો તાં હુધી કટામ
- મારી બાંધીને મીયા બનાવે
- માસ્તાર, કબુતાર ને તિત્તિર કોઈ દીહ તરી નાંય હકે
- મીયો માંદો ને ટેંગડી ઊંચી
- મુંગો મણ ગુ ખાય
- મુંઈલાયા મઈકમા જામના હાજાં પુણ બાઈલાયી જાનમાં જામના અઘરા
- મુંવે એહ્રીને પડીકે બાંધવે પડે
- મૂછાળો માટીડો ને પૂછાડીયો બલ બેયાંયો ભરહો નાંય
- મૂળજીભાય મુળે કુંવરો ને પોહાયી જાન કાઢુનો ઊનો
- મોટા ઘરની મોટી વાત અધ્ધે રોટલે કાઢી રાત

- મોટા તુલા જ ખોટા
- મોફ્રોતની મીરી કુણાં તીખી લાગે
- મોભેથી નીવાણીયે
- રડતી જાય ઈ મૂઈલાયી જાણ કરતી જાય
- રડતી રાંડ, અંહતો હાળો, ઈંયાયો કોઈ દીહ, દીહ નાંય વળે
- રાજા, વાજાં ને વાંદરાં અકલનાં આંધળાં
- રાત થોડી ને વેહ ઝાઝા
- રાતીયો બળું ગોયલો
- રુળતો પોહો હવ્કોઈયાં હાજો લાગે
- રુળી રુળીને મરનો, ગાંડ આખી બળનો
- લાખ રૂપિયાયાં દેવાં, તે ચણાયાં હાક કહાયાં
- લાગ એરીને જ લાખડે ફોડવે પડે / લાગે લાકડેં ફૂટે
- લાંબો લાંબાયનો ને ટૂંકો ટિંગાઈનો
- વખાણેલી ખીચડી દાંતે વીળગે
- વરહાદ ને વાયરાયી એકીજ હૂજ
- વરહે આથિયો ને પુરાય ધાનાયો હાથિયો
- વરહે ઓતરા ને ધાનાયી પાંહે કૂતરા
- વરહે મઘા તે ઘરમાં બહીને હગા
- વરહે મઘા તે ધાનાયા ઢગા
- વેઠ્યા! વેઠ્યા વાડ કધી? તે કધી

કહીક તે વા આવે ને જારા એરેત રુઈ

- વાડ તાણો વેલો, ને વોહ તાણી પોહો.

- વાડ વગાર વેલો નાંય ચઢે
- વાડી જ ચીભડેં ગીળે તાં
- વાઢાયલી આંગઠી પાંહે મૂતે અહો નાયમેલે
- વાઢેલાં ઠઠ્યાં પીલવાયનાં
- વાણઘો પોતેનોહ ભાર નાંય ઝીલી હકે
- વાત લાખે લાખ વહા ને અમાલ કરે અરધા વહા
- વારા પરમાણે ડોહી નાચે
- વાલકી દાળ મરઘી બરાબર
- વાવજાહ્ તહ લણજાહ.
- વાવણી તે ઘી તાવણી
- વાહતો કૂકડો બાધાયો
- વાંદરાયે આથામાં નારિયાળ નાંય હાજે
- વેવાયેં ઢોલકેં વેવામાંજ હાજે આયકાય
- હેઘ કરતાં મડ્ડો ભારી
- હધી નાંય ને ચીરકી પુણ ગાંડ તે ખડ્ડી ને ખડ્ડી
- હના કત્તાં ઘડાવણ ભારી
- હનાડો કાન એકીજ વાર વીંધે
- હવારે હૂત ને બપોરે ચૂંથ
- હંઘરેલો હાપ કામનો
- હંઘમેળે જાત્રા
- હાકના કોળાં હાકમાં
- હાચાયો ભગવાન બેલી

- હાથી પાળુનો પુણ પેલ્લાં બોકડી પાળી એરવી પડે
- હાથ્યાયા ચાવુના જુદા ને દેખાડુના જુદા
- હાહુ કોઈની આઈ નાય ને વોહ કોઈની ઉવે નાય
- હાંડ જહોં ને પાસો બાંડ
- હાંડ જહો બખારે હુલોજ
- હાંડ બખારે પુણ મારે નાંય
- હિંગડે ખાંડો ને પૂછડે બાંડો
- હુંખા ભેગાં લીલાં
- હુંથારાયા મન બાવળે
- હેટાયી હીખામણ ઝાપાં હુધી જ
- હેટાયે આગાળ નાંય, ને ગધેડાયે પાછાળ નાંય
- હેડીયે આંરી ઢેંઢાર પિલાય.
- હેવણાયલી કુકડી કોળજામાં.
- હોલો રુળે ને તિતિર ચરી ખાય.

## પાદટીપ

- અક્કાલ ઊવે તે - બુધ્ધિ હોય તો
- બંબલા - સુકી માછલી
- ને તે પાંઠી - નહીંતર પછી
- ડોકામાંથી - મૂળમાંથી
- અગાહી - આકાશ
- હીધવો - ઉડાળ ગાલ્લીને આપવામાં આવેલો લાકડાનો ટેકો
- અધુર્યાંયા - અધુરાઈ વાળો
- લેમનાં નાંય - લેવું નહીં
- ખામના નાંય - ખાવું નહીં
- આઈ્ - મા
- ડોહાડી - પત્ની
- નીંગીગો - નીકળી ગયો
- રહ્ઈ ગુવાં - રહી ગયું
- આગ્હ્યે આરી - અગ્ની સાથે
- પાણ્યા આરી - પાણી સાથે
- આહ્ટવાડો ઊલે - અહ્ટવાડો એટલે (મેળો)
- આથે કરીને - હાથે કરીને
- કા કરે - શું કરે?
- આમની મીળું હારું - આવી મળવા માટે
- બહાયટી - બેહાડી / બેસાડી
- આમનેલો - આવેલો

- આહ્ઈ - મા
- બાહ - બાપુજી
- તાંણી - તેની
- નાંય - નહીં
- આહરે - આશરે
- હહારવાડી - સાસરી
- કાંહ્તે - કયાં તે
- બહે - બેસે
- હમાય - સમાય
- પોહી - છોકરી
- વારકા - વાર શું
- નાયપીકે - ન પાકે
- બોકડી - બકરી
- દગડો - કાંકરો
- વેવા - લગ્ન
- માણું - માણસ
- નાંયવહે - નહીં વસે
- ઓળીયી - હોળીની
- કડીમાં પોહાં - કમરમાં છોકરું
- આંખા ફીરીવળનો - આખું ફળી વળ્યો
- કદડા - કંદોરો
- ડોહાડચે - બૈરીને

- કરજાહ્    -    કરશો
- ભરજાહ્    -    ભરશો
- બહુના    -    બેસવાનું
- તાડાયાં પડુનાં    -    તાડનું પડવું
- ગુંવાં ઊલે    -    ગયું એટલે
- કુનેલા    -    કોયલા
- વાંહડાયો    -    વાંસનો
- જહી    -    જેવી
- વિડવાઈ    -    સતાવવું
- વિખેરાઈ    -    વિખેરાઈ
- ઉવે તાંહુધી    -    હોય ત્યાં સુધી
- પન્નાય પાંઠી ડોહાડીયો    -    પરણ્યા પછી પત્નીનો
- ગાંવાધૂણ    -    ગામ બાજુ
- ખેતારધૂણ    -    ખેતર બાજુ
- કા જાણે    -    શું જાણે?
- કોઈના એરીને    -    કોઈનું જોઈને
- કુંઝરાઈ    -    હિજરાય / બળી મરવું
- કોયાનાય    -    કોઈને નહીં
- આંણા    -    એનું
- પાલે    -    વાંસમાંથી બનાવેલું અનાજ માટેનું કોઠાર
- એક કર્ધે    -    એક કર્યા
- ખાખરાયી    -    કેસુડાની

- ખલેડી - ખિસકોલી
- ખાંડીયી - ખાંડનો
- ઓજ - એજ
- ગત - તાકાત
- તુલી - તેટલી
- આઝું - વળી
- પુણ - પણ
- તાંણા - તેનું
- ખાંધે - ખભે
- ફીરીવળનો - ફરી વળ્યો
- આરી - સાથે
- આખવો - કહેવો
- ગોધાં - બલ્યું
- ગળતે - ગળ્યા બળદને હાંકવા માટે લાકડાનાં ખૂંટે લગાવેલી એક બળદ માટેની ઝૂંસરી
- મૂહકેં - બળદના મોઢા પર ભરાવેલી દોરીથી વણેલી જાળી
- ઢોંબે - ઢોર
- પોહેં - છોકરાં
- ઝાડ્યેમાં - જંગલમાં
- બઠી - બેઠી
- તિયાર - ત્યારે
- પેલ્લે - પહેલાં

- ઉંદેડે - ઉંદર
- બિલાડે - બિલાડી
- હાંઢલે - માટીના વાસણ
- ભભાડો - હોંશીયારી
- ઘાહ્યાં - ઘાંસ
- હુકાવાળાં - ઘાંસ ઉપરનો તીણો ભાગ (સુકાવળું)
- ચાલુના - ચાલવાના
- ગોદડાયો - ગાદલાનો
- ચીડાં - ચકલી
- ટેચુડીયો - કાળકોશી
- ત્હેણાં - તેના
- ચેહ્વટાં - રાની નાની ને કડવી કાંકડી જેવા વેલાવાળી વનસ્પતિ
- ચીભડાં - ચીભડું (કાકડી કરતાં મોટી અને પાકે ત્યારે મીઠી લાગે એવી વેલાવાળી વનસ્પતિ)
- છેણામાનો - છાણમાનો
- જહો - જેવો
- તાણી - તેની
- નિંધાય - ઊંઘે
- જાણા - જેનું
- તાણ - તેનું
- વેહ - મુશ્કેલી / ફજેતી
- જાનીયે ખામની ગરાજ - જાનને જમવાની ગરજ

- તવરાયે પન્નાયુની ગરાજ- વરરાજાને પરણવાનું ગરજ
- તીંજ - તેજ
- પૂંજા - ઘાંસ
- ભાતાયી - ચોખાની
- તહાં પિહયરાં - તેવું પિરઈસું
- આગઠી - દેવતા
- હંહલે - સસલાં
- ઝાં - જ્યાં
- ઊવે - હોય
- ઠેહડાયને - ઠોકરખાઈને
- ડોળે એરીને - આંખો જોઈને
- હીંખવે - શીખવે
- ડોબાં - ઢોર
- જહં ઊવાં પડે - જેવું થવું પડે
- ઢાંઢો ડોબો - દુર્બળ ઢોર
- વાડ મોડે - વાડ ભાંગે
- દીહનો - દિવસનો
- પાવણો - પરોણો
- દૂહ્રી - બીજી
- દૂહ્રો - બીજો
- કોઈદીહ - કોઈદિવસ
- ભુવારી - સાવરણી

- તહી - તેવી
- તહો - તેવો
- ઘોડફેં - ઘોડિયા જ્ઞાતિ
- કસૂટો - લંગોટ
- પાંડી - પછી
- ડાબરાં - ખેતર
- નવતાર - નવી નવી
- મુતી ગુંવા - મૂતરી જવું
- પાંસેરી - પાંચશેરનું વજનિયું
- અંધળે - ન્હાવું
- નાંડલીહી ઓહ્ળી - નાની સરખી હોળી
- બોડ્ય - બોરડીને
- ગોયલોહ વીને - ગયો હશેને!
- ઝાડાયી ખહ - ઝાડને નુકશાન
- બુબીડા - પરપોટા
- પૈહા - પૈસા
- હધે - હાજત
- ઊવીને - થઈને
- તિહાયલો - તરસેલો
- વિડવુંના - છેડવાનું
- ભૂતાળી - ડાકણ
- પોતાયો - પોતાનો

- પોહેલો - પાળેલો
- ઊના - થયા
- તીંજ - તેજ
- હના - સોનું
- બઠેલા - બેઠેલા
- બખારે - જોરથી ગુસ્સો બતાવવા ભાંભરવું
- બાણ્ણામાં - બારણામાં
- બાયલો - નામર્દ
- કુંભાડેં - કુંભાર જ્ઞાતિ
- બોળાય - ડુબાડાય
- બારહ - બારસ
- વાળકેં - કાકડી
- પાંહ્વણો - પરોણો
- કાંખાય - કાંસકો
- આઈ્ - છે
- માણહાં - માણસને
- ભરોહાયી - ભરોસાની
- ભાહ - ભાઈ
- હાશવાણમાં - શ્રાવણમાં
- ભાગ્જા - ભાગ્યા
- ભેંહડાયે - ભેંસના
- હિંગડે - શિંગડાં

- ભેહડાં - ભેંસ
- ઈંયે - તેઓ
- આખણાં - અથાણું
- પાથણા - પથારી
- ભૂતાળીયા - ડાકણના
- કાળજાં - કાળજું
- ઊવે - હોય
- તિયા - તેને
- મંયનો - અંદર
- રાંડે - ડાકણને
- ખાવાડાય - ખવડાવવી
- દેખાડાય - બતાવવું
- માંણા - મારું
- તહં - તેવું
- તુણાં - તારું
- ડોબો - ઢોર
- ધણ્યા - ધણી
- તાંહુધી - ત્યાં સુધી
- તિતિર - તેત્તર (પક્ષી)
- મુયલાયા - મરેલાના
- મઈકમાં - મૈયતમાં
- જામનાં - જાવું

- હાજાં - સારું
- મુંવે એહ્રીને - મોઢું જોઈને
- માટીડો - મરદ
- પૂછાડયો - લાંબા પૂછડાવાળો
- મોફોતની - મફતની
- મીરી - મરી
- કુણાં - કોને
- નીવાણીયેફ - નેવાં
- મૂઈલાયી - મરેલાની
- બળું - બાળવા
- હવકોઈયાં - સૌ કોઈને
- અંહતો - હસતો
- કહોયો - કેવું?
- એરીને - જોઈને
- લાંબાયાનો - લાંબો થયો
- ટિંગાઈનો - લટકવું
- ધાનાયો - અનાજનો
- પાંહે - નજીક
- કધી - કરી
- કહીક - કેવી
- એરેત રુઈ - જોતો રહેજે
- ગીળે - ગળવું

- આંગઠી - આંગળી
- વાણઘો - વાણિયો
- પોતનેહ - પોતાનોજ
- પરમાણે - પ્રમાણે
- વાલકી - વાલની
- વાવજાહ્ - વાવજો
- લણજાહ્ - લણજો
- આથામાં - હાથમાં
- નાંયહાજે - ન શોભે / ન ટકે
- હગ - હાજત
- મડ્ડો - મરડો
- હધી - હાજત
- ચીરકી - સાધારણ હાજત થવી
- ખડ્ડી - ખરડાવું
- હનાડો - સોની
- હૂત - સૂતરું (સરળતા)
- હંઘરેલો - સંઘરેલો
- હાકના - શાકનું
- હાચાયો - સાચાનો
- પાળુનો - પાળવાનો
- એરવી - જોવી
- ઊવે - થાય

- હાંડ - આખલો
- હુંખા - સુકુ
- હુંથારાયાં - સુથારનું
- હેટાયી - શેઠની
- આહીં - સાથે
- ઢેઢાંર - શેરડીના ખેતરમાં થતી ઢીઢર નામની એક વનસ્પતિ

# રૂઢિપ્રયોગો

*'રૂઢિ પ્રયોગ' શબ્દ રૂઢ સંજ્ઞા પરથી ઊતરી આવેલો છે. 'રૂઢ' એટલે ઘણા સમયથી પ્રચાર કે વપરાશમાં હોવાથી દૃઢ થયેલું. 'રૂઢિ' એટલે પ્રચલિત બની રૂઢ થયેલી અથવા સ્થીર થયેલી રીતિ કે રિવાજ. રૂઢિ પ્રયોગ એટલે વ્યવહાર જીવનનાં વાઙ્વ્યવહારમાં ભાષા કે લોકબોલીમાં કોઈ અર્થ સૂચક શબ્દનો જુદો નાવિન્ય ને તાજગી ભર્યો અર્થ વારંવાર વપરાઈને સ્થિર થઈ ગયો હોય, અથવા રૂઢિથી વિશેષ અર્થ થતો હોય એવો શબ્દ પ્રયોગ.*

*પરંપરાથી ચાલ્યો આવતો ને વારંવાર વપરાઈને લોકભોગ્ય થઈ રૂઢ બની સ્થિર બની ગયેલો મર્મસભર સબળ ને સતેજ શબ્દાંશ, જેનો વાક્યપ્રયોગ કરવામાં વિશેષ અર્થ ધારણ કરે એને રૂઢિપ્રયોગ તરીકે ઓળખવામાં આવે છે.*

*પ્રસાદ બ્રહ્મભટ્ટ રૂઢિપ્રયોગની વ્યાખ્યા આપતાં કહે છે - 'શબ્દની પ્રકૃતિ પ્રત્યયનના પ્રચલિત અર્થથી લગભગ સ્વતંત્ર રીતે વ્યાપક અર્થ થતો હોય તેમજ ઘણા સમયથી વ્યવહારમાં પ્રચલિત હોય તેવા રૂઢ થઈ ગયેલા કથનને રૂઢિપ્રયોગ કરેવામાં આવે છે' બીજી રીતે 'કોઈ શબ્દ કે શબ્દસમૂહ તેના મૂળ અર્થને બદલે વિશિષ્ટ કે લાક્ષણિક અર્થમાં વપરાતાં રૂઢ થઈ જતો હોય એને રૂઢિપ્રયોગ કહે છે'. – (રૂઢિપ્રયોગો – કહેવતો અને છંદ – અલંકાર – પૃ-૯, પ્રસાદ બ્રહ્મભટ્ટ, પાર્શ્વ પબ્લિકેશન અમદાવાદ)*

*માણસે સમાજજીવનમાં જીવન વ્યવહાર ચલાવવા માટે અનેકના સંપર્કમાં આવવું પડે છે અને અનેક ચીજ-વસ્તુ, ઘટના કે બનાવથી વાકેફ થવું પડે છે. અને એનું આદાન-પ્રદાન કરતાં કોઈ ચોક્કસ અર્થસભર શબ્દ ન મળે ત્યારે એવોજ અર્થ-સંદર્ભ પ્રગટ કરે એવા બીજા શબ્દ સમૂહોનો આધાર લેવો પડે છે. જે શબ્દસમૂહ નવો હોય છે એ નવો શબ્દસમૂહ લોકભોગ્ય બની વારંવાર વપરાઈને રૂઢ બની કોઈ વાત-વસ્તુ કે ઘટનાને વિશિષ્ટતાપૂર્વક ચમત્કારીક રીતે આલેખી ને વાક્યને એક નવી તાજગી બક્ષે છે – ચંદ્રિકા બહેન પટેલના મતે 'બે કે તેથી વધુ શબ્દોનો સમૂહ સાથે મળીને કોશગત અર્થથી જુદો વધારે અસરકારક*

મર્મસભર અર્થ પ્રગટ કરે ત્યારે એવી બળવાન ઊક્તિ રૂઢિપ્રયોગ બને છે. (- રૂઢિપ્રયોગ અને કહેવતકોશ- પૃ-૬, ચોથી આવૃત્તિ - ચંદ્રિકાબહેન પટેલ, આદર્શ પ્રકાશન, અમદાવાદ)

પ્રસાદ બ્રહ્મભટ્ટના મતે 'રૂઢિપ્રયોગ અપૂર્ણ અર્થવાળો શબ્દસમૂહ હોય છે.' – (રૂઢિપ્રયોગો-કહેવતો અને છંદ-અલંકાર પૃ-૧૦ પ્રસાદ બ્રહ્મભટ્ટ, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ.)

આપણા વ્યવહાર જગતમાં કહેવતો જેટલું જ રૂઢિપ્રયોગોનું પણ મહત્વ છે. જેમ કહેવત કોઈ લાંબી વાતને એકજ વાક્યમાં સંક્ષેપમાં કહી જઈ ધારી અસર ઊપજાવે છે. એજ રીતે રૂઢિપ્રયોગ પણ અસમંજસ સ્થિતિને મર્મસભર શબ્દસમૂહથી અભિવ્યંજિત કરે છે. રૂઢિપ્રયોગ કોઈ ચોક્કસ અર્થસંદર્ભ પ્રગટ કરવા માટે આવે છે જે સ્વતંત્ર રીતે આવી શકતો નથી. પરંતુ વાક્યના મદદે આવી પોતાનું ધાર્યું કામ પાર પાડે છે. ક્યારેક રૂઢિપ્રયોગ અને કહેવતોમાં સામ્ય જોવા મળે છે. દા.ત. બેસવાની ડાળ કાપવી. – હાથે કરીને દુઃખ ઊભુ કર્યું એવો અર્થ નિષ્પન થાય છે જ્યારે કહેવતમાં આજ વાતને - 'કદી બેસવાની ડાળ ન કપાય' – પોતે જે જગ્યા પર છો, એ જગ્યાને કદી નુકશાન ન કરાય. એનું પરીણામ પોતે જ ભોગવવું પડે. – આમ ક્યારેક રૂઢિ પ્રયોગ એજ જાણે કહેવત અને કહેવત એજ જાણે રૂઢિપ્રયોગ હોય એવો આભાસ થાય છે. પ્રસાદ બ્રહ્મભટ્ટ રૂઢિપ્રયોગ અને કહેવતની ભિન્નતા દર્શાવતાં કહે છે. લાક્ષણિક અર્થમાં વપરાવું એ રૂઢિપ્રયોગનું લક્ષણ છે પરંતુ અનુભવના નિચોડરૂપ હોવું અને દષ્ટાંતરૂપે કશાકના સમર્થન રૂપે વપરાવું એ કહેવતનું લક્ષણ છે' – કહેવતને કેટલાક સંદર્ભમાં સ્વતંત્ર વાક્ય તરીકે વાપરી શકાય છે રૂઢિપ્રયોગોને એ રીતે વાપરી શકાતા નથી. (રૂઢિપ્રયોગ-કહેવતો અને છંદ-અલંકાર – પૃ-૨૬, પ્રસાદ બ્રહ્મભટ્ટ – પાર્શ્વ પબ્લિકેશન-અમદાવાદ)

## ધોડિયા સમાજના રૂઢિપ્રયોગો

પરંપરાથી રૂઢ થયેલા જીવન વ્યવહારને માનવજીવનના મનોભાવોને રજૂ કરતા રૂઢિપ્રયોગોનો પણ વિશ્વની દરેક જ્ઞાતિઓની જેમ દક્ષિણ ગુજરાતની ધોડિયા જ્ઞાતિમાં પણ વિશેષ ઉપયોગ થયો છે. ધોડિયા જ્ઞાતિની રહેણી-કરણી, રીત-રસમ, આચાર-વિચાર, સામાજિક વટ-વ્યવહારના પ્રસંગો, આનંદ ઉલ્લાસ વિનોદ વ્યથા, વેરઝેરની ને ધૃણાની વૃત્તિના, પરિહાસના આવેગો કે ટીકા-ટીપ્પણ વગેરે અનંત મનોભાવોને પ્રગટ કરવા માટે રૂઢિપ્રયોગોનો વધુ પડતો આધાર લેવાય છે.

ધોડિયા જ્ઞાતિમાં પ્રસંગાનુરૂપ પૌરાણિક સંદર્ભને, સંસ્કારિતાને કે માનવ શરીરના હાથ, કમર, માથુ, પગ, આંખ, કાન, દાંત જેવા અવયવોના સંદર્ભમાં તો ક્યારેક ઈર્ષા કે વેરવૃત્તિને, તો માણસને મળેલી નિષ્ફળતા કે ટીકા-ટીપ્પણ, વ્યંજનાત્મક અને અસરકારક રીતે અભિવ્યંજિત કરવા પરંપરાથી રૂઢ થઈ ગયેલા શબ્દ સમહૂહો રૂઢિપ્રયોગના રૂપે નવી તાજગી લઈને આવે છે. ધોડિયા જ્ઞાતિની કોઈ વ્યક્તિને કોઈક બાબતમાં નિષ્ફળતા મળી હોય, પોતાને મળેલી નિષ્ફળતા કે નિરાશા એ કૂદરતની જ દેન છે એવી આત્મવંચનાના ભાગ રૂપે રૂઢિપ્રયોગોનો આધાર લઈ, પોતાની જાતને નસીબના ભરોસે છોડી દઈ હળવાશ અનુભવે છે આવી નિરાશાને અભિવ્યક્ત કરતા રૂઢિપ્રયોગો દા.ત.

- ખોબો જ કાણો તાંહ
- કૂતરાં મૂતી ગુવાં
- ઢોબલાં ખાંડા

વગેરે રૂઢિપ્રયોગો – નસીબમાં કશુ ન હોવાનો અર્થનિર્દેશ કરે છે. તો ઘરની વાસ્તવિક સ્થિતિને રજૂ કરવા - ‘ઘરમાં આંઢલે ઠોકાય – એટલે કે અત્યંત કંગાળ સ્થિતિ હોવી તેવો અર્થસંદર્ભ પ્રગટ કરતા રૂઢિપ્રયોગો જોવા મળે.

ધોડિયા જ્ઞાતિના માણસની વૃત્તિના દર્શન કરાવે એવા રૂઢિપ્રયોગો પણ વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. દાત. 'ચાંવ કરી ગોહ' ( અર્થ – બીજી વ્યક્તિની કોઈ વસ્તુ પચાવી પાડવી), 'ચઢાવી માયરો' (અર્થ- કોઈને કાનભંભેરણી કરવી), 'ચામડી ચોર' (અર્થ- ચારીત્ર્ય હીન વ્યક્તિ), 'ટોબરાઈ ગોહ' (અર્થ- કોઈ વ્યક્તિને તરત રીસ ચડી જવી) વગેરે માણસની અનેક વૃત્તિના દર્શન કરાવતા રૂઢિપ્રયોગો – ધોડિયા જ્ઞાતિમાં અઢળક મળે છે.

ધોડિયા જ્ઞાતિમાં વેરવૃત્તિના દર્શન કરાવતા રૂઢિપ્રયોગો પણ વધારે પ્રમાણમાં જોવા મળે છે. દા.ત. 'કાહાળ કાઢી લાયખી', 'ખહ કાઢી લાયખી', 'ખરવાડ કાઢી લાયખી' (આ ત્રણે નો અર્થ કોઈ વ્યક્તિ પર અત્યંત ગુસ્સે થઈને ઝાટકણી કાઢી, ફરી ક્યારે અસભ્ય વર્તન ન કરે એવું કરવું), ફાંચરાં માયરાં, (કોઈના વિરૂધ્ધમાં જઈ કાન ભંભેરણી કરવી), ઝાટકો લાગનો (વિરૂધ્ધમાં કરેલી વાતની જાણ થતાં અત્યંત દુઃખ થવું) 'ચોળી માયરો' (કોઈક બાબતમાં અડફેટમાં લઈ ભારે નુકશાન કરવું) ફાંકો ઊતારી મેયલો (અભિમાનને ઓગાળી નાંખવું), ચાવાણ ફેરવી લાયખી, ગોટલે વેરી લાયખે (બન્નેનો અર્થ મૂઢ માર મારવો)

ધોડિયા જ્ઞાતિનાં લોકોમાં ઈર્ષાની વૃત્તિ વધુ પડતી જોવા મળે છે. ઈર્ષાથી બળવું, ઈર્ષા વિષયક મ્હેણાં મારવાં, વગેરેના રૂઢિપ્રયોગો પણ જોવા મળે છે. દા.ત. 'ઊંચે આવી ગોહ' (આર્થિક સધ્ધરતા આવવી, એ સહન ન થતા આ વાક્ય પ્રયોજાય છે, ઍરી નાંય હકે (ઈર્ષાથી બળવું) 'દેયખી ડોળેં ઝેર આવે' (ઈર્ષાથી બળવું), પૈહે ઘૂઘરા રમે (ઉડાવ હોવું, દેખાડો કરવો, કુંઝરાઈ મરનો (કોઈનું સારું જોઈને પોતે હિજરાવું), અદેખાઈ આમની (કોઈનું સારુ થતુ હોય એ સહન ન થવું) - વગેરે રૂઢિપ્રયોગો ધોડિયા જ્ઞાતિમાં જોવા મળે છે.

ધોડિયા જ્ઞાતિના માનવસ્વભાવને રજુ કરતા રૂઢિપ્રયોગો પણ જોવા મળે છે. કોઈ વ્યક્તિ વિચિત્ર સ્વભાવની હોય, બેફામ બોલીને ઝગડનારી, કલહવૃત્તિવાળી, ગમે તે

વ્યક્તિની ખામી કાઢવાવાળી હોય એવા સ્વભાવને રજૂ કરતા રૂઢિપ્રયોગો જેવા કે (કુલાઈ જહીં, આગઠી જહી, કાગડી જહી ઝકની, ઊંઘાઈ જહીજ, કચ કાયઢી વગેરે રૂઢિપ્રયોગો માનવ સ્વભાવની ચાડીખાતા રૂઢિપ્રયોગો જે આવા રૂઢિપ્રયોગો ધોડિયા સમાજમાં વધુ જોવા મળે છે.

તો જીવનના તત્વજ્ઞાનને રજૂ કરતા જેવા કે સાચી પરિસ્થિતિનું ભાન થવું, સત્ય વસ્તુનું હજુ ભાન ન થવુ, પડતી દશા આવવી, છેતરાઈ જવું, કોઈને કામ ન આવનાર જેવા અર્થસંદર્ભને રજૂ કરતા રૂઢિપ્રયોગો જેવા કે – કાન ઉઘડાઈ ગુવા ( સાચી પરિસ્થિતિનું ભાન થવું), નિધિમાંજ આઝું તે (સાચી પરિસ્થિતિની ઝાંખી ન થવી) દિહ વાંકા (નાજુક પરિસ્થિતિનો સામનો કરવો- પડતી દશા), ગોથેં ખાઈ ગોહ (કોઈની ભરમાળમાં આવી જઈ છેતરાઈ જવું), ગાલ્લાયો હીધવો જહો, (આળશુ વ્યક્તિ, કોઈને કામ ન આવનાર) વગેરે રૂઢિપ્રયોગો ધોડિયા જ્ઞાતિમાં જોવા મળે છે.

જીવન વ્યવહારના ચિત્રને રજૂ કરતાં જેવા કે વસ્તુ ગમી જવી, માંદગીમાંથી ઊગરી જવું, મુશ્કેલીમાં આવી જવું, ‘નજર બઠી’ (વસ્તુ ગમી જવી), ઊઠી બઠો (માંદગીમાંથી ઊગરી જવું) ‘એવેં આકળાયનો’ (મુશ્કેલીમાંથી ઉગરવા પ્રયત્નો કરવા) ખાધેગોહ (ભૂખમરામાં મરી જવું, ઘઘરો છૂટી ગોહ, (જીવનની અંતિમ ઘડી આવી જવી) વગેરે રૂઢિપ્રયોગો ધોડિયા જ્ઞાતિમાં જોવા મળે છે.

- અક્કાલનો આંધળો – મહામૂર્ખ એવો
- અગાહી પાર હીધવો – અસ્પષ્ટ હોવું
- અડફેટમાં આવી ગો - લપેટમાં આવી જવું
- અણપોર કરે - આનાકાની કરવી
- અદીખો ઉઈગો – ઓછું વિચારનાર
- અદેખાઈ આમની – ઈર્ષા થવી

- અધુર્યો જહો – કંજુસ હોવું
- અધ્ધાર જહો - અર્ધા મગજવાળો – ઓછી બુધ્ધિવાળો
- અવતાર બળે - જન્માંતર એળે જવો
- અવળે પાટે ચઢવો – ઊંધે રસ્તે દોરવો
- અવેં આકળાયનો - ભીડમાં આવવો
- અળવિતરો જહોજ – છકી ગયેલો / વ્યવહાર વગરનો
- અહ્ળી કાયઢાં - ખેડ કરી દેવી
- અંઢા કુવામાં પડાયે નાય - હાની કર્તા, મુદ્દાની ઝીણવટમાં ન ઊતરવું
- આકળાય ગો – બેભાનની સ્થિતિએ પહોંચવું
- આખે કા ને હમજે કા – અણસમજુ હોવું
- આકળી લાગની – જોરદાર ભૂખ લાગવી
- આગઠી જહી – તેજ સ્વભાવની
- આગઠી હળગાયવી – કાન ભંભેરણી કરવી
- આગ મૂઈકી – અગ્નિ સંસ્કાર થઈ જવો / વેર-ઝેર માટે ઉશ્કેરવું
- આઝું તે અધ્યાહારીજ – અચોક્કસ હોવું
- આડહૂડ ફીરનો – ઠેકાણા વગર ગમે તેમ ફરવું
- આંતેડે કકળાયવે – દિલ દુભાવવું
- આતેંડે કાઢી લાયખે – મારી નાંખવું
- આથ ધોવાયડા – ઉત્તર ક્રિયા કરવી
- આથડાય કુટાઈ મરનો – હેરાન પરેશાન થઈ જવું
- આથ મુડી ગોયલોકા – પોતાના હાથે કામ ન કરવું
- આથાયો છૂટો – ઊડાઉ હોવું

- આથેલો કાઢ્નો – ડાંગરમાંથી પરાળ સાફ કરવું
- આદાં ખાઈને લાગનો – તનતોડ મહેનત કરવી
- આફરાયનો – અપચો થવો
- આભડાઈ ગુવા – અધકચરું હોવું / પકવવા મુકેલી કેરીને વારંવાર જોવાથી કેરી બરાબર ન પાકવી
- આભળાયલો જહો - ખાવા માટે મરી ફીટવુ
- આમળાય જહો – અકળામણ થવી
- આવી જ ગોયલારા – ઊંમર થઈ જવી, ઘડપણ આવી જવું
- આવી પડના – બધીજ જવાબદારી આવી પડવી
- આહ્ડકે ઠોકાય – શરીર ઊતરી જવું
- આંગણે પાગ નાય થયવો – સંબંધ કાપી નાખ્યો
- આકળ્યે જીવ ગો - તરફડીને મરી જવું
- આંધળા બેરાં કુચટાં – સમજણ વગરની વાત કહેવી
- આઘો ઊભો હાજો – સંબંધ દૂરથી જ સારા

ઉ

- ઉખેડો કધો – ગંદકી કરવી
- ઉડાયવી – મજાક – મશ્કરી કરવી
- ઉડતે ચીડેં વિંધે અહો – અત્યંત ચતુર, બુધ્ધિ શાળી
- ઉડાળી મેયલાં – ઉચકી મૂકવું
- ઉતારો ઓયફો – જાન ઊતરવાનો મુકામ આપવો / સહારો આપવો
- ઉપરાણાં લેધાં – તરફદારી કરવી

ઊ

- ઊઠી બઠો – માંદગીમાંથી ઊગરી જવું
- ઊઠાણ જહોજ - વ્યભિચારી વ્યક્તિ
- ઊઠી ગો – મૃત્યુ પામવું
- ઊંભી વાટે – રોકાયા વિના / ઊતાવળે ઊતાવળે
- ઊચાક આફાળ - ગમે તેમ નાખવું
- ઊલમાંથી ચૂલમાં પડનો – નાની મુશ્કેલીમાંથી મોટી મુશ્કેલીમાં આવી પડવું
- ઊજાવણે ધયરે – સામૂહિક શ્રાધ્ધક્રિયા કરવી / રડારોડ કરવી મેલવું
- ઊભડાકીજ - કિંમત કર્યા વિનાનું જ
- ઊંચે આવી ગો – ધનવાન બની જવું / માલદાર થવું
- ઊથાલ પાથાલ કરી લાયખા – સખત પ્રયત્નો કરવા
- ઊખળે બહી ગો – પરણવાની તૈયારી કરી દેવી
- ઊતરી ગો – શરીરે દૂર્બળતા આવવી
- ઊડેલ જહોજ – વંઠેલ / ચંચળ વૃત્તિવાળો
- ઊથલો માયરો – ફરીથી હુમલો કરવો
- ઊતારી પાયડો – શોભીલુ પાડવું
- ઊફડાઈ ઊઠનો – ગેલમાં આવી જવું
- ઊબાઈ ઊઠના – બગડી જવું
- ઊભળી ઉઠના – ફરીથી હુમલો કરવો / શાંત થયેલી માંદગી ફરીથી વધી જવી
- ઊભળાય ઊઠનો – રૂઝ વળ્યા પછી પાછો ઘા તાજો થવો
- ઊંગેટ આવી ગોઈ – કામની ગતિ અટકી પડવી
- ઊદરી ઊઠના – ચામડી પર ફોલ્લા થઈ આવવા

- ઊબેલી કાયઢો – સીધો કરી નાખવો / અલગ કરી દેવો
- ઊભો મૂળો જહોજ – કામ કરવામાં આળશું
- ઊફણાય ઉઠનો – વધુ પડતી જિજ્ઞાસા બતાવવી
- ઊધાઈ જહીજ – વધુ મહેનતવાળી
- ઊંધળાટી કાયઢાં – પેટમાં ગભરામણ થવી
- ઊકળી ઊઠનો – ગુસ્સે થઈ જવું
- ઊંબળી આમના – કંઈક મગજમાં ઠસી જવું / ભૂંસું ભરાઈ જવું

એ

- એરી નાંય હકે – ઈર્ષાથી બળવું
- એરી જ રનો – આશ્ચર્યથી જોઈ રહેવું / કોઈ વસ્તુ હાથમાંથી છટકી જવી
- એખાલ કંઢો – અતડું રહેવું
- એરવાં જહં કધાં – જોયા જેવું થવું

ઓ

- ઓકી કાયઢાં – ગુપ્ત વાત જાહેર કરી દેવી
- ઓળાય તુણે હારું – ત્યાં હોવું
- ઓળુંગો – શોધવા જવું
- ઓળવી ગો – બનાવી જવું - છેતરી જવું
- ઓયહાળો જહો – અહેસાન તળે દબાયેલો
- ઓરપો વળી ગો – સરકે એવી ગાંઠ પડી જવી / સંબંધો વણશી જવા
- ઓરપી ગો – ઊઝરડી જવું

ક

- કાનધરેં – ટેક લેવી / પ્રતિજ્ઞા લેવી
- કડ મુડી ગોઈ – કામ કરીને થાકી જવું
- કુનેલો કાંદો – સભ્યતા વિહિન વ્યક્તિ
- કામનો કાકો – આળશુ વ્યક્તિ
- કાનાયો કાચો – બીજાની વાતમાં આવી જનાર
- કાચી હુંઠ – અક્કલ ઓછી હોવી
- કાળાં ધોળા કધાં - ખોટા કામ કરવા
- કોઠી પાલેં ભરાયુને - ઘણું અનાજ પાકવું
- કોઠી પાલે એક કધેં - ભૂખમરો વેઠવો
- કાકારોળ કરી મૂયકાં – રડીને વાતાવરણ ભેંકાર બનાવી દેવું
- કાળ બળની – ગુસ્સો આવવો
- કકડીને લાગની – અત્યંત ભૂખ લાગવી
- કાહાળ કાઢી લાયખી – અત્યંત પરેશાન કરી દેવું
- કડ બાંધીને લાગનો – સખત મહેનત કરવી
- કોઠી ધોવીને કાદાવ કાયઢો - ખોટી મહેનત કરવી
- કોથળામાંથી બિલાડે નીકાળને – મહેનત કરવા છતાં હાથમાં કંઈ ન આવવું
- કાગડો જહો ફૂલાઈ ગો – મોટાઈ બતાવવી
- કુલેંક કોતોડાયે પાણી પીધેલાં – વિશાળ અનુભવ હોવો
- કોતોરેં કુયદેં – વિકટ પરિસ્થિતિમાંથી પસાર થવું
- કુલાઈ જહી – વાતને વળગી રહેનારી / વિચિત્ર સ્વભાવની
- કુહમાળી વાળો – મોટાઈ વાળી વ્યક્તિ / અભિમાનવાળી વ્યક્તિ

- કોઠીયો કાદાવ જહો – અતિ ભારે વજનદાર
- કાગડી જહી ઝકની – બેફામ બોલીને ઝગડનારી
- કળવળની – આરામ થવો
- કાંહ કૂંહ કરે – આનાકાની કરવી
- કાંહ્યા કરે – પીડા અનુભવવી
- કચવો જહો – હલકટ / બુધ્ધિ વગરનો
- કચ કચ કયરા કરે - ભૂલ કાઢીને વારંવાર ટોકનાર
- કચ કાયઢી – વાંક કાઢવો / ભૂલ કાઢવી
- કુંઝરાઈ મરનો – હિઝરાવું
- કસુટો બાંધીને – વધારે મહેનત કરવી
- કંકાહીયો જહોજ – કજીયાળા સ્વભાવનો
- કરહાંટો માયરો – આંગણું સાફ કરવું
- કુંહી કુહીને – કંજુસાઈ કરીને
- કરહાંટી જહં કાયઢા - ખેતર બરાબર ન ખેડવું
- કુથાય ગુવાં – થાકી જવું
- કુથી કુથી રનો - ભારે કામ કરતાં કરતાં થાકી જવું
- કાચકીલા જહ ડોળા કાઢે – મોટી આંખો બતાવવી
- કાન ઉઘડાય ગુવા - ભાન થવું / સાચી સ્થિતિ સમજાઈ જવી
- કાન ફોડી લાયખા - ભારે ઘોંઘાટ કરવો
- કાંહરાયલો આય – બિમાર પડવું
- કોહળાયે કાંણી – આળશુ ને જડ જેવો
- કુહમાળીજબો - ખંધાઈ વાળું

- કૂતરા મૂતી ગુવાં – નસીબમાં ન હોવું
- કામ નાંય કરે - સ્ત્રીનો ઋતુકાળ હોવો
- કોપોરિયો તુણો – હાથમાં કંઈ ન આવે એવી બીક બતાવવી
- કુનેલો કાંદો - ખોટી સોબતવાળો
- કાળી કુકધોર – કોઈને કામ ના આવે એવી વ્યક્તિ

ખ

- ખહ કાઢી લાયખી – હેરાન-પરેશાન કરી મૂકવું
- ખેતરાં ખાંવ આવના – મહેનત ઓછી કરવી
- ખટકો રાખ - ઝડપ કરવી
- ખભે ચઢવી માયરો - ખુબ લાડ પ્યાર કરવું
- ખંખેરી લેધો – મેથી પાક આપવો / મારઝૂડ કરવી
- ખાટા મૂળાં ઊઈગુવા – વહેલુ મોડું થવું
- ખેલ પાડુનો – તમાશો કરવો / જોયા જેવુ કરવું
- ખોબો કાણો – નસીબમાં ન હોવું
- ખાંધો ખાધો - લાભ લેવો
- ખાખણી વાળાં જ – ગુસ્સાવાળી વ્યક્તિ
- ખૂટડાં કાઢી લાયખાં – નડતરરૂપ વસ્તુને દૂર કરવી
- ખીલો ભયરો – ચઢાવી માયરો
- ખહ ગોઈ – પરેશાની દૂર થવી
- ખોળો ભયરો – આજીજી કરવી
- ખોળે લેધો – પોતાનો કરવો
- ખાટાડી આંબલી – વિચિત્ર સ્વભાવવાળી

- ખાટલે ખોડ - ઘરના મોભીમાંજ ગુણદોષ હોવા
- ખાટકી જહો – દયા વગરની વ્યક્તિ
- ખૂખરો રખે રાખે – ચિંતા ન કરવી
- ખૂખરો લાગનો – ચિંતામાં પડી જવું
- ખૂખરો લાગી – હાય લાગવી
- ખાઈને તુંબડો જહો – તંદુરસ્તી આવવી
- ખંધાડ જહો – પરાયાપણાનો ભાવ
- ખજૂરીયો ટફ્કો – બહારથી દેખાય એટલું જ
- ખાધે ગોહ - ભૂખમરામાં મરી ગયો
- ખરવાડ કાઢી લાયખી - ભારે ઠપકો આપવો
- ખંડી લેધાં – એક સાથે જ બધી ચીજ ખરીદી લેવી
- ખવળી જહં કાયઢાં – બરાબર કામ ન કરવું

ગ

- ગધેડો ઉનો – મોટો થયો / અક્કલ ઓછી હોવી / મોટા થવું
- ગરાજ હરી ગોઈ – સંબંધ કાપી નાખવો
- ગોળ ગોળ ફેરવે – સાચી માહિતી ન આપવી
- ગળ્યો ગોધો જહો – ધીમે ધીમે કામ કરનાર આળશું
- ગધેડાને તાવ નાંય આવે અહં – નિરર્થક વાતો કરવી / ગળે ન ઊતરે એવું
- ગળે લેવાયના – ગળું દબાયને મરવું
- ગળચી દાબી દેધી – મારી નાખવું
- ગાંડ ફાટની – ગભરાઈ જવું
- ગાંડો ઉઈગો – અત્યંત આનંદમાં આવી જવું

- ગફાટ્યા કરે - ખાલી ખાલી વાતો કરનાર
- ગાંવાયી જડ – સમગ્રને નડતર વ્યક્તિ
- ગોથે ખાઈગો – છેતરાઈ જવું
- ગાલ્લાયો હીધવો જહો – કોઈને કામ ન આવનાર
- ગમાયને રને - પ્રેમ લગ્ન કરનાર
- ગોઠવાઈ ગો – કામધંધામાં સ્થિર થઈ જવું
- ગાંડીમાં ભમરો – તરત રીસાઈ જનાર
- ગોઠાણીયો હાંઢ – એક જગ્યાએ ભેગા થયેલા ઢોરનો આખલો
- ગાંવઠાણ ઊભા ઉઈ ગુવા – સૌનો સહકાર સાંપડવો
- ગોટેલે વેરાઈ ગુવેં – છિન્ન ભિન્ન કરી નાખવું
- ગીલાટાયું મંડનો – આનંદમાં આવી ચાળા કરવા
- ગોવાટાય ગોહ – મુશ્કેલીમાં મુકાઈ જવું

ઘ

- ઘોઘરો છૂટી ગો - અંતિમ ઘડી આવી જવી
- ઘી દુધાઈ નઈ વ્હની – સમૃધ્ધિ હોવી
- ઘરમાં આંઢલે ઠોકાય – અત્યંત ગરીબી ભોગવવી
- ઘાંચાયો બલ જહો - ખૂબ મહેનતું /તનતોડ મહેનત કરનાર
- ઘર રમ્ના - ખેત-મજુરી ન કરવી
- ઘર માંયડા – સંસાર માંડવો
- ઘહલાઈ ગો – ક્યાંક જવું ( કુણી ઘંહલાઈગો એધે તે નાંય મેલે)
- ઘંઘડાં છેયવા – વરસાદની આગાહી કરવી
- ઘોચ સુધી – કાન ભંભેરણી કરવી

- ઘૂટણે પડનો – નમતું જોખવું
- ઘૂટણે પડી ગોહ – ઠેકાણે આવવું / થાકી જવું

ચ

- ચોળી માયરો - લપેટમાં લઈ લેવો
- ચૂંહી ખાધો - લૂંટી મારવો / બધી રીતે ખલાસ કરી નાખવો
- ચાલી ગો – મરી જવું
- ચીમળાઈ ગુવાં – સંકોચાઈ જવું
- ચાવાણ ફેરવી લાયખી – મૂઢ માર મારવો
- ચટણીમાં નાંય – કશા મૂલ્ય વગરનું / તલભારનું
- ચૂલો કાળો કધો – બદનામ કરવું
- ચામડી ચોર – ચારિત્ર્યહીન વ્યક્તિ
- ચાલતા ગોધાં ગોદા મારે – કામ કરનારને જ ખોટી પજવણી કરવી
- ચાંવ કરી ગો – પચાવી પાડવું
- ચૂલામાં બિલાડેં આળોટે – અત્યંત રંક પરિસ્થિતિમાં મુકાઈ જવું
- ચીથરે વેરી લાયખે – બે આબરૂ કરવું
- ચઢવી માયરો – ઉશ્કેરવું / કાનભંભેરણી કરવી
- ચોખલી કાયઢો – દૂર કરવું / દૂર કરી દેવો / કાઢી મૂકવો
- ચળ દેને ઊના –ધ્રાસકો પડવો
- ચેંદુકી જ બો – વધારે પડતો તોફાની
- ચળ ઉપાડની – ધગસ હોવી / જિજ્ઞાસા થવી
- ચહકી ગુવાં – બુધ્ધિ ભ્રષ્ટ થવી
- ચહકેલ જહોજ – ઓછી બુધ્ધિવાળો

- ચવળેલ જહોજ – વિચિત્ર બુધ્ધિવાળો

છ

- છાટો પાણી – દારૂ પીવો
- છાક પાયડી - શ્રધ્ધાંજલી આપવી
- છેડો વાયળો – મૃતાત્માને યાદ કરી રડવું
- છડપે ફેડીલાયખેં – ઢોર માર મારવો
- છલકાઈ ગો – અભિમાનમાં ફૂલાઈ જવું
- છાકાય ગો – નસામા આવી જવું
- છીંટ ઉતાયરી – આભડછટ દૂર કરવી
- છોબડાં તોડી લાયખાં – મોં ઉપર સખત માર મારવો
- છૂટી પડનો – જવાબદારીમાંથી છટકી જવું
- છેરી જહોગો – વસ્તુને ગમેતેમ ફફોળવી / વેરણ છેરણ કરી દેવી
- છડી જહં કાયઢાં - ભૂકો કરી નાખવો / અધમૂવો કરી નાખવો
- છેરાઈ ગુવાં – સંડાસ થઈ જવું
- છીંહ ગંધાય જહં – અત્યંત દુર્ગંધ મારે એવું
- છેણામાંનો કીડો – દુર્જન વ્યક્તિ

જ

- જીવ ગાભરાય - ભારે ઊંચાટ થવો
- જાતો રહનો – મૃત્યુ પામવું
- જહં તહં ગાડાં ગુબડે – માંડ માંડ પેટિયું રળવું

ઝ

- ઝખ માયરી – મોટાઈ બતાવવી

- ઝાંઘ ઉઘાઈડી – ઈજ્જત ગુમાવવી
- ઝાળ બળની – ગુસ્સો આવવો
- ઝૂહરાં જ ભારી - પ્રયત્ન છતાં હાથ ખાલી રહેવા
- ઝરો ફૂટનો - પ્રગતિની શુભ શરૂઆત થવી
- ઝાટકો લાગનો – આંચકો લાગવો / ખોટું લાગવું / મન દુભાવું
- ઝાભે ટેકરે – ઊતાવળે ઊતાવળે
- ઝીંઘાય જહો – વટ પાડે એવો

ટ

- ટકળાં ફેરવાઈ ગુવાં – ન જોવાનો ડોળ કરવો / મૂઢ માર મારવો
- ટાટયા બહી ગુવા – ભાંગી પડવું
- ટીચકો લાગનો – રીસ ચડવી
- ટાલ ફૂટી ગોઈ – અત્યંત કફોડી સ્થિતિમાં મૂકાવું
- ટાલ પડી ગોઈ – ખાલી થઈ જવું
- ટાંગા નાઈ મીળે – પૂરતું વળતર ન મળવું
- ટાંટિયા બેવાડતો રઈ – નડતરરૂપ થવું
- ટૂંટિયા વાળીને બહીગો – પ્રયત્ન કરવાનું છોડી દેવું
- ટોબરો ચઢી ગો – રીસાઈ જવું
- ટોબરાઈ ગો – રીસાઈ જવું
- ટકળાં બોચાલે – બોલવામાં ન પહોચી વળાય એવી વ્યક્તિ
- ટાંટયા ઘંહાય ગુવા – વારંવાર જઈને રસ્તો પડી જવો
- ટાંટિયા મૂડી ગુવા – થાકી જવું

ઠ

- ઠોબલાં ખાંડા (કાંણાં) – નસીબમાં ન હોવું
- ઠેહ લાગની – સાચી પરિસ્થિતિનું ભાન થવું
- ઠોક ઠોક કરે – ગાપ્પાં મારવા
- ઠાઠ્યે થવીને લેજામનો – મર્યા પછી પણ સાથે લઈ જવું
- ઠગ જહો દેહું – ઝૂઠું બોલનારો
- ઠોક્કીને લેધાં - કિંમત કરતાં વધુ કિંમત વસુલ કરવી
- ઠાઠી ઠોકીને - હિંમતપૂર્વક
- ઠોબલેં બહી ગુવેં – પરિસ્થિતિ વિકટ હોવી / નાજુક પરિસ્થિતિનું નિર્માણ થવું

ડ

- ડોળા ફૂટી ગુવા – સમજણ ન હોવી
- ડોઈ ઈલવી દેધી – નન્નો ભણી દેવો
- ડોઈ નમવુની – નમતું મૂકવું
- કોઈ નાંય નમે – નમનું ન જોખવું
- ડોળા દેખાયડા – ધમકાવવું
- ડોળા નિકોલાઈ ગુવા – સાચી પરિસ્થિતિનું ભાન થવું
- ડોબાયે કાણે હુને - ભારે મહેનત કરવી
- ડાયાણે કાન નાંય ફૂંકેલા – ઓછું સંભળાવું
- ડામ દેધો – ચમક આપવી
- ડાચાં ફેરવી લાખીં – મોં ઉપર માર મારવો
- ડીલ વળનાં – તંદુરસ્તી સારી થવી

- ડાગળી ગોયલી – માનસિક અસ્વસ્થ હોવું
- ડોબો ઉનો - ઘરડા થવું
- ડૂચા કાઢી લાયખા – હંફાવવું / અધમૂવો કરી નાખવો
- ડોળીં ઝેર આવે – ઈર્ષા આવવી
- ડોબો બહી ગો - ઘરડા થઈ જવું
- ડોળીં નાંય દેખાય - ખબર ન હોવી
- ડોળા ભરાઈ ગુવા – અત્યંત દુઃખ થવું
- ડોબાં બોલના - પ્રજનનકાળ શરૂ થવો
- ડીંગાલ ચાળો કરે – મસ્તી મજાક કરવી
- ડુમો ભરાઈ ગોહ – રડવું ન આવવું

ઢ

- ઢોળી મેયલાં – બીજા પર જવાબદારી નાખી દેવી
- ઢેચુડીયો બોલનો - પ્રાતઃકાળ થવી

ત

- તુણો બાહ આખે – કોઈ વાતનો વિરોધ દર્શાવવો
- તેલ નીકળી ગુવાં – કામ કરીને થાકી જવું
- તેલ એરુના તેલાયી ધાર એરુની – પુરી ચોકસાઈથી કામ પાર પાડવું
- તાજવે તોલીને લે અહો - ખુબ વિચારીને પગલા ભરનાર
- તિડકાં જહી પાડે – વટ પાડનાર
- તમરી ઊતારી મેયલી - ખુમારી ઊતારી દેવી
- તુણી વાંદારાય હાજું – હલકું કામ કરનાર

થ

- થુકનેલાં ગીળી ગો  - બોલેલું પાળવું નહીં
- થુકનેલાં મે ગીળેં નાય – બોલેલું ક્યારેય ફોક ન થવા દેવું
- થાળ્યેમાં થુકનો – વિશ્વાસ તોડવો
- થાપ ખાઈ ગો – તક ચૂકી જવી
- થાળે પડી ગુવા – વ્યવસ્થિત ગોઠવાઈ જવું

દ

- દેખી ડોળે ઝેર આવે – જોઈને ઈર્ષા થવી
- દાઝરો કાયઢો – પેટમાં બળતરા થવી
- દવ લગાયડો – વેરઝેરના મૂળ વાવવા
- દમ નીકળી ગો – થાકી જવું
- દમેલ્યાં જહાં – નિર્બળ હોવું
- દમ મારી લે – થાક ખાઈ લેવો
- દિયાડો ઉઈગો -  ઉત્તર ક્રિયા થવી / સંબંધ કાપી નાખવો
- દિહ વાંકા – પડતી દશા આવવી
- દિહ રઈ ગુવા – ગર્ભ રહી જવો
- દેખી નાંય હકે – ઈર્ષાથી વધુ બળવું
- દાળીમાં કાળાં – છળકપટ કે પેતરું રચવું
- દશા બઠી – મુસીબતની શરૂઆત થવી
- દફડી ઊઠતો – ગુસ્સામાં ઊભા થઈ જવું
- દબી ગો – સંતાઈ જવું
- દવેલ્યો જહો જ – ખાવા માટે તૂટી પડનાર

- દે ચાલવે તાયકા – ઘર ચલાવવું
- દાભડો ઊગી ગો – કોઈના કાવતરાથી મૃત્યુ પામવું
- દકળાયલો જહો – ખાવા માટે તૂટી પડનાર
- દગ દગ હુનાં – ચિંતા ભરાઈ જવી

ધ

- ધંગધડા વગારના – કોઈપણ રીતે સારુ નહિં એવું
- ધોકડી ધોવી લાયખી – હેરાન – પરેશાન કરી મૂકવું / અપમાનિત કરવું
- ધકેલપંચા દડહ્ – મહાપરાણે કામ પાર પાડવું
- ધડા વગરના – ઠેકાણા વિનાનું
- ધાડ માયરી – મોટું પરાક્રમ કરવું
- ધોવેલો મૂળો – પાણી વગરનો

ન

- નજાર બઠી – વસ્તુ ગમી જવી
- નિતળાઈગો – શરીરે દૂર્બળ થઈ જવું
- નકટી જાત – નફ્ફટાઈથી ભરેલી વ્યક્તિ
- નખામા રોગ નાંય – સંપુર્ણ તંદુરસ્ત હોવું
- નાકે દમ આવી ગો – મુશ્કેલીથી થાકી જવું / પરેશાન થઈ જવું
- નિયાલ ઉઈ ગો – અત્યંત લાભ થવો
- નવરોજ – કામ વગરની વ્યક્તિ
- નિયાલ કધા – ધાયું સારું કરવું
- નિધિમાંજ આઝું તે – સત્ય વસ્તુનું હજુ ભાન ન થવું
- નવરીજ – માસિક ધર્મ પાળવો / કામ વગરનો

- નિકોલી કાયઢો – કાઢી મૂકવો / ભાગમાંથી છૂટો કરવો
- નિચકી કાઢીં – બે આબરૂ કરવું
- નળ્યો ચાળવેં – વરસાદની આગાહી કરી
- નર્યો ભેંડો – સ્વભાવે ઘણો ચીકણો
- નિકરાળાય ગુવાં – ડાંગરનો કાપણીનો સમય પુરો થઈ જવો
- નખરાટી જહં કાયઢાં – આંગણું બરાબર સાફ ન કરવું / ખેતર બરાબર ન ખેડવું
- નાંદિયો જહો ફીરે – કામ વગરની વ્યક્તિ

પ

- પાડો કા પાડી ? – નિષ્ફળતા કે પછી સફળતા ?
- પાણી મૂયકાં - પ્રતિજ્ઞા લેવી
- પોતડી ઢીલી ઉઈ ગોઈ – બોલતી બંધ થઈ જવી
- પોતડી ઊંચી કરી દેવી – જવાબદારીમાંથી અળગા થઈ જવું
- પાગ ઘંહાય ગુવા – આંટા મારીને થાકી જવું
- પાગ પાણી પાણી ઉઈ ગુવા - ખુબ નબળાઈ આવી જવી / અશક્તિ આવવી / ગભરાઈ જવું
- પાગ વાળીને બહી ગો – નિરાંત અનુભવવી
- પાગામાં પાગ ભેરવો – નડતર રૂપ થવું
- પાળેલો કૂતરો કડનો – પોતાના જ પોતાને નડવા
- પાણી દેખાયડાં – પરચો બતાવવો
- પ્હાનો ચઢનો – ઊશ્કેરાઈ જવું
- પેટામાં ગગડાવી કાયઢાં – અપચો થઈ જવો / પેટમાં ગડબડ થવી
- પંચુરાઈ ગો – કાચી યુવાની પુરી થઈ જવી

- પાદાય ગુવા – પડતું મૂકવું / હારી જવું
- પેટામાં બિલાડે બોલે – કકડીને ભૂખ લાગવી
- પાગા તળે આમનો - લાગમાં આવવો
- પૈહે ઘૂઘરા રમે – ઉડાવ હોવું
- પાર નાંય આવે – કામમાંથી મુક્તિ ન મળવી
- પેટયાં જહં ટીપી કાયઢાં – પુષ્કળ માર મારવો
- પાધરો બોને – ઈજ્જતદાર
- પીળાયો જહો – રંગબદલનાર
- પરવાતો જહો – કામ વગરનો
- પોવાઈ ગો – મુશ્કેલીમાં ફસાઈ જવું
- પોહી પડની માંણીતે - લોહીની સગાઈ હોવી
- પૂછડે બાંડો - ખામીથી ભરેલો
- પાડાથી આડો – દુષ્ટમાં દુષ્ટ

ફ

- ફીરી વળના – પેટમાં ગરબડ થવી / ઘેરો ઘાલવો
- ફાટી ગોયલો – ઉધ્ધત બની જવું
- ફેંચાયલો – નડતરરૂપ થનાર વ્યક્તિ
- ફાચરાં માયરાં – ચાડી ખાઈને બહેકાવવું
- ફાંકો ઊતારી મેયલો – અભિમાન ઊતારી મૂકવું
- ફારગાતી કધી – છૂટાછેડા આપવા
- ફેંફેં ઉઈ ગુવે – બરાબર હંફાવીને પરાસ્ત કરવું

બ

- બતેડી કરીને – દાંતમાં દાંત પીસીને / અત્યંત ગુસ્સે થઈને
- બળું ગોયલો – મોડા આવવું
- બાહાર બુધ્ધિયો – અલ્પ બુધ્ધિવાળો જ રહેવો
- બહ્રો બહી ગો – ઉપાડેલું કામ પડતું મૂકવું
- બોચી મથડી કાઢીં – મારી નાખવાની ધમકી આપવી
- બે મૂંવાવાળો – બંન્ને બાજુએથી વચન આપનારો / ભરોસા વિનાનો
- બાર વાગી ગુવા – મુશ્કેલીમાં મુકાઈ જવું
- બાધાયો બોકડો – બીજાને માટે ગુનેગાર ઠરવું
- બોકડી બનીગો – સાવ નરમ થઈ જવું / શાંત થઈ જવું
- બો ચીકણો - ઘણો ચતુર
- બો બળેલો – અતિ કંજુસ હોવું
- બહ્રો ફોડી લાયખો – અત્યંત માર મારવો
- બો રૂળે અહો - ઘણો મહેનતુ
- બાટાઈ ગોહ – અભડછેટ લાગવો
- બોબડી બંધ ઊઈ ગોઈ – બોલતી બંધ થઈ જવી
- બલ જહો બખારે – વધારે તાકાત હોવાનો દમ ભરે
- બ્હેંકાઈ ગુવા – માંડી વાળવું / મુલ્તવી રાખવું
- બોળાયગો – સામેલ થઈ જવું / મુશ્કેલીમાં ડૂબી જવું
- બુધ્ધી બેર મારી ગોઈ – કોઈપણ જાતની ગતાગમ ન પડવી / અવઢવમાં મુકાઈ જવું

ભ

- ભેંહડા કુદી ગુવા – નસીબમાં ન હોવું
- ભેંહાડયી બુધ્ધિ – જાડી બુધ્ધિ વાળું
- ભવાડો કાયઢો – તમાશો ઊભો કરવો
- ભાત મીચીલી – સ્વભાવે ઘણી ઉગ્ર
- ભંગ ઊતાયરી – થાક ખાવો / આરામ કરવો
- ભાતાયાં જહં ઘાહ્યાં - ખેતરમાં અપૂરતી મહેનત કરવી
- ભેરવાઈ પડનો – ફસાઈ જવું
- ભાંડો ફૂટી ગો – રહસ્ય પ્રગટ થઈ જવું
- ભૂખડી ભાદરવો ચાલે – આર્થિક પરિસ્થિતિ નાજુક હોવી
- ભૂંસા ભરાઈ ગુવા – ગેરસમજ થવી
- ભૂંડો ઊનો – અળખામણા થવું
- ભીંગડે ફેડી લાયખે – માર મારી અધમૂઓ કરી નાંખવો
- ભેરવી માયરો – સંડવોણી કરવી
- ભરી કાયઢા - સ્ત્રીને ગર્ભવતી બનાવવી
- ભીડ ચાલે તાય – આર્થિક તંગી હોવી

મ

- મરેલ મરેલ જહો ચાલે – ધીમું ચાલવું
- માંણો કોપોરિયો – કશુ ન આપવાની બીક બતાવવી
- માથે પડના – આળ મુકવું
- મેનાત પાર પાણી ફીરી વળના – મહેનતનું ફળ ન મળવું
- મઈના રઈ ગુવા – ગર્ભ રહેવો

- મૂઠ માયરી – મેલી વિદ્યાનો પ્રયોગ કરવો
- મંકાણ માંયડી – નુકશાન થાય એવી હાલત કરવી
- મૂંવા પાર થૂકનો – અપમાન કરવું
- મૂંવામાં મુગ ઓયરાકાકા – મૌન ધારણ કરવું
- મૂંઈ ધોવું ગોહ – આવેલી તક ગુમાવવી
- મોભેથી નિમાણીયે – ત્યાંના ત્યાજ
- માંગનારાં જહ – ઉપેક્ષા કરવી
- મહાણીમાં ગોયલો – સ્મશાનમાં ગયેલો એવો વ્યંગ કરવો
- મનગળ્યો - મનનો મેલો

ર

- રઈ પડની - ઘર સંસાર માંડવો
- રોજા આવી ગુવાં – અત્યંત દુ:ખ થવું
- રુળુનો માંદો – વ્યક્તિ આળશુ હોવી
- રંગ રાયખો – ઈજ્જત બચાવવી
- રગદોળી કાયઢા – સ્વપ્ન તોડી નાખવા
- રેત્યેમાં ઘર બાંયધા – મિથ્યા પ્રયત્નો કરવા

વ

- વેહ પાયડો – મુશ્કેલી ઊભી કરવી
- વાણઘાં વિયાયના - ઘણો લાભ થવો
- વાછાટી સુધા – વરસાદનું પાણી ઘરમાં આવવું
- વકરી ઊઠના – જૂનુ તાજુ થઈ આવવું
- વેળ ઉઈ ગોઈ – સમય થઈ જવો

- વાતમાં ધડો નાય – વાતમાં કંઈ તથ્ય ન હોવું
- વાઢેલાં ઠુઠીયાં પીલવાઈના – સ્વપ્નેય કલ્પેલું ન હોય તે થવું?
- વાટ પાડી લાયખી – વારંવારના પ્રયત્નો કરવા
- વાહણે ખખાડને – પતિ-પત્નિ વચ્ચે ખટરાગ થવો
- વિડવાઈ ઊઠના – સામાન્ય વાત પણ પચાવી ન શકનાર
- વેતરી કાયઢાં – મૂળ વાતને બગાડી નાખવી
- વચકેલીજ જહો – અરધા મગજવાળો

શ/સ

- સીકાલ બદલાઈ ગોઈ – પરિસ્થિતિ બદલાઈ જવી
- સક્કડ ખાઈ ગો – આશ્ચર્યમાં પડી જવું

હ

- હધ મૂત નીકળી ગુવાં – ગભરાઈ જવું
- હહડી ગો – ક્યાંક ચાલ્યા જવું
- હુંઠા ભણવે – પાઠ શીખવવા
- હાંડ જહા ઉના – તંદુરસ્તિ સારી હોવી
- હાસૂ ઉની – મનમાં શાંતિ થવી
- હાવ અલકાટ જહો – બદનામ વ્યક્તિ જેવો
- હાંડ જહો બખારે – જોર-શોરથી હાંકોટા કરવા
- હીંગડે નાય હમાય – બે વચ્ચે સતત રકઝક ઝરતી રહેવી
- હેવણાયલી કુકડી – ઘરની બહાર ન નીકળનાર આળશુ
- હંઢોલ્યાં કધા – ખેતી માટે બળદની ભાગીદારી કરવી
- હાય લાગી ગોઈ – ચિંતામાં પડી જવું / ચિંતાતુર બની જવું

- હાલ ઘાયલી – ચઢામણી કરવી
- હાંવ ખાંવ કરે – ખાવ માટે અધિરા થવું
- હોહવાઈ ગો – ચિંતામાં ડૂબી જવું
- હાડી બારી નાય – કોઈની શરમ ન રાખવી
- હુવાવડી – ઘરમાંથી બહાર ન નીકળનાર
- હાઉ વાલ જહો – અધ્ધર મગજનો
- હીહારી ઉની – અર્ધુ માથું દુઃખવું
- હૂપડી કાયઢાં – ઉડાડી દેવું / દૂર કરવું
- હળકાં જોયે - જે તે ચીજવસ્તુ માટે તેવીજ વસ્તુ જોઈએ
- હકી જ નાંય આવે – શાંતિથી ન બેસવું
- હાવ બબુચક – સમજદારીનું ઓછું ભાન હોવું
- હડડાયેકાણી જ – ફક્ત વિચારવામાં જ રહી જનાર

## ઉખાણાઃ

મધ્યકાલિન આખ્યાન યુગમાં સચોટ અર્થ સમજાવવા માટે દષ્ટાંતો કે ઉપાખ્યાનો કહેવાતાં. ઉપાખ્યાન પરથી પ્રાકૃતમાં 'ઉપકખાયણાં', સંસ્કૃતમાં 'પ્રહેલિકા' અને હિન્દી માં પહેલી જ્યારે ગુજરાતીમાં ઉખાણા શબ્દ પ્રચલિત થયો. ઉખાણું એટલે દાખલો લેવા જેવી, લૌકિક વાત કે છાનો સંકેત. ઉખાણું એ ચોંટી રહેલી સમસ્યાને ઉખેડવાનું સાધન છે.

દષ્ટાંતમાંથી 'કોયડો' નો અર્થ લઈને આવેલો 'ઉખાણા' શબ્દ સંક્ષિપ્ત અને ગૂઢ હોવો એ એની લાક્ષણિકતા છે. ઉખાણાં કહેનાર અને સાંભળનાર ઉખાણામાં છૂપાયેલો અર્થ શોધી કાઢવા ઉત્તેજિત થાય છે. એ રીતે એની રજૂઆત કરાય છે.

ઉખાણા એ એક એવો સાહિત્ય પ્રકાર છે. જેમાં મનોરંજનની સાથે સાથે બુદ્ધિચાતુર્યની કસોટી થાય છે. ઉખાણામાં જીવાતા જીવનમાં આવતી અનેક સમસ્યાઓને કેન્દ્ર વિષય બનાવી, એમાંથી એકાદ સમસ્યા વણી લેવામાં આવે ને એને એક જદું કલ્પન કલ્પી નવું રૂપ આપવામાં આવે અને એનો પ્રશ્ન પૂછાય અને એ પ્રશ્નને ઉકેલવા માટે બુદ્ધિને કસવી પડે. જ્યાં એ સમસ્યા કે કોયડાને ઉકેલતા સામેની વ્યક્તિ ગૂંચવાય અથવા તો મથામણ કરી થાકી જાય ત્યારે ઉખાણા પૂછનાર વ્યક્તિને એક પ્રકારનું મનોરંજન મળે છે. ઉખાણા દ્વારા બુદ્ધિચાતુર્ય વધે છે અને યાદશક્તિની સાથો સાથ એક જીવનવ્યવહારિક જ્ઞાન પણ મળે છે. આવા ઉખાણામાં ખેતી સંબંધી, શરીર સંબંધી, વ્યવસાય સંબંધી અને આંકડાકીય સંબંધી તેમજ ભોજન કે પદાર્થ સંબંધી પ્રશ્નો હોંશિયારી પૂર્વક પૂછવામાં આવે. અને સામેની વ્યક્તિને એક પડકાર ફેંકવામાં આવે તો સામેની વ્યક્તિ એ પડકારને ઝીલીને મથામણ કરી એ પ્રશ્નનો જવાબ શોધી કાઢે ત્યારે એમની બુદ્ધિ ચાતુર્યના દર્શન થાય.

ધોડિયા સમાજની ધોડિયા બોલીમાં 'ઉખાણા' માટે એકવચન શબ્દ પ્રયોજાય છે. ધોડિયા જ્ઞાતિમાં આવા અસંખ્ય ઉખાણા મળી આવે છે. ધોડિયા જ્ઞાતિ ખેતી અને પશુપાલન સાથે સંકળાયેલી છે. જ્યારે જ્યારે માણસને નવરાશ મળે અને ટોળું ભેગું થયું હોય ત્યારે

ઉખાણા કહેવાની ને એના જવાબો શોધવાની એક જુદાજ પ્રકારની મજાને લૂંટવામાં આવે છે. તો ક્યારેક સામૂહિક ખેતીકામ કરતાં કરતાં થાક ન લાગે, આળશ ન આવે એટલા માટે આવા ઉખાણા કહેવાતા હોય છે. તો ક્યારેક ઢોર ચારતાં ચારતાં ગોવાળો ભેગા થયા હોય ત્યારે જે ઉખાણું પૂછવામાં આવે અને એનો જવાબ ન આપી શકે એણે ઢોર વાળવા જવાની શરતે ઉખાણા કહેવાતા હોય છે. ઘોડિયા બોલીમાં ઉખાણાં પૂછતી વખતે 'તીં કા? - તે શું?' જેવો અત્યંત સૂચક શબ્દ પ્રયોજાય છે. ઘોડિયા સમાજના વિવિધ પ્રસંગોપાતના જુદા જુદા વિપુલ પ્રમાણમાં ઉખાણાં સચવાયેલા જોવા મળે છે. જેના થોડાં ઉદાહરણો જોઈએ.

ઉ.દા. આઘ્ય બળે ને ડીખરી ચઢે, તીં કા?

એટલે કે માતા બળે ને તેના તાપથી દીકરી ચઢે છે. તે શું?

અહીં તુવરની સાંઠી એ માનું કલ્પન છે. તુવરના દાણો (કઠોળ) દીકરીનું કલ્પન છે.

અહિં તુવરની સાંઠી વાળવા માટે વાપરવાના અર્થ સાથે તેની 'દીકરી' 'તુવરના દાણા' ચઢે-બફાય એની કેવી સરસ કલ્પના કરી છે.

આ રીતે જ બીજું ઉદાહરણ જોઈએ તો લુહારને ત્યાં કોલસાની ગરમીથી ધાર કાઢેલું કાળું પડી ગયેલું ધારિયું વૃક્ષની ડાળી વગેરે કાપવા ઉપયોગમાં લેવાય છે તેને મરઘી (કુકડી) સાથે સરખાવી સરસ કલ્પના કરી છે.

ઉ.દા. 'ભુઝાયલી કુકડી ડાળે ડાળે ફીરે'

- **<u>ઘોડિયા જ્ઞાતિનાં પ્રચલિત ઉખાણાં</u>**
- અઢાં કૂવામાં ધગડી નાચે - જીભ
- આઈ ઊજળીને પોહેં કાળેં - એલચી
- આગળ ચાલે વેલજીડો, પાછળ ચાલે ફૂલજીડો તાણે પાછળ ગળ્યાં ગોધાં બહેત - બહેત્ જાય - કોળું (કોળાં)
- આડાં લાયખાં - પાડાં લાયખાં તોય પાડાં દૂઝે - થોર (થેવરાં)

- આ લે દાંતેડો, ઝાટકે વાયડા ઝાડ, અગાહી પાર ઘર બાંયધાં ત્હાંણા નીચે પાયડાં બાર - સુગરીનો માળો (હુધરીયો ગોઠો)
- આવે તિયાર લીલી દંગડી ને જાય તિયાર પીંજરી દંગડી - કેળ
- આયતી તિયાર તે ધડખે પોવે ને મોટી ઉવે તિયાર નાગી ફીરે તે પાછી ફીરેહ તે બધે દેહ - વાંસ (વાંહજાળ)
- આયતી હી ઢોલકી બેય ધૂણથી પોલકી - મહુડાનું ફૂલ (મોવડાં)
- આયં દીખરી ડોઈ ઓખવે

તાં બે માટીડાં આવતા દેખાયનાં

આય આખે માણો માટીડો આવે

દીખરી આખે માણો માટીડો આવે

તે એ બે વચ્ચે હગાઈ કેણી? - સસરો - જમાઈ

- આય બહે ઠામે ઠામે, દીખરી ફીરે ગાંવે ગાંવે - આમલી
- આય બળે ને દીકરી ચડેલી તી કાં? - તુવેર (તોર)
- આખી રાન ફીરી આવે ને બારામાં આવીને ડોકવી એરે : ગોવાળ
- આંઠ પાગે આડો ચાલે ને વગાર ડોયે ડોળા કાઢે : કરચલો
- આંઠ આથુલ્યા, બાર પાંડુલ્યા, ચાર ચંદુક ને બે બંદૂક તીકા? - કૂતરીને આંઠ, વાઘણને બાર, ગાયને ચાર ને બકરીને બે - આંચળ
- આંઠ આહ્ડકે ને ટોપલાં ભરી આંતેડે - કાથાની દોરી ભરેલો ખાટલો (કાથાયો ખાટલો)
- આઠ પાગે આડો ચાલે, વગાર ડોયે ડોળા કાઢે

રાણી પૂછે રાજા કાં ઈ કેણા જનાવર જાય? - કરચલો (કુચુલો)

- આંઠ વીલ, ચાર ડ્રાઈવર, એક પેસેન્જાર વગાર ટીકીટે જાય - મડદું (મડદાં)

- ઈ આવે ને ઈ જાય તીંકા? નજાર (નજર)
- એક આંબાયા ચાર ભાગ પાડતા, ચાર જણાહીં ખાધાં,

બધ્ધા હાં જુદાં જુદાં સ્વાદ લાગના - દૂધ, દહીં, ઘી, છાસ

- એક ગોધાયા હ નાથી - તૂર (વાજિંત્ર)
- એક ચીંભડાયા બે ફાડી - બોંકડીયા બોંબલા (બકરીનાં આંચળ)
- એક ડોહાડીયે ફીરતીનેં બોબલેં - પપૈયાનું ઝાડ
- એક ભાર ચઢે ને એક ભાર ઉતરે - રોટલા (જુવારીયો રોટલો)
- એક હીંગડાયાં ભેંહડા જુલાલાખે ઊલાં ખાય - ઘંટી
- એક માણહાયો એકી જ દાંત આડો પડે તે દાંત દેખાડે ને ચાલે તાર દબાડે - હળ
- એક ચાફટે ને હયાં પારખે - રાંધેલા ભાત (રાંધેલા ચોખા)
- એધે ફીરે તેધે ફીરે ને ભદ્દ્દેને બહી પડે - સાવરણી (ભુવારી)
- એધે ફીરે તેધે ફીરે ને ભદ્દદેને બહી પડે : સાવરણી
- ઓરડો સાફ કરતી વખતે સાવરણીને આમ તેમ ફેરવીને છેવટે ખુણામાં

નાખી દેવામાં આવે એની સરસ કલ્પના કરવામાં આવી છે.

- - એક હિંગડાયાં ભેંહ્ડાં જુલાં લાખે ઉલાં ખાય : ઘંટી
- ઈ જાય ઈ આવે : આંખની નજર
- ઉકાળતા તળાવામાં હોલા ભભડે - ઘાણી
- ઉપ્પાર ગોઠો ને નીચે હાખું - મોવઢાં (મહુડું)
- ઉઠે તે બહાય નાય ને બહાય તે ઊઠાય નાંય - ભાત (ડાંગર) (ઊભોપાક)
- ઊજળા ખેતારમાં કાળી બી, વાવનાર ગાતો જાય ગીત - ચોપડીમાં લખેલું બોલવું
- ઊલીહી ડોહાડી ને હ તે પોહેં - લસણ
- ઊલો હો પોહોને હાંત દગડે પૂવે - કાંદો

- ઊંચા પીપળામાં એકી જ પાન - જીભ
- ઊંચોકધો કાછડો ને પ્હાળા કધા પાગ, એક આથે ફેરવે ને દૂસરે આથે વેરે - ઘંટીનું

દળણું (ઘંડ્યે દળણાં દળતી ડોહાડી) દળતી સ્ત્રી

- ઓઠ ધરીને જાય ને પેટ ધરીને આવે - માટલું

- - એક માટીડો આમનો, પોહીયે પૂયસાં, પોહી તુણો બાહ્ કાં ગો?
- મણો બાહ્ તે ગાંઠે ગરદન ને ગુ ખાવલાગ ગો
- ને તુણી આય કાં ગોઈ? દમડો લેને રસી લેંવ ગોય
- ને તુણો ભાહ્ કાં ગો? પડની તીયે ઊભી કરું ગો
- ને તુણો ધણી કાં ગો? એક ના બેકરું ગો
- ને તું કા કરે? એકા દાબે ને હયા પારખે
- જ. (૧) એક પુરુષે છોકરીને પૂછ્યું છોકરી તારો બાપ ક્યા ગયો?

- બાપ પૈસા લઈ દારૂ પીવા ગયો

(૨) તારી માં ક્યાં ગઈ ?

- માં બજારમાં સામાન લેવા ગઈ

(૩) તારો ભાઈ ક્યાં ગયો?

- ભાઈ પડેલી વાડને સુધારવા ગયો

(૪) તારો પતિ ક્યાં ગયો?

- પતિ કમાવા ગયો.

(૫) છોકરી તું શું કરે?

- પોતે ચોખા રાંધે છે, એક કણને દાબે છે અને બધાંની ખબર પડે છે.

- એક આંબાયા ચાર ભાગ પાડતા, ચાર જણાહીં ખાધાં,

- - એક ચઢે ને એક ઉતરે - રોટલી
- ઓઠ ધરીને જાય ને પેટ ધરીને આવે - માટલું
- કાપે તે કાપાય નાંય ને ધરે તે ધરાય નાંય - પાણી
- કાળા ડોહા પાર ચામડીયો ભારો - તાડ
- કાળી ઝાડીમાં રહ્ય થતી, રાતા પાણી પીયે થતી - જૂ
- કાળો કાળો માટીડો ખાંધે બહી જાય

ભમદેને પાદે તે સત્યાનાશ વળી જાય - બંદૂક

- કાળો પૂણ કાગડો નાય, લાંબો પુણ નાગ નાય

તેલ ચઢે પુણ કરમાય નાય, ફૂલ ચઢે પુણ માદેવ નાય - ચોટલો (છેંડો)

- કાળો પુંણ અરમાન નાંય, ફૂલ ચઢે પુંણ માદેવ નાંય : સ્ત્રીનો ચોટલો
- કાળી કુકબાઈ, પીળો માવજી ને લાંબો મેરવાન વખાત આવે તિયારી જ દેખાય

ઉ. કાળી કુકબાઈ એટલે માછલી

પીળો માવજી એટલે પીળો દેડકો

લાંબો મેરવાન એટલે સાપ

આ દરેક સમય આવ્યે જ દેખા દે છે

-કાળી કાપરોટમાં ચાર દેડકા - ભેંસના આંચળ

- ઘડ્ડો ડોહો બે વાટે ચાલે - ગાલ્લું – ગાડું

ચાર ચાલા બે ભાલા ને એક માખ મારિયાં : ગાય - બળદ

ઉ. ચાલ ચાલા એટલે ગાયના ચાર પગ

બે ભાલા એટલે ગાયના બે શિંગડા

એક માખ મારિયાં એટલે ગાયની પૂંછડી

- ખાલી ગાડી આવતા અહેં ને ભરેલી ગાડી જોતાં રડે - જનમ મરણ
- ચામડીયી બંદૂક, ભૂંયમાં ઠોયકીને નાકામાં લાગની – પાદવું – અંગારવાયુ છોડવો
- ચાર ચાલા, બે ભાલા એક માખમારિયાં - (ચાર પગ, બે શિંગડાં એક પૂંછડું)
- ચાલે તાર દહ પાગ ને ઊભા રઈતાર ચાર પાગ તીંકા? - ગાલ્લાં (ગાડું)
- ચાંદ પુસે, સુરાજ પુસે બાર વરહે ફૂલ આવે તાણાં નાંવ કા? - વાંસનું ફૂલ (વાંહજાળીયાં ફૂલ)
- છ પાગાવાળો કાળો કાચબો ઊભી બજારે જાય

રાજારાણી વિચાર કરે ઈ કેણાં જનાવર - જૂ

- જસુડી જાળોમાં ગોઈ, પુંસડી મ્હાણા આથામાં રહ્ઈ - ધારિયું (ધારિયાં)
- જાં જાય તાં પાછાળને પાછાળ આવે - પડછાયો
- ઝીણી તિયાર તે ઝીણકી, મોટી તિયાર તે ફૂલકી, ડોહી તિયાર તે ઘૂઘરી - નાની ફૂલવાળી, ઘૂઘરીવાળી શણબી (હણબી)
- ઝાં જાય તાં આરીં ને આરીં જ આવે - પડછાયો
- - ડોબા ગોધાયી બાર નાથી – તૂર (ઢોલ જેવું વાજિંત્ર
- -ડોગરા પારથી ડોબાં ગુબડી પડનાં ને પોહેં રાજીને રેડ ઉને - (રાંધેલું હાંડલું ચૂલા ઉપરથી ઉતારવું)
- ડોહી ઉની ને પન્નાય ગોય - આંબો - કેરી
- ડોબાં સોડી મુયકાં ને દાંડો દોયવો - મધ
- ડોહો બળે પુણ ડોહાયો કસુટો નાંય બળે - ડુંગર પર જવાનો રસ્તો (ડુંગરા પાર જામની વાટે)
- ઢાંઢો ડોબો વાડ મોડે – જૂના જૂતાં, જૂના ખાંસડા (બુટ)
- તળે હાક વચ્ચે માહ ને ઉપાર આંતડે - ઘૂઘરું (ઘંઘડાં)

- તીન પાગાઈ ઠીકુડી, ઊભી બજાર જાય, રાજા-રાણી વિચાર કરે ઈ કેહણાં જાનાવર જાય? - કપાસ ફૂટેલું ઝીંડવું
- તીન બણ્યા ફીરી ફીરી ભંગે પુણ કોઈ દીહ ભેગ્યા નાંય ઊવે - પંખો
- તળે હાડ વચ્ચે માહ ને ઉપાર આંતેરેં-ઘુંઘડાની નીચે વાંસની સાંઠી વચ્ચે પાંદડાનો પોચો ભરાવો,તે માંસ અને ઉપર ઝાડના છાલના રેસા આંતરડા જેવી દોરી.

- - થૂડ થડાથુંમ, ડાળ ઘટાલૂંમ,બાહ હુખો ભટ્ટ, આય લીલીક્સ,પોહેં રાતે સટ્ટ તી કાં? - ખજૂરીનું ઝાડ અને ફૂલ

(ખજૂરીનું થડ ગાંઠોવાળું, ડાળી એકદમ ગીચતાવાળી, ખજૂરીનું થડ સુકું (બાપના અર્થમાં) પાંદડાં (આયા) લીલાં, ખજૂર લાલ લાલ હોય છે. )

- - થોડામાં વાઘ - પાતરે વીચુ - ડાળે ડાળે વાંદરા - લીંબું
- ધોળા કુવામાં ભૂરાં પાણી - નારિયેળ
- ધોળી કુઈમાં ધગડી નાચે - ગોરસની ગોળીમાં રવઈ
- નગરમાં નાગી ફીરે રાનામાં પોવે ધડખાં

અહં ફળામાં લાવી દે તે હગી નંડાહ્યો ભાહ - સોપારી

- નાન્લીહી પોહી ને રાજા આંહ્રી ખાય : માખ- (નાની છોકરી એટલે માખી, અને રાજા એટલે માણા, માણસ જમવા બેસે ત્યારે માખી ભાણા પર આવીને બેસે. )
- - નાન્લોહો ફોદળો આખાં ઘર હારવે : દીવો
- - નાનીલીહી ડોગર્યે પાર પોહાં કુદી કુદી ને રમે - અસ્રો
- - નાનીલીહી પોહી રામ આરીં ખાય - માખ
- - નાનલીહી પોહી રાજા રડાવે - ભાત મરચી
- - નાનલો હો પોહો કંડ બાંધીને પડી રય - ઘાંસનો પૂળો

- - નાનલાંહાં પોહાં રાજાયી પાઘડી ઉતારે-- ભાત મરચી
- - નાનલી અતી તેર વેવાનાંય કધા, જુવાન ઉની ને દબી ગોય,ડોહી ઉની ને

પન્નાય ગોય - આંબો - કેરી

- - નાનલીહી પોહી રૂમઝુમ કરીને વેલા પાહેં ચઢી જાય - વાલોળ
- - નાંનલી અતી તે નાનબાઈ, મોટી ઊનીતે ફૂલબાઈ, ડોહી ઊની તે ઘુઘરમાળ

બાંધે - તુવેર

- - નાનલાં જનાવર પૂંસડે પાણી પીએ - દેવટ
- - નાંનલી બંગલી પુણ તાણી બારી જ નાંય – હાંખુ (ઈંડુ)
- - નાનલીહી બંગલી પૂણ તાણી બારી જ નાંય - ઈંડુ
- નાનલી અમથી પોહીને હાત દંગડિયા પોવે - (૧) લસણ, (ર) ચંધળો (મકાઈનો

ડૂંડો)

- નાલ્લીહી ગોડદી રાત બધી છેદડી - ભીની ગંદી જીભ
- નાન્લીહી ઢોલકી ને કણીબી મમનાય પોલકી - હાંખુ (ઈંડુ)
- નાલ્લીહી ઢોલકીને બે ધૂણથી પોલી - મહુડાનું ફૂલ
- નાલ્લીહી પોહીને આથવેંત સેંડો - દોરા સાથે સોઈ
- નાલ્લીહી પોહી ને ધૂંટણામાં ગાભણી - મકાઈ (ચંધળો)
- નાલ્લીહી પોહીને હાય હાય રૂપિયા - મરચાં
- નાલ્લીહી ફોકડીને લાકડાયી નાથ - મધપૂડો (મધમાખી)
- નાલ્લોહો ફોદળો આખાં ઘર હારવે - દીવો
- પાન પાન પાંદલી, પાને તે બંગલી

આખી રાત જાગુલી રાત આથ લાગુલી - ઊંબરીયા ફૂલ (ઊંબરાનું ફૂલ)

- પાહેર કુકડીયાં પાહેર ગોસ, ખાઈ ખાઈ તેવિ વધે - મધુ

- પાણ્યા ઉપાર ચામડી

ચામડી ઉપાર આહ્ડકી

આહ્કડી ઉપાર બાલ - નારિયેળ

- પેટ માંણા ને બડવે ઉલે બોલે, આણાં ડોકા ધરી એધેતેધે ડોલે - તૂર
- પેલાં આવે ઝાડી, પાંઠીં આવે મેદાન, પાંઠીં આવે બે દીવા, પાંઠીં આવે બે ભૂંગળે

પાંઠીં આવે કૂવો ને કૂવામાં નાચે તી કુંણ? - જીભ

- પાંચ પીપળા ને વચમાં તળાવ. – પાંચ પીપળા એટલે પાંચ આગળીને

વચમાં હથેળી.

- ફીરતીના કડાક, કડાકમાં મુરમ, મુરમમાં પાણી – નારિયેળ
- ફૂઈ નાગી ને ફુઓ પાછાળ પડનો - સોઈ દોરો
- ફૂલવાડ્યેમાં ફૂલ ફૂટે, ને બોડવાકીમાં જાય - સામરનું ફૂલ
- બડા મેદાનમાં ડોહો કડબાંધીને પડી રય - ઘાંસનો પૂળો
- બડા મેદાનમાં ડોહો કુદ્દી કુદ્દીને તારપો વાજવે - કૂકડો
- બડા મેદાનમાં હુરપાળાં માંડીને પડી રઈ - હુંથેડો (કરોળિયો)
- બત્રી પીપળામાં એકી જ પાન - દાંત વચ્ચે જીભ
- બધે બધે ફીરી આવે ને બારામાં આવીને ડોકવી એરે - ગોવાળની લાકડી
- બધેં બધેં નાહી જાય ને જાડી ભાભી રઈ જાય - માટીની કોઠી
- બધેં બધેં નાહી જાય ને ભૂરો બાવો રઈ જાય - ચૂલો
- બલ બઠેલો ને આંછેડો ચરું જાય - કોળું
- બાર બંગલાને વચ્ચે કૂવો – ગાલ્લીના પૈંડાની મોરી (કોઠાર)
- બાહ ખપરાળો, આઈ ચોપડી, ને ડીખરી ચઢે - મોવડો, મગડોળી, મોવડાં
- બાહ બહી રઈ ને દીખરી ગાલ્લે ગાલ્લે ફીરે - કેરી

- બે ડોંગરા વચ્ચે પાદંતી - વાછૂટ
- બે લબડે ને બે ગબડે - ગાલ્લીનાં બે લાંધણા ને પૈડા
- બે ભાહ આવે ને બે ભાહ જાય - વલોણુંની બે દોરી
- બે ભાહ દિહાયના વીઢાય ને રાતીયા સૂમસામ - બારણે (બારણાં)
- બધ્ધેં બધ્ધેં નાહી જાય પુણ ભુરો બાવો રહી જાય. : ચૂલો

ઉ. મકાન બદલતી વખતે બધા જ જતા હે છે પરંતુ એક ચૂલો જેમનો તેમ રહેવા દેવામાં આવે છે.

- - બાર જાય કા અંદર જાય પાવડી પાર પણ પવતો જ જાય - ઊંબર
- -ભલ્લા મેદાનમાં દુધાયો છાંટો : બગલો.
- ભરેલી ગાડી ફાંસ જાય ને ખાલી ગાડી ધીરે આવે - ટોયલેટ જાય તે
- ભલ્લા મેદાનમાં ડોહો દાંત નીચકીને પડી રય - ભઠોળો, જમીનની તીરાડ
- ભરેલા દોરિયામાં મુંઈ નાય - ઈંડુ
- ખાલી ગાડી આવતા અહેં ને ભરેલી ગાડી જોતાં રડે - જનમ મરણ
- ભરેલી ગાડી જોરમાં ને ખાલી ગાડી ધીર – (હધ) ટોયલેટ જવુ-આવવું
- ભલ્લા મેદાનમાં ડાહો કંડ બાંધી પડી રય - ઘાંહ્યાયો પૂળો ( ઘાસનો પૂરળો)
- ભલ્લા મેદાનમાં દૂધાયો છાંટો - બગલો
- ભલ્લા મેદાનમાં હાંડ બખારે - ઢોલ
- ભલ્લી રેલીમાં હુરપાળાં માંડીને પડી રઈ - ફેદરાં
- ભૂજાયેલી કુકડી ડાળે ડાળે ફીરે - ધારિયું
- ભૂતાળી ઊઈને લે ઊંલા ખાય ને ઈયે દેમના ઉવે ઉલાંજદે - ઘંટી
- ભૂરી માદણિયો પાડોને નાથી બાર - તૂર
- મામો બુડે પુણ મામાયી પાઘડી નાંય બુડે -રવૈયો ને માખણ

- માંદલો ડોબા વાડ મોડે - જોડા (બૂટ)
- મૂંઈ ફાંહે ને દાંત દેખાડે - બગાહાં (બગાસું)
- મેં આમનો, તું બહી ગો, તું નીંગી ગો ને મેં ચાલનો - કાંટો
- રાજાયા પેટામાં રાણી, રાણીયે પેટામાં પાણી - નાળિયેર
- રાતો દરિયો ને કાળી ઢાંકણી - ચણોઠી (ઝુંઘુલી)
- લાંબી દાંડી લટપાટ તીન ડોયે દહપાગ - (૧) હળની લાંબી દાંડી (૨) બે બળદનાં માથા અને એક ખેડૂતનું માથું મળી ત્રણ માથાં (૩) બે બળદના કુલ આઠ પગને ખેડૂતના બે પગ મળી દસ પગ
- લીલી લીલોતરી ને બહેં ખીલા - બાજ (પતરાળું)
- વાડયે વાડ્યે ગોખલા નારાણભાઈ એખલા - સસલો
- વાંકીચૂકી દાંતેડી, ને ભદકે મોયડાં ઝાડ, અગાહી પાર બાયધી ઝૂફડીને નીચે પાયડાં બાર - હુઘરીયો ગોઠો (સુઘરીનો માળો)
- વાંકી ચૂકી કોતોડી ને હીધા પાણી જાય - ધનુષબાણ
- હ વિધાયો વાડો એક સીંડા, બંધ કરે તે હયેહ સીડે બંધ ઉઈ જાય - ખાટલો
- હહરો જવાંય બે ને બાહ દીખરાં બે રોટલ્યા બનાઈવ્યા તીન

હરખે ભાગે વેચીને ખામન્યા તે એકા ભાગ કુલીક, આવે - એક-એક

- હલ્લો હોટો ને ઉપાર ગોઠો : જુવારનું કણસલું
- હલ્લો હોટો ને હોપારી ભરેલો - હઢાયો તાડ ( સૂરણના જેવો જંગલી છોડ, જેના પર સોપારીના જેવા દાણા હોય છે.)
- હળી જુલાં થુડ ને ખળા જલાં ફુલ - માસલેં ઘરુનાં સોકય્યાં – માછલી પકડવાની જાળ
- હવારામાં ઊઠીને દરામાં જ ભરાય જાય - દંગડી

- હાંકડાહા ઘરામાં વચમાં ખીલો - નાક
- હુંખાયલા ખૂંટાપાર, પીકેલાં પાતરાં - નળિયું
- હેલ્લોહો હોટો ને ઉપ્પાર ગોઠો - જુવારનું કણસલું
- હેલ્લો હોટો હોપારી ભરેલો - હડાયો તાડ (દેશી - ખંજવાળવાળો સૂરણ)
- હાલ હાલે તે તોયે ચીડે બમ પાડે - ખેડૂત
- હાહુ વોહ ડોય ઓખવે, તાં બે મારીડા આવે

હાહુ આખે માણો માટીડો આમનો, વોંહ આખે માણો માટીડો આમનો

તે પેલા બે માટીડા વચ્ચે હગાય કા? - બાહ દીખકો (બાપ-દીકરો)

**પાદટીપ**

અંઢા - ઊંડા

ધગડી - એક પ્રકારની માછલી

આઈ - મા

ઊજળી - સફેદ

પોહેં - છોકરાં

ગળ્યાં - ગોધાં - આળશુ બળદ

બહેત્-બહેત્ - બેઠું-બેઠું

વાયઢાં - કાપવું

અગાહી - આકાશ

બાંયધાં - બાંધવું

ત્હાંણા - તેનું

પાયડાં - પાડવું

તિયાર - ત્યારે

દંગડી - બ્લાઉઝ, ચોળી

પીંજરી - પીળી

આયતી - નાની

ધડખે - લૂગડાં

પોવે - પહેરે

નાગી - કપડા વગરની

ફીરે - ફરે

ફીરેહ તે બધે દેહ - ફરે છે પાછી બધા દેશમાં

બેય ધૂણથી પોલકી - બે બાજુ પોલી

આય - મા

દીખરી - દીકરી

ડોઈ - માથુ

ઓખવે - ઓળે

માટીડા - પુરુષો

આખે - કહે

માણો - મારો

બાહ-આવે - બાપ આવે

કેણી? - કઈ?

આય બહે ઠામે ઠામે - મા બેસે ઠેર ઠેર

દીખરી ફીરે ગાંવે ગાંવ - દીકરી ફરે ગામેગામ

ચડે - રંધાવું

આહડકેં - હાડકાં

ટોપલાં - ટોપલું

આંતડે - આંતરડાં

પાગે - પગે

ડોયે - માથે (માથું)

ડોળા - આંખ

કેણા - કયું

એક ગોધાય - એક બળદને

હ નાથી - સો નાથ

ડોહાડી - બૈરી

ફીરતિને - ફરતે

બોબલેં - સ્તન

હ નાથી – સો નાથ

એક હીંગડાયાં ભેંહડાં - એક શિંગડાવાળી ભેંસ

હાકે - હાંકવું

ઊલાં - તેટલું

ચાફટે - દબાવવું

હયાં - સોને

એધે - આમ

તેધે - તેમ

ભદ્દને - જોરમાં

બહી - બેસવું

ઊલીહી ડોહાડી - આટલી સરખી સ્ત્રી

હ તે પોહેં - સો તો છોકરાં

ઊલોહો પોહો - આટલો સરખો છોકરો

દંગડે - શટ્

પોવે - પહેરે

કાછડો - (સાડલો ઊંચો લઈ બે પગની વચ્ચેથી પાછળ ખોંસેલો એક ભાગ) કાછીયો

પાગ - પગ

આથે - હાથે

કાપાય નાય - કપાય નહિં એવું

ધરે તે ધરાય નાય - પકડે તો પકડાય નહીં

ડોહા - ડોસાને

ચીમડીયો ભારો - જુવારની સૂકી ડાળીનો પૂળો

પીંજરો - પીળો

વખાત - સમય

તિયાર - ત્યારે

કાળીયે ઝામડીયે રહ્ય થતી - કાળા જંગલમાં રહેતી હતી

પીયે થતી - પીતી હતી

માટીડો - પુરુષ

ખાંધે બહી જાય - ખભે બેસી જાય

પુણ - પણ

નાય - નહીં

ચાલા - પગ

માખમારિયાં - માખીને મારે એવું

પુસે - પૂછવું (પૂછે)

તાણાં નાંવ કા? - તેનું નામ શું?

જસુડી - જશવાળી

જાળોમાં ગોઈ - જાળીઓમાં ગઈ (ડાળીઓ ઉપર ગઈ)

મ્હાણા આથામાં રહ્ઈ - મારા હાથમાં રહે

તાં - ત્યાં

તિયાર - ત્યારે

ઝીણકી - નાની, ઝીણી

ફૂલડી - ફૂલવાળી

ઘૂઘરી - ઘૂઘરીવાળી

ડોબાં - ઢોર, ડોબું

સોડી મુયકાં - છોડી મુક્યું

દાંડો દોયવો - ડાળી દોહવી (નીચોવવી)

કસુટો - લંગોટ

હાક - હાડકુ

માહ - મસલ

આંતેડે - આંતરડા

પાગાઈ - પગવાળી

ઈ કેંહણાં - આ કયું ?

બિયેં - બીજ

ઓરતો - પેરતો ( ખેતરમાં બીજ વાવવા)

બબાડતો - બબડતો / બડબડ કરતો

ધગડી - પથ્થર જેવી

નગારમાં - નગરમાં

રાનામાં પોવે ધડખાં - વેરાનમાં પહેરે લૂગડાં

હગી નંડાહ્યો - સગી નણંદનો

ભાહ - ભાઈ

નાલ્લી અમથી પોહી - નાની સરખી છોકરી

હાત દંગડિયા પોવે - સાત ચોળી પહેરે

બધી છેદડી - આખી ભીની

બે ધૂણથી - બે બાજુથી

આથવેંત - હાથમાં ન આવે એવો લાંબો

ઘૂંટણમાં ગાભણી - ઘૂંટણમાં ગર્ભધારણ કરેલો

આંહ્રી - સાથે

ફોદળો - છાણનો પોલ્લો

હારવે - લીપવું (ઊજાળવું)

પાણ્યા ઉપાર - પાણી ઉપર

આહ્ડકી - હાડકી

માંણા - મારું

બડવે ઊલેં - મારે એટલે

આણાં ડોકાં - એની ડોક

એધે તેધે - આમ તેમ

ફરતીના - ફરતેનું, ચારે બાજુ

કડાક - કઠણ

મુરુમ - નરમ

ફૂલવાડ્યેમાં - ફૂલની વાડીમાં

બોડવાંકીમાં - બોડવાંક નામનું ગામ

કડબાંધીને - કમરમાં બાંધીને

પડી રયૂ - પડી રહેવું

તારપો વાજવે – પરંપરાગત વાદ્ય વગાડવું

સૂકી દૂધી - વાંસની ચીપ અને તાડની પટ્ટીથી બનેલી પીપુડી

ફીરી આવે - ફરી આવે

બારામાં - બારણામાં

ડોકવી એરે - ડોકાવીને જોવું

બધેં - બધાજ

નાહી જાય - જતા રહે

ર્ઈ જાય - રહી જાય

બલ - બળદ

આછેડો - બળદને ખૂંટે બાંધવા માટેનો દોરડાનો અમૂક માપનો ટૂકડો

બાહ બહી રઈ - બાપ બેસી રહે

દીખરો ગાલ્લે ગાલ્લે ફીરે - દીકરો બળદમાં બેસીને ફરે

લબડે - લટકવું

ગબડે - ગબડવું

ભાહ - ભાઈ

દોરિયામાં - માટલામાં

મુંઈ નાય - મોઢું નથી

દૂધાયો છાંટો - દૂધનો છાંટો - દૂધનું ટીંપું

હાંડ બખારે - આખલો ભાંભરે - (જોરથી ભાંભરવું - બરાડવું)

ભૂજાયેલી - અગ્નિથી દાઝી ગયેલી

ભૂતાળી - ડાંકણ

દેમના - આપવું

ઉલાંજ - એટલું જ

ભૂરી માદણિયો - સ્થળનું નામ

નાથી - નાથ

બુડે -ડુબવું

માંદલાં - માયકાંગલું / નિર્બળ

આમનો - આવ્યો

બહી ગો - બેસી ગયો

ચાલનો - ચાલ્યો, ચાલતા થવું

લટપાટ - હળની લાંબી પાટ

ડોયે - માથાં (માથું)

દહ પાગ - દસ પગ

બહોં - બસો

વાડ્યે-વાડ્યે - વાડમાં-વાડમાં

સીડાં - એક કાણું (છીદ્ર)

હહરો જવાંય - સસરો જમાય

બાહ દીખરા - બાપ-દીકરો

રોટ્લ્યા બનાઈવ્યા - રોટલી બનાવી

ખામન્યા - ખાવાની

કુલીક - કેટલી

હાકડાહા - સાંકડા સરખા

ઘરામા - ઘરમાં  ઘરો (ઘરમાં)

હુંખાયલા - સૂંકાઈ ગયેલું

પીકેલા - પાકી ગયેલું

પાતરાં - પાંદડાં

હેલ્લો હો હોટો - લાંબો પાતળો ને સીધો એવો સોટો

ઉપ્પાર ગોઠો - ઉપર માળો

## પ્રકરણ-૪ આદિવાસી ધોડિયા જાતિની પદ્યમૂલક લઘુસ્વરૂપની લોકકંઠપરંપરા

### હાલરડાંના ગીતો :-

*ગુજરાતી લોકસાહિત્યમાં હાલરડું એક હુલામણો કાવ્યપ્રકાર બની વિહાર કરે છે અને જ્યાં જ્યાં વાત્સલ્યનો ધરો છે, એવા માતૃહૃદયમાં ઠલવાય છે ને માતૃકંઠે નવા દેહે ઝરણાની જેમ ગૂંજતો બહાર આવી બાળકના કર્ણે રેલાય છે.*

*નાના બાળકને પારણે ઝૂલાવતાં ગવાતું ગીત એટલે 'હાલરડું'. 'હાલરડું' એ બાળક માટે મીઠું મધુરૂં માતૃઉરેથી પ્રગટતું માતૃકંઠે ગૂંજતું, બાળકર્ણે ઝીલાતું માતૃધાવણથી જુદું બીજું અમીપાન છે. માતૃધાવણ બાળકના શરીરને પોષે છે. તો માતૃઉરેથી પ્રગટતું હાલરડું બાળમુખે મલકી આનંદ અને પરમસુખની શાંતિ અર્પે છે. હાલરડું એ માનવજાતિની ઉત્પત્તિની સાથે જ બાળકને માતૃહૃદયના વારસામાંથી મળેલો એક સંસ્કાર છે. જે સંસ્કાર પીને બાળવૃક્ષનો છોડ લીલીછમ કુમળી કૂંપળોથી તરબતર થઈ વિકસે છે અને વૃટવૃક્ષમાં સ્થાન પામે છે. 'હાલરડાં' એ સંસ્કાર એટલા માટે કે જીવનમાં પડેલું ગીત-સંગીત, એનો નાદ-લય અને જીવનનું અંગભૂત તત્વ 'ભાષા' નો પહેલો પરિચય બાળકને હાલરડું કરાવે છે. ભાષાભિવ્યક્તિનો પ્રથમ અને સહજ અનુભવ બાળકને પારણામાં ઝૂલતાં-ઝૂલતાં મા, દાદી, ફોઈ, માસી કે બહેનનાં કંઠે ગવાતાં હાલરડાં દ્વારા થાય છે. હાલરડા ભાષાભિવ્યક્તિનો લય, લ્હેકો, ઢાળ આરંભથી જ બાળકના કાનને કેળવે છે. ભાષાના - ગીત - સંગીતના સંસ્કાર એને હાલરડા દ્વારા મળે છે. જેના દ્વારા બાળસંસ્કારના બીજ રોપાય છે. હાલરડું એ માત્ર બાળકને શાંત નિદ્રામાં પોઢવા માટેનું એક સાધન માત્ર નથી. પરંતુ માતૃહૃદયની ઊર્મિઓનો આવેગ, સ્નેહ-હૂંફ, મમતા અને વાત્સલ્યનો સ્રોત એક હાલરડા દ્વારા વહી બાળકર્ણે પહોંચી ગૂંજતા ઝરણામાં ઝબોળી સ્પર્શ કરાવવાનો છે. ઉષા ઉપાધ્યાય નોંધે છે - 'મીઠી હલકથી ગવાતું હાલરડું અને પારણાને કે ઝોળીને ગતિ આપવા*

દેવાતી થપકી - એ બંનેમાં, સૂરમાં અને સ્પર્શમાં માતાનું અપાર હેત નીતરે છે. ધીરે ધીરે હાલરડાંના સૂર અને સ્પર્શ દ્વારા બાળકની આસપાસ જાણે માતાની મમતાનો અમીલેપ થતો જાય છે અને તેથી અસ્વસ્થ થયેલું બાળક જાણે માતાના ઉદરમાં જ હોય એવી નિશ્ચિંતતા સાથે સૂઈ જાય છે. બાળકના સ્વસ્થ માનસિક વિકાસ માટે સલામતીની આ અનુભૂતિ ખૂબ મહત્વની છે.'

બાળકના માનસને કેળવવાનું ઉત્તમ તત્વ હાલરડું છે. બાળક ભવિષ્યમાં વીર, શૂરવીર બને એટલા માટે આરંભમાં જ બાળકને 'બાળરાજા' ચીતરવામાં આવે છે. રાજા જેવો ઠાઠ એને ભોગવતા બતાવવામાં આવે એની આગળ નોકર-ચાકર હોય, પોતે છત્રીસની છાતિએ વિહરતો હોય, વાઘ-સિંહની ગર્જનાથી પણ ડરતો ના હોય, તલવારના એક ઝાટકે બે ટૂકડા કરનારો વીર હોય, એવી વીરોદત્ત વિચાર એના માનસમાં આરંભથી હાલરડા દ્વારા રેડાય છે.

ભાઈ રે મારો ભાઈ ! મહારાજાનો જમાઈ,
રાજાની કુંવરી કાળી, ભાઈએ જાન પાછી વાળી,
રાજાની કુંવરી ગોરી, ભાઈએ વહેલો પાછી જોડી,
મોટા જોડ્યા ધોરી રે, ભાઈએ પાસે બેસાડ્યાં ગોરી.

અહીં બાળકને મહારાજાનો જમાઈ ચિતર્યો છે. મહારાજાનો જમાઈ એ જ બની શકે જે રાજકુંવર હોય, રાજવી ખાનદાન હોય. જો રાજકુંવરની પોતાની પણ અભિલાષાઓ હોય કે રાજસિંહાસન પર બાજુમાં બેસનારી પટરાણી જેના બેસવાથી સિંહાસનની અને રાજાની શોભામાં અભિવૃધ્ધિ થતી હોય, એટલે જ અહીં રાજકુંવરને કાળી રાજકુંવરી પસંદ નથી ને જાન પાછી વાળે છે અને ગોરી રાજકુંવરી મળતાં ઉતાવળે જાન જોડી તૈયાર થાય છે ને પરણીને પછી રાજસિંહાસન પર પાસે બેસાડે છે.

દક્ષિણ ગુજરાતના વાપીથી તાપી સુધીમાં જેનું નિવાસસ્થાન છે, એવા ધોડિયા સમાજમાં પણ માતૃહૃદયે સ્ફૂરતું હાલરડું એક હુલામણો કાવ્યપ્રકાર બની બાળકર્ણે ગૂંજતો રહે છે. ધોડિયા સમાજ ખાસ કરીને ખેતી સાથે સંકળાયેલો છે. મજૂરી એનો વ્યવસાય બની રહે છે. તેથી ખેતરનું કામ બાળકને કારણે ન થઈ શકે ત્યારે સાસુ-નણંદ ખેતરકામ માટે જાય ત્યારે વહુએ ઘરના કામ કરવા પડે છે. બાળકને રમાડતાં-રમાડતાં વહુએ (માતાએ) દળણું દળવાની ઘરઘંટી પર દળણું દળવું પડતું, ખાંડણિયામાં ડાંગરને ખાંડવું પડતું. પરંતુ બાળક નાનું હોવાથી ક્યારેક રડતું હોય, ત્યારે બાળકને પારણામાં સુવડાવી પારણાની દોરી માતાના પગના અંગૂઠાએ બાંધી ડાંગર ખાંડતાં-ખાંડતાં, દળણાં દળતાં-દળતાં પગની હલકથી દોરી ખેંચી પારણું ઝૂલાવતી જાય અને હાલરડાના ગીતો ગાતી જાય અને બાળકને અમૃતપાન કરાવતી જાય અને બાળકને સુવડાવી સાસુ-સસરા-નણંદ અને પતિ ખેતરથી આવે એ પહેલાં ઘરકામમાંથી પરવારી જાય.

**હાલરડું :-**

હા...હા...હા...હા...

હા...હા...હા....હાલો....

હાલો તે આવે ભાઈ ને, નીંધુલી[1] આવે હાલો

હાલો...હાલો...હાલો...

હા...હા...હા....હાલો....

માતા કે દાદીના મુખમાંથી નીકળેલો હળવો કર્ણપ્રિય અવાજમાં જે મીઠાશ છે, એ મીઠાશ...હા...હા... ના ઉદ્‌ગારમાં જ સમાયેલી જોવા મળે છે. તેથી જ તો બાળક રડતું હોય અને માતા હા...હા...હા... નો સ્વર રેલાવે ત્યારે સ્વરની સાથે મુખમાંથી નીકળતી ઉષ્માભરી હવા બાળકને ઘેનમાં ફેરવી દે છે. પરિણામે બાળક ધીરે ધીરે ઘેનમાં આવતાં એની આંખો ઘેરાવા લાગે છે. મારા ભાઈને નીંધુલી આવે....હાલો.... એ કર્ણપ્રિય ને

વાસ્તવદર્શી ધ્વનિ બાળકના કુમળા માનસ પર ઘેરો જાદુ રેડે છે ને પરિણામે વારંવાર હા...હા...હા... હાલો...હાલો...હાલો... ધ્વનિના આવર્તનો બાળકની ઊંઘને તરબોળ કરી દે છે. બાળક શાંતિથી નિંદ્રામાં પોઢી જાય છે.

હાલો...હાલો...હાલો....

હા...હા...હા...હા...

ભાઈ તો મ્હાણો[૨] છે લાડકલો રે ભાઈ...

મ્હાણા[૩] ભાઈને કુણ[૪] રમાડે રે ભાઈ !

મ્હાણા ભાઈને આયા[૫] રમાડે રે ભાઈ !

હાલો...હાલો...હાલો...હાલો...

હા...હા...હા...હા...

ભાઈ તો મ્હાણો છે લાડકલો રે ભાઈ...

મ્હાણા ભાઈને કુણ રમાડે રે ભાઈ !

મ્હાણા ભાઈને બાપા[૬] રમાડે રે ભાઈ !

હાલો...હાલો...હાલો...હાલો...

હા...હા...હા...હા...

આમ તો દરેક હાલરડામાં હા...હા...હા... કે હાલો...હાલો... સ્વરનું મીઠું, આહ્લાદક આવર્તન જ બાળકને શાંતિ તરફ દોરી જાય છે ને પછી શાંતચિત્તે સૂવા પડેલા બાળક ઉપર એને વધુ વહાલસોયા શબ્દોની લ્હાણી વરસાવતાં બાળક ઘેનમાં આવતું જાય છે. ‘ભાઈ તો મ્હાણો છે લાડકડો રે ભાઈ!’ અહીં એક જ પંક્તિમાં ‘ભાઈ’ શબ્દ આરંભમાં પણ છે અને અંતમાં પણ છે. પણ બંનેનું ભાવચિત્ર જુદું છે. આરંભનો ‘ભાઈ’ શબ્દ પોતાપણું સૂચવે છે અને અંતનો ‘ભાઈ’ વહાલપણું સૂચવે છે ને પછી ‘મ્હાણા ભાઈ ને કુણ રમાડે રે ભાઈ’ પંક્તિ દ્વારા મારા આ પોતાના વહાલસોયાને કોણ રમાડે એવો ઉદ્‌ગાર

છેડાયો છે અને ત્યાં જ એનો વળતો જવાબ આવે છે કે પોતાના વહાલસોયાને, પોતાનું વધુ વ્હાલું હોય એવું વ્હાલ કરતું સ્વજન મા-બાપ જ એને રમાડે છે. વ્હાલથી એને નવડાવે છે અને બાળકને અહેસાસ થઈ જાય છે કે મારા બા-બાપુજી મારી પાસે જ છે, તેથી તે કોઈપણ જાતના ડર કે ભય વિના નિરાંતે સૂઈ જાય છે.

હાલી…હાલી…હાલી…
હા…હા…હા…હાલી
મ્હાણા ભાઈને નિંધુલી[૭] આવે હાલી…
ભાઈ માણો ઘૂઘરી રમે રે હાલી…
ઘૂઘરી વાગે છૂમ છૂમ ને, આવે ભાઈને નિંધુલા[૮] હાલી
હાલી…હાલી…હાલી…
હા…હા…હા…હાલી
મ્હાણા ભાઈને નિંધુલી આવે હાલી
ભાઈ માણો ઢોલકી રમે રે હાલી
ઢોલકી વાગે ઢૂમ ઢૂમ ને, આવે ભાઈને નિંધુલા હાલી
હાલી…હાલી…હાલી…
હા…હા…હા…હાલી

આમ તો દરેક બાળકની ખાસિયતો, એની ટેવો જુદી-જુદી હોય છે. એની રમત-ગમત પણ જુદી હોય છે. કેટલાક બાળકો વધુ તોફાની મસ્તીવાળા હોય અને એના કાને સંગીતનો સૂર સંભળાય તો પણ એ શાંત થઈ જાય છે. અહીં બાળક ઝોલા ખાઈ રહ્યો છે. હાલરડું ગવાઈ રહ્યું છે કે 'ભાઈને નિંધુલી આવે હાલી…' એ કર્ણપ્રિય અવાજમાં એમને જેની સાથે વધુ ગાઢ લગાવ છે, જેની સાથે એને રમવું ગમે છે, જેનાથી એનું મન તરબોળ થઈ ઝૂલી ઉઠે છે, એવી ઘૂઘરી અને ઢોલકનું નામ એના કાને અથડાતાં એ કોઈ જુદી જ

ભાવસ્થિતિમાં મૂકાઈ જાય છે. ‘ભાઈ મ્હાણો ઘૂઘરી રમે રે હાલી, ઘૂઘરી વાગે છૂમ છૂમ ને આવે ભાઈને નિંધુલા હાલી’ નો ધ્વનિ બાળકના કાને અથડાય છે અને એક સંગીતની અલગ જ દુનિયામાં એને લઈ જાય છે. જાણે એ ઘૂઘરી વગાડી રહ્યો છે. ‘છૂમ છૂમ’ નો રણકાર એના કાને સંભળાઈ રહ્યો છે. તો સાથે ‘ઢોલકી’ નો ‘ઢૂમ-ઢૂમ’ મીઠો ઘેરો નાદ એને ઘેનાસમાં દોરી જાય છે. બાળક જુદા જ ભાવવિશ્વમાં પહોંચી આનંદની છોળો સાથે ગાઢનિંદ્રામાં ગરકાવ થઈ જાય છે. હાલરડું જો બાળકના મોજશોખને અનુરૂપ ગવાતું હોય ત્યારે ગમે તેવું તોફાની બાળક પણ આ કાલા-ઘેલા કર્ણપ્રિય અવાજને તાબે થયા વિના રહેતું નથી. દુનિયાનું ક્યું બાળક એવું છે કે જે માતાના હાલરડાને વશ ન હોય. કારણ કે માતાના મીઠા-મધુર ઊરઝરણામાંથી વહેતી મમતાની મીઠાશ બાળકના હોઠોને ભીંજાયા વિના રહેતી નથી. મા એટલે વહાલની વીરડી છે.

હા...હા...હા...હા...

હાલો હાલો હાલો...

ભાઈ તો મ્હાણો છે લાડકલો રે ભાઈ

ભાઈ તો ભાઈ મ્હાણો ડાહ્યો ને ફૂલડે રમે રે ભાઈ

મ્હાણા ભાઈને તો રમવા જોયે વાટકી રે ભાઈ

હા...હા...હા...હા...

હાલો હાલો હાલો...

ઝોળીમાં, ઘોડિયામાં કે પારણામાં ઝૂલતા બાળકની મુખમુદ્રા જોવી એ વ્યવહાર જીવનનું અતિ શાંતિમય, સુખદ અને આનંદદાયક લ્હાવો છે. માતાનું બાળક પ્રત્યેનું અનુપમ વહાલ જ્યારે ઊભરાય છે, ત્યારે તે સંગીતનું સ્વરૂપ ધારણ કરે છે ને લાડકોડના શબ્દો સંગીતના સૂર બની લહેરાવા લાગે છે, ત્યારે એક આહ્‌લાદક વાતાવરણ ઊભું થાય છે. સ્નેહ - મમતાનો વાત્સલ્યસભર આલાપ છેડાય ને બાળક હરખાય છે. ‘ભાઈ તો

મ્હાણો છે લાડકલો રે ભાઈ...!' નો ધ્વનિ બાળકના કાને પડે ને બાળકને પોતાનાપણાનો અહેસાસ થાય છે અને પછી તો જાણે બાળકના દરેક કોડ પૂરા થતા હોય એમ એ અનુભવે છે. 'ભાઈ તો ભાઈ મ્હાણો ડાહ્યો તે ફૂલડે રમે રે ભાઈ', 'મ્હાણા ભાઈને તો રમવા જોયે વાટકી રે ભાઈ !' અન્ય બાળકની સરખામણીમાં મારો બાળક કેટલો ડાહ્યો છે કે એના કુમળા શરીરને જરા સરખી ઈજા પહોંચે એવી વસ્તુને એ રમવા માટે અડતો નથી. એનું તાજપતાજથી ભરેલું ફૂલ જેવું હલકું શરીર છે, તેથી જ એ અન્ય વસ્તુને છોડી ફૂલ સાથે રમે છે. એની સૌરભથી એ ફૂલની જેમ ખીલે છે ને મીઠા રણકાર માટે તો એને માત્ર એક વાટકી જ કાફી  છે. કારણ કે વાટકી પણ એના જેવી જ ભાર વિનાની હલકી ને મીઠો મધુર રવ આપે એવી છે. આ આખી માની ભાવસ્થિતિ બાળક જાણે કળી જાય છે ને માના વહાલના દરિયામાં બાળકનું મન લહેરાવા લાગે છે ને પછી શાંત દરિયાની જેમ બાળક શાંતનિંદ્રામાં પોઢી જાય છે. માતાનું હાલરડું એ બાળકની નિંદ્રાનું ઉત્તમ ઓસડ છે.

મ્હાણો ભાઈ તે 'ઝોળીયે'[૯] હીંચકાયે રા હાલો

હાલો...હાલો...હાલો...

હા...હા...હા...હા...લો...

ભાઈ તુણે[૧૦] આંગણે કોળાણ બોલેરા[૧૧] હાલો

કોળાણ બોલે ને ભાઈ કુ કુ કરે રા હાલો...

હાલો...હાલો...હાલો...

હા...હા...હા...હા...લો...

મ્હાણો ભાઈ તે 'ઝોળીયે' હીંચકાયે રા હાલો

ભાઈ તુણે ઘરાયે મોભે[૧૨] મોર બોલેરા હાલો...

મોર બોલે ને ભાઈ મધ ચાટેરા[૧૩] હાલો...

મધ ચાટીને ભાઈ નિંધુલી આવે રા હાલો

હાલો...હાલો...હાલો...

હા...હા...હા...હા...લો...

આ હાલરડામાં માતાની મમતાનો મલકાટ લાગણીઓના ધોધરૂપે વહે છે. અહીં વાત્સલ્યરસ વ્યંજનાત્મક રીતે ઢોળાય છે. 'ભાઈ તુણે આંગણે કોળાંણ બોલેરા હાલો, કોળાંણ બોલે ને ભાઈ કુ..કુ.. કરે રા હાલો' ભાઈની સામે જેના કંઠમાંથી હરહંમેશ માત્ર ને માત્ર મીઠો મધુર જ રવ નીકળે છે, એવી કોયલરૂપી મા હાલરડું ગાઈ રહી છે ને કોયલરૂપી માની સાથે ભાઈ બાળક પણ કાલી-ઘેલી વાતો ગણ-ગણી રહ્યો છે. માતાની મમતાના અમીપાન કરી રહ્યો છે. માતાનો મીઠો મધુર રણકારથી જાણે માધુર્યનો આખો સાગર ઠલવાઈ જાય છે ને બાળક એ માધુર્યમાં ડૂબકી મારી જાય છે ને ઘેરી નિંદ્રામાં ગરકાવ થવા માંડે છે. 'ભાઈ તુણે ઘરાયે મોભે મોર બોલેરા હાલો, મોર બોલે ને ભાઈ મધ ચાટેરા હાલો' 'મધ ચાટીને ભાઈ નિંધુલી આવે રા હાલો' - અહીં ઘરના મોભી એવા પિતા મોરની જેમ ટહુંકી રહ્યા છે. જાણે મહાસાગરનો ઘૂઘવાટ પણ મધની જેમ મીઠો ને પ્રેરણાસ્રોત બની જાય છે. મીઠો મધુર રવ પણ એને શાંતિનો અનુભવ કરાવી જાય છે ને બાળક મીઠી નિંદ્રામાં પોઢી જાય છે.

આમ, હાલરડાં હળવી શૈલીમાં ગવાતાં બાળકના હળવા માનસને વધુ આહ્‌લાદકતાનો અનુભવ કરાવે છે ને બાળક હળવું ફૂલ બની મીઠી નિંદ્રાને માણે છે.

## પાદટીપ

| | | | |
|---|---|---|---|
| (૧) | નિંધુલી | - | નીંદ |
| (૨) | મ્હાણો | - | મારો |
| (૩) | મ્હાણા | - | મારા |
| (૪) | કુણ | - | કોણ |
| (૫) | આયા | - | મા |
| (૬) | બાપા | - | બાપુજી / પિતા |
| (૭) | નિંધુલી | - | નીંદ |
| (૮) | નિંધુલા | - | મીઠી નીંદ |
| (૯) | ઝોળીયે | - | ઝોળીમાં |
| (૧૦) | તુણે | - | તારા |
| (૧૧) | કોળાણ બેલેરા | - | કોયલ બોલે છે |
| (૧૨) | ઘરાયે મોભે | - | ઘરના મોભ ઉપર |
| (૧૩) | મધ ચાટેરા | - | મધ ચાટવું (મધ ચાટે છે) |

## (૨) જોડકણાં :-

જોડકણું એટલે સ્થળકાળનું ઋતુ પ્રમાણે બે કે તેથી વધુ પંક્તિઓનો પ્રાસ બેસાડી જોડવું અને એમાંથી અર્થચમત્કૃતિ સાધવી.

જોડકણું એટલે કલ્પનાથી યુક્તિસભર બનાવટ, ખરી લાગે એમ કોઈ વાત કે વસ્તુને ગોઠવવી તે. ગપ, અફવા, કપોલકલ્પિત, ઉપજાવી કાઢેલી વાત, આમ તેમથી મેળ મેળવીને ખરા જેવું પણ ખોટું તૂત ઊભું કરવું તે અથવા નવી કલ્પનાથી જેમ તેમ જોડી કાઢેલ કવિતા કે ગીત. (ભગવદ્ગોમંડલ-ભાગ-૪, પૃ.૩૬૨૪)

જોડકણાં એ એક એવો સાહિત્ય પ્રકાર છે જેમાં હાસ્ય, વિનોદ અને ગણતરની સાથે કલ્પનાનું તત્ત્વ ભળે છે ને એક નવી તાજગી લઈને બાળમાનસનો વિકાસ સાધે છે. માણસ માત્ર વાર્તા ભૂખ્યો છે, પણ એના મૂળ સંસ્કારો એમને બાળપણથી જ માતા કે દાદીના હાલરડાં અને બાળ જોડકણાં દ્વારા મળેલા છે. બાળમાત્રનું આનંદ અને મનોરંજનનું એકમાત્ર સાધન હોય તો તે બાળજોડકણાં છે. જેમ દાદા-દાદીની ચકારાણા-ચકીરાણીની વાર્તા એને ચોકલેટ જેવી મીઠી મધુર લાગે છે, તેમ બાળજોડકણાં એને મીઠાં અને મધુરાં લાગે છે. બાળ જોડકણાં જેવો હુલામણો સાહિત્ય પ્રકાર હવે નામશેષ થઈ રહ્યો છે.

બાળક રડતું હોય, તોફાન કરતું હોય, કોઈ જુદા જ મિજાજમાં હોય ત્યારે દાદી, માતા કે બહેન બાળ જોડકણાંના અમીપાન દ્વારા બાળકને રસતરબોળ કરે છે. એ જ જોડકણાં બાળરમતનું સ્વરૂપ ધારણ કરે છે ને પછી સૌ બાળકો ભેગા મળી જોડકણાં ગાઈ એની સાથેની રમતો રમીને રસોલ્લાસ માણે છે. અત્યારે આધુનિક યુગમાં વિજ્ઞાન અને યંત્રવાદે એના પર ભલે તરાપ મારી હોય છતાંય આ બાળજોડકણાંનું સ્થાન વિજ્ઞાન કે યંત્રયુગ છીનવી શકે એમ નથી. આપણા સાહિત્યસર્જકો દ્વારા એની ઉપેક્ષા થઈ રહી હોય, એના સંપાદન વિશે ઝાઝી ચિંતા સેવી ન હોય, પરંતુ આજે પણ એ બાળજોડકણાં બાળકના માનસપટ પર એક નવો સંચાર પ્રેરે છે.

બાળજોડકણાંમાં બાળમાનસનો લય અને પ્રાસ જળવાયેલા હોય, જેથી એમાં આલેખાતો હાસ્ય-વિનોદ અને ગણતરની ફિલસૂફી બાળક સહેલાઈથી ગ્રહણ કરે છે. પરંતુ બાળકને મન માત્ર એનો નાદ, એનો લય જ મહત્ત્વનો હોય છે.

ધોડિયા જ્ઞાતિ એક એવી જ્ઞાતિ છે. જે પ્રકૃતિના ખોળે રજોટાઈ-પળોટાઈને સંસ્કૃતિના ધાવણ ધાવીને બાળકોને એ પ્રકૃતિ ને સંસ્કૃતિનું રસપાન કરાવે છે. જેથી જોડકણાંમાં પ્રકૃતિ ને સંસ્કૃતિ આપોઆપ ભળે છે. પ્રકૃતિ સાથે ઊછરતું બાળક પ્રકૃતિને જે કેન્દ્રબિંદુ બનાવી આનંદ-ઉલ્લાસ લૂંટે છે અને એની બાળસહજ રમતમાં એ જોડકણાંનો મહદ્અંશે ઉપયોગ કરે છે. આવા વિનોદી જોડકણાંમાં ક્યારેક હળવું તત્ત્વજ્ઞાન કે માણસની વૃત્તિઓના પણ દર્શન થાય છે. દા.ત. વાડી વાડી ગલકેં-નાયકેં તુલે અલકે - અહીં માનવસહજ બીજા કરતાં શ્રેષ્ઠ દેખાવાની વૃત્તિનાં દર્શન થાય છે. જોડકણાંમાં ક્યારેક કોઈ વ્યક્તિને કે વ્યક્તિની વૃત્તિને તો ક્યારેક કોઈ જાતિ કે વસ્તુને કેન્દ્રબિંદુ બનાવી એમાંથી હળવો વિનોદ રમતના ભાગરૂપે લૂંટવામાં આવે છે. જે નિર્દોષ અને સહજ છે. ધોડિયા જ્ઞાતિ દક્ષિણ ગુજરાતના નદીઓથી ભરપૂર એવા વિસ્તારમાં વસેલી હોવાથી, નદીમાં ભૂસકા મારવા એ તો એમના માટે સહજ બની ગયું હોય, તેથી નદીમાં નાના બાળભેરૂઓ સાથે રમત રમતા જોડકણું જોડી કાઢવામાં આવે. દા.ત. આડું હું ? ઈંડુ. ફાડે કોણ ? કાગડી ! ચોથે કોણ ? બંડલ, આંઢલી ધોવાણ ? મણિયો. અહીં બાળકો જોડકણાંમાં પ્રશ્નોત્તરી કરે છે ને બીજા બાળકો જવાબ આપે અને ઘણા બાળકો જવાબ આપવામાં કોઈએક બાળકથી જે ભૂલ થાય એમના થકી કોઈના ભાગે દાવ લેવાનો વારો આવે અને એ રીતે આનંદ-પ્રમોદ માણવામાં આવે. ક્યારેક જોડકણાંમાં અતિશયોક્તિ ભળે છે અને અતિશયોક્તિના બળે એક ચમત્કૃતિ સધાય છે ને નવી તાજગીભર્યો આનંદ પ્રાપ્ત થાય છે. ક્યારેક નાના બાળકોને રીઝવવા અને હસાવવા નાની બહેન કે ભાઈ કે પછી માતા જોડકણું જોડી બાળકની હથેળી પહોળી કરાવી આંગળી ઉપર આંગળી મૂકી જોડકણું બોલી અચાનક બાળકની કમરમાં કે

પેટમાં હાથ અડાડી ગિલીગોટા કરી બાળકને ખુશ કરવામાં આવે તો બાળક રડતું બંધ થઈ હસવા લાગે.

દા.ત. આન-પાન પીપળે જમાડી જાન

એક જાન ભૂખી

થાળી ધોઈ ઊઠી

થાળીમાં છે ટોપરૂં

ભાઈ તમારૂં છોકરૂં

છૈયાં છોકરાં સારાં છે

અરવાડો, તરવાડો ભમ્મ દેને ભૂચકો.

જોડકણાંનો નાદ અને લય જ એક નવી તાજગી બક્ષે છે અને ક્યારેક જોડકણાંના અંતિમ શબ્દ પર આખા જોડકણાંનો આધાર રહેલો હોય છે. જ્યારે જોડકણું શરૂં થાય ત્યારે બાળક જિજ્ઞાસાપૂર્વક અંતિમ શબ્દના ઉચ્ચારણની પ્રતિક્ષા કરે છે ને અંતિમ શબ્દ જ બાળકના આનંદનો વિષય બની રહે છે.

દા.ત. કાકા બોડી[૧] રોપી કા[૨] ?

રોપી.

મે[૩] ખાંવ[૪] આવેં કા ?[૫]

આવ.

કાળીયો કૂતરો કડે[૬] તે ?

મેં હોજોને.[૭]

ધોડિયા સમાજમાં આવા અનેક જોડકણાં જોવા મળે છે. ક્યાંક અતિશયોક્તિ દ્વારા બાળકને વિચારમગ્ન બનાવી એની બુધ્ધિને કસવામાં આવે અને બુધ્ધિકસોટી એની રમતનો

વિષય બની રહે છે. એ રીતે બાળજોડકણાં બાળકો માટે પ્રિય વિષય બની રહે છે. આવા વધુ જોડકણાં આપણે જોઈએ.

અર્ણ[૯] ભર કાથાયોં[૯] ખાટલો

ઘંટીએ દળ કણકી વાટલો[૧૦]

બોડી લાંબો તુણો[૧૧] ચોટલો

મેં નાંય[૧૨] ખામનો[૧૩] કંડાયો[૧૪] રોટલો.

આ જોડકણામાં રમૂજની સાથે સાથે પોતાના નીજી સ્વભાવનું આલેખન કલાત્મક રીતે થયેલું છે. બનેવી સાળીને ત્યાં મહેમાન બનીને આવે છે. સાળીની સાસરી આર્થિક રીતે નબળી છે. ઘરમાં ઓઢવા-પાથરવા કે રાચ-રચીલાની અછત છે. ખાવા માટે પૂરતું અનાજ પણ નથી. ત્યાં મીજાજી સ્વભાવવાળો બનેવી સાળીનો મહેમાન બને છે અને સાળીને જાણે આદેશ કરે છે કે અમે તો તારા મહેમાન થયા. આગતા-સ્વાગતા હવે કર ! મને લીંપણવાળા ઓટલા પર નીચે બેસવું નહીં ગમે, તું તારા ઘરવાળાને કહે કે મહેમાનો માટે કાથીની દોરી ભરેલો ખાટલો રાખે, જેથી મારા બનેવી આરામ કરી શકે ને હાં ચોખાની કણકી કાંતે વાટલા ઘંટીએ દળી કાઢ ને મહેમાન માટે ઢેખળાં[૧૫] બનાવ ! તું જાણે છે કે તારૂં નામ બોડી પણ તને લાંબો ચોટલો જ ગમે તેમ તારા બનેવીને કંડાનો (કુંસકાનો) રોટલો ભાવતો નથી. એને ચોખાના લોટના ઢેંખળાં જ બહુ ભાવે છે. અહીં એક બાજુ સાળીની સાસરીની દયનીય સ્થિતિનું ચિત્રણ છે, તો બીજી બાજુ સાળી-બનેવીના મીઠા સંબંધોનું આલેખન છે. દુઃખદાયક સ્થિતિમાં પણ બનેવી સાળીના દુઃખને હળવું કરી હસાવી શકે છે. એનું આહ્લાદક આલેખન આ જોડકણામાં જોવા મળે છે.

આન-પાન પીપળે જમાડી જાન

એક જાન ભૂખી

થાળી ધોઈ ઊઠી

થાળીમાં છે ખોપરાં - ભાઈ તમારાં છોકરાં
છૈયાં છોકરાં સારાં છે - ભાઈ તમારા સસરા છે
અરવારી, પરવારી[૧૬], છેલ્લા ઘરનો ટીચકો.[૧૭]

આ બાળ જોડકણું બાળકોની એક પ્રકારની રમત છે. ત્રણ-ચાર બાળકો ભેગા થાય અને મજાક-મશ્કરીના મૂડમાં હોય ત્યારે પોતાના બંને હાથની હથેળી નીચે ઊંધી મૂકી, એક એક શબ્દ બોલતા જાય ને એક-એક આંગળીને સ્પર્શતા જાય, ને છેલ્લા શબ્દે ગીલીગોટા કરી હાસ્ય ઉત્પન્ન કરી આનંદ મેળવી લે - પરંતુ આ રમતમાં પણ જીવનની વાસ્તવિક સ્થિતિનું દર્શન થાય છે. કોઈકનો સસરો કેવો અને કેવા સ્વભાવવાળો છે. તેનું આલેખન હસતાં-હસતાં થઈ જાય છે. સસરો તો જૂઓ, એ જાન લાવ્યો ને પીપળાના પાંદડામાં જાનને જમાડી, એટલું જ નહીં બે જાનમાંથી એક જાન તો ભૂખી જ રહી ગઈ ! હાથ ધોઈને ઊઠી જવું પડ્યું. જાનમાં આવેલાં બિચારાં ભૂખ્યાં છોકરાની નજર તો વિધિ માટે કંકુ-શ્રીફળ ભરેલી થાળી ઉપર પડી હતી. ત્યાં એનો સસરો આવીને વેવાઈને પૂછે છે કે છૈયાં-છોકરાં તો સારાં છે ને ? પોતાની જાન ભૂખી રહી ગઈ એનો મનમાં વસવસો લઈને વેવાઈએ મોં મચકોડીને પોતાના પુત્રના સસરા તરફ અણગમો વ્યક્ત કરતા કહ્યું - ભાઈ ! તમારા સસરા તો જુઓ ? પોતે ખાઈ-પીંને પરવારી ગયા ને તારી જાન ભૂખી રહી ગઈ એ જાણવા છતાં પાછા પૂછે છે કે સૌ સારાં વાના તો છે ને ! જો કદાચ કશુંક કહેવા જઈશું તો મોટો ટીચકો લાગી જશે. અહીં લગ્ન જેવા પરિચિત પ્રસંગમાં બનતી વ્યવહારિક ઘટનાનું આલેખન બાળ રમત દ્વારા અપરિચિતરૂપે મૂકીને વાસ્તવિક સ્થિતિનું ભાન કરાવે છે.

આડું હું ?
ઈંડું.
ફાડે કોણ ?
કાગડી.

ચોથે કોણ ?

બંડલ.

આંઢલી[૧૮] ધોવાણ ?[૧૯]

મણિયો.

આ બાળજોડકણું બાળકોની પાણીની રમત છે. ઊનાળાની ગરમીમાં બાળકો નદી કે તળાવના ઊંડા પાણીમાં ન્હાવા માટે જાય છે. ત્યારે ડૂબકી મારીને બીજા બાળકને પકડવાની રમત રમે છે. પરંતુ પહેલો પ્રશ્ન એમને એ નડે કે પહેલાં કોણ ડૂબકી મારે ને બીજાને પકડે, ત્યારે આ બાળજોકડણું નદીમાં ન્હાવા પડેલા બાળકોમાંથી કોઈ એક બાળક બોલે છે. અહીં એની ચતુરાઈના દર્શન થાય છે. કારણ કે એ બાળકે ડૂબકી મારીને બીજાને પકડવા પડે એના કરતાં દાવ થાય છે. કારણ કે એ બાળક ડૂબકી મારીને બીજાને પકડવા પડે એના કરતાં દાવ બીજાને આપવા એ ઝડપથી આ જોડકણું ગાવા માંડે છે કે આડું હું ? એનો જવાબ સમૂહમાં બીજા બાળકો આપે છે કે ઈંડુ અને એ ઈંડાને ફાડે કોણ ? તે કેવો હોય ? જે બીજો એનો લાભ લઈ જાય ને ગધ્ધા મજૂરી પોતે કરે, એવો પ્રશ્ન છેલ્લે છેડાય છે કે આંઢલી ધોવાણ ? અને બધામાંથી કોઈ એકનું નામ ઝડપથી આપવામાં આવે છે - મણિયો અને એના માથે ડૂબકી મારવાનો દાવ આવે છે. એ પાણીમાં ડૂબકી મારીને બીજાને પકડે ત્યારે જ દાવ પૂરો થયો ગણાય અને ફરીથી નવો દાવ શરૂ થાય ને ફરીથી જોડકણું ગવાય.

અહીં આ બાળજોડકણું ભલે બાળકોની રમતનું છે, પરંતુ અહીં પણ જીવનની ફીલસૂફી ભરેલી જોવા મળે છે. ઈંડું એ પોતાની મેળે ઊભું રહી શકતું નથી. એને બીજાનો આધાર લેવો પડે છે. બીજાનો ટેકો ન મળે તો એણે આડા જ પડવું પડે છે. ઈંડું એ આળસું અને પરાવલંબી માણસનું પ્રતીક બને છે. કાગડો એ દુષ્ટ માણસનું પ્રતીક બને છે. કોઈએ રસોઈ બનાવીને ખાઈ લીધી છે ને જેના માથે માત્ર તપેલી જ ધોવી પડે છે અને એ તપેલી

ધોવા પણ માણસ ટેવાઈ ગયેલો હોય છે અને એવો માણસ એટલે મણિયો. એ મણિયો અહીં નિર્બળ ને બાયલા પુરૂષનું પ્રતીક બનીને આવે છે.

આવળી[૨૦] બાવળી[૨૧]

કાળી કાળી કાવળી[૨૨]

સંઢાઈ[૨૩] છીનાવળી[૨૪]

રાખજા[૨૫] ઈયાં[૨૬] જાવળી[૨૭]

આ જોડકણામાં પણ સમાજની ખંધઈ ને કુટીલતાના દર્શન થાય છે. આવળ-બાવળથી ભરેલું કાળી-કાળી કાવળી જેવું ભયાનક જંગલવાળું ગામ છે. જ્યાં જંગલિયત અને હેવાનિયત ભરેલાં છે અને એવું જ એક ગામ તે સંઢાઈ છે. એવી કપોલકલ્પના કરેલી છે. સંઢાઈ ગામ આવળ-બાવળથી ભરેલું છે ને ત્યાંના લોકો પણ કાળી કાવળીની જેમ કાળા કરતૂતોથી ભરેલા છે. વ્યભિચાર એ તો એમનો સમાજધર્મ બની ગયેલો છે. જો એ ગામમાં જવું કે પુત્ર-પુત્રીની લેણ-દેણ કરવી હોય તો એમને-એમના સંસ્કારોને જાળવવા પડશે. એ જાણે આપણી બધાની નૈતિક ફરજ બની રહે છે.

આ જોડકણામાં સમાજની કુટીલતાનાં દર્શન કોઈ એક ગામની કલ્પના કરીને, અન્ય ગામને પ્રેરણા મળે એ રીતે એ ગામની સંડોવણી કરી હશે. કદાચ એ ગામ એવું ન પણ હોઈ શકે. પરંતુ પ્રાસ બેસાડવા કદાચ આ ગામની પસંદગી કરી હોય એવું પણ બને.

કોટે રે કોટે

ટીપું રે ટીપું

કોટે રે કોટે

ટીપું રે ટીપું

કોને રે ટીપું ?

છગનને ટીપ.....

અકુને ટીપ.....

વૈશાખની બળ-બળતી ગરમીથી કંટાળેલા બાળકો, બપોરે ઘરમાં પુરાયેલા હોય અને સાંજે ખુલ્લી હવાની તાજગીમાં એકબીજા સાથે મસ્તીની મજા માણવા થનગનતા હોય ત્યારે ખેડૂત પોતાના ઘરના વાડામાં કરેલા ઊકરડાના ખાડામાંથી ખાતર કાઢીને ખેતરે નાખી ઊકરડાને ખાલી કરી દીધો હોય ત્યારે બાળકો ભેગા મળી ઊકરડાની અંદર ઉતરી રમત રમતા હોય છે. ત્યારે આ જોડકણું ગવાય કે ઊકરડાની બહાર એક બાળક હોય છે અને બીજા બાળકો ઊકરડાની અંદર હોય છે. બહારનો બાળક ઊકરડાની ગોળ ગોળ ફરતો જાય છે ને 'કોટે રે કોટે' ના નારા લગાવતો જાય છે અને અંદરના બાળકો 'ટીપું રે ટીપું' ના નારા સાથે પ્રત્યુતર આપતા જાય છે. રમતને વધુ ઘેરી બનાવવા એકના એક નારા વારંવાર બોલાય છે ને પછી ઊકરડાની અંદર રહેલો બાળક જે દાવ લેવામાંથી ને માર ખાવામાંથી છૂટવા માંગતો હોય એ ચતુર અચાનક બોલી ઊઠે છે 'કોને રે ટીપું ?' અને બહાર ઊકરડાની ફરતે રહેલો બાળક ઊકરડામાં અંદર રહેલા બાળકોમાંથી કોઈ એકનું નામ દઈ દે છે કે 'છગનને ટીપ' અને અંદર રહેલા બધા જ બાળકો છગનને મારવા એક સાથે તૂટી પડે છે. છગન મારથી બચવા ઊકરડામાંથી બહાર નીકળી જાય છે અને બહાર ફરતો બાળક અંદરના સમૂહમાં ભળી જાય છે. હવે છગનને એક પછી એક અંદરના દરેક બાળકને હાથથી ખેંચી ઊકરડામાંથી બહાર કાઢવાના છે, ત્યારે રમત પૂરી થાય. જો ભૂલે ચૂકે અંદરના બાળકને બહાર ખેંચવા જતાં જો એ ખેંચાઈને અંદર આવી જાય તો અંદર રહેલા બાળકોની ટપલીનો ભોગ બનવું પડે છે. ઉપરોક્ત રમત જુદા-જુદા વિસ્તારમાં એ જ રમતને જુદા જોડકણા દ્વારા રમવામાં આવે છે, જેમ કે -

આંગોળી[૨૮] ચાંગોળી[૨૯]

કાચમાં ગોળી

ચલ્લાં ચૂક[30]

અડીંગ દડીંગ

કીલ્લા કોટ

બાજાર બોટ

રાંગ દોર .... રમેશની છૂટ્ટી !

આ જોડકણું પણ બાળરમતનું છે. બાળકો સંતાકુકડી રમતાં પહેલાં, કોઈ એક બાળકને દાવ આપવા આ પ્રકારનું જોડકણું ગાય છે. એમાં એક બાળકની હથેળી ઊંચી અધ્ધર ઊંધી રાખવામાં આવે છે. સંતાકુકડીમાં ભાગ લેવા માંગતા દરેક બાળકો પોતાની એક આંગળી ઊંધી હથેળીમાં અડાડી રાખે છે. પછી ઊંધી હથેળી વાળો બાળક ઉપરનું જોડકણું બોલે છે અને જેવું જોડકણું પૂરૂં થાય કે તરત હથેળીમાંથી આંગળીઓને પકડવા જોરથી મુઠ્ઠી બંધ કરે છે.

એ મુઠ્ઠીમાં પોતાની આંગળી પકડાઈ ન જાય એટલા માટે દરેક બાળકો પોતાનો હાથ ખેંચી લે છે. જો એકપણ બાળકની આંગળી મુઠ્ઠીમાં ન આવે તો ફરી-ફરી એ જોડકણું ગવાય છે. ક્યારેક બે કે બેથી ત્રણ બાળકોની આંગળી મુઠ્ઠીમાં આવી જાય તો પણ એ જોડકણું ફરીથી ગવાય છે અને જ્યારે છેલ્લે એક જ બાળકની આંગળી એ મુઠ્ઠીમાં બંધ થાય ત્યારે એ બાળકે દાવ લેવો પડે છે અને સંતાયેલા બાળકોને શોધી કાઢવા પડે છે અને શોધી કાઢેલા બાળક પાસે એ દાવ જાય છે.

આમ તો આ જોડકણાનો સીધો ને સાદો અર્થ એવો થાય કે કાચમાં ગોળી (લખોટી - નાના પથ્થરના અર્થમાં) વાગે અને કાચની કણી ખૂંચવા માંડે, ચલ્લાચૂક એટલે કે ચારેબાજુ ચૂક આવવી અથવા પીડા થવી, તેમ આ રમતમાં હથેળીમાં મુકાયેલી આંગળીઓને પણ દાબીને પકડવામાં આવે તો પીડા જ થાય. 'આંગોળી' એટલે આંગળીઓ અને 'ચાંગોળી' એટલે ચાંપવી અથવા દબાવવી. 'આંગોળી ચાંગોળી' ના પ્રાસ દ્વારા જેના માથે આવી પડેલો

દાવ, જેમ આંગળીઓને જોરથી મુઠ્ઠીમાં પકડીને દબાવવામાં આવે તો પીડા જ થાય એવો સૂચિત અર્થ અહીં સમાયેલો જોવા મળે.

વાંદારવેલેનો વાંદરો

ધળીકુવામાં 'ધયરો'[૩૧]

ચીખલીમાં 'ચીયરો'[૩૨]

વાલઝીરીમાં 'વઘાયરો'[૩૩]

રાણી ફળિયામાં 'રાંયધો'[૩૪]

ખાંભલામાં 'ખાધો'

આ જોડકણું રમૂજ અને અતિશયોક્તિ ભરેલું છે. જુદા-જુદા ગામની જુદી-જુદી ઓળખ એક માત્ર વાંદરાથી અપાઈ છે. વાંદરો મૂળ ક્યાંનો છે, એને કઈ જગ્યાએ પકડવામાં આવ્યો, એને ક્યા ગામમાં કાપવામાં આવ્યો ને ક્યા ગામમાં વઘારવામાં આવ્યો ને ક્યા ગામમાં રાંધવામાં આવ્યો અને કઈ જગ્યાએ ખાવામાં આવ્યો. આમ તો આ જોડકણામાં અતિશયોક્તિ છે. વાંદરાનો કોઈ શિકાર કરતું નથી કે કોઈ એને ખાતું નથી. પરંતુ વાંદરાને જુદા-જુદા ગામે લઈ જઈને જુદી-જુદી રીતે થયેલો એનો ઉપયોગ એ ચોરી કરવા આવેલા ચોર ચોરી કરીને ક્યા-ક્યા ગામમાં એની નિશાની છોડતા ગયા છે. એની ચાડી ખાતું આ જોડકણું રમૂજ ઉત્પન્ન કરે છે અને બાળકોને આનંદ આપે છે.

વાડી વાડી ગલકે[૩૫]

નાયકે[૩૬] તુલે અલકે[૩૭]

આ જોડકણું ભલે બાળકો દ્વારા ગવાતું હોય, પરંતુ પરંપરાથી નાયકા અને ધોડિયા જ્ઞાતિઓ વચ્ચે થતા રહેલા મતભેદની ચાડી ખાય છે. દરેક જ્ઞાતિ પોતાને બીજા કરતાં ઊંચી, ચડિયાતી ને સંસ્કારી માનતી આવેલી છે. એવું જ કદાચ આ બે જ્ઞાતિઓ વચ્ચે પણ મતભેદો ચાલતા આવ્યા હશે એ જ્ઞાતિવાદ પરથી આ જોડકણું બન્યું હોય એમ સંભવે. અહીં એક

દષ્ટાંત રૂપે બીજા વિધાનમાં ટેકામાં ઉચ્ચારાયેલું જોવા મળે છે. જેમ કે જ્યાં જુઓ ત્યાં દરેક વાડ ઉપર ગલકાનો વેલો હોય અને ગલકું એમાં લટકતું હોય તેમ દરેક ગામમાં નાયકા જ્ઞાતિ ગલકાની જેમ હોય જ ! ગલકું પચવામાં એકદમ હલકો ખોરાક છે, તેમ નાયકા જ્ઞાતિના લોકો એકદમ સરળ અને સહજ હોય છે. એવો કંઈક અર્થ એમાંથી ઉત્પન્ન થતો હતો, પરંતુ સમય જતાં અર્થાદેશ પામી અર્થ બદલાઈ ગયો હોઈ 'અલકે' શબ્દ અસંસ્કારિતાનું સૂચક બની જાય છે અને બાળકો માટે એક-બીજાને ચીડવવા માટેની રમત બની જાય છે. મોટી ઉંમરની વ્યક્તિઓ આ પ્રકારનો ભેદ જોતી નથી. હળી-મળીને સંપીને એકતાથી જીવન-વ્યવહાર ચલાવે છે. આ બે જ્ઞાતિઓ વચ્ચે 'રોટી' નો વહેવાર છે પણ 'બેટી' વહેવાર નથી.

બોડીવાંકડામાં[૩૮] લોધાણ[૩૯] પડી
ઝીણકી ડોહીને ખબર પડી
'આંસુ'[૪૦] લઈને દોડી રે આવી
'ચીકાણહરો'[૪૧] હરી રે ગયો..... તા. લીંગ-લીંગ-લીંગ

આ જોડકણામાં પણ જીવનનું વાસ્તવદર્શી ચિત્ર ઝીલાયું છે. માણસ પાસે પોતાનું પેટ્યું રળવા કશું ન રહે, પોતાની ભૂખ પૂરેપૂરી ન સંતોષાય ત્યારે માણસનો જીવ અધૂર્યો બને છે અને પેટનો ખાડો પૂરો કરવા કોઈપણ જાતનો વિચાર કર્યા વિના ગમે તે કામ કરવા તૈયાર થઈ જાય છે. એવી એક વ્યક્તિ તે ઝીણકી ડોશી છે. ભૂખમરામાં એ અતિલોભી બની ગઈ છે. બોડીવાંકડો નામનો નદીનો ઊંડો ધરો આવેલો છે. જ્યાં માછલીઓ પણ વધુ છે. પરંતુ એ માછલી કોઈ એકલી વ્યક્તિથી પકડી શકાય એમ નથી. માછલીઓ પર આક્રમણ કરી એને પકડવા સામૂહિક રીતે માછલીઓ પર તૂટી પડવામાં આવે તો ગભરાઈને માછલીઓમાં ભાગમભાગ મચી જાય અને ગમે તેના હાથમાં રહેલાં આંસુમાં એ ભરાઈ જાય અને માછલી પકડાઈ જાય. વિશેષ કરીને ગામિત જ્ઞાતિની સ્ત્રીઓ આંસુ લઈને

માછલીઓ પકડતી હોય છે. એમાંની એક સ્ત્રી એટલે ઝીણકી ડોશી. જે અતિલોભી છે. બોડીવાંકડાના ધરામાં આજે લોધ પડી છે. એવી એને જાણ થતાં જ પોતે રહી જશે એમ માની આંસુ લઈને એ દોડી આવે છે. એના આંસુમાં કેટલીક ચીકણહરા જેવી માછલીઓ આવે છે. પણ ચીકણી હોવાને કારણે હાથમાંથી છટકી જાય છે અને પોતે માછલી વિના રહી ગયાનો અફસોસ લઈને ઘરે પાછી ફરે છે. એનું કરૂણચિત્ર હળવી રમૂજ શૈલીમાં થયું છે.

'આટો પાટો'[૪૨]

'સિપાઈનો પાટો'[૪૩]

'બગલાની ટોપી'[૪૪]

'બદામનો ઘાઘરો'[૪૫]

ઉપરોક્ત જોડકણું 'આટા-પાટા' ની રમતની શરૂઆતમાં ગવાય છે. જેમ કોઈ પ્રસંગને ખૂલ્લો મૂકવા લાલ પટ્ટીને કાતરથી કાપવામાં આવે તેમ આ જોડકણું 'આટા-પાટા' અથવા 'સીરપાટા' ની રમતની મંગલાચરણ રૂપે રજૂ થાય છે. આ રમત વિશેષ કરીને હોળી પૂર્વે ૧૫ દિવસ પહેલા શરૂ થાય છે. અમાસ પછીના ઊગતા ચંદ્રના અજવાળામાં આ રમત રમાય છે. ચાંદ જ્યાં સુધી આકાશમાં રહે ત્યાં સુધી એ રમત ચાલુ રહે છે. આ રમત એટલે રમતનો ચક્રવ્યૂહ. એમાં પહેલા બે ટીમ પાડવામાં આવે છે. એક ટીમ ચક્રવ્યૂહમાં ગોઠવાયેલી હોય છે અને બીજી ટીમ ચક્રવ્યૂહને તોડીને છેલ્લે સુધી જઈને પાછી ફરીને મૂળ જગ્યાએ આવે છે.

આ રમતમાં આગળ રાખથી એક આડો પાટો દોરેલો હોય છે. જે એની સીમા સૂચવે છે અને બરાબર વચ્ચોવચ એક લાંબો ઊભો પાટો હોય છે અને થોડે-થોડે અંતરે એ ઊભા પાટાને છેદતો આડો પાટો હોય છે અને એ આડો પાટો બંને બાજુએથી નક્કી કરેલી હદના બીજા ઊભા પાટાને અડે છે. વચ્ચેના ઊભા પાટામાં એક રમતવીર હોય છે. જે આરંભના

પહેલા આડાપાટાથી છેક છેલ્લા આડા પાટા સુધી એની દેખરેખ હોય છે અને વચ્ચે વચ્ચે થોડા-થોડા અંતરે દોરેલા દરેક આડા પાટામાં એક-એક રમતવીર હોય છે.

આ રમતમાં રમતવીરોની બે ટીમ પડે છે. એક ટીમ ચક્વ્યૂહને સાચવે છે. દરેક પાટામાં એક રમતવીર ગોઠવાયેલો હોય છે અને બીજી ટીમે આક્રમણ કરી એ ચક્વ્યૂહમાં પ્રવેશ કરવાનો હોય છે. ત્યારે બહાર ઉભેલી ટીમનો સરદાર જાણે શંખનાદ ફૂંકતો હોય એમ ઉપરોક્ત જોડકણું બોલે છે - આટો-પાટો, સિપાઈનો પાટો, બગલા ટોપી, બદામનો ઘાઘરો... આ જોડકણા સાથે રમતની શરૂઆત થાય છે. સામે પક્ષના રમતવીરો પણ સજાગ બને છે. બહારની ટીમનો કોઈપણ રમતવીર એ આરંભના આડા પાટાને છેદીને એ ચક્વ્યૂહમાં પ્રવેશ કરે અને આડા પાટા પર ઊભો રહેલ રમતવીર એને બીજા ચોકઠામાં પ્રવેશ કરતાં રોકે, એને પકડી લે તો એ રમતમાંથી આઉટ થઈ જાય. જ્યારે બીજો કોઈપણ એમ રમતવીર એમનું ધ્યાન ચૂકવીને છેલ્લે સુધી પહોંચીને ફરી દરેક આડા પાટાને છેદીને પાછો આરંભના આડા પાટાને છેદીને બહાર આવી જાય અને જોરથી નારા લગાવે કે - પાણી રોય....! એટલે એમની જીત થઈ કહેવાય અને જો એમ ન થાય બધા જ ખેલાડીઓ આઉટ થઈ જાય તો દાવ એમના માથે આવી પડે.

નાંય રોપેં[૪૬] આંબલી

નાય રોપેં તાડ[૪૭]

હ વરહાયીં[૪૮] ડોહી ઉની[૪૯]

નાંય એયરાં[૫૦] તાડ

ખાટી આંબલીનું વૃક્ષ વાવ્યા પછી આંબલી (ફળ) આવે છે. જ્યારે તાડનું વૃક્ષ એવું છે કે કેટલાયે વર્ષોના વર્ષો વીતી જાય ને પેઢીઓ બદલાય ત્યાં સુધી એને ફૂલ કે ફળ આવતા નથી. એ આંબલી અને તાડનો કદી મેળાપ થતો નથી.

આંબલીનું વૃક્ષ તાડના વૃક્ષની પ્રતીક્ષામાં જીવન વિતાવી શકે નહીં અને તાડનું વૃક્ષ આંબલીના વૃક્ષનો સહયોગ પામી શકે નહીં. બંનેને એકબીજાની અધુરપ વિના જ પોતાનું જીવન વિતાવવું પડે છે. તેથી ઉપરોક્ત જોડકણામાં નિર્દેશ થયો છે કે જીવનમાં ઘરના આંગણામાં આંબલીનું વૃક્ષ અને તાડના વૃક્ષને કદી વાવવું નહીં. આંબલી ફૂલી ફાલીને ઘરડી થઈ જાય, પરંતુ તાડને એ પામી શકે નહીં એટલે કે એનો સંસાર એ માણી શકે નહીં. અહીં આંબલી એટલે ડોસી, તાડ એટલે ડોસો. અહીં આંબલી ડોશીનું પ્રતીક બનીને આવે છે અને તાડ ડોસાનું પ્રતીક બનીને આવે છે. સંસારચક્રમાં સ્ત્રી અને પુરૂષના યૌવનમાં અસમાનતા રહેલી છે, એનું અહીં સૂચન થયું છે.

આઈટું[૫૧] ડાઈટું[૫૨] ભૂંયમાં[૫૩] ડાઈટું

કાકાડકૂંભા કેટલી વાર (કાકાડકૂંભો - એક પ્રકારનું પક્ષી)

એક બેઢું ઊતાર

અહીં ચાર-પાંચ નાના બાળકો રમત રમવા ભેગા થઈ એક બાળકના માથા પર હાથની મુઠ્ઠી એક ઉપર એક મુઠ્ઠી મૂકે અને જાણે મુઠ્ઠીનું બેઢું બનાવે છે અને પછી એક બાળક એ બેઢું ઊતારવા માટે આવે છે અને એક મુઠ્ઠી ઊતારે છે. આ રીતે આ રમત આગળ ચાલે છે.

આબડો દાબડો કંકુનો દાબડો

ચોર આયવો ચપાચૂપ !

કોની મુઠ્ઠીમાં શું ખૂંચે ?

મારામાં કાંકરો ખૂંચે !

આ જોકડણામાં પાંચ-છ છોકરાઓ ગોળાકારમાં બેસી પોતાની બંને હાથની મુઠ્ઠી બંધ રાખે અને એક બાળક દૂર ઊભું રહેલું હોય જે આવી દરેકની મુઠ્ઠી ખોલાવી કાંકરો મૂકવાનો અભિનય કરે છે ને કોઈની મુઠ્ઠીમાં કાંકરો મૂકી દે અને પોતે પણ મુઠ્ઠીવાળી બેસી જાય છે.

*જ્યારે જેનો દાવ હોય એ બાળક કાંકરો શોધવા આવે ને ઉપરનું જોડકણું બોલે. એમાંથી કેટલાક બાળકો બોલી ઊઠે મારામાં કાંકરો ખૂંચે અને દાવવાળો બાળક એની મુઠ્ઠી ખોલાવે અને કાંકરો ન નીકળે તો ફરી એને દાવ લેવો પડે છે. જો એ એની મુઠ્ઠી ખોલાવે અને એ મુઠ્ઠીમાંથી જ કાંકરો નીકળે તો, જેની મુઠ્ઠીમાંથી કાંકરો નીકળે એ બાળકે દાવ લેવો પડે છે.*

**(૩) કુંદકણાં :-**

*ક્યારેક જોડકણાંથી ચઢિયાતાં એવાં કુદકણાં કે ક્રિડાગીતો નાની છોકરીઓ કે છોકરાઓમાં ખૂબ પ્રચલિત અને પ્રિય હોય, જેમાં ચાતુરીના પણ દર્શન થાય છે.*

*દા.ત. દૂધેલી ધનકી[૫૪] પાણીં હિપે[૫૫] પાણીં હિપે...*

*રાજા રાજા બારણાં ખોલ*

*કા જોયે ?[૫૬]*

*તરબૂચ*

*આજ તે[૫૭] ... આદર બાળેલો આહે.[૫૮]*

*દૂધેલી ધનકી પાણીં હિપે પાણીં હિપે*

*રાજા રાજા બારણાં ખોલ*

*કા જોયે ?*

*તરબૂચ*

*આજ તે ... બી રોપેલી આહે.*

*દૂધેલી ધનકી પાણીં હિપે પાણીં હિપે*

*રાજા રાજા બારણાં ખોલ*

*કા જોયે ?*

*તરબૂચ*

આજ તે... પીલો નિકાળનેલો આહે.

દૂધેલી ધનકી પાણીં હિપે પાણીં હિપે

રાજા રાજા બારણાં ખોલ

કા જોયે ?

તરબૂચ

આજ તે... પીલો જરાક લાંબો ઊનેલો આહે.

દૂધેલી ધનકી પાણીં હિપે પાણીં હિપે

રાજા રાજા બારણાં ખોલ

કા જોયે ?

તરબૂચ

આજ તે ... આરેં બેઠેલેં આહે.

દૂધેલી ધનકી પાણીં હિપે પાણીં હિપે

રાજા રાજા બારણાં ખોલ

કા જોયે ?

તરબૂચ

આજ તે... આઝું કવળાં જ આહે.

દૂધેલી ધનકી પાણીં હિપે પાણીં હિપે

રાજા રાજા બારણાં ખોલ

કા જોયે ?

તરબૂચ

આજ તે તું જ પાકાં એરીને લેજે.

આ કુદકણામાં મહોલ્લાના (ફળિયાના) નાનાં છોકરાં ભેગાં થઈ એક છોકરી કે છોકરો ઊભો રહે છે અને બીજાં આઠ થી દસ છોકરાં ઊભી રહેલી છોકરીના પગ પકડીને જમીન પર બેસી જાય અને બીજી એક છોકરી કે છોકરો લંગડી કુદતાં કુદતાં આ બધાં છોકરાંની પ્રદક્ષિણા કરે છે ને ઉપર મુજબ કુદકણું ગવાતું જાય. ઊભી રહેલ છોકરી રાજા બને છે જ્યારે લંગડી કુદવાવાળી છોકરી ધનકી બને છે. જ્યારે પગે વીંટળાઈને બેઠેલ છોકરાં તરબૂચ બને છે અને આ આખું કુદકણું પૂરૂં થાય ને જ્યારે રાજા કહે કે હવે તને ગમતું તરબૂચ લઈ જા, ત્યારે ધનકી બેઠેલાં છોકરાંઓના માથામાં ટપલી મારી તપાસે છે અને પાકું તડબૂચ લઈ જાય. આમ વીંટળાઈને બેઠેલાં છોકરાં બધાના આ રીતે વારો આવે છે અને દરેક છોકરાને ધનકી લઈ જાય છે.

આમાં છેલ્લે જે પંક્તિ આવે છે તેમાં આદિવાસીઓની દિલાવરી જોઈ શકાય છે કારણ કે ઘરમાં કંઈપણ વસ્તુ હોય અને કોઈ માગવા આવે તો તેને કહેવામાં આવે કે તને જેટલું જોઈએ એટલું જાતે જ લઈ જા.

## પાદટીપ

| | | | |
|---|---|---|---|
| (૧) | બોડ્ડી | - | બોરડી |
| (૨) | રોપીં કા ? | - | રોપી છે ? |
| (૩) | મેં | - | હું |
| (૪) | ખાંવ | - | ખાવા |
| (૫) | આવેં કા ? | - | આવું ? |
| (૬) | કડ્ડે | - | કરડે |
| (૭) | મેં હોજોને | - | હું છું ને ! |
| (૮) | અણ | - | આ વર્ષે |
| (૯) | કાથાયો | - | કાથીની દોરીનો |
| (૧૦) | વાટલો | - | ચોખા કરતાં નાનો ને કણકી કરતાં મોટો ચોખાનો દાણો |
| (૧૧) | તુણો | - | તારો |
| (૧૨) | નાંય | - | ના, નહિ, નથી |
| (૧૩) | ખામનો | - | ખાવાનો |
| (૧૪) | કંડાયો | - | કૂંસકાનો (ડાંગરનું ફોતરૂં) |
| (૧૫) | ઢેખળાં | - | ચોખાના લોટને વરાળથી બાફીને બનાવેલી રોટલી જેવી અર્ધાચંદ્રાકારની વાનગી |
| (૧૬) | આરવારી,પરવારી | - | ખાવા-પીવાના કે બીજા કામમાંથી મુક્ત થઈ જવું |
| (૧૭) | ટીચકો | - | રિસાઈ જવું (રિસામણું) |
| (૧૮) | આંઢલી | - | એક પ્રકારની માટીની હાંડલી જે તપેલીના આકારવાળી, તપેલીની જગ્યાએ વપરાય છે |

(૧૯) ધોવાણ - ધોવાવાળી વ્યક્તિ

(૨૦) આવળી - કોઈ એક વનસ્પતિની લાંબી હાર

(૨૧) બાવળી - બાવળનું ઝાડ, બાવળ નામની વનસ્પતિ

(૨૨) કાવળી - સ્ત્રીઓ હાથમાં પહેરતી કાચની બંગડી

(૨૩) સંઢાઈ - ગામનું નામ

(૨૪) છીનાવળી - વ્યભિચારી

(૨૫) રાખજા - રાખજો

(૨૬) ઈયાં - એને

(૨૭) જાવળી - જાળવીને, સાચવીને

(૨૮) આંગોળી - આંગળીઓ

(૨૯) ચાંગોળી - ચાપવામાં આવે, જોરથી દબાવવામાં આવે

(૩૦) ચલ્લાં ચૂક - અચાનક ચૂક આવવી, કાચની કણી ખૂંચે એમ ખૂંચવું

(૩૧) ધયરો - પકડવું / પકડ્યો

(૩૨) ચીયરો - ચીરવું / કાપવું

(૩૩) વઘાયરો - વઘાર કરવો

(૩૪) રાંયધો - રાંધવું

(૩૫) ગલકેં - દેશી તુરીયું / વાડ પર વેલા ઉપર લાગતું દેશી તુરીયું

(૩૬) નાયકેં - નાયક જ્ઞાતિ

(૩૭) અલકેં - હલકું

(૩૮) બોડીવાંકડામાં - નદીના ધરાનું નામ

(૩૯) લોધાણ - નદીની માછલીને પકડવા માટે થયેલું સામુહિક આક્રમણ

(૪૦) આંસુ - માછલીને પકડવા માટે લાકડાની ગોળ રીંગમાં દોરીથી ગુંથેલી જાળી.

(૪૧) ચીકાણહારો - એક પ્રકારની વધુ પડતી ચીકણી માછલી

(૪૨) આટો-પાટો - આડો અને ઊભો પટ્ટો

(૪૩) સિપાઈનો પાટો - સિપાઈ જેવો બંદોબસ્તવાળો પાટો

(૪૪) બગલાટોપી - બગલાના જેવી પાટા પર ચાંપતી નજર

(૪૫) બદામનો ઘાઘરો - બદામ જેવી બુધ્ધિશાળી ચોકઠાનો ઘેરાવો

(૪૬) નાંય રોપેં - નહીં રોપું

(૪૭) તાડ - તાડનું ઝાડ / વૃક્ષ

(૪૮) વરહાયી - વરસની

(૪૯) ઊની - થઈ

(૫૦) નાંય એયરા - જોયા નથી

(૫૧) આઈટું - અહીં

(૫૨) ડાઈટું - દાટવું

(૫૩) ભૂંયમાં - જમીનમાં

(૫૪) દૂધેલી ધનકી - પરીપકવ યુવતિ

(૫૫) પાણીં હિપેં - પાણી સીંચવું

(૫૬) કા જોયે ? - શું જોઈએ ?

(૫૭) આજ તે - આજે તો

(૫૮) આદાર બાળેલો આહે - વૃક્ષોનાં પાંદડા સળગાવી રખીયાથી જમીનને

# પ્રકરણ-૫ નિષ્કર્ષ/તારણો

તાપી થી વાપી સુધીનો સમથળ અને ફળદ્રુપ પ્રદેશ એ ધોડિયા સમાજનું નિવાસસ્થાન છે આ ધોડિયા સમાજનું પોતાનું અલાયદું આંતરવિશ્વ છે. પોતાની ભાતીગળ લોકસંસ્કૃતિ છે. અન્ય આદિવાસી જ્ઞાતિની તુલનાએ એમની સામાજિક, સાંસ્કૃતિ અને ધાર્મિક સંસ્કૃતિ જુદી પડે છે. એમના રહન-સહન, ખાન-પાન, અન્નાદિની ટેવો, શ્રધ્ધા-અંધશ્રધ્ધા, શુકન-અપશુકનની માન્યતાઓ, ધાર્મિક વિધિ-વિધાનો, એમના વટ-વહેવારો ઊડીને આંખે વળગે એવા છે. તેમના દેવો, ધરતી, ખેતી, અનાજ, નદીઓ અંગેની ઉત્પત્તિ વિષયક દંતકથાઓમાં પોતાનું કલ્પનાનું જગત છતુ કરે છે. તેમના જીવન સાથે જોડાયેલા દેવ-દેવીઓ, બ્રહ્મદેવ, હાવરો દેવ, બામણિયા દેવ, બગલા દેવ, ભોવાની મા, ચોસઠ જોગણી મા, માવલી માડી, દેવલી માડી, ઘૂહમાઈ માડી વગેરેને ધાર્મિક પ્રસંગોએ અચૂક યાદ કરી એક અલગ ધાર્મિક સંસ્કૃતિ ઊજાગર કરે છે. એમના પૂર્વજો મૃત્યુ પછી પણ પોતાના સમાજ જીવન સાથે જ જીવતા હોય તેમ એમના ખપ્રાં (ખાંભી) બેસાડી વાર-તહેવારે એમને વાનગીઓ ધરાવી રોજીંદા વ્યવહાર કરે છે. પોતાની મોટા ભાગની જરૂરિયાતો ખેતીમાંથી પોતે ઊભી કરી લે છે. અન્ય ઉપર ઓછો આધાર રાખે છે. સમાજનો દરેક સભ્ય એકબીજાથી વિશ્વાસના તાંતણે બંધાયેલો છે. એકબીજાને મદદ કરવાની ભાવના એમના 'હુંડલ' ની પરંપરાથી પુરવાર થઈ જાય છે. ધોડિયા સમાજ શાંત પ્રકૃતિ ધરાવે છે. બડાઈ-ઝગડાથી હંમેશાં દૂર રહે છે. જુઠું બોલવું, એકબીજાને છેતરવું, ચોરી કરવી, ધાડ પાડવી એ એમની પ્રકૃતિમાં નથી. ધોડિયા સમાજનું બંધારણ પણ સંપૂર્ણ ચુસ્ત નથી. તેથી પોતે જીવનને સ્વતંત્રતાથી ભરપૂર માણી જીવી શકે છે. સામાજિક બંધનો એમને નડતા નથી. તેમ છતાં એમનું સમાજજીવન હંમેશાં સામાજિક રૂઢિઓ, પરંપરાઓ અનુસાર આજે પણ ચાલે છે. અમૂક અપવાદો બાદ કરતાં રોટી ને બેટીનો વહેવાર પોતાના સમાજ પૂરતો જ મર્યાદિત રહ્યો છે. એ સમાજ બીજા અન્ય સમાજની અન્ય લાલચોમાં આવી જતો નથી.

ધોડિયા સમાજ જે પોતાની ધોડિયા ભાષામાં જીવન વ્યવહાર ચલાવે છે. એ ધોડિયા ભાષામાં આજે ગુજરાતી ભાષાનો પ્રવેશ થઈ ચૂક્યો છે. ત્યારે ધોડિયા ભાષા સામે જોખમો ઊભા થયા છે. ધોડિયા સમાજની રીત-રસમોમાં પણ આમૂલ પરિવર્તન થઈ રહ્યું છે. ધાર્મિક વિધિ-વિધાનો, ઉત્સવો, મેળાઓ પણ અસ્ત થઈ રહ્યા છે. કેટલીક રૂઢિઓ, પરંપરાઓ પણ નામશેષ થઈ રહી છે. આધુનિક યુગના નવા માપદંડોને લીધે સમગ્ર સંસ્કૃતિ લુપ્ત થઈ રહી છે, ત્યારે એને જાળવવાની તાતી જરૂરિયાત ઊભી થઈ છે.

ધોડિયા સમાજના લઘુ સ્વરૂપના સાહિત્યમાં જેવા કે ટુચકો, કહેવતો, રૂઢિપ્રયોગો, ઉખાણા, હાલરડા અને જોડકણા અપાર વૈવિધ્ય છે. તેમ છતાં કહેવતો, ઉખાણા અને જોડકણાંમાં અન્ય પ્રાદેશિક લોકસાહિત્યનો પ્રભાવ ઝીલાયો છે. કેટલીક કહેવતો અને ઉખાણા, ગુજરાતના દરેક વિસ્તારમાં પ્રચલિત હોય એનો પ્રભાવ ધોડિયા સમાજની કહેવતો અને ઉખાણામાં પણ પડ્યો છે. હાલરડું જેવો હુલામણો સાહિત્ય પ્રકાર તો હવે આધુનિકતાની ઝાકમઝોળ વચ્ચે દરેક પ્રાંતમાં નામશેષ થઈ રહ્યો છે. ત્યારે એવી અસર ધોડિયા સમાજના હાલરડા પર પડી નથી. એ એમનું પોતાનું આપોપું સાહિત્ય બની રહે છે. એજ રીતે ટુચકો એ ભલે આધુનિક સમયમાં વધુ પ્રચલિત બન્યો હોય, પરંતુ વાર્તાસ્વરૂપે કહેવાતા ટુચકાઓ તો ધોડિયા સમાજમાં હજુ અકબંધ જળવાયા છે. રૂઢિપ્રયોગો એ ધોડિયા બોલીની આ વાણી લાક્ષણિકતાને કારણે અન્ય પ્રદેશની અસર એનાં ઝિલાઈ નથી. રૂઢિપ્રયોગો પણ ધોડિયા સમાજનું પોતાનું આપોપું સાહિત્યસ્વરૂપ બની રહે છે.

આજના આધુનિક વિચારસરણી ધરાવતા યુવાનને આ પરંપરાગત સાહિત્યની મૂળની માહિતી નહિવત છે, તેથી આ અભ્યાસ દ્વારા એમને એનો પરિચય કરાવવા આ સંશોધન કાર્ય જરૂર ઉપયોગી થશે. આ સંશોધન સાહિત્ય ધોડિયા સમાજને, તેની ભૂલાયેલી પરંપરાને ઊજાગર કરી એની પોતાની આઈડેન્ટીટી ઊભી કરી આપશે.

# પરિશિષ્ટ-૧ માહિતી દાતાઓના નામ

## **પરિશિષ્ટ-૧**

**માહિતી દાતાઓની યાદી**

૧ બાબુભાઈ પટેલ (લોકકલાકાર, ટૂચકા,રૂઢિપ્રયોગો,કહેવતો,ઉખાણાં)

મુ.પો. નાનીવહિયાળ (બરપટા ફળિયું), તા.ધરમપુર, જિ.વલસાડ.

૨ ભંગીયાભાઈ કુથીયાભાઈ પટેલ (મૃત્યુ સંસ્કૃતિ)

મુ.પો. પાલગભાણ, તા.વાંસદા, જિ.નવસારી.

૩ પરભુભાઈ કાળીયાભાઈ પટેલ

મુ.પો. પાલગભાણ, તા.વાંસદા, જિ.નવસારી.

૪ બાબુભાઈ ખુશાલભાઈ પટેલ

મુ.પો. પાલગભાણ, તા.વાંસદા, જિ.નવસારી.

૫ ધીરૂભાઈ રૂમશીભાઈ પટેલ

મુ.પો. પાલગભાણ, તા.વાંસદા, જિ.નવસારી.

૬ લલ્લુભાઈ કાનજીભાઈ પટેલ

મુ.પો. પાલગભાણ, તા.વાંસદા, જિ.નવસારી.

૭ નારણભાઈ કાનજીભાઈ પટેલ

મુ.પો. પાલગભાણ, તા.વાંસદા, જિ.નવસારી.

૮ ચન્દુભાઈ મનુભાઈ પટેલ

મુ.પો. પાલગભાણ, તા.વાંસદા, જિ.નવસારી.

૯ જસવંતભાઈ વેસ્તાભાઈ પટેલ (વિડીયોગ્રાફર)

મુ.પો. પાલગભાણ, તા.વાંસદા, જિ.નવસારી.

૧૦ કનુભાઈ છનિયાભાઈ પટેલ (તૂરવાદક)

મુ.પો. પાલગભાણ, તા.વાંસદા, જિ.નવસારી.

૧૧ કલ્યાણજીભાઈ બાબરભાઈ પટેલ (સામાજિક કાર્યકર-લોકસંસ્કૃતિના તજજ્ઞ)

મુ.પો. કુરેલીયા, તા.વાંસદા, જિ.નવસારી.

૧૨ ગમનભાઈ કેશરભાઈ પટેલ (લોકસંસ્કૃતિના તજજ્ઞ)

મુ.પો.લશણપોર, તા.મહુવા, જિ.સુરત.

૧૩ કુલીનભાઈ કપિલભાઈ પટેલ ( સંશોધક)

મુ.પો. કોષ, તા.મહુવા, જિ.સુરત.

૧૪ ફૂલજીભાઈ પરાગભાઈ પટેલ (સંસ્કૃતિકાર)

મુ.પો.લશણપોર, તા.મહુવા, જિ.સુરત.

૧૫ છોટુભાઈ જીવલાભાઈ પટેલ (લોકસંસ્કૃતિ તજજ્ઞ)

મુ.પો. નાની ઢોલડુંગરી, તા.ધરમપુર, જિ.વલસાડ.

૧૬ મોહનભાઈ ઠાકુરીયા

મુ.પો. નાંધઈ ભેરવી, તા.ધરમપુર, જિ.વલસાડ.

૧૭ પરભુભાઈ નરસિંહભાઈ પટેલ (લોકસંસ્કૃતિકાર)

મુ.પો.રૂપવેલ, તા.વાંસદા, જિ.નવસારી.

૧૮ ગમનભાઈ બહાદુરભાઈ પટેલ (લોકસંસ્કૃતિકાર)

મુ.પો.રાયાવાડી, તા.વાંસદા, જિ.નવસારી.

૧૯ મોહનભાઈ પટેલ (લોકકલાકાર)

મુ.પો. નાનાપોંઢા, તા.ધરમપુર, જિ.વલસાડ.

૨૦ રામુભાઈ બાબુભાઈ પટેલ (લોકકલાકાર, લોકનૃત્યગીતો)

મુ.પો. નાનીવહિયાળ (બરપટા ફળિયું), તા.ધરમપુર, જિ.વલસાડ.

૨૧. વલ્લભભાઈ દુર્લભભાઈ પટેલ (લોકસંસ્કૃતિ)

મુ.પો.પદમડુંગરી, તા.વ્યારા, જિ.સુરત.

૨૨. અમ્રતભાઈ દેવજીભાઈ પટેલ (લોકસેવક)

મુ.પો. આંગલધારા, તા.મહુવા, જિ.સુરત.

૨૩. નરોત્તમભાઈ પટેલ (ખૂંટી) (લોકસેવક)

મુ.પો. વહેવલ, તા.મહુવા, જિ.સુરત.

૨૪ પ્રવિણભાઈ અમ્રતભાઈ પટેલ

મુ.પો.પાલગભાણ (ઉતારા ફળિયું), તા.વાંસદા, જિ.નવસારી.

૨૫ મુકેશભાઈ રંગજીભાઈ પટેલ

મુ.પો.પાલગભાણ (ઉતારા ફળિયું), તા.વાંસદા, જિ.નવસારી.

૨૬ નગીનભાઈ કે. પટેલ

નડગધારી, મંદિર ફળિયુ, તા. ચિખલી, જિ. નવસારિ

૨૭ ગુલાબભાઈ ગજરાભાઈ પટેલ

નડગધારી, મંદિર ફળિયુ, તા. ચિખલી, જિ. નવસારિ

૨૮ રમેશભાઈ છનાભાઈ પટેલ

વેલવાચ, મંદિર ફળિયુ, તા. પારડી, જિ. વલસાડ

૨૯ ઉત્તમભાઈ છનાભાઈ પટેલ

વેલવાચ, મંદિર ફળિયુ, તા. પારડી, જિ. વલસાડ

૩૦ જેરાંમભાઈ વિશ્રામભાઈ પટેલ

રાયપુરા, બેઢા, તા. મહુવા, જિ. સુરત

૩૧ પરસોત્તમભાઈ વિશ્રામભાઈ પટેલ

રાયપુરા, બેઢા, તા. મહુવા, જિ. સુરત

૩૨ છગનભાઈ લખીયાભાઈ પટેલ

વેલણપુર, તા. ચીખલી, જિ. નવસારી

**સંદર્ભગ્રંથ સૂચિ - ૧**


૧. ***ઢોરિયા સમાજનો ઈતિહાસ*** - *મગજીભાઈ માંદિયાભાઈ પટેલ*

૨. ***ધોડિયા સમાજનો ઈતિહાસ*** - *મોહનભાઈ દળવી*

૩. ***ધોડિયા જાતિ - બોલી, સાહિત્ય અને સંસ્કૃતિ*** - *મંછારામ નારાણદાસ પટેલ*

૪. ***ધોડિયા સમાજનો ઈતિહાસ - ભાગ : ૧-૨*** - *ખુશાલભાઈ ધનાભાઈ પટેલ*

૫. ***ધોડિયો બધા કત્તાં જુદો*** - *મોહનભાઈ બી. પટેલ*

૬. ***ચાલા મેં ટૂચકા આખે*** - *મોહનભાઈ બી. પટેલ*

૭. ***આમું અહ ધોડિયા*** - *કુલીનભાઈ પટેલ*

**સંદર્ભગ્રંથ સૂચિ - ૨**


૧. **લોકસાહિત્ય (ગુજરાતી લોકગીતો)**, *નરોત્તમ પલાણ, પ્રથમ આવૃત્તિ - ૧૯૮૧, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ.*

૨. **મેઘાણી અને લોકસાહિત્ય**, *નલિનભાઈ દેસાઈ, પ્રથમ આવૃત્તિ - ૧૯૮૫, સ્નેહલ પ્રકાશન, પેટલાદ.*

૩. **લોકવાઙ્મય**, *કનુભાઈ જાની, પ્રથમ આવૃત્તિ - ૧૯૯૨, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.*

૪. **લોકગીત તત્વ અને તંત્ર**, *પ્રથમ આવૃત્તિ - ૨૦૦૨, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર.*

૫. **લોકસાહિત્ય તત્વદર્શન અને મૂલ્યાંકન**, *સંપા.બળવંત જાની, પ્રથમ આવૃત્તિ - ૧૯૯૧, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર.*

૬. **લોકગુર્જરી**, *પ્રથમ આવૃત્તિ - ૧૯૯૯, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર.*

૭. **રઢિયાળી રાત**, *ઝવેરચંદ મેઘાણી, બૃહદ આવૃત્તિ - ૧૯૯૭, ભાવનગર.*

૮. **લોકસાહિત્યનું સમાલોચન**, *હસુ યાજ્ઞિક, બીજી આવૃત્તિ - ૧૯૬૮, પ્રસાર, ભાવનગર.*

૯. **લોકસાહિત્ય : વિભાવના અને પ્રકાર**, *હસુ યાજ્ઞિક, પ્રથમ આવૃત્તિ - ૨૦૦૨, અમદાવાદ.*

૧૦. **લોકસાહિત્ય સંપાદન અને સંશોધન**, હરિવલ્લભ ભાયાણી, બીજી આવૃત્તિ – ૧૯૯૧, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ.

૧૧. *આપણા વ્રતો ઉત્સવો પર્વો કે.કા. શાસ્ત્રી*

*આદર્શ પ્રકાશન*

૧૨. અલક મલકના ઉખાણા – સ્નેહ રશ્મિ

આદર્શ પ્રકાશન

૧૩. આપણો વૈભવ અને વારસો – મનુભાઈ પંચાળી

૧૪. આપણા લોકવ્રતો – ડૉ. એન.કે. ડોબરીયા

૧૫. અંગ્રેજી - ગુજરાતી – સમાંતર કહેવતો – ડૉ. મફતલાલ એ. ભાવસાર

૧૬. ભારતીય તહેવારો – ડૉ. વિજયા ગુપચુક

૧૭. દેશ પરદેશની લોકકથાઓ – પવનકુમાર જૈન

૧૮. કિશોરકથાઓ – ઝવેરચંદ મેઘાણી

૧૯. કહેવતનું કૌશલ્ય – સં. યશવંત કડીકર

૨૦. કહેવત કથામાળા - ભાગ ૧ થી ૪ પ્રભુલાલ દોશી

૨૧. કહેવત કોશ – શાંતિલાલ

૨૨. રૂઢિપ્રયોગો અને કહેવત કોશ – ચંદ્રિકાબેન પટેલ

૨૩. રૂઢિપ્રયોગ કોશ

૨૪. વિશ્વ પ્રસિધ્ધ લોકકથાઓ ૧ થી ૫ હસમુખ રાવળ